મસ્લકે આ'લા હઝરત ઝિંદાબાદ !

مَنْ يُّرِدِ اللّٰهُ بِهٖ خَيْرًا يُّفَقِّهْهُ فِى الدِّيْنِ

بہارِ شریعت

# અહકામે શરીઅત

## (ભાગ-૧૦)

:: ઉર્દૂમાં મૂળ લેખક ::


હઝરત અલ્લામા હકીમુલ ઉમ્મત, ફકીહે આ'ઝમ, ફખ્રે સુન્નિયત **હઝરત મૌલાના શાહ અબુલ્ ઉલા અમજદઅલી** આ'ઝમી, કાદરી રઝવી رحمۃ اللہ علیہ


:: અનુવાદકો ::


હઝરત અલ્લામા સૈયદ અલ્હાજ પીર કમરુદીન એ. પીરઝાદા સાહબ (કારંટવી)

મર્હૂમ હાજી ડોસુભાઈ કે. પહોંચીયા, નકશબંદી, મુજદિદી (મોડાસ્વી)



**પ્રકાશક**

**સુન્ની દા'વતે 'ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨,
૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Email : anjuman2006@hotmail.com

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا رَسُوۡلَ اللّٰهِ ﷺ

وَعَلٰى آلِكَ وَاَصۡحَابِكَ يَا حَبِيۡبَ اللّٰهِ ﷺ


## સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન



કિતાબનું નામ : **બહારે શરીઅત**

(ભાગ દસમો)

ઉર્દૂમાં મૂળ લેખક : *હઝરત અલ્લામા હકીમુલ ઉમ્મત, ફકીહે આ'ઝમ, ફખ્રે સુન્નિયત* **મૌલાના શાહ અબુલ્ ઉલા અમજદઅલી આ'ઝમી, કાદરી રઝવી** رحمۃ اللہ علیہ

અનુવાદકો : (૧) હઝરત અલ્લામા સૈયદ અલ્હાજ
પીર કમરુદ્દીન એ. પીરઝાદા સાહબ (કારંટવી)

(૨) મર્હૂમ હાજી ડોસુભાઈ કે. પહોંચીયા
નકશબંદી, મુજદ્દિદી (મોડાસ્વી)

પેજીસ : ૯૩ ★ કિંમત : ★ નકલ : ૨૦૦૦

પ્રકાશન વર્ષ : ૬ રજબુલ મુરજ્જબ, હિ.સ.૧૪૩૦
અંગ્રેજી તા. ૨૯–જુન–૨૦૦૯, વાર : સોમવાર

પ્રાપ્તિસ્થાન : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,
ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧, (ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨
મો. ૯૪૨૭૪૬૪૪૧૧, Email : anjuman2006@hotmail.com

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧,
(ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

## જરૂરી વિનંતી : શુક્રિયા

અલ્હમ્દો લિલ્લાહ ! ખુદાએ પાકની બેશુમાર મહેરબાનીઓ અને હુઝૂર રસૂલે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના સદકા અને તુફૈલમાં અમો "બહારે શરીઅત" ના દસમા ભાગનો ગુજરાતી અનુવાદ રજુ કરતા ઘણીજ ખુશી અનુભવીએ છીએ.

આ કિતાબમાં મૂળ ઉર્દૂ ભાષામાં અને તેપણ અરબી સમાવિષ્ટ ફિકહી શબ્દો અને શરઈ પરિભાષાઓનો સીધે સીધો ગુજરાતી અનુવાદ કરવો અતિથી અતિ મુશ્કેલ કાર્ય હોઈ, ત્થા શરઈ અને ફિકહી મસાઈલ હોવાને કારણે તેનો તરજુમો કરવો અમારા જેવા અલ્પજ્ઞાની માણસોની શક્તિ બહારનું કામ હોવા છતાં અમોએ, સરળ બનાવવા માટે અલ્પ પ્રયાસ કર્યો છે. તેમાં ભૂલો ત્થા અનુવાદમાં ક્ષતિ ના રહે તેની ખુબજ કાળજી રાખી છે. છતાં "મનુષ્ય માત્ર ભુલને પાત્ર" ઉક્તિ પ્રમાણે કોઈ ભુલ અથવા છાપકામમાં કોઈ પણ જગ્યાએ ભુલ રહી ગઈ હોય અથવા તરજુમાની ચોકસાઈમાં ખામી લાગે તો જરૂરથી મૂળ ઉર્દૂ કિતાબ "બહારે શરીઅત" માં જોઈ લેજો અને કોઈ સુન્ની આલિમ પાસે એ મસાઈલને સ્પષ્ટતાથી સમજી લેવા અમારી આગ્રહ ભરી વિનંતી છે. વધુમાં અમને જાણ કરશો તો બીજી આવૃતિમાં સુધારી લઈશું. ઈન્શાઅલ્લાહ. અને જો અમારી આ મહેનત આપની પસંદ પડી હોય તો અમોને જરૂરથી દુઆએ ખેર કરતા રહેજો. એજ નમ્ર વિનંતી છે.

ફક્ત વસ્સલામ

અનુવાદકો

૧. મૌલાના હાજી કમરૂદ્દીન એ. પીરઝાદા

૨. ડોસુભાઈ કે. પહોંચીયા (નકશબંદી, મુજદ્દિદી)

# બહારે શરીઅત ભાગ-૧૦

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ નં |
|---|---|---|
| ૧ | લકીતનું બયાન | ૧ |
| ૨ | લુકતહનું બયાન | ૩ |
| ૩ | ફિકહી મસાઈલ | ૫ |
| ૪ | લુકતહ સંબંધે બીજા મસાઈલ | ૮ |
| ૫ | મફ્કુદ (ખોવાએલ) નું બયાન | ૧૧ |
| ૬ | શિરકત (ભાગીદારી) નું બયાન | ૧૩ |
| ૭ | શિરકતના પ્રકાર અને તેની ઓળખ | ૧૪ |
| ૮ | શિરકતે મિલ્કના અહેકામ | ૧૫ |
| ૯ | શિરકતે અકદની શરતો | ૧૫ |
| ૧૦ | શિરકતે અકદના પ્રકાર અને શિરકતે મુફાવદહ ની શરતો | ૧૬ |
| ૧૧ | શિરકતે મુફાવદહ એહકામ | ૧૭ |
| ૧૨ | મુફાવદહની ભાગીદારી બાતલ થવાના સ્વરૂપો | ૧૯ |
| ૧૩ | દરેક ભાગીદારના અખત્યાર | ૨૦ |
| ૧૪ | શિરકતે અનાનના મસાઈલ | ૨૦ |
| ૧૫ | શિરકત બિલ અમલના મસાઈલ | ૨૫ |
| ૧૬ | શિરકતે વજૂદના અહકામ | ૨૭ |
| ૧૭ | શિરકતે ફાસિદાનું બયાન | ૨૮ |
| ૧૮ | ભાગીદારીના વિભિન્ન મસાઈલ | ૩૧ |
| ૧૯ | વકફનું બયાન | ૩૫ |
| ૨૦ | ફિકહી મસાઈલ | ૩૭ |
| ૨૧ | વકફના શબ્દો | ૩૮ |
| ૨૨ | વકફની શરતો | ૩૯ |
| ૨૩ | વકફના અહકામ | ૪૪ |
| ૨૪ | કઈ વસ્તુનું વકફ સહીહ છે અને કોનું નહી | ૪૪ |
| ૨૫ | મશાઅની ઓળખ અને તેનું વકફ | ૪૬ |
| ૨૬ | વકફમાં ભાગીદારી હોય તો વહેંચણી કેવી રીતે થશે | ૪૭ |
| ૨૭ | વકફના ખરચ કરવાના સ્થળોનું બયાન | ૪૮ |
| ૨૮ | મસ્જિદ તથા મદ્રસાના સબંધીઓના વઝીફા | ૫૧ |
| ૨૯ | વકફ ત્રણ પ્રકારનું હોય છે | ૫૨ |
| ૩૦ | ઔલાદ પર અથવા પોતાના પંડ પર વકફનું બયાન | ૫૪ |
| ૩૧ | મસ્જિદનું બયાન | ૫૯ |
| ૩૨ | કબ્રસ્તાન વિગેરેનું બયાન | ૬૫ |
| ૩૩ | કબ્રસ્તાન વિગેરેમાં વૃક્ષનાં અહેકામ | ૬૬ |
| ૩૪ | વકફોમાં શરતોનું બયાન | ૬૭ |
| ૩૫ | વકફમાં તબદીલીની શરત | ૬૮ |
| ૩૬ | વકફમાં તબદીલીનો ઉલ્લેખ ન હોય તો તબ્દીલીની શું શરતો છે | ૭૦ |
| ૩૭ | તૌલીયત (મુતવલ્લીપણા)નું બયાન | ૭૧ |
| ૩૮ | અવકાફના ઈજારાનું બયાન | ૭૯ |
| ૩૯ | દાવા અને સાક્ષીઓ આપવાનું બયાન | ૮૩ |
| ૪૦ | વકફનામા વિગેરેના દસ્તાવેજના મસાઈલ | ૮૭ |
| ૪૧ | વકફના ઈકારારના મસાઈલ | ૮૯ |
| ૪૨ | બીમારું વકફ | ૯૧ |

# બહારે શરીઅત

## ભાગ -૧૦

**બિસ્મિલ્લાહિર્રહમા નિર્રહીમ**
**નહમદોહુ વનુસલ્લી અલા રસૂલેહિલ કરીમ**

## ✿ લકીતનું બયાન ✿

ઈમામ માલિકે અબૂ જમીલહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી, તેમણે હઝરત ઉમર રદિયલ્લાહો અન્હોના જમાનામાં એક પડી રહેલ બાળક જોયું કહે છે : હું તેને ઉઠાવી લાવ્યો અને હઝરત ઉમર રદિયલ્લાહો અન્હો પાસે લઈ ગયો તેમણે ફરમાવ્યું : તમોએ તેને કેમ ઉઠાવ્યુ ? તેમણે જવાબ આપ્યો કે હું ન ઉપાડતો તો નષ્ટ થઈ જાત. પછી તેમની કોમના સરદારે કહ્યું : અય અમીરૂલ મોમિનીન આ સાલેહ (સદાચારી) પુરૂષ છે અર્થાત તેઓ ગલત ખોટુ કહેતા નથી. આપે ફરમાવ્યું તેને લઈ જાવ તે આઝાદ છે. તેનો નફકો (ભરણ પોપણ) અમારી માથે છે. અર્થાત બયતુલમાલમાંથી આપવામાં આવશે. સઈદ બિન અલ મુસૈયબ કહે છે કે હઝરત ઉમર રદિયલ્લાહો અન્હો પાસે લકીત (બિનવારસી મળી આવેલ બાળક) લાવવામાં આવતો તો તેના ઉચિત હાલ કાંઈ મુકર્રર કરી દેતા કે તેનો વલી મહિને મહિને લઈ જાય અને તેના સંબંધે ભલાઈ કરવાની વસિયત કરતા અને તેની રઝાઅત (દૂધ વિ. ઉછેર) નો ખર્ચ અને બીજા ખરચાઓ બયતુલમાલ માંથી મુકર્રર કરતા. તમીમ રદિયલ્લાહો અન્હોએ એક **"લકીત"** જોયો. તેને હઝરત અલી રદિયલ્લાહો અન્હો પાસે લાવ્યા. તેમણે તેને પોતાની જવાબદારીમાં લીધો. ઈમામ **મુહમ્મદ રદિયલ્લાહો અન્હોએ હસન બસરી રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે એક શખ્સને** લકીત પ્રાપ્ત થયો તેને હઝરત અલી રદિયલ્લાહો અન્હોની પાસે લાવ્યા તેમણે ફરમાવ્યું આ આઝાદ છે. (ગુલામ નથી) અને જો હું તેનો મુતવલ્લી હોત અર્થાત હું ઉઠાવી લાવનાર હોત તો મને ફલાણી ફલાણી વસ્તુથી તે અધિક પ્રિય હોત. શરઈ ભાષામાં 'લકીત' **તે બાળકને કહે છે જેને તેના ઘરવાળાએ પોતાની તંગદસ્તી (નિર્ધનતા) અથવા બદનામીના ડરથી ફેંકી દીધો હોય.**

**મસ્અલા (૧) :** જેને એવું બાળક મળે અને ખબર હોય કે ન ઉપાડી લાવે તો નષ્ટ તથા હલાક થઈ જશે તો ઉઠાવી લાવવું ફરજ છે. **અને હલાક** થઈ જવાની પૂરી ખાત્રી ન હોય તો **મુસતહબ છે.** (હિદાયા)

**મસ્અલા (૨) :** લકીત આઝાદ છે; તેનાથી એજ તમામ એહકામ જારી થશે જે આઝાદ માટે છે. જો કે તેને ઉઠાવી લાવનાર ગુલામ હોય, હા જો ગવાહોમાંથી કોઈ શખ્સ તેને પોતાનો ગુલામ સાબિત કરી દે તો ગુલામ થશે. (હિદાયા, ફતહ)

**મસ્અલા (૩) :** એક મુસલમાન અને એક કાફિર બંનેએ પડી રહેલ બાળક જોયું અને દરેક તેને પોતાના પાસે રાખવા ઈચ્છે છે તો મુસલમાન ને આપવામાં આવે. (ફતહ)

**મસ્અલા (૪) :** લકીત સંબંધે કોઈએ દાવો કર્યો કે આ મારો છોકરો છે તો તેનોજ પુત્ર ઠેરવવામાં આવે અને જો કોઈ શખ્સ તેને પોતાનો ગુલામ **બતાવે તો જ્યાં સુધી સાક્ષીઓથી સાબિત ન કરી દે ગુલામ ઠેરવવામાં આવે નહી.** (હિદાયા)

**મસ્અલા (૫)** : એકના દાવો કર્યા પછી બીજો શખ્સ દાવો કરે છે તો તે પ્રથમવાળાનો જ પુત્ર થઈ ગયો. બીજાનો દાવો રદ છે. હા, જો બીજો શખ્સ ગવાહોથી પોતાનો દાવો સાબિત કરી દે તો તેનો નસબ (વંશ) સાબિત થઈ જશે. બે શખ્સોએ એકજ સમયે તેના સંબંધે દાવો કર્યો અને તેઓમાંથી એકે તેના શરીરનું કોઈ ચિન્હ બતાવ્યું અને બીજો બતાવી શકયો નહી તો જેણે નિશાની બતાવી તેનો જ છે. પરંતુ જ્યારે બીજા ગવાહોથી પુરવાર કરી દે કે મારો છોકરો છે તો એજ હકદાર થશે અને જો બંને કોઈ ચિન્હ બયાન ન કરે, ન ગવાહોથી પુરવાર કરે અથવા બંને ગવાહ કાયમ કરે તો 'લકીત' બંનેમાં સંયુક્ત ઠેરવવામાં આવે અને જો એકે કહ્યું છોકરો છે અને બીજાએ કહ્યું છોકરી છે તો જે સાચું કહે છે તેનો જ છે. મજહુલુન્નઅબ (અજ્ઞાતવંશ) પણ તે હુકમમાં લકીતની જેમજ છે. અર્થાત નસબના દાવામાં જે હુકમ લકીતનો છે એજ તેનો છે. (હિદાયા વિગેરે)

**મસ્અલા (૬)** : લકીત સંબંધે બે શખ્સોએ દાવો કર્યોકિ આ મારો છોકરો છે, તે પૈકી એક મુસલમાન છે એક કાફિર, તો મુસલમાનનો છોકરો ઠેરવવામાં આવશે. એવી જ રીતે જો એક આઝાદ છે અને એક ગુલામ તો આઝાદનો છોકરો ઠેરવવામાં આવશે. (હિદાયા)

**મસ્અલા (૭)** : પતિવાળી ઔરત લકીત સંબંધે દાવો કરે કે આ મારૂં બાળક છે અને તેના પતિએ સમર્થન કર્યુ અથવા દાયાએ ગવાહી આપી અથવા બે પુરૂપ અથવા એક પુરૂપ અને બે સ્ત્રીઓએ જન્મની ગવાહી આપી તો તેનું બાળક છે. અને જો આ વાતો ન હોય તો સ્ત્રીનો કોલ સ્વીકાર્ય નથી. અને પતિ વગરની સ્ત્રીએ દાવો કર્યો તો બે પુરૂષોની સાક્ષીથી તેનું બાળક ઠરવવામાં આવશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૮)** : તરછોડાયેલા બાળકને ઉઠાવી લાવનારથી લકીતને બળજબરીએ કોઈ લઈ શકતુ નથી. કાઝી અથવા બાદશાહને પણ હક નથી, હા જો કોઈ ખાસ કારણ હોય તો લઈ શકાય છે. દા.ત. તેનામાં બાળકની દેખરેખની યોગ્યતા ન હોય અથવા ફાસિક, ફાજિર શખ્સ છે. આશંકા છે કે તેના સાથે બદકારી (અપકૃત્ય) કરશે, એવી હાલતમાં બાળકને તેનાથી જુદો કરી લેવામાં આવે. (હિદાયા, ફતહુલ કદીર)

**મસ્અલા (૯)** : ઉપાડી લાવનારની રજામંદીથી કાઝીએ લકીતને બીજા શખ્સની દેખરેખમાં આપી દીધો પછી તેના પછી ઉપાડી લાવનાર પાછો લેવા ઈચ્છે છે તો જ્યાં સુધી તે શખ્સ રાજી ન થાય પાછો લઈ શકાતો નથી. (ખુલાસતુલ ફતાવા)

**મસ્અલા (૧૦)** : લકીતના તમામ ખરચા, ભોજન, કપડાં, રહેવાનું મકાન, બીમારીમાં દવા ઈલાજ આ સઘળું બયતુલમાલના માથે છે અને લકીત મરી જાય અને કોઈ વારસદાર ન હોય તો મીરાસ પણ બયતુલમાલમાં જશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૧)** : એક શખ્સ એક બાળકને કાઝી પાસે રજુ કરીને કહે છે આ લકીત છે, મેં એક જગ્યાએ પડેલો લીધો છે તો શકય છે કે કેવળ તેના કહેવાથી કાઝી સમર્થન ન કરે બલ્કે ગવાહ માંગે તેટલા માટે કે શકય છે કે તેનું પોતાનું જ બાળક હોય અને લકીત એ હેતુ થી બતાવે છે કે ખર્ચ બયતુલમાલથી વસૂલ કરે અને એ સાબિતી મળી ગયા પછી કે લકીત છે. નફકો વિગેરે બયતુલમાલ માંથી મુકર્રર કરી દેવામાં આવે. (આલમગીરી)

**મસ્અલા (૧૨)** : લકીતની સાથે કાંઈક માલ છે અથવા લકીત કોઈ જાનવર પર મળ્યો અને તે જાનવર પર કેટલોક માલ પણ છે તો માલ લકીતનો છે માટે તે માલ લકીત પર ખરચ કરવામાં આવે. પરંતુ ખરચ કરવા માટે કાઝીથી ઈજાઝત

લેવી પડશે. અને તે માલ જો લકીતની સાથે નથી બલ્કે નિકટમાં છે તો લકીતનો નથી. બલ્કે લુકતો છે. (તેનું બયાન આગળ આવે છે.)

(દુર્રે મુખ્તાર વિગરે)

**મસ્અલા (૧૩)** : મુલ્તકિત કાઝીના હુકમ વગર જે કાંઈ લકીત પર ખરચ કર્યુ તેમાં કોઈ બદલો પામી શકતો નથી. અને કાઝીએ હુકમ આપી દીધો હોય કે જે કોઈ ખરચ કરશે તે લેણું હશે અને તેનો બદલો મળશે. જો લકીતનો કોઈ બાપ જાહેર થયો તો તેણે આપવો પડશે. નહી તો બાલિગ થયા પછી લકીત આપશે.

(ફતહ, આલમગીરી)

**મસ્અલા (૧૪)** : લકીત પર ખરચ કરવાની વિલાયત (જવાબદારી) મુલતકિતને છે અને ખાવા પીવા, લિબાસ વિગેરે જરૂરી વસ્તુઓ ખરીદવાની જરૂરત હોય તો તેનો વલી પણ મુલતક્તિ છે. લકીતની કોઈ વસ્તુ વેચી શકતો નથી અને ન કોઈ વસ્તુ જરૂરત વગર ઉધાર ખરીદી શકે છે.

(હિદાયા, ફતહુલકદીર)

**મસ્અલા (૧૫)** : લકીતને કોઈએ કોઈ વસ્તુ ભેટ આપી અથવા સદકો કર્યો તો મુલતકિત ને કબૂલ કરવાનો હક છે, કેમકે આ તો નર્યો ફાયદો જ ફાયદો છે. તેમાં નુકશાન મૂળભૂત રીતે નથી.

(હિદાયા, ફતહ)

**મસ્અલા (૧૬)** : લકીત ને મઝહબી ઈલ્મ શીખવો અને ઈલ્મ પ્રાપ્ત કરવાની યોગ્યતા તેનામાં દેખાય નહી તો કામ શીખવવા માટે હુન્નર-ઉધોગ ના ઉસ્તાદો પાસે મોકલી દો કે જેથી કામ શીખીને હોશિયાર થાય. અને કામનો આદમી બને નહી તો બેકારી માં નકામો થઈ જશે.

(રદદુલ મુહતાર વિગેરે)

**મસ્અલા (૧૭)** : ઉપાડી લાવનારને એ અખત્યાર નથી કે, લકીતનો નિકાહ કરી દે અને સાચું એ છે કે તેને ઈજારા પર પણ આવી શકતો નથી.

(હિદાયા)

**મસ્અલા (૧૮)** : લકીત જો સમજદાર થવાથી વહેલા મરી જાય તો તેના જનાઝાની નમાઝ પઢ વામાં આવશે તેને મુસલમાન ઉઠાવી લાવ્યો હોય કે કાફિર.

**ખુલાસો** : જો કાફિર તેને એવી જગ્યાએ પામ્યો છે જે ખાસ કાફિરોની જગ્યા છે. દા.ત. બુતખાનામાં તો તેના જનાઝાની નમાઝ ન પઢવામાં આવે.

(ફતહ)

## લુકતહનું બયાન

**હદીસ (૧)** : સહીહ મુસ્લિમ શરીફ તથા મુસનદ ઈમામ અહમદ માં ઝૈદ બિન ખાલિદ રદિયલ્લાહો અન્હો થી મરવી છે કે રસૂલુંલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે, જે શખ્સ કોઈની ગુમ શુદા વસ્તુને પનાહ આપે (ઉઠાવે) તે પોતે ગુમરાહ છે, જો જાહેરાતનો ઈરાદો ન ધરાવતો હોય

**હદીસ (૨)** : દારોમીએ જારૂદ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું : **મુસલમાન ની ગુમ** શુદા વસ્તુ આગની જવાળા (ભડકા) છે **અર્થાત** તેનું ઉઠાવી લેવું અઝાબના કારણ રૂપ છે, જો એ હેતુ હોય કે ખુદ માલિક બની જાય તો,

**હદીસ (૩)** : બઝાર તથા દારોકુતની એ અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હો થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ થી લુકતહ સંબંધે પૂછવામાં આવ્યું, ઈરશાદ ફરમાવ્યો, લુક્તહ હલાલ નથી અને જે શખ્સ પડેલો માલ ઉઠાવે તેની એક વર્ષ સુધી જાહેરાત કરે, જો માલિક આવી જાય તો તેને આપી દે અને ન આવે તો સદકો કરી દે.

**હદીસ (૪)** : ઈમામ અહમદ તથા અબૂદાઉદ તથા દારોમી અયાઝ બિન હેમાર રદિયલ્લાહો અન્હોથી રાવી કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે, જે શખ્સ પડેલી વસ્તુ પામે તો એક અથવા બે આદિલ (જે ફાસિક ના હોય તે) ને ઉઠાવતી વેળા ગવાહ બનાવી લે, અને તેને સંતાડે નહી. અને ન ગાયબ કરે, પછી જો માલિક મળી જાય તો તેને આપી દે, નહી તો અલ્લાહનો માલ છે તે જેને ઈચ્છે છે આપી દે. આ હદીસમાં ગવાહ કરી લેવાનો હુકમ એ મસલેહત થી છે કે, જ્યારે લોકોની જાણમાં હશે તો હવે તેનો નફસ એ તમાઅ (લોભ) કરી શકતો નથી કે, હું તેને હઝમ કરી જાઉં, અને માલિકને આપું નહીં, અને જો તેનો ઓચિંતો ઈન્તેકાલ થઈ જાય અર્થાત વારસદારો ને કહી શકયો નહી કે આ લુકતહ છે, તો કેમકે લોકોને લુકતહ હોવાની ખબર છે, તરકામાં ગણના થશે નહી. અને એ પણ ફાયદો છે કે માલિક તેનાથી એ માંગણી કરી શકતો નથી કે, આ વસ્તુ આટલી જ ન હતી બલ્કે તેનાથી વધારે હતી.

**હદીસ (૫)** : અબૂ દાઉદે અબૂ સઈદ ખુદરી રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે, અલી બિન અબૂ તાલિબ રદિયલ્લાહો અન્હો એક વખત એક દીનાર પામ્યા (જડયો) તેને હઝરત ફાતેમા ઝહરા રદિયલ્લાહો અન્હા પાસે લાવ્યા અને રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ને પૂછયુ (અર્થાત તે સમયે તેમને જરૂરત હતી, એ પૂછયું કે ખરચ કરી શકુ છું કે નહી ?) આપે ઈરશાદ ફરમાવ્યો : આ અલ્લાહે રિઝક આપ્યું છે. ખૂદ રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પણ તેમાંથી ખાધું અને હઝરત અલી તથા ફાતેમા રદિયલ્લાહો અન્હોમા એ પણ ખાધું. પછી એક ઔરત દીનાર શોધતી આવી, હુઝૂરે ઈરશાદ ફરમાવ્યો, **"અય અલી ! તે દીનાર તેને આપી દો."**

**હદીસ (૬)** : સહીહ બુખારી તથા મુસ્લિમમાં ઝૈદ બિન ખાલિદ રદિયલ્લાહો અન્હોથી મરવી છે કે એક શખ્સ રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખિદમતમાં હાજર થયો અને તેણે લુકતહ સંબંધે પૂછયું-આપે ફરમાવ્યું : તેના ઝર્ફ (અર્થાત થેલી અને ગાંઠની ઓળખ કરી લો, પછી એક વર્ષ તેની જાહેરાત કરો, જો માલિક મળી જાય તો આપી દો નહી તો તમે જેમ ઈચ્છો કરો, તેણે પૂછયું ગુમ થયેલ બકરીનો શું હુકમ છે ? ઈરશાદ ફરમાવ્યો : તે તમારા માટે છે અથવા તમારા ભાઈ માટે અથવા ભેડીયા (વરૂ) માટે (અર્થાત તેનું લેવું જાઈઝ છે કે, કોઈ લેશે નહી તો વરૂ લઈ જશે). તેણે પૂછયું ગુમશુદા ઉંટનો શું હુકમ છે. ઈરશાદ ફરમાવ્યો તમે તેને શું કરશો. તેના સાથે તેની મશક અને બુટ છે, તે પાણી ની પાસે આવીને પાણી પી લેશે અને ઝાડના પાંદડા ખાતો રહેશે ત્યાં સુધી કે તેનો માલિક પામી લે. અર્થાત તેના લેવાની ઈજાઝત નથી.

**હદીસ (૭)** : અબૂ દાઉદે જાબિર રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી. તેઓ કહે છે, અમને રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે અસો અને કોરડા અને દોરડા અને તેના જેવી વસ્તુઓને ઉઠાવીને તેને કામમાં લેવાની છુટ આપી છે.

**હદીસ (૮)** : સહીહ બુખારી શરીફમાં અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હો માંથી મરવી છે કે, રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, બની ઈસરાઈલમાંથી એક શખ્સે બીજા પાસેથી એક હજાર દીનાર કરજ માંગ્યા. તેણે કહ્યું: ગવાહ લાવો જેમને ગવાહ બનાવી લઉં. તેણે કહ્યું **"કુફા બિલ્લાહે કફીલા"** અર્થ : અલ્લાહની ગવાહી કાફી છે. તેણે કહ્યું કોઈને જામિન લાવો. તેણે કહ્યું **કુફા બિલ્લાહે કફીલા** : અલ્લાહની જમાનત કાફી છે. તેણે કહ્યું-તેં સાચું કહ્યું અને એક હજાર દીનાર તેને

આપી દીધા. અને અદા કરવાની એક મુદ્દત મુકર્રર કરી દીધી. તે શખ્સે સમુદ્રનો પ્રવાસ કર્યો અને જે કામ કરવું હતું પરિપૂર્ણ કર્યુ. પછી જ્યારે સમય મર્યાદા પૂરી થવાનો સમય આવ્યો તો તેણે નૌકા શોધી કે જઈને તેનુ દેવું અદા કરી દે પરંતુ કોઈ નૌકા મળી નહી. લાચારીએ (ના છુટકે) તેણે એક લાકડામાં છિદ્ર કરીને હજાર અશરફીઓ ભરી દીધી અને એક પત્ર લખીને તેમાં મુકી દીધો અને બહુ સારી રીતે બંધ કરી દીધું, પછી તે લાકડાને નદી પાસે લાવ્યો અને એમ કહ્યું અય અલ્લાહ ! તુ જાણે છે કે મેં ફલાણાં શખ્સ પાસેથી કરજ માંગ્યું તેણે જામીન માંગ્યો, મેં કહ્યું: "કફા બિલ્લાહે કફીલા." અલ્લાહ ની ગવાહી કાફી છે. તે તારી ગવાહી પર રાજી થઈ ગયો અને મેં પૂરી કોશીશ કરી કે કોઈ નૌકા મળી જાય તો તેનું દેણ પહોંચાડી દઉ, પરંતુ નૌકા પ્રાપ્ત થઈ નહી અને હવે આ અશરફીઓ હું તને સુપ્રત કરૂં છું. આમ કહીને તે લાકડું નદીમાં ફેંકી દીધું અને પાછો આવ્યો પરંતુ નૌકા સતત શોધતો રહ્યો કે તે શહેરમાં જાય અને દેવું અદા કરે. હવે તે શખ્સ જેણે કરજ આપ્યું હતું એક દિવસ નદી તરફ ગયો કે કદાચ કોઈ નૌકા પર તેનો માલ આવતો હોય કે ઓચિંતા એ જ લાકડું મળ્યું જેમાં અશરફીઓ ભરેલી હતી તેણે એ ખ્યાલ કરીને કે ઘરમાં બાળવાના કામે આવશે, તેને લઈ લીધું, જ્યારે તેને ચીર્યુ તો અશરફીઓ અને પત્ર મળ્યો. પછી થોડાક દિવસો પછી તે શખ્સ જેણે કરજ લીધું હતું, હજાર દીનાર લઈને આવ્યો અને કહેવા લાગ્યો : ખુદાના સોગંદ હું સતત પ્રયત્ન કરતો રહ્યો કે કોઈ નૌકા મળી જાય તો તમારો માલ તમને પહોંચાડી દઉ, પરંતુ આજથી પહેલા કોઈ નૌકા મળી નહી. તેણે કહ્યું શું તમોએ મારા પાસે કોઈ વસ્તુ મોકલી હતી તેણે કહ્યું હું કહી તો રહ્યો છૂં કે, આજથી પહેલા મને કોઈ નૌકા મળી જ નહિ. તેણે કહ્યું જે કાંઈ તમે લાકડામાં મોકલ્યું હતું ખુદાએ તેને તમારા તરફથી પહોંચાડી દીધું. તે પોતાની એક હજાર અશરફીઓ લઈને મુરાદ સમેત પાછો ગયો.

## ફિકહી મસાઈલ

લુકતહ તે માલ ને કહે છે, જે પડેલો કયાંકથી મળી જાય.

**મસ્અલા (૧)** : પડેલો માલ કયાંકથી મળ્યો અને એ ખ્યાલ હોય કે, હું તેના માલિકને શોધીને આપી દઈશ તો ઉપાડી લેવું મુસ્તહબ છે. અને જો આશંકા હોય કે, કદાચ હું પોતેજ રાખી લઉ અને માલિકને શોધું નહી, તો છોડી દેવું બહેતર છે. અને પોતાના માટે ઉપાડવું હરામ છે અને આ સ્વરૂપમાં ગસબ (પચાવી પાડવું) ના દરજ્જામાં છે. અને જો એ અનુમાન ગાલિબ હોય કે હું ન ઉપાડીશ તો આ વસ્તુ નષ્ટ તથા બરબાદ થઈ જશે તો ઉપાડી લેવું જરૂરી છે. પરંતુ જો ન ઉપાડે અને નષ્ટ થઈ જાય તો તેના પર તાવાન (દંડ) નથી.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૨)** : લુકતહ ને પોતાના અધિકારમાં લાવવા માટે ઉઠાવ્યો પછી લજ્જિત થયો કે મારે આવું ન કરવું જોઈએ અને જ્યાંથી લાવ્યો હતો ત્યાં જ મુકી આવ્યો તો જવાબદારી માંથી મુક્ત થશે નહી. અર્થાત જો નષ્ટ થઈ ગયો તો તાવાન આવવો પડશે, બલ્કે હવે તેના પર લાઝિમ છે કે માલિકની શોધ કરે અને તેના હવાલે કરી દે અને જો માલિકને આપવા માટે લાવ્યો હતો પછી જ્યાંથી લાવ્યો હતો મુકી આવ્યો તો તાવાન નથી.

(દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૩)** : દરેક પ્રકારની પડેલી વસ્તુને ઉઠાવી લાવવું જાઈઝ છે. દા.ત. પુંજી અથવા જાનવર બલ્કે ઉટને પણ લાવી શકે છે કેમકે હવે જમાનો ખરાબ છે. તે ન લાવશે તો કોઈ બીજો લઈ

જશે અને માલિકને આપશે નહી બલ્કે હજમ કરી જશે. (પચાવી પાડશે) (ફતહ વિગેરે)

**મસ્અલા (૪)** : લુકતહ ઉપાડી લાવનારના હાથમાં અમાનત છે અર્થાત જો નષ્ટ થઈ જાય તો તેના પર તાવાન નથી, એ શરતે કે ઉપાડતી વખતે કોઈને ગવાહ બનાવી દે અર્થાત લોકોને કહી દે કે જો કોઈ શખ્સ પોતાની ગુમ થયેલ વસ્તુ શોધતો આવે તો મારી પાસે મોકલી દેજો અને ગવાહ ન કર્યો તો નષ્ટ થવાના સ્વરૂપમાં તાવાન આપવો પડશે. પરંતુ જ્યારે કે ત્યાં કોઈ ન હોય અને ગવાહ બનાવવાનો મોકો ન મળ્યો અથવા આશંકા હોય કે ગવાહ બનાવે તો ઝાલીમ ઝુંટવી લેશે તો ઝમાન નથી. (તબયીન અને બહર)

**મસ્અલા (૫)** : પડેલો માલ ઉપાડી લાવ્યો અને તેના પાસેથી નષ્ટ થઈ ગયો, હવે માલિક આવ્યો અને વસ્તુની માંગણી કરે છે અને તાવાન માંગે છે, કહે છે કે તેઓએ ખરાબ દાનત થી પોતાના વપરાશમાં લાવવા માટે ઉઠાવ્યો હતો માટે તમારા પર તાવાન છે. આ જવાબ આપે છે. કે મેં પોતાના માટે ઉઠાવ્યો ન હતો બલ્કે એ નિય્યત થી લીધો હતો કે માલિક ને આપીશ તો કેવળ આ કહેવાથી જવાબદારીમાંથી મુકત નથી. જ્યાં સુધી શકયતાના સ્વરૂપમાં ગવાહ ન કરે. (હિદાયા)

**મસ્અલા (૬)** : બે શખસો એ લુકતહ (પડી રહેલો માલ) ઉઠાવ્યો તો બંને પર જાહેરાત લાઝિમ છે અને લુકતહ ના તમામ અહકામ બંને પર છે અને જો બંને જઈ રહ્યા હતા, એકે કોઈ વસ્તુ દેખી તેણે બીજાને કહ્યું ઉઠાવી લાવો, તેણે પોતાના માટે ઉપાડી તો તે જવાબદાર છે અને લુકતહ ના અહકામ તેના પર છે, હુકમ આપનાર પર નથી. (જવહરહ)

**મસ્અલા (૭)** : ઉપાડનાર પર જાહેરાત લાઝિમ છે અર્થાત બજારો અને જાહેર સ્થળો અને મસ્જિદોમાં એટલા સમય સુધી એલાન કરે કે ખાત્રી થઈ જાય કે માલિક હવે શોધતો ન હશે. આ મુદત પૂરી થયા પછી તેને અખત્યાર છે કે, લકતહનું રક્ષણ કરે અથવા કોઈ મિસ્કીન ને સદકો કરી દે. મિસ્કીનને આપ્યા પછી જો માલિક આવી ગયો તો તેને અખત્યાર છે કે, સદકાને જાઈઝ કરી દે અથવા ન કરે, જો જાઈઝ કરી દીધું તો સવાબ પામશે અને જાઈઝ ન કર્યુ તો જો તે વસ્તુ હાજર છે, પોતાની વસ્તુ લઈ લે અને નષ્ટ થઈ ગઈ છે તો તાવાન લેશે. આ અખત્યાર છે કે ઉપાડનાર પાસેથી તાવાન લે અથવા મિસ્કીન થી, જેનાથી પણ લેશે તે બીજા થી રજુ કરી શકતો નથી. (આલમગીરી)

**મસ્અલા (૮)** : બાળકે પડી રહેલો માલ ઉઠાવ્યો અને ગવાહ ન બનાવ્યો, તો નષ્ટ થવાના સ્વરૂપમાં તેણે પણ તાવાન આપવો પડશે. (બહર)

**મસ્અલા (૯)** : બાળકને કોઈ વસ્તુ મળી અને ઉઠાવી લાવ્યો તો તેનો વલી અથવા વસી પ્રસિધ્ધી કરે અને માલિક નો પત્તો ન લાગ્યો અને તે બાળક પોતે ફકીર (નિર્ધન) છે તો વલી અથવા વસી પોતે તે બાળક પર તસદ્દુક કરી શકે છે અને પાછળ થી માલિક આવ્યો અને તસદ્દુકને તેણે જાઈઝ ન રાખ્યું તો વલી અથવા વસીએ ઝમાન આપવું પડશે. (બહરૂર રાઈક)

**મસ્અલા (૧૦)** : જો ઉઠાવનાર પ્રસિધ્ધી થી વિવશ છે દા. ત. વૃધ્ધ અથવા બીમાર છે કે બજાર વિગેરેમાં જઈને એલાન કરી શકતો નથી તો બીજાને પોતાનો નાયબ બનાવી શકે છે તે એલાન કરી દે. અને નાયબને આપવા પછી જો પાછું લેવા ઈચ્છે તો પાછું લઈ શકતો નથી અને નાયબ પાસેથી તે વસ્તુ નષ્ટ થઈ ગઈ તો તેના પાસેથી તાવાન લઈ શકતો નથી.

(બહરૂર રાઈક મિનહતુલ ખાલિક)

**મસ્અલા (૧૧)** : ઉઠાવનાર જો ફકીર (ગરીબ)

છે તો મજકૂર મુદ્દત સુધી એલાન પછી પોતે પોતાના વપરાશમાં લાવી શકે છે. અને જો માલદાર છે તો પોતાના સંબંધવાળા ફકીરને આપી શકે છે. દા.ત. પોતાના બાપ, માં, પતિ, પત્ની, બાલિગ ઔલાદને આપી શકે છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૨) :** ઉઠાવનાર ફકીર હતો અને એલાન પછી પોતાના ઉપયોગમાં લાવ્યો, પછી તે શખ્સ માલદાર થઈ ગયો તો વાજિબ નથી કે, એટલું જ ફકીર પર સદકો કરે.(રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૧૩) :** બાદશાહ અથવા હાકિમ લકતહને કરજ આપી શકે છે, ભલે પોતે ઉપાડનારને કરજ આપી દે અથવા બીજાને, એમ જ કોઈને મુદારબત (ભાગીદારી) ની રીતે પણ આપી શકે છે. (ફતહુલ કદીર, બહર)

**મસ્અલા (૧૪) :** ઉપાડી લેનારના હાથમાંથી લુકતહ (ઉપાડેલ વસ્તુ) નષ્ટ થઈ ગયું પછી તે વસ્તુને બીજાની પાસે દેખી તો તે દાવો કરીને લઈ શકતો નથી. (શલબી જવહરહ)

**મસ્અલા (૧૫) :** બદમસ્ત આદમી રસ્તામાં પડેલો છે અને તેનું કોઈ કપડું પણ ત્યાં પડયું છે, તેને રક્ષણના હેતુથી જો કોઈ ઉઠાવશે, તાવાન આપવું પડશે કે જોકે તે નશામાં છે, તેની વસ્તુની રક્ષણની જરૂરત નથી કેમકે એવાઓથી લોકો પોતે ડરે છે, તેમની વસ્તુઓ ઉઠાવતા નથી. (શલબી)

**મસ્અલા (૧૬) :** જે વસ્તુઓ ખરાબ થઈ જનારી છે, જેવું કે ફળ અને ખોરાક, તેનું એલાન કેવળ એટલા સમય સુધી કરવું લાજિમ છે કે ખરાબ ન થાય અને ખરાબ થઈ જવાની આશંકા હોય તો મિસ્કીનને આપી દો (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા (૧૭) :** કોઈ એવી વસ્તુ મળી જે મુલ્ય વગરની છે, જેવું કે ખજૂરનો ઠળીયો, દાડમનું છોતરૂં એવી વસ્તુમાં એલાનની હાજત નથી કેમકે જણાય છે કે તેને છોડી દેવું વિવેક છે કે જે ઈચ્છે લઈ લે અને પોતાના કામમાં લાવે અને આ છોડવું તમલીક (માલિક બનાવવું) નથી કે અજાણ્યા તરફથી 'તમલીક' સહીહ નથી. માટે તે હજુ પણ માલિકની માલિકાપણામાં બાકી છે. (રદ્દુલ મુહતાર) અને કેટલાક ફુકરા એમ ફરમાવે છે કે આ હુકમ તે સમયે છે કે તે વિભિન્ન હોય અને જો ભેગી હોય તો જણાય છે કે, માલિકે કામના માટે ભેગી કરી રાખી છે. માટે સુરક્ષિત રાખે, ખરચ કરે નહી. (બરૂર્રાઈક)

**મસ્અલા (૧૮) :** લુકતહ સંબંધે જો ખબર છે કે તે ઝિમ્મીની વસ્તુ છે તો તેને બયતુલમાલ માં જમા કરાવી દે, પોતે પોતાના કબ્જામાં ન લે, ન મિસ્કીનોને આપે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૯) :** જો માલિકનો પત્તો લાગવાની આશા છે અને ઉપાડી લાવનારના મુત્યનો સમય નિકટ આવી ગયો તો વસીયત કરી જવું અર્થાત એ જાહેર કરી દેવું કે આ લુકતહ છે. વાજિબ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૦) :** ઉપાડનારને પડી રહેલી વસ્તુનું મહેનતાણું મળશે નહી ભલેને કેટલાએ છેટેથી ઉઠાવી લાવ્યો હોય અને પડી રહેલ વસ્તુને જાનવર હોય અને તેને ખવડાવવામાં કાંઈ ખરચ કર્યુ હોય તો તેનો બદલો પણ પામશે નહી. હા, જો કાઝીની ઈજાઝતથી થયો અને તેણે કહી દીધું હોય કે તેના પર ખરચ કર જે કાંઈ ખરચ થશે માલિકથી વસુલ કરી લેશે તો હવે ખરચ લઈ શકે છે. (બહરૂર્રાઈક)

**મસ્અલા (૨૧) :** જે કાંઈ હાકિમની ઈજાઝતથી ખરચ કર્યુ છે વસૂલ કરવા માટે લુકતહને માલિકથી રોકી શકે છે, ખરચ આપવા પછી તે લઈ શકે છે અને આવે નહી તો કાઝી લુકતહને વેચીને ખરચ અદા કરી દે અને જે બચે માલિકને આપી દે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૨)** : લુકતહ પર ખરચ કરવાની કાઝીથી ઈજઝત માંગી તો કાઝી ગવાહ માંગશે. જો ગવાહોથી લુકતહ હોવું સાબિત થઈ ગયું તો ખરચની ઈજઝત આપશે નહી તો આપશે નહી અને જો ઉઠાવનાર કહે છે મારા પાસે ગવાહ નથી તો કાઝી એ હુકમ આપશે કે જો તુ સાચો છે તો તેના પર ખરચ કર, માલિક આવશે તો વસૂલ કરી લેજે અને જો તુ ગાસિબ (હક મારનાર, ઝુટવી લેનાર) છે તો કાંઈ મળશે નહી. (હિદાયા)

**મસ્અલા (૨૩)** : લુકતહ જો એવી વસ્તુ હોય જેનાથી લાભપ્રાપ્ત થઈ શકે છે. દા.ત. બળદ, ગધેડો, ઘોડો કે તેમને ભાડે આપીને મહેનતાણું પ્રાપ્ત કરી શકે છે તો હાકિમની ઈજાઝતથી ભાડે આપી શકે છે અને મહેનતાણું પ્રાપ્ત થાય તેમાંથી તેને ખોરાક પણ આપવામાં આવે અને જો એવી વસ્તુ લુકતહ હોય જેનાથી કોઈ આવક ન થાય અને હાથવગા માલિકનો પત્તો લાગતો નથી અને તેના પર ખરચ કરવામાં માલિકનું નુકશાન છે કે થોડાક દિવસોમાં પોતાના મૂલ્ય જેંટલું ખાઈ જશે તો કાઝી તેને વેચીને તેની કિંમત સુરક્ષિત રાખે કે તેમાં માલિકનો નફો છે અને કાઝીએ વેચાણ કર્યુ અથવા કાઝી ના હુકમથી ઉપાડનારે તો આ વેચાણ લાગુ છે. માલિક આ વેચાણને રદ કરી શકતો નથી. (બહર, દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૪)** : લુકતહ એવી વસ્તુ હતી જેને રાખવામાં માલિકનું નુકશાન હતું. તેને કાઝીની પરવાનગી-વગર ઉઠાવનારે પોતે વેચી નાખી તો આ વેચાણ લાગુ થશે નહી બલ્કે ઈજાઝત માલિક પર આધારિત રહેશે. જો માલિક આવ્યો અને વસ્તુ લેનાર પાસે હાજર છે તો તેને અખત્યાર છે વેચાણને જાઈઝ રાખે અથવા રદ કરી દે અને વસ્તુ તેનાથી લઈ લે અને જો માલિક તે સમયે આવ્યો કે ખરીદનાર પાસે તે વસ્તુ રહી નહી તો તેને અખત્યાર છે કે ખરીદનાર પાસેથી તેની કીમતનું તાવાન લે અથવા વિક્રેતાથી. જો વિક્રેતાથી તાવાન લેશે તો વેચાણ લાગુ થઈ જશે અને સમનનું નાણું વિક્રેતાનું થશે. પરંતુ સમન (મુલ્ય)નું નાણું જેટલું કીમતથી વધારે થયું તેને સદકો કરી દે. (ફતહુલ કદીર)

**મસ્અલા (૨૫)** : લુકતહનો દાવેદાર પૈદા થઈ ગયો અને તે નિશાન અને ઠેકાણું બતાવે છે જે લુકતહમાં ઉપસ્થિત છે અથવા ઉઠાવનાર પોતે તેનું સમર્થન કરે છે તો આપી દેવું જાઈઝ છે અને કાઝી એ હુકમ કરી દીધો તો આપવું લાઝિમ (અનિવાર્ય) અને કાઝીના હુકમ વગર આપી દીધું તો તેનો કફીલ (ઉતરદાયી) અર્થાત ઝીમન લઈ શકે છે. (દુર્રે મુખ્તાર) અને ચિન્હ બતાવવાના સ્વરૂપમાં જો આપવાથી ઈન્કાર કરે તો વાદીએ સાક્ષીથી સાબિત કરવું પડશે કે આ તેની જ મિલ્કત છે. (હિદાયા)

**મસ્અલા (૨૬)** : દાવેદારે (વાદીએ) ચિન્હ બયાન કર્યુ અથવા ઉઠાવનારે તેનું સમર્થન કર્યુ અને ઉઠાવેલી વસ્તુ આપી દીધી. તે પછી બીજો દાવેદાર ઉભો થયો અને તે ગવાહોથી પોતાનું માલિકીપણું સાબિત કરે છે તો જો વસ્તુ મૌજૂદ છે તેને અપાવી દેવામાં આવે અને નષ્ટ થઈ ગઈ છે તો તાવાન લઈ શકે છે અને એ અખત્યાર છે કે ઉઠાવનારથી તાવાન લે અથવા પ્રથમના દાવેદારથી લે. (રદદુલ મુહતાર)

## લુકતહના સંબંધે બીજા મસાઈલ

**મસ્અલા (૨૭)** : રસ્તામાં ઘેટું મરેલું પડયું હતું તેણે તેનું ઉંન કાપી લીધું તો તેને પોતાના કામમાં લઈ શકે છે અને માલિક આવીને તેની માંગણી કરે તો લઈ શકે છે અને જો તેનું ચામડું ઉતારીને પકવી

લીધું અને માલિક લેવા ઈચ્છે તો લઈ શકે છે. પરંતુ પકવવા ના કારણે જે કાંઈ કીમતમાં વધારો થયો છે તે આપવો પડશે. (આલમગીરી)

**મસ્અલા (૨૮) :** ખરબૂઝ (ટેટી) અને તરબુઝની વાડીને લોકોએ લુટી લીધી. જો તે સમયે લૂટી જ્યારે માલિક તરફથી ઈજાઝત થઈ ગઈ કે જેની મરજી પડે લઈ જાય. જેવું કે સામાન્યત જ્યારે ફસલ પુરી થઈ જાય છે, થોડાક ખરાબ ફળ બાકી રહી જાય છે, પછી માલિક ઈજાઝત આપી દે છે તેને લુટવામાં કાંઈ વાંધો નથી (આલમગીરી)

**મસ્અલા (૨૯) :** નિકાહમાં છુવારા (ખારેક) લુટાવવામાં આવે છે. એકના ખોળામાં પડતા હતા અને બીજાએ ઉઠાવી લીધા, તેના બે સ્વરૂપો છે, જેના ખોળામાં પડયા હતા જો તેણે એજ હેતુથી ખોળો ફેલાંવ્યો હતો તો બીજાએ લેવું જાઈઝ નથી. નહી તો જાઈઝ છે. (આલમગીરી)

**મસ્અલા (૩૦) :** શાદીઓમાં રૂપિયા પૈસા લુટાવવા માટે જેને આપ્યા તેઓ તે લુટાવે બીજાને લુટાવવા આપી શકતો નથી અને થોડાક બચાવીને પોતાના માટે રાખી લે અથવા પડેલ પોતે ઉઠાવી લે એ જાઈઝ નથી અને શકર છુવારા લુટાવવા આપ્યા તો બચાવીને થોડાક રાખી શકે છે અને બીજાને પણ લુટાવવા માટે આપી શકે છે અને બીજાએ લુટાવ્યા તો હવે તે પણ લુટી શકે છે. (ખાનિયા)

**મસ્અલા (૩૧) :** ખેતર કપાઈ ગયા પછી કેટલાક ડુંડા પડી રહે છે જો ખેડૂતે રહેવા દીધા છે કે જેની મરજી પડે ઉઠાવી લઈ જાય તો લઈ જવામાં વાંધો નથી પરંતુ માલિકનું માલિકીપણું હજુ પણ બાકી છે અને તે ઈચ્છે તો લઈ શકે છે પરંતુ ભેગા કર્યા પછી તેનાથી લઈ લેવું અયોગ્ય છે અને જો ખેડુતે કેટલાક ખાસ લોકોને કહી દીધુ કે જે ઈચ્છે લઈ જાય તો હવે ભેગા કરનારઓનું થઈ ગયું. (બહરૂરરાઈક વિગેરે)

**મસ્અલા (૩૨) :** જો યતીમોનું ખેતર છે અને ડુંડા એટલા વધુ છે કે મજૂરીથી વિણી (લણી) લેવાય તો ઉચિત માત્રામાં બચશે તો છોડવું જાઈઝ નથી અને એટલા છે કે વિણી લેવડાવવા આપે તો એટલી જ મજૂરી પણ આપવી પડશે અથવા મજૂરી આપ્યા પછી થોડીક જ વધશે તો છોડી દેવું જાઈઝ છે.. (આલમગીરી)

**મસ્અલા (૩૩) :** અખરોટ વિગેરેના અનેક દાણા મળ્યા, એવી રીતે કે પ્રથમ એક મળ્યો પછી બીજો પછી બીજો એક અને એજ રીતે એટલા મળ્યા કે હવે તેની કીમત થઈ ગઈ તો આવશ્યક એ છે કે દરેક હાલતમાં તેમની હિફાઝત કરે. અને માલિકને શોધે અને સેબ, અમરૂદ પાણીમાં પડેલા મળે તો લેવું જાઈઝ છે જો કે વધારે હોય. નહી તો પાણીમાં ખરાબ થઈ જશે.

**મસ્અલા (૩૪) :** વરસાદમાં એટલા માટે વાસણ મુકી દીધા કે તેમનામાં પાણી ભેગું થાય તો બીજાએ ઈજાઝત વગર તે વાસણોનું પાણી લેવું જાઈઝ નથી અને જો એટલા માટે મુકયા નથી તો જાઈઝ છે એમજ જો સુકવવા માટે જાળ પહોળી કરી તેમાં કોઈ જાનવર ફસી ગયું તો જેણે પકડયું તેનું છે અને જાનવરને પકડવા માટે જાળ તાણીતો જાનવર જાળવાળાનું છે. (આલમગીરી)

**મસ્અલા (૩૫) :** કોઈની જમીનમાં મહોલ્લાવાળા કચરો વિગેરે નાખે છે જો જમીનના માલિકે તેને એટલા માટે જ રહેવા દીધી છે કે જ્યારે વધુ માત્રામાં ભેગો થઈ જશે તો પોતાના ખેતરમાં નાખીશ, તો બીજાએ ઉઠાવવું જાઈઝ નથી અને જો જમીન એટલા માટે નથી રહેવા દીધી તો જે પ્રથમ ઉઠાવી લે તેનો છે. એવી જ રીતે ઉંટવાળા કોઈના મકાન પર ભાડા માટે પોતાના ઉંટ બેસાડે છે કે જેને જરૂરત હોય અહીંયાથી ભાડે લઈ જાય અને

અહીયા કેટલીએ લીડીઓ ભેગી થઈ ગઈ, જો મકાનના માલિકનો ખ્યાલ તેમને ભેગા કરવાનો હતો તો તેની છે. બીજો લઈ શકતો નથી. નહીતો જેની મરજી પડે લઈ જાય.

(બહરૂર્રાઈક, આલમગીરી)

**મસ્અલા (૩૬)** : જંગલી કબૂતરે કોઈના મકાનમાં ઈંડા મુકયા, જો મકાનના માલિકે પકડવા માટે દરવાજો બંધ કર્યો હતો કે બીજાએ આવીને પકડી લીધું તો તે મકાનના માલિકનું છે નહી તો જે પકડી લે તેનું છે. એકની કબૂતરીથી બીજાના કબૂતરનું જોડું લાગી ગયું અને ઈંડા બચ્ચા થયાં તો કબૂતરીવાળાના છે. (આલમગીરી)

**મસ્અલા (૩૭)** : જંગલી કબૂતરોમાં પાલતુ કબૂતર ભળી ગયું તો તેને પકડવું જાઈઝ નથી અને પકડી લીધુ તો માલિકની શોધ કરીને આપી દે.

(દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૩૮)** : બાજ (ગરૂડ) અથવા શકરા વિગેરેને પકડયો, જેના પંગોમાં ઝાંઝરી બાંધેલી છે જેનાથી ઘરેલું જણાય છે તો તે લુકતહ છે. એલાન કરવું જરૂરી છે. એવી જ રીતે હરણ પકડયું જેના ગળામાં પટ્ટો અથવા હાર પડેલો છે અથવા પાળેલ કબૂતર પકડયું તો એલાન કરે અને માલિક મળી જાય તો તેને પાછું આપે. (આલમગીરી, બહર)

**મસ્અલા (૩૯)** : ખેડુત પોતાના ખેતરોમાં કેટ કેટલાએ દિવસ ગાયો અથવા બકરાં રાતમાં બેસાડે છે કે જેથી તેમના જાજરૂ-પેશાબ (ખાતર)થી ખેતર ઠીક થઈ જાય. માટે અહીંયાથી ગોબર અથવા લીડીઓ બીજાએ લેવું જાઈઝ નથી.

**મસ્અલા (૪૦)** : સભાઓ અથવા મસ્જિદોમાં અકસર બુટ-ચંપલ બદલાઈ જાય છે. તેમને કામમાં લેવું જાઈઝ નથી. હા, જો તે કોઈ ફકીરને, ભલે પોતાની ઔલાદને સદકો કરી દે પછી તે તેને ભેટ આપી દે તો વપરાશમાં લઈ શકાય છે અથવા તેનો સારો બુટ કોઈ ઉઠાવી લઈ ગયો અને પોતાનો ખરાબ મુકી ગયો કે દેખવાથી માલૂમ પડે છે તેણે ઈરાદાપૂર્વક એવું કર્યુ છે. ધોકાથી (ભૂલથી) એવું થયું નથી તો જ્યારે આ શખસ ખરાબ જોડો ઉઠાવી લાવ્યો તેને પહેરી શકે છે કે આ તેનો બદલો છે.

(બહરૂર્રાઈક)

**મસ્અલા (૪૧)** : કોઈના મકાન પર કોઈ અજાણ્યો મુસાફર આવ્યો અને મરી ગયો, કફન-દફન પછી તેના તરકામાં થોડાક રૂપિયા વધ્યા તો મકાનનો માલિક જો કે ફકીર હોય તો તે રૂપિયાને પોતાના વપરાશમાં લઈ શકતો નથી કે તે લુકતહ નથી. (આલમગીરી)

**મસ્અલા (૪૨)** : કોઈએ પોતાનું જાનવર ઈરાદ પૂર્વક છોડી દીધું અને કહી દીધું જેની મરજી પડે પકડી લે, જેવું કે તોતા (પોપટ) મેના વિગેરે પાળેલા જાનવર અકસર છોડી દેવામાં આવે છે અને કહી દે છે જેની મરજી પડે તેને પકડી લેતો હવે જે પકડશે તેનું જ છે. (આલમગીરી)

**મસ્અલા (૪૩)** : નદીમાં લાકડું વહેતું આવ્યું, જો તેની કીમત છે તો લુકતહ છે નહી તો લેવાવાળા માટે હલાલ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૪૪)** : મુસાફર માણસ ખાસ કોઈના ત્યાં ઉતર્યો અને મરી ગયો, જો તેનો તરકો પાંચ દિરહમ સુધી છે તો ઘરવાળો વારસદારની શોધ કરે, પત્તો ન લાગે તો મિસ્કીનો ને આપી દે અને પોતે ફકીર (ગરીબ) હોય તો પોતાના વપરાશમાં લે અને પાંચ દિરહમથી વધુ છે અને વારસદારો નો પત્તો લાગે નહી તો બયતુલમાલ માં જમા કરાવી દે.

**મસ્અલા (૪૫)** : મુસાફરીમાં કોઈ મરી ગયો તો તેના સાથીઓને અખત્યાર છે કે સામાન વેચીને જે કાંઈ પૈસા ઉપજે વારસદારોને પહોંચાડી દે. જ્યારે કે પોતે સામાન લઈ જવામાં એટલો ખરચો થાય જે સામાનની કીમત જેટલો થઈ જાય કે તે

સ્વરૂપમાં વારસદારોનો ફાયદો વેચી નાંખવામાં છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૪૬)** : શહેરની બહાર વૃક્ષોની નીચે જે ફળ પડયા હોય જો તેમના સંબંધે ખબર હોય કે લેવાની સ્પષ્ટતાથી અથવા સંકેતતાથી પરવાનગી છે, જેવું કે તે પ્રસંગોમાં જ્યાં અધિકતાથી ફળ ઉતપન્ન થાય છે. રાહગીર (વાટમાર્ગુ) થી રોકટોક કરતા નથી, એવા પ્રસંગોમાં ખાવાની ઈજાઝત છે પરંતુ વૃક્ષો પરથી તોડીને ખાવાની ઈજાઝત નથી, પરંતુ જ્યાં તેની પણ પરવાનગી સાબિત હોય તો તોડીને પણ ખાઈ શકે છે. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા (૪૭)** : મકાન ખરીદયું અને તેની દીવાલ વિગેરેમાંથી રૂપિયા મળ્યા, જો વિક્રેતા કહે છે આ મારા છે તો તેને આપી દે. નહી તો લુકતહ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૪૮)** : મસ્જિદમાં સુઈ રહ્યો હતો કે તેના હાથમાં કોઈ શખ્સ રૂપિયાની થેલી મુકીને ચાલ્યો ગયો તો તે રૂપિયા તેના છે, પોતાના ખરચમાં લઈ શકે છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૪૯)** : જેની કોઈ વસ્તુ ગુમ થઈ ગઈ છે તેણે એલાન કર્યુ કે જે તેનો પત્તો બતાવશે તેને આટલું આપીશ તો ઈજારો બાતિલ છે. (બહર) (મનહતુલ ખાલિક) અને ઈનામ તરીકે આપવા ચાહે તો આપી શકે છે.

**મસ્અલા (૫૦)** : લોકોનું દેવું અથવા હક્કો તેના માથે છે પરંતુ ન તેમનો પત્તો છે ન તેમના વારસદારોનો તો એટલું જ પોતાના માલ માંથી ફકીરો પર સદકો કરે, આખેરતની પકડથી મુકત થઈ જશે અને જો ઈરાદાપૂર્વક ગસબ કર્યુ છે તો તૌબા પણ કરે અને જો કોઈની માંગણી તેના માથે છે અને તેની પાસે માલ નથી કે અદા કરે અને માલિકનો પત્તો પણ નથી કે માફ કરાવે તો તૌબા તથા ઈસ્તગફાર કરે અને માલિક માટે દુઆ કરે, આશા છે કે અલ્લાહ તઆલા મુકત કરી દે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૫૧)** : ચોરે જો કોઈને કોઈ વસ્તુ આપી દીધી, જો માલિકની ખબર છે તો માલિકને આપી દે. નહી તો સદકો કરી દે. પોતે તે ચોરને પાછી ન આપે. (બહરૂર રાઈક)

**ફાયદો** : જ્યારે કોઈ વસ્તુ ગુમ થઈ જાય તો આ દુઆ પઢે. **"યા જામેઅન્નાસે લેયૌમિલલા રૈબ ફીહે, ઈન્ન લલ્લાહ લા યુખલિફુલ મીઆદ, ઈજમઅુ બૈનાં વબયના દાલ્લતી."** 'દાલ્લતી'ની જગ્યાએ તે વસતુનું નામ લે. જે ગુમ થઈ ગઈ હોય. તે વસ્તુ મળી જશે ઈમામ નવવી રહમતુલ્લાહ અલયહે ફરમાવે છેઃ તેને મેં અજમાવ્યું છે. ગુમ થયેલ વસ્તુ જલ્દી મળી જાય છે. બીજી તરકીબ એ છે કે બુલંદ જગ્યા એ કિબ્લા તરફ મોઢું કરીને ઉભો રહે અને ફાતેહા પઢીને તેનો સવાબ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને નઝર કરે, પછી **સૈયેદી અહમદ બિન અલ્વાન** ને હદિયો કરીને આમ કહે. **યા સૈયેદી અહમદ યા ઈબ્ને અલ્વાન રૂદ અલૈયા દાલ્લતી વઈલ્લા નઝઅતુકા મિન દીવાનિલ ઔલિયા."** તેમની બરકત થી વસ્તુ મળી જશે.

## <u>મફકુદ (ખોવાયેલ) નું બયાન</u>

**હદીસ** : દારોકુતની મુગીરા બિન શુઅબા રદિયલ્લાહો અન્હોથી રાવી કે; રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું મફકુદ (ગુમ થયેલા) ની ઔરત જ્યાં સુધી બયાન ન આવી જાય અર્થાત તેના મૃત્યુ અથવા તલાક ની ખબર ન મળે) તેની જ પત્ની છે. અબ્દુર્રઝા કે પોતાના મુસનફ (કિતાબ) માં રિવાયત કરી કે હઝરત અલી રદિયલ્લાહો અન્હોએ મફકુદની ઔરત સંબંધે ફરમાવ્યું કે તે એક ઔરત છે જે મુસીબતમાં ગ્રસ્ત કરવામાં આવી, તેને સબ્ર કરવી જોઈએ, જ્યાં સુધી મૃત્યુ અથવા તલાક ની ખબર

ન આવે. અને હઝરત અબ્દુલ્લા બિન મસ્ઉદ રદિયલ્લાહો અન્હોથી પણ એવું જ મરવી છે કે, તેણે હમેશાં ઈન્તેઝાર કરવો જોઈએ અને અબૂ કલાબા તથા જાબિર બિન યઝીદ તથા શોએબ તથા ઈબ્રાહીમ નખઈ રદિયલ્લાહો અન્હુમ નો પણ એજ મઝહબ છે. મફકુદ તેને કહે છે જેનો કોઈ પત્તો ન હોય, એ પણ ખબર ન હોય કે જીવંત છે કે મરી ગયો.

**મસ્અલા (૫૨)** : મફકુદ પોતે પોતાના હકમાં જીવંત ઠરશે માટે તેનો માલ વહેંચવામાં આવે નહી અને તેની પત્ની નિકાહ કરી શકતી નથી અને તેનો ઈજારો (અખત્યાર) ફસ્ખ થશે નહી અને કાઝી કોઈ શખ્સ ને વકીલ નિયુકત કરી દેશે કે તેના માલનું રક્ષણ કરે અને તેની જાયદાદ ની આવક વસુલ કરે અને જે દેવાઓનો કરજદારોએ પોતે સ્વીકાર કર્યો છે તેમને વસૂલ કરે અને જો તે શખ્સ પોતાની હાજરીમાં કોઈ શખ્સને આ કામો માટે વકીલ નિયુકત કરી ગયો છે તો એજ વકીલ સઘળું જ કરશે. કાઝી એ જરૂરત વગર બીજો વકીલ નિયુકત કરવાની હાજત નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૫૩)** : કાઝીએ જેને વકીલ બનાવ્યો છે તેનું કેવળ એટલું જ કામ છે કે કબ્જો કરે અને રક્ષણમાં રાખે, મુકદમાઓની પેરવી કરી શકતો નથી અર્થાત જો મફકુદ પર કોઈએ દેવા અથવા અમાનત નો દાવો કર્યો અથવા તેની કોઈ વસ્તુમાં ભાગીદારી નો દાવો કરે છે તો આ વકીલ જવાબદેહી (ઉત્તરદાયિત્વ) કરી શકતો નથી અને ન પોતે કોઈના પર દાવો કરી શકે છે, હા, જો એવું દેવું હોય જે તેના અકદથી લાઝિમ થયું હોય તો તેનો દાવો કરી શકે છે. (નહાયા, દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૫૪)** : મફકુદ નો માલ જેના પાસે અમાનત છે અથવા જેના પર દેણ છે આ બંને પોતે કાઝીના હુકમ વગર અદા કરી શકતા નથી જો અમીને પોતે આપી દીધું તો તાવાન આપવો પડશે અને મદયુને (કરજદાર) આપ્યું તો દેવાથી મુકત ન થયો બલ્કે ફરી આપવું પડશે. (બહરૂર રાઈક)

**મસ્અલા (૫૫)** : મફકુદ પર જે લોકો નો નુફકો વાજિબ છે અર્થાત તેની પત્ની અને ઉસૂલ તથા ફુરૂઅ (પૂર્વજો-વંશજો) તેમને નુફકો તેના માલમાંથી આપવામાં આવશે, અર્થાત રૂપિયા અને અશરફી અથવા સોનું ચાંદી જે કાંઈ ઘરમાં છે અથવા કોઈના પાસે અમાનત અથવા દેવું છે, તેમનાથી નુફકો આપવામાં આવે અને નુફકા માટે મનકુલા અથવા ગેર મનકુલા જાયદાદ વેચવામાં આવે નહી. હા, જો કોઈ એવી વસ્તુ છે જેના ખરાબ થઈ જવાની શંકા છે તો કાઝી તેને વેચીને સમન (રકમ) સુરક્ષિત રાખશે અને હવે તેમાંથી નુફકો પણ આપી શકાય છે.

(આલમગીરી, દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૫૬)** : મફકુદ અને તેની પત્નીમાં જુદાઈ તે સમયે કરવામાં આવશે કે જ્યારે ખાત્રી થઈ જાય કે તે મરી ગયો હશે અને તેની માત્રા એ છે કે તેના વય થી ૭૦ વર્ષ પસાર થઈ જાય. હવે કાઝી તેના મૃત્યુનો હુકમ આપશે અને ઔરત વફાતની ઈદ્દત ગુજારીને નિકાહ કરવા ઈચ્છે તો કરી શકે છે અને જે કાંઈ મિલ્કત છે તે લોકો પર વહેંચાશે જે તે સમયે મોજૂદ છે. (ફતહુલકદીર)

**મસ્અલા (૫૭)** : બીજાઓના હક્કમાં વિલુપ્ત મુર્દા છે અર્થાત તે સમયમાં કોઈનો વારિસ થશે નહી. દા.ત. એક શખ્સની બે છોકરીઓ છે અને એક છોકરો અને તેના પણ પુત્રો તથા પુત્રીઓ છે, છોકરો ગુમ થઈ ગયો. તેના પછી તે શખ્સ મર્યો તો અર્ધો માલ છોકરીઓને આપવામાં આવે અને અર્ધો સુરક્ષિત રાખવામાં આવે જો ગુમ થએલ શખ્સ આવી જાય તો આ અર્ધો તેનો છે. નહી તો મૃત્યુના હુકમ પછી આ અર્ધાનો ત્રીજો ગુમશુદા ના

બહેનોને આપો અને બે તૃત્યાંસ વિલુપ્તની ઔલાદ પર વહેંચો. (ફતહુલ કદીર) અર્થાત બીજાઓના માલ લેવા માટે વિલુપ્ત નો વારિસ ઠેરવીને તેના વારસદારોને તે માલ મળશે નહી (દુર્રે મુખ્તાર) આ તે સમયે છે કે જ્યાર થી ગુમ થયો છે તેનો હજુ સુધી પત્તો ન લાગ્યો હોય અને જો દરમિયાનમાં કયારેક તેની જિંદગીની જાણકારી થઈ છે તો તે સમયથી પહેલા જે લોકો મર્યા છે તેમનો વારિસ છે. પછીથી જે મરશે તેમનો વારિસ થશે નહી. (બહરૂર રાઈક)

**મસ્અલા (૫૮)** : ગુમ થયેલા માટે કોઈ શખ્સ વસિયત કરીને મરી ગયો તો વસિયતનો માલ સુરક્ષિત રાખવામાં આવે. જો આવી ગયો તો તેને આપી દો નહી તો વસિયત કરનારના વારસોને આપીશુ, તેના વારસોને મળશે નહી (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૫૯)** : ગુમ થયેલ જો કોઈ વારસદારનો હાજિબ હોય તો તે હિજાબ કરનારને કાંઈ આપીશું નહી બલ્કે સુરક્ષિત રાખીશું. દા.ત. ગુમ થયેલાનો બાપ મર્યો તો ગુમ થયેલાના પુત્ર મહજૂબ છે. જો ગુમ થનારના કારણે કોઈના ભાગમાં કમી થાય છે તો ગુમ થનારને જીવંત માનીને ભાગ કાઢો, પછી મૃતક માનીને કાઢો. બંનેમાં જે ઓછું થાય તે હાજરને આપવામાં આવે અને બાકીનું સુરક્ષિત રાખવામાં આવે (દુર્રે મુખ્તાર)

# શિરકત (ભાગીદારી)નું બયાન

**હદીસ (૧)** : સહીહ બુખારી શરીફમાં સલમહ બિન અકવઅ (રદિયલ્લાહો અન્હો)થી મરવી છે. કહે છે એક ગઝવામાં લોકોના તૌશા (પ્રવાસમાં ખાવા પીવાનો સામાન)માં કમી પડી ગઈ. લોકોએ હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખિદમતમાં હાજર થઈને ઉંટ ઝુબ્હ કરવાની ઈજાઝત માંગી (કે તેને ઝુબ્હ કરીને ખાઈ લઈશું) હુઝૂરે ઈજાઝત આપી દીધી પછી. લોકોથી હઝરત ઉમર રદિયલ્લાહો અન્હોની મુલાકાત થઈ. તેમણે ખબર આપી કે ઉંટ ઝુબ્હ કરવાની અમોએ ઈજાઝત પ્રાપ્ત કરી લીધી છે). હઝરત ઉમર રદિયલ્લાહો અન્હોએ ફરમાવ્યું ઉંટ ઝુબ્હ કરી નાખવા પછી તમારી બકા (જીવતા રહેવાની)ની શું સૂરત થશે અર્થાત જ્યારે સવારી રહેશે નહી અને પૈદલ ચાલશો થાકી જશો અને કમજોર થઈ જશો. પછી દુશ્મનોથી જેહાદ કેવી રીતે કરી શકશો અને આ હલાકતના કારણરૂપ થશે. પછી હઝરત ઉમર રદિયલ્લાહો અન્હો હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખિદમતમાં હાજર થયા અને અરજ કરી યા રસૂલલ્લાહ ! ઉંટ ઝુબ્હ થઈ જશે, પછી લોકોની બકાની શું સુરત (હાલત) થશે હુઝૂરે ઈરશાદ ફરમાવ્યો કે એલાન કરી દો કે જે કાંઈ તોશા (ખોરાક) લોકો પાસે બચ્યો છે તે હાજર કરે. એક દસ્તરખ્વાન પાથરી દેવામાં આવ્યું લોકો પાસે જે કાંઈ તોશો બચેલો હતો લાવીને તે દસ્તરખ્વાન પર ભેગું કરી દેવામાં આવ્યું. રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઉભા થઈ ગયા અને દુઆ કરી, પછી લોકોને ફરમાવ્યું પોત પોતાના વાસણ લાવો. સૌએ પોત પોતાના વાસણ ભરી લીધા. પછી હુઝૂરે ફરમાવ્યું કે, હું ગવાહી આપુ છું કે અલ્લાહ સિવાય કોઈ માબૂદ નથી અને **બેશક હું અલ્લાહ નો રસૂલ છું.**

**હદીસ (૨)** : સહીહ બુખારી શરીફમાં અબૂ મૂસા અશઅરી રદિયલ્લાહો અન્હોથી મરવી છે. રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે કબીલા અશઅરીના લોકોનો જ્યારે ગઝવામાં તોશો ઓછો થઈ જાય છે અથવા મદીનામાંજ તેમના પરિવાર માટે ભોજનમાં કમી થઈ જાય છે તો જે કાંઈ તેમની પાસે હોય છે સૌને એક કપડામાં

એકત્ર કરી લે છે પછી સરખે સરખું વહેચી લે છે. (આ સારી ટેવના લીધે તેઓ મારાથી છે અને હું તેમનાથી છું).

**હદીસ (૩)** : અબ્દુલ્લાહ બિન હિશામ રદિયલ્લાહો અન્હોને તેમના વાલેદા ઝૈનબ બિન્તે હમીદ રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખિદમતમાં હાજર કર્યા અને અરજ કરી યા રસૂલલ્લાહ ! આને બયઅત કરી લો. આપે ફરમાવ્યું 'આ નાનું બાળક છે' પછી તેમના માથા પર હુઝૂરે હાથ ફેરવ્યો અને તેમના માટે દુઆ કરી. તેમના પૌત્ર ઝહર બિન મઅબદ કહે છે કે મારા દાદા અબ્દુલ્લાહ બિન હિશામ મને બજારમાં લઈ જતા અને ત્યાં અનાજ ખરીદતા તો ઈબ્ને ઉમર તથા ઈબ્ને ઝૂબૈર રદિયલ્લાહો અન્હુમ તેમનાથી મળતા અને કહેતા અમને પણ શરીક કરી લો કેમકે રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે તમારા માટે બરકતની દુઆ કરી છે તેઓ તેમને પણ શરીક કરી લેતા અને અકસર વખતે એક આખુ ઉંટ નફામાં મળી જતું અને તેને ઘેર મોકલી દેતા.

**હદીસ (૪)** : સહીહ બુખારી શરીફમાં છે કે જો એક શખ્સ દામ (કીમત) ઠેરવી રહયો છે, બીજાએ તેને ઈશારો કરી દીધો તો હઝરત ઉમર રદિયલ્લાહો અન્હોએ તેના સંબંધેએ હુકમ આપ્યો કે આ તેનો ભાગીદાર થઈ ગયો અર્થાત શિરક્ત માટે ઈશારો કાફી છે. જીભથી કહેવાની જરૂરત નથી.

**હદીસ (૫)** : અબૂ દાઉદ, ઈબ્ને માજા તથા હાકિમે સાઈબ બિન અબી સાઈબ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી, તેમણે નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમને અરજ કરી જાહિલીયતના જમાનામાં હુઝૂર મારા શરીક (ભાગીદાર) હતા અને હુઝૂર બહેતર શરીક હતા કે ન મારાથી નિવારણ કરતા અને ન ઝઘડો કરતા.

**હદીસ (૬)** : અબૂ દાઉદ, હાકિમ તથા રઝીને અબૂહુરૈરહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા ફરમાવે છે. કે બે શરીકો (ભાગીદાર)નો હું સાલિસ (મધ્યસ્થી, ત્રાહિત) રહુ છું, જ્યાં સુધી તેમનામાં કોઈ પોતાના સાથી સાથે ખયાનત ન કરે અને જ્યારે ખયાનત કરે છે તો તેમનાથી જુદો થઈ જાઉં છું.

**હદીસ (૭)** : ઈમામ બુખારી તથા ઈમામ અહમદે રિવાયત કરી કે ઝૈદ બિન અરકમ તથા બરાઅ બિન આઝિબ રદિયલ્લાહો અન્હોમા બંને શરીક (ભાગીદાર) હતા અને તેમણે ચાંદી ખરીદી હતી. થોડુંક નકદ થોડુંક ઉધાર, હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ખબર મળી તો ફરમાવ્યું કે જે નકદ ખરીદી છે તે જાઈઝ છે અને જે ઉધાર ખરીદી તેને પાછી આપી દો.

## શિરક્તના પ્રકાર અને તેમની ઓળખ

**મસ્અલા (૬૦)** : ભાગીદારીના બે પ્રકાર છે. શિરક્તે મિલ્ક, શિરક્તે અકદ શિરક્તે મિલ્કની ઓળખ એ છે કે કેટલાક શખ્સો એક વસ્તુના માલિક હોય અને પરસ્પર અકદે શિરક્ત ન થયો હોય. શિરક્તે અકદ એ છે કે પરસ્પર શિરક્તનો અકદ (પ્રતિજ્ઞા) કર્યો છે. દા.ત. એ કે કહ્યું હું તારો શરીક (ભાગીદાર) છું, બીજા એ કહ્યું મને મંજૂર છે, શિરક્તે મિલ્કના બે પ્રકાર છે કે (૧) જબરી (૨) અખત્યારી, જબરી એ છે કે બંનેના માલમાં કસદ તથા અખત્યાર વગર એવો ખલત (સેળભેળ) થઈ જાય કે દરેકની વસ્તુ બીજાથી જુદી થઈ શકે નહી અથવા થઈ શકે પરંતુ બહુ કષ્ટ તથા દુશ્વારીથી. દા.ત. વિરાસતમાં બંનેને તરકો મળ્યો કે દરેકનો ભાગ બીજાથી વિશેષ નથી અથવા બંનેની વસ્તુ એક પ્રકારની હતી અને ભેળસેળ થઈ ગઈ કે ઓળખ રહી નહી અથવા એકના ગહું હતા

બીજાના જવ અને મળી ગયા તો જોકે અહીંયા જુદાઈ શકય છે પરંતુ દુશ્વારી અવશ્ય છે. અખત્યારી એ કે તેમના ફેલ તથા અખત્યારથી શિરક્ત થઈ હોય દા.ત. બંનેએ ભાગીદારીની રીતે કોઈ વસ્તુને ખરીદી અથવા તેમને ભેટ અથવા સદકામાં મળી અને સ્વીકાર કર્યો અથવા કોઈએ બંનેને વસિયત કરી અને તેમણે સ્વીકાર કર્યો અથવા એકે ઈરાદાપૂર્વક પોતાની વસ્તુ બીજાની વસ્તુમાં ભેળવી દીધી કે ઓળખ જતી રહી

(આલમગીરી, દુર્રે મુખ્તાર વિગેરે)

## શિરકતે મિલ્કના અહેકામ

**મસ્અલા (૬૧)** : શિરક્તે મિલ્કમાં દરેક પોતાના ભાગમાં અધિકાર કરી શકે છે અને બીજાના ભાગમાં અજાણની ગણનામાં છે માટે પોતાનો ભાગ વેચી શકે છે. તેમાં ભાગીદારથી ઈજાઝત લેવાની જરૂરત નથી તેને અખત્યાર છે કે ભાગીદારને વેચે કે બીજાને પરંતુ ભાગીદારી એવી રીતે થઈ કે મૂળમાં ભાગીદારી ન હતી પરંતુ બંનેએ પોતાની વસ્તુઓ મેળવી દીધી અથવા બનેની વસ્તુઓ ભેળસેળ થઈ ગઈ અને બિન ભાગીદારને વેચવા ઈચ્છે છે તો ભાગીદારથી ઈજાઝત લેવી પડશે અથવા અસલમાં ભાગીદારી છે પરંતુ વેચાણ કરવામાં ભાગીદારને નુકશાન થાય છે તો ભાગીદારની ઈજાઝત વગર બિન ભાગીદારને વેચી શકતો નથી દા.ત. મકાન અથવા વૃક્ષ અથવા ખેતી સંયુક્ત છે તો ઈજાઝત વગર વેચી શકતો નથી કે સંયુક્ત વહેંચવા ઈચ્છશે અને વહેંચણીમાં ભાગીદારનું નુકશાન છે. હા જો ખેતી તૈયાર છે અથવા વૃક્ષ કાપવાના લાયક થઈ ગયું અથવા ફળ દાર વૃક્ષ નથી તો હવે ઈજાઝતની જરૂરત નથી તો હવે કપાવવામાં કોઈનું નુકશાન નથી.

(દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા (૬૨)** : સયુંક્ત વસ્તુ જો વહેચવાને યોગ્ય ન હોય જેવું કે હમામ, ચક્કી, ગુલામ, જાનવર તેનું વેચાણ ઈજાઝત વગર પણ જાઈઝ છે.

(દુર્રે મુખ્તાર)

## શિરકતે અકદની શરતો

**મસ્અલા (૬૩)** : શિરક્તે અકદમાં ઈજાબ તથા કબૂલ જરૂરી છે ભલે શબ્દોમાં હોય કે સંકેતથી એવું સમજી શકાતું હોય દા.ત. એકે હજાર રૂપિયા આપ્યા અને કહ્યું તમે પણ એટલા કાઢો અને કોઈ વસ્તુ ખરીદો, જે કાંઈ નફો થશે બંનેને હશે. બીજાએ રૂપિયા લઈ લીધા તો જોકે કબૂલ શાબ્દિક નથી પરંતુ રૂપિયા લઈ લેવું કબૂલના સ્થાને છે.

(દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૬૪)** : શિરક્તે અકદમાં શરત છે કે જેના પર ભાગીદારી થઈ વકાલતના કાબેલ હોય માટે મુબાહ (ઉચિત) વસ્તુમાં ભાગીદારી નથી થઈ શકતી દા.ત. બંનેએ ભાગીદારી સાથે જંગલના લાકડાં કાપ્યાં કે જેટલા ભેગા થશે બંનેમાં સંયુક્ત હશે. આ ભાગીદારી સહીહ નથી દરેક તેનો જ માલિક થશે જે તેણે કાપ્યા છે અને એ પણ જરૂરી છે કે એવી શરત કરી ન હોય જેનાથી ભાગીદારી જતી રહે. દા.ત. એકે દસ રૂપિયા નફો હું લઈશ કેમકે શકય છે કે કાલે દસ જ રૂપિયા નફાના હોય તો હવે ભાગીદારી કઈ વસ્તુમાં થશે (આલમગીરી)

**મસ્અલા (૬૫)** : નફામાં ઓછાવતા સાથે પણ ભાગીદારી થઈ શકે છે. દા.ત. એકનો એક તૃતિયાંશ અને બીજાનો બે તૃતિયાશ અને નુકશાન જે કાંઈ થશે તે આ માલના હિસાબથી થશે તેના વિરૂધ્ધ શરત કરવું બાતલ છે. દા.ત. બંનેના રૂપિયા બરાબર બરાબર (સરખા ભાગે) છે અને શરત એ કરીકે જે કાંઈ નુકશાન થશે તેનો ત્રીજો ભાગ ફલાણાંના માથે અને બે તૃતિયાંશ ફલાણાંના માથ છે આ શરત બાતલ છે અને આ હાલતમાં બંનેના માથે નુકશાન સરખું હશે. (રદદુલ મુહતાર)

## શિરકતે અકદના પ્રકાર અને શિરકતે મુફાવદાનું વિવરણ તથા શરતો

**મસ્અલા (૬૬)** : અકદની શિરક્તના કેટલાક પ્રકાર છે (૧) શિરક્ત બિલમાલ (૨) શિરક્તબિલ અમલ (૩) શિરકત વજુહ પછી એક બે પ્રકાર છે (૧) મુફાવદહ (૨) અનાન આ કુલ છ પ્રકાર છે. શિરકતે મુફાવદહ એ છે કે દરેક બીજાનો વકીલ તથા કફીલ (પોષક) હોય અર્થાત દરેકની માંગણી બીજો વસૂલ કરી શકે અને દરેક પર જે માંગણી થશે બીજો તેના તરફથી જામિન છે. અને શિરક્તે મુફાવદહમાં એ આવશ્યક છે કે બંનેના માલ બરાબર (સરખા) હોય અને નફામાં બંને સરખા ભાગીદાર હોય અને અધિકાર તથા દેવામાં પણ સમાનતા હોય માટે આઝાદ તથા ગુલામમાં અને નાબાલિગ તથા બાલિગમાં અને મુસલમાન તથા કાફિરમાં અને આકિલ (શુધબુધવાળા)માં તથા મજનૂન (ગાંડા)માં અને બે નાબાલિગોમાં અને બે ગુલામોમાં શિરક્તે મુફાવદહ થઈ શકતી નથી. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૬૭)** : શિરક્તે મુફાવદહનું સ્વરૂપ એ છે કે બે શખ્સો પરસ્પર એમ કહે કે અમોએ શિરક્તે મુફાવદહ કરી અને અમને અખત્યાર છે કે ભેગા ખરીદ તથા વેચાણ કરીએ અથવા અલગ અલગ નકદ વેચીએ, ખરીદીએ અથવા ઉધાર, દરેક પોતાના અભિપ્રાયથી અમલ કરશે અને જે કાંઈ નફો-નુકશાન થશે તેમાં બંને સરખા ભાગીદાર છે. (આલમગીરી)

**મસ્અલા (૬૮)** : જે પ્રકારના માલમાં શિરક્તે મુફાવદહ જાઈઝ છે તે પ્રકારનો માલ, ઉપરાંત તે પૂંજી કે જેમાં ભાગીદારી થઈ તે બંનેમાંથી કોઈના પાસે કાંઈ બીજુ ન હોય, જો તેના ઉપરાંત કાંઈ બીજો માલ હોય તો શિરકતે મુફાવદહ રદ થશે અને હવે આ શિરકતે અનાન થશે. જેનું બયાન આગળ આવે છે. (આલમગીરી)

**મસ્અલા (૬૯)** : શિરકતે મુફાવદહ માં બે સ્વરૂપો છે એક એક શિરકતના અકદના સમયે મુફાવદહ શબ્દ બોલવામાં આવે. બંનેએ એમ કહ્યું કે અમોએ પરસ્પર શિરકતે મુફાવદહ કરી. જો કે પાછળથી તેઓ માંનો એક શખ્સ એમ કહે છે કે, હું શબ્દ મુફાવદહ નો અર્થ જાણતો ન હતો કે આ સ્વરૂપમાં પણ શિરકતે મુફાવદહ થઈ જશે અને તેના અહકામ સાબિત થઈ જશે. અને અર્થનું ના જાણવું ઉઝર (બહાનું) થશે નહી. તેનું બીજું સ્વરૂપ એ છે કે જો શબ્દ મુફાવદહ ન બોલે તો તમામ તે વાતો જે મુફાવદહમાં જરૂરી છે, ઉલ્લેખ કરી દે. દા.ત. બે એવા શખ્સ જે શિરકતે મુફાવદહ ના પાત્ર હોય એમ કહે કે જેટલા પ્રમાણમાં નકદ ના અમે માલિક છીએ તેમાં અમે બંને પરસ્પર એવી રીતે ભાગીદારી કરીએ છીએ કે દરેક બીજાને પુરેપુરો અખત્યાર આપે છે કે જેવી રીતે ઈચ્છે ખરીદ તથા વેચાણમાં અધિકાર કરે અને અમારા માંથી દરેક બીજાની તમામ માંગણીઓમાં જામિન છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૭૦)** : હિન્દુસ્તાનમાં સામાન્યત એવું થાય છે કે બાપના મૃત્યુ પછી તેના તમામ પુત્રો તરકા (બાપે મુકી ગએલ વારસો) પર કબ્જેદાર થાય છે. અને સંયુકત ભાગીદારીમાં કામ કરે છે. લેવું દેવું, વેપાર, ખેતી, ખાવુ પીવું એક સાથે લાંબા સમય સુધી રહે છે અને કયારેક એમ થાય છે કે મોટો છોકરો ખુદ મુખ્તાર હોય છે, તે પોતે જે ઈચ્છે છે કરે છે અને તેના બીજા ભાઈ તેના હાથ નીચે તે મોટાભાઈ ના અભિપ્રાય તથા સલાહ થી કામ કરે છે. પરંતુ અહીં ન શબ્દ મુફાવદહ ની સ્પષ્ટતા થાય છે અને ન તેની જરૂરતનું બયાન થાય છે અને માલપણ સામાન્યત વિવિધ પ્રકારના હોય છે અને તદઉપરાંત રૂપિયા, અશરફી ની પૂંજી

અને સામાન અને બીજી વસ્તુ ઓ પણ તરકામાં હોય છે જેમનામાં આ સૌ ભાગીદાર છે માટે આ ભાગીદારી શિરકતે મુફાવદહ નથી બલ્કે તે શિરકતે મિલ્ક છે અને આ સ્વરૂપમાં જે કોઈ વેપાર તથા ખેતી અને કારોબાર દ્રારા વૃધ્ધિ કરશે તેમાં સૌ સરખા ભાગીદાર છે. જો કે કોઈએ વધારે કામ કર્યુ છે અને કોઈએ ઓછું અને કોઈ ડહાપણ તથા હોશિયારી થી કામ કરે છે અને કોઈ એવો નથી અને જો તે ભાગીદારોમાંથી કેટલાકે કોઈ વસ્તુ ખાસ પોતાના માટે ખરીદી અને તેની કીમત સંયુકત માલમાંથી અદા કરી તો તે વસ્તુ તેની જ થશે પરંતુ કેમકે કીમત સંયુકત માલમાંથી આપી છે માટે બાકીના ભાગીદારોના ભાગનું તાવાન આપવું પડશે. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૭૧)** : શિરકતે મુફાવદહમાં જો બંનેના માલ એક જાતના અને એક પ્રકારના હોય તો સંખ્યામાં બરાબરી જરૂરી છે દા.ત. બંનેના રૂપિયા છે અથવા બંનેની અશરફીઓ છે અને જો બેજાતિ અથવા બે પ્રકારની હોય તો કીમતમાં બરાબરી હોય દા.ત. એકના રૂપિયા છે બીજની અશરફીઓ અથવા એકના રૂપિયા છે બીજાની આઠઆનીઓ, પાવલીઓ. (આલમગીરી)

**મસ્અલા (૭૨)** : અકદે મુફાવદહના સમયે બંને માલ બરાબર હતા પરંતુ હજુ તે માલથી કોઈ વસ્તુ ખરીદી નથી કે એક નો માલ કીમતમાં અધિક થઈ ગયો દા.ત. અશરફી અકદના સમયે પંદર રૂપિયાની હતી અને હવે સોળ રૂપિયાની થઈ ગઈ તો શિરકતે મુફાવદહ ચાલી ગઈ અને હવે આ શિરકતે અનાન છે. એમ જ જો તેઓ માં કોઈ એકનું કોઈના પર કરજ હતું અને શિરકતે મુફાવદહ પછી તે કરજ વસૂલ થઈ ગયું તો શિરકત મુફાવદહ ચાલી ગઈ. (આલમગીરી)

## શિરકતે મુફાવદહના અહેકામ

**મસ્અલા (૭૩)** : એવા બે શખ્સ જેમનામાં શિરકતે મુફાવદહ છે. તેમનામાં કોઈ એક શખ્સ કોઈ વસ્તુ ખરીદે તો બીજો તેમાં શરીક થશે અલબત પોતાના ઘરવાળાઓ માટે ભોજન, વસ્ત્ર ખરીદવું અથવા કોઈ બીજી વસ્તુ ખાનાદારીની જરૂરત ની ખરીદી અથવા ભાડા નું મકાન રહેવા માટે લીધું અથવા હાજત માટે સવારી નું જાનવર ખરીદયું તો એકલું ખરીદનારનું થશે, ભાગીદારને તેમાંથી લેવાનો હક થશે નહી. પરંતુ વિક્રેતા ભાગીદારથી પણ સમન (કીમત) ની માંગણી કરી શકે છે કે તે ભાગીદાર ઉતરદાયી છે. પછી જો ભાગીદારે ભાગીદારીના માલથી સમન (રકમ) અદા કરી દીધું તો તે ખરીદારથી પોતાના ભાગની બરાબર પાછું લઈ શકે છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૭૪)** : તેઓ પૈકી એકને જો મિરાસ મળી અથવા શાહી દાન અથવા ભેટ અથવા સદકા અથવા હદિયામાં કોઈ વસ્તું મળી તો તે ખાસ તેની થશે ભાગીદારનો તેમાં કોઈ હક થશે નહી. (આલમગીરી)

**મસ્અલા (૭૫)** : ભાગીદારીથી પહેલા કોઈ અકદ (કરાર) કર્યો હતા અને તે કરારના લીધે ભાગીદારી પછી કોઈ વસ્તુનો માલિક થયો તો તેમાં પણ ભાગીદાર હકદાર નથી. દા.ત. એક વસ્તુ ખરીદી હતી જેમાં વિક્રેતાએ પોતાના માટે ખિયાર લીધો હતો (અર્થાત ત્રણ દિવસ સુધી મને અખત્યાર છે કે વેચાણ કાયમ રાખું અથવા તોડી નાંખુ) અને ભાગીદારી પછી વિક્રેતાએ પોતાનો ખિયાર રદ કરી દીધો અને વસ્તુ ખરીદનારની થઈ ગઈ પરંતુ કેમકે આ વેચાણ પહેલાનું છે એટલા માટે આ વસ્તુ તેની એકલા ની જ છે, ભાગીદારીની નથી. (આલમગીરી)

**મસ્અલા (૭૬)** : જો એકના પાસે નુકસાની

માલ છે જો કે નુકસાનનો કરાર પહેલા થયો છે અને હવે આ માલથી ખરીદ વેચાણ કર્યુ અને નફો થયો તો જે કાંઈ નફો મળશે તેમાંથી ભાગીદાર પણ પોતાના ભાગની માત્રાથી લેશે. (આલમગીરી)

**મસ્અલા (૭૭)** : કેમકે તેઓમાં દરેક બીજાનો ઉત્તરદાયી છે માટે એક પર જે દેવું લાઝિમ આવ્યું બીજો તેનો જામિન છે. બીજા પર પણ તે દેવું લાઝિમ છે અને આ બીજાથી પણ લેણદાર માંગણી કરી શકે છે હવે તે દેવું ભલે વેપારના કારણે લાઝિમ આવ્યું હોય અથવા તેણે કોઈથી કરજ (હાથ ઉછીનું) લીધું હોય અથવા કોઈની કોઈ વસ્તુ ઝુંટવીને નષ્ટ કરી નાખી હોય અથવા કોઈની અમાનત પોતાના પાસે રાખીને ઈરાદા પૂર્વક તેને નષ્ટ કરી નાંખી હોય અથવા અમાનત નો ઈન્કાર કરી દીધો હોય અથવા કોઈની તેણે કોઈના કહેવાથી જમાનત કરી હોય અને આ દેવા ભલે ગવાહો ધ્વારા લેણદારે તેના માથે સાબિત કરી હોય અથવા પોતે તેણે આ દેવાનો ઈકરાર કર્યો હોય દરેક હાલતમાં તેનો ભાગીદાર પણ જામિન છે. પરંતુ જ્યારે કે તેણે એવા શખ્સના દેવાનો ઈકરાર કર્યો હોય જેના હકમાં તેની ગવાહી સ્વીકાર્યના હોય દા.ત. પોતાના બાપ દાદા વિગેરે, અથવા પુત્ર-પૌત્રા વિગેરે અથવા પતિ અથવા પત્નીના હકમાં તો આ ઈકરારથી જે દેણ સાબિત થશે તેની માંગણી ભાગીદાર થી થઈ શકતી નથી. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા (૭૮)** : મહર અથવા ખુલઅ ના બદલામાં અથવા દિઅત અથવા દમે અમદમાં જો કોઈ વસ્તુ પર સુલેહ થઈ ગઈ તો આ બંને ભાગીદાર પર લાઝિમ થશે નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૭૯)** : જે સ્વરૂપોમાં એક પર જે દેવું લાઝિમ આવ્યું તે બીજા પર પણ લાઝિમ થયું તેઓમાં જો લેણદારે એક પર દાવો કર્યો છે અને તે ગવાહ રજુ ન કરી શકયો તો જેવી રીતે આ પ્રતિવાદી પર હલફ(સોગંદ) આપી શકે છે. જો કે ભાગીદારે તે અકદ કર્યો નથી પરંતુ બંનેથી હલફનું એક જ સ્વરૂપ નથી બલ્કે તફાવત છે. તે એકે જેના પર દાવો છે તેનાથી એવી રીતે સોગંદ ખવડાવવામાં આવશે કે મેં આ વાદીથી આ અકદ કર્યો નથી. દા.ત. જો તેનો એ દાવો છે કે તેણે ફલાણી વસ્તુ મારાથી ખરીદી છે અને તેનું સમન તેના માથે બાકી છે અને તે ઈન્કાર કરે છે તો સોગંદ ખાશે કે મેં તેનાથી આ વસ્તુ ખરીદી નથી અથવા મારા માથે રકમ બાકી નથી અને ભાગીદાર થી કાર્યની અનસ્તિત્વના સોગંદ ખવડાવી શકાતા નથી કેમકે તેણે પોતે અકદ કર્યો નથી તે સોગંદ ખાશે કે,"મેં ખરીદી નથી" પછી સોગંદ ખવડાવવાનો શું ફાયદો ? બલ્કે તેનાથી જાણકારી ન હોવા પર સોગંદ ખવડાવવામાં આવે. એમ સોગંદ ખાય કે હું જાણતો નથી કે મારા ભાગીદારે ખરીદી પછી જો બંને એ અથવા કોઈ એકે સોગંદ થી ઈન્કાર કર્યો તો કાઝી બંને પર દેવું લાઝિમ કરી દેશે. અને જો બંને એ અકદ કર્યો છે અર્થાત ઈજાબ તથા કબૂલમાં બંને ભાગીદાર હતા તો બંને પર કાર્યના અસ્તિત્વ ના જ સોગંદ છે કે આ સ્વરૂપમાં કેવળ એકે નહી બલ્કે બંને એ ખરીદયું છે અને સોગંદ થી એકે પણ ઈન્કાર કર્યો તો એક જ હુકમ છે એવી જ રીતે વાદીએ જેના પર દાવો કર્યો છે ગાયબ છે અને તેનો ભાગીદાર હાજર છે તે વાદી તે હાજર પર હલફ આપી શકે છે. પછી જ્યારે તે ગાયબ આવી જાય તો તેના ઉપર પણ વાદી હલફ આપી શકે છે. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૮૦)** : આ બંને ભાગીદારોમાંથી એકે કોઈના પર દાવો કર્યો અને પ્રતિવાદીથી સોગંદ ખવડાવ્યા તો બીજા ભાગીદાર ને ફરીથી બીજીવાર તેના પર ફલફ આપવાનો હક નથી.

(આલમગીરી)

**મસ્અલા (૮૧)** : આ બંને પૈકી એકે કોઈ વસ્તુ ના રક્ષણ કરવાની નોકરી કરી અથવા મહેનતાણા પરં કોઈનું કપડું શીવ્યું અથવા કોઈ કામ મહેનતાણા પર કર્યુ તો જે કાંઈ મહેનતાણું મળશે તે બંને માં સંયુકત થશે. (આલમગીરી)

**મસ્અલા (૮૨)** : જો એકે કોઈને નોકર રાખ્યો અથવા મહેનતાણા પર કોઈથી કોઈ કામ કરાવ્યું અથવા ભાડે જાનવર લીધું તો મહેનત કરનાર દરેક થી મહેનતાણું લઈ શકે છે. (આલમગીરી)

## મુફાવદહ ની ભાગીદારી બાતલ થવાના સ્વરૂપો

**મસ્અલા (૮૩)** : આ બંનેમાંથી એકની માલિકીમાં જો કોઈ એવી વસ્તુ આવી જેમાં ભાગીદારી થઈ શકે છે ભલે તે વસ્તુ તેને કોઈએ ભેટ આપી અથવા મિરાસમાં મળી અથવા વસિયત થી અથવા કોઈ બીજા પ્રકાર પર પ્રાપ્ત થઈ તો હવે ભાગના લાભ ની ભાગીદારી ચાલી ગઈ કે તેમાં બરાબરી શરત છે અને હવે બરાબરી રહી નહી અને જો મીરાસમાં એવી વસ્તુ મળી જેમાં શિરકતે મુફાવદહ નથી. દા.ત. સામાન તથા સામગ્રી મળે અથવા મકાન અને ખેતર વિગેરે ગેરમનકુલા જાયદાદ (સ્થાવર મીલકત) મળી અથવા દેણ મળ્યું દા.ત. પૂર્વજનું કોઈના માથે લેણુ છે અને હવે તે તેનો વારસ થયો તો ભાગીદારી બાતલ નથી પરંતુ લેંણુ સોના ચાંદીના પ્રકાર થી હોય તો જ્યારે વસૂલ થશે શિરકતે મુફાવદહ બાતલ થઈ જશે અને મુફાવદહ બાતલ થઈ ને હવે શિરકતે અનાન થઈ જશે. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા (૮૪)** : એકે પોતાનો કોઈ સામાન વિગેરે તે પ્રકારની વસ્તુ વેચી નાંખી જેમાં શિરકતે મુફાવદહ થતી નથી. અથવા એવી કોઈ વસ્તુ ભાડે આપી તો રકમ અથવા મહેનતાણું વસૂલ થવા પર શિરકતે મુફાવદહ બાતલ થઈ જશે. (આલમગીરી)

**મસ્અલા (૮૫)** : શિરકતે અનાન બાતલ થવાના જે કારણો છે તેનાથી શિરકતે મુફાવદહ પણ બાતલ થઈ જાય છે. (બદાએઅ)

**મસ્અલા (૮૬)** : શિરકતે મુફાવદહ તથા અનાન બંને નકદ (રૂપિયા-અશરફી)માં થઈ શકે છે અથવા એવા પૈસાઓમાં જેનું ચલણ હોય અને જો ચાંદી સોનું વિગેરે સિક્કો ન હોય પરંતુ તેનાથી લેવડ દેવડ નો રિવાજ હોય તો તેમાં પણ ભાગીદારી થઈ શકે છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૮૭)** : જો બંને પાસે રૂપિયા-અશરફી ન હોય કેવળ સામાન હોય અને શિરકતે મુફાવદહ અથવા શિરકતે અનાન કરવા ઈચ્છતા હોય તો દરેક પોતાના સામાન ના એક ભાગને બીજાના સામાન ના એક ભાગના સામે અથવા રૂપિયાના બદલે વેચી નાખે. તે પછી તે વધેલા સામાન માં 'અકદે શિરકત' કરી લે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૮૮)** : જો બંનેમાં એકનો માલ ગાયબ હોય (અર્થાત અકદના સમયે તેણે ન હાજર કર્યો અને ન ખરીદવાના સમયે તેણે પોતાનો માલ આપ્યો, જો કે તે માલ જેના પર ભાગીદારી થઈ તેના મકાનમાં મોજૂદ હોય) તો ભાગીદારી સહીહ નથી. એવી જ રીતે જો તે માલથી ભાગીદારી કરી જે તેના કબજામાં પણ નથી બલ્કે બીજ પર લેણું છે તો પણ ભાગીદારી સહીહ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૮૯)** : જે પ્રકારનો માલ શિરકતે મુફાવદહમાં તેના પાસે હાજર છે તે જાતથી જે વસ્તુ ઈચ્છે ખરીદે, આ ખરીદેલી વસ્તુ ભાગીદારીની ઠરસે જોકે જેટલો માલ હાજર છે તેનાથી વધારેની ખરીદી અને જો બીજી જાતિથી ખરીદી તો આ વસ્તુ ભાગીદારીની થશે નહી બલ્કે ખાસ ખરીદનારની થશે. દા.ત. તેના પાસે રૂપિયા છે તો રૂપિયાથી ખરીદવામાં ભાગીદારીની થશે અને અશરફીથી

ખરીદે તો ખાસ તેની છે. એવી રીતે તેનાથી ઉલ્ટું (આલમગીરી)

## દરેક ભાગીદારના અખત્યાર

**મસ્અલા (૯૦)** : તેઓમાંથી દરેકને આ જાઈઝ છે કે ભાગીદારીના માલમાંથી કોઈની દાવત કરે અથવા કોઈની પાસે હદીયો તથા તોહફો મોકલે, પરંતુ એટલો જ જેનો વેપારીઓમાં રિવાજ હોય વેપારી તેને ઈસરાફ ન સમજતા હોય. માટે મેવો, માંસ, રોટી વિગેરે એજ પ્રકારની વસ્તુઓ તોહફામાં મોકલી શકે છે. રૂપિયા અશરફી હદીયો કરી શકતો નથી, ન કપડું આપી શકે છે, ન અનાજ ન માલ આપી શકે છે. એવી જ રીતે તેને ત્યાં દાવત ખાવું અથવા હદિયો કબૂલ કરવું અથવા તેનાથી ઉછીનું લેવું પણ જાઈઝ છે. જો કે ખબર હોય કે ભાગીદારની ઈજાઝત વગર ભાગીદારીના માલથી આ કામ કરી રહયો છે, પરંતુ તેમાં પણ રિવાજ તથા પ્રચલિતતાની કેદ (બંધન) છે. (આલમગીરી)

**મસ્અલા (૯૧)** : તેને કરજ આપવાનો અખત્યાર નથી, હા, જો ભાગીદારે સ્પષ્ટ શબ્દોમાં તેને કરજ આપવાની ઈજાઝત આપી દીધી હોય તો કરજ આપી શકે છે અને ઈજાઝત વગર તેણે કરજ આપ્યું તો અર્ધા કરજનું ભાગીદાર માટે તાવાન આપવું પડશે પરંતુ ભાગીદારી નિયમાનુસાર બાકી રહેશે (આલમગીરી)

**મસ્અલા (૯૨)** : એક ભાગીદાર બીજા ભાગીદારની ઈજાઝત વગર વેપારી કામોમાં વકીલ કરી શકે છે અને વેપારી વસ્તુઓ પર ખરચ કરવા માટે ભાગીદારીના માલથી વકીલ ને કાંઈ આપી પણ શકે છે પછી જો આ વકીલ ખરીદ વેચાણ તથા ઈજારા માટે તેણે કર્યા છે તો બીજો ભાગીદાર તેને વકીલાતથી કાઢી શકે છે અને જો કેવળ તકાદા માટે વકીલ કર્યો છે તો બીજો ભાગીદારને તેને કાઢવાનો અખત્યાર નથી. (બદાએઅ, આલમગીરી)

**મસ્અલા (૯૩)** : ભાગીદારીનો માલ કોઈના પર દેણ છે અને એક ભાગીદારે માફ કરી દીધો તો કેવળ તેના ભાગ જેટલું માફ થશે. બીજા ભાગીદારનો ભાગ માફ થશે નહી. અને જો દેણ (લેણા)ની મુદ્દત પુરી થઈ ગઈ છે અને એકે મુદ્દતમાં વધારો કરી દીધો તો બંનેના હકમા વધારો થઈ ગયો અને જો આ ભાગીદારો પર મુદ્દતી દેણ છે જેની મુદ્દત હુજુ પુરી થઈ નથી અને એક ભાગીદારે મુદ્દત રદ કરી દીધી તો બંનેથી રદ થઈ જશે. (આલમગીરી)

## શિરકતે અનાન ના મસાઈલ

**મસ્અલા (૯૪)** : શિરકતે અનાન એ છે કે બે શખ્સ કોઈ ખાસ પ્રકારનો વેપાર અથવા દરેક પ્રકારના વેપારમાં ભાગીદારી કરે પરંતુ દરેક બીજાને જામિન ન હોય કેવળ બંને ભાગીદાર પરસ્પર એકબીજાના વકીલ થશે માટે શિરકતે અનાનમાં શરત છે કે દરેક એવો હોય જે બીજાને વકીલ બનાવી શકે. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા (૯૫)** : શિરકતે અનાન, પુરૂષ તથા સ્ત્રી દરમિયાન, મુસ્લિમ તથા કાફિરના દરમિયાન, બાલિગ અને નાબાલિગ, આકિલ દરમિયાન, જ્યારે કે નાબાલિગ જો તેના વાલીએ ઈજાઝત આપી દીધી હોય અને આઝાદ તથા ગુલામ માઝૂન દરમિયાન થઈ શકે છે. (ખાનિયા)

**મસ્અલા (૯૬)** : શિરકતે અનાનમાં એમ થઈ શકે છે કે તેની મુદ્દત મુકર્રર કરી દેવામાં આવે. દા.ત. એક વર્ષ માટે અમે બંને ભાગીદારી કરીએ છીએ અને એમ પણ થઈ શકે છે કે બંનેના માલ ઓછા વત્તા હોય, બરાબર ન હોય અને નફો બરાબર (સમાન) અથવા માલ બરાબર હોય અને નફો ઓછો વત્તો અને કુલ માલ સાથે પણ ભાગીદારી થઈ શકે છે અને કેટલાક માલની સાથે પણ અને એમ પણ થઈ શકે છે કે બંનેના માલ બે

પ્રકારના હોય દા.ત. એકનો રૂપિયો હોય અને બીજાની અશરફી અને એમ પણ થઈ શકે છે કે ગુણોમાં મતભેદ હોય દા.ત. એકના ખોટા રૂપિયા હોય બીજાના ખરા. જોકે બંનેની કીમતોમાં તફાવત હોય અને એ પણ શરત છે કે બંનેના માલ એકમાં ભેળવી દેવામાં આવે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૯૭)** : જો બંનેએ એવી રીતે ભાગીદારી કરી કે માલ બંનેનો હશે પરંતુ કામ કેવળ એક જ કરશે અને નફા બંને લેશે અને નફાની વહેંચણી માલના હિસાબથી થશે અથવા સરખો લેશે અથવા કામ કરવાવાળાને વધુ મળશે તો ભાગીદારી નાજાઈઝ એવી જ રીતે જો એમ કર્યુ કે કુલ નફો એક શખ્સ લેશે તો ભાગીદારી થઈ નહી. અને જે કામ બંને કરશે પરંતુ એક વધારે કામ કરશે બીજો ઓછું અને જે વધારે કામ કરશે નફામાં તેનો ભાગ વધારે ઠર્યો અથવા સરખો ઠર્યો તે પણ જાઈઝ છે. (આલમગીરી, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૯૮)** : ઠેરવ્યું હતું કે કામ બંને કરશે પરંતુ કેવળ એકે કર્યુ, બીજાએ કોઈ કારણસર અથવા કારણ વગર કાંઈ કર્યુ નહી તો બંનેએ કર્યુ ઠરશે. (આલમગીરી)

**મસ્અલા (૯૯)** : એકે કોઈ વસ્તુ ખરીદી તો વિક્રેતા રકમની માંગણી તેનાથી જ કરી શકે છે. તેના ભાગીદારથી કરી શકતો નથી, કેમકે ભાગીદાર ન આકિદ છે ન જામિન. પછી જો ખરીદનારે ભાગીદારીના માલથી કીમત અદા કરી ત્યારે તો ખૈર અને જો પોતાના માલથી કિમત અદા કરી તો ભાગીદારથી તેના ભાગ જેટલું પાછું લઈ શકે છે, અને આ હુકમ તે સમયે છે કે ભાગીદારનો માલ નકદ (રોકડ)ના સ્વરૂપમાં હાજર હોય અને જો ભાગીદારીનો માલ જે કાંઈ હતો તે વેપારનો સામાન ખરીદવામાં ખરચ કરી નાખવામાં આવ્યો છે અને નકદ કાંઈ બાકી નથી તો હવે જે કાંઈ ખરીદશે તે ખાસ ખરીદારનું જ છે. ભાગીદારીની વસ્તુ નથી. અને તેની કીમત ખરીદનારે પોતાના પાસેથી આપવી પડશે અને ભાગીદારથી રજૂઅ કરવાનો હકદાર નથી. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૧૦૦)** : એકે કોઈ વસ્તુ ખરીદી તેનો ભાગીદાર કહે છે કે આ ભાગીદારીની વસ્તુ છે અને આ કહે છે કે મે ખાસ પોતાના માટે ખરીદી અને ભાગીદારીથી પહેલાની ખરીદેલી છે તો સોગંદ સાથે તેનો કોલ માન્યપૂર્ણ છે અને જો ભાગીદારીના કરાર પછી ખરીદી અને આ વસ્તુ તે પ્રકારમાંથી છે જેના વેપાર પર ભાગીદારીનો કરાર ઘટિત થયો છે તો ભાગીદારીની જ વસ્તુ ઠરશે. જો કે ખરીદતી વખતે કોઈને ગવાહ બનાવી લીધો હોય કે હું પોતાના માટે ખરીદું છું કેમકે જ્યારે વેપારના આ પ્રકાર પર ભાગીદારીનો કરાર ઘટિત થઈ ગયો છે તો તેને ખાસ પોતાના માટે ખરીદારી જાઈઝ જ નથી. જે કાંઈ ખરીદશે ભાગીદારીમાં હશે અને જો તે વસ્તુ વેપારના તે પ્રકાર પૈકી ન હોય તો ખાસ તેના માટે થશે (રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૧૦૧)** : બહુધા એવું થાય છે કે દરેક ભાગીદાર પોતાની ભાગીદારીની દુકાનમાંથી વસ્તુઓ ખરીદે છે. આ ખરીદારી જાઈઝ છે. જો કે જાહેર રીતે પોતાની વસ્તુ ખરીદવું છે.

(રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૧૦૨)** : જો બંનેના માલ ખરીદારીથી પહેલા નષ્ટ થઈ ગયા અથવા એકનો માલ નષ્ટ થાય તો ભાગીદારી બાતલ થઈ ગઈ પછી માલ ભેળસેળ હતો તો જે કાંઈ નષ્ટ થયો છે બંનેના માથે છે અને મિશ્રિત ન હતો તો જેનો હતો તેના માથે છે અને જો ભાગીદારીના કરાર પછી એકે પોતાના માલથી કોઈ વસ્તુ ખરીદી અને બીજાનો માલ નષ્ટ થઈ ગયો અને હજુ તેનાથી કોઈ વસ્તુ ખરીદી નથી તો ભાગીદારી બાતલ નથી અને તે ખરીદેલ વસ્તુ

બંનેમાં સંયુક્ત છે. ખરીદનાર પોતાના ભાગીદાર થી ભાગના જેટલું તેની કીમતથી વસૂલ કરી શકે છે અને જો ભાગીદારીના કરાર પછી ખરીદયું પરંતુ ખરીદવાથી પહેલા ભાગીદારનો માલ નષ્ટ થઈ ગયો છે તો તેના બે સ્વરૂપો છે. જો બંનેએ પરસ્પર સ્પષ્ટતાથી દરેકને વકીલ બનાવી દીધો છે, એમ કહી દીધું છે કે અમારામાં જે કોઈ પોતાના આ ભાગીદારીના માલથી જે કાંઈ ખરીદશે તે સંયુક્ત હશે તો આ સ્વરૂપમાં તે વસ્તુ સંયુક્ત થશે કે તેના ભાગ જેટલી વસ્તુ આપી દે અને આ ભાગની કીમત લઈ લે અને જો સ્પષ્ટતાથી વકીલ નથી બનાવ્યો તો તે વસ્તુમાં બીજાની ભાગીદારી નથી કે માલ નષ્ટ થવાથી ભાગીદારી બાતલ થઈ ગઈ છે અને તેના અંતગર્ત જે વકાલત હતી તે પણ બાતલ છે અને વકાલતની સ્પષ્ટતા નથી કે તેના માધ્યમથી ભાગીદારી થતી (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૦૩) :** શિરકતે અનાનમાં પણ જો નફાના રૂપિયા એક ભાગીદારે નિશ્ચિત કરી દીધા. જેવું કે દસ રૂપિયા હું નફાના લઈશ તો ભાગીદારી ફાસિદ છે કે શકય છે કે કુલ નફો એટલો જ થાય પછી ભાગીદારી કયાં થઈ (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૦૪) :** તેમાં પણ દરેક ભાગીદારને અખત્યાર છે કે વેપાર માટે અથવા માલના રક્ષણ માટે કોઈને નોકર રાખે, એ શરતે કે બીજા ભાગીદારે મના કર્યુ ન હોય અને એ પણ અખત્યાર છે કે કોઈનાથી મફત કામ કરાવે કે તે કામ કરી દે અને નફો તેને કાંઈ આપવામાં આવે નહી. અને માલને અમાનત પણ મુકી શકે છે અને મુદારેબતની રીતે પણ આપી શકે છે કે તે કામ કરે અને નફામાં તેને અર્ધા અથવા ત્રીજા ભાગ વિગેરેનો ભાગીદાર બનાવવામાં આવે અને જે કાંઈ નફો થશે તેમાંથી મુદારિબનો ભાગ કાઢીને બાકી બંને ભાગીદારોમાં વહેંચશે અને એ પણ થઈ શકે છે કે આ ભાગીદાર બીજાથી મુદારેબતની રીતે માલ લે પછી જો તે મુદારેબત એવી વસ્તુમાં છે જે ભાગીદારીના વેપારથી અલગ છે. જેવુંકે ભાગીદારી કાપડના વેપારમાં હતી અને મુદારેબત પર રૂપિયા અનાજના વેપાર માટે લીધા છે તો મુદારેબત નો જે નફો થશે તે ખાસ તેનો થશે, ભાગીદારને તેમાંથી કાંઈ મળશે નહી અને જો આ મુદારેબત એ જ વેપારમાં છે. જેમાં ભાગીદારી કરી છે પરંતુ ભાગીદારની હાજરીમાં મુદારેબત કર્યુ તો પણ મુદારેબતનો નફો ખાસ તેનો જ છે અને જો ભાગીદારની ગેર હાજરીમાં હોય અથવા મુદારેબતમાં કોઈ વેપારની શરત ન હોય તો જે કાંઈ નફો મળશે ભાગીદાર પણ તેમાં ભાગીદાર છે. (દુર્રે મુખ્તાર) (મુદારેબત એટલે કોઈને વ્યવસાય માટે એ શરતથી માલ આપવો કે નફા નુકશાનમાં ભાગીદારી રહેશે અનુવાક)

**મસ્અલા (૧૦૫) :** ભાગીદારોને એ અખત્યાર છે કે રોકડ અથાવ ઉધાર જેવી રીતે ઉચિત સમજે ખરીદ તથા વેચાણ કરે, પરંતુ ભાગીદારીના રૂપિયા રોકડા મોજૂદ ન હોય તો ઉધાર ખરીદવાની ઈજાઝત નથી. જે કાંઈ એ સ્વરૂપમાં ખરીદશે ખાસ તેનુ થશે. અલબત જો ભાગીદાર તેના પર રાજી છે તો તેમાં પણ ભાગીદારી થશે અને એ પણ અખત્યાર છે કે, મોઘું અથવા સસ્તુ વેચે.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૧૦૬) :** ભાગીદારને એ અખત્યાર છે કે વેપારનો માલ પ્રવાસમાં લઈ જાય, જ્યારે કે ભાગીદારે તેની ઈજાઝત આપી હોય. અથવા એમ કહી દીધુ હોય કે તમે પોતાના અભિપ્રાયથી કામ કરો અને પ્રવાસનો ખર્ચ જેવું કે પોતાનું અથવા માલનું ભાડુ અને પોતાના ખાવા પીવાની તમામ જરૂરતો સૌ એજ ભાગીદારીના માલ પર ચઢા વવામાં આવે એટલે કે જો નફો થયો ત્યારે તો ખર્ચ

નફામાંથી મજરે લઈને બાકીનો નફો બંનેમાં સંયૂક્ત થશે અને નફો નથયો તો આ ખર્ચ તે માલમાથી આપવામાં આવે.

(આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૦૭)** : તેઓમાંથી કોઈને અખત્યાર નથી કે કોઈને આ વેપારમાં ભાગીદાર બનાવે, હા જો તેના ભાગીદારે ઈજાઝત આપી દીધી છે તો ભાગીદાર બનાવવું જાઈઝ છે અને તે સમયે તે ત્રીજા ના ખરીદ વેચાણ કરવાથી કાંઈ નફો થાય તો આ ત્રીજો શખસ પોતાનો ભાગ લેશે અને તેના પછી જે કાંઈ બચશે તેમાં તે બંને ભાગીદાર છે. અને તે બંનેમાંથી જેણે તે ત્રીજાને ભાગીદાર બનાવ્યો નથી તેના ખરીદ વેચાણથી કાંઈક નફો થયો તો આ તે બંનેમાં વહેંચાઈ જશે, ત્રીજાને તેમાંથી કાંઈ મળશે નહી.

(દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૧૦૮)** : ભાગીદારને એ અખત્યાર નથી કે ઈજાઝત વગર આર્થિક ભાગીદારીને કોઈની પાસે, ગીરવી મુકી દે. હા, જો તે સ્વરૂપમાં કે તેણે પોતે જ કોઈ વસ્તુ ખરીદી હતી જેની રકમ બાકી હતી અને તે દેણ (દેવા)ના મુકાબલામાં ભાગીદારીના માલને ગીરવી મુકી દીધો તો આ જાઈઝ છે અને જો કોઈ બીજા પાસે ખરીદાવડયો હતો અથવા બંને ભાગીદારોએ ભેગા મળીને ખરીદયો હતો તો હવે એકલો એક ભાગીદાર તે દેવાના બદલામાં ગીરવી મુકી શકતો નથી. એવી જ રીતે જો કોઈ શખ્સ પર ભાગીદારીનું દેવું હતું તેણે એક ભાગીદાર પાસે ગીરવી મુકી દીધુ તો આ ગીરવી રાખી લેવું પણ ભાગીદારની ઈજાઝત વગર જાઈઝ નથી અર્થાત જો તે વસ્તુ આં ગીરવી રાખનાર ભાગીદાર પાસે નષ્ટ થઈ ગઈ અને તેની કીમત દેવાના બરાબર હતી તો બીજો ભાગીદાર તે કરજદારથી પોતાના ભાગ જેટલું માંગણી કરીને લઈ શકે છે પછી તે કરજદાર ભાગીદાર પ્રતિવાદીથી આ રકમ પાછી લેશે અને જો ઈચ્છે તો ગેર ગીરવી રાખનાર પોતે પોતાના ભાગીદાર થી જ ભાગ જેટલું વસૂલ કરી લે અને જે સ્વરૂપમાં ગીરવી મુકી શકે છે તેમાં ગીરવીનો ઈકરાર પણ કરી શકે છે કે મેં ફલાણાં પાસે ગીરવી મુકયોં છે અથવા ફલાણાં એ મારી પાસે ગીરવી મુકયો છે અને આ ઈકરાર બંને પર લાગુ થશે અને જ્યાં ગીરવી મુકી શકતો નથી તેમાં ગીરવીનો ઈકરાર જ કરી શકતો નથી અર્થાત જો ઈકરાર કરશે તો એકલો તેના હકમાં તે ઈકરાર લાગુ થશે. ભાગીદારથી તેને સંબંધ હશે નહી અને જો ભાગીદારી બંનેએ તોડી નાખી તો હવે ગીરવીનો ઈકરાર ભાગીદારના હકમાં સહીહ નથી (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૧૦૯)** : શિરકતેં. અનાનમાં જો એકે કોઈ વસ્તુ વેચી છે તો તેની રકમની માંગણી તેનો ભાગીદાર કરી શકતો નથી અર્થાત ખરીદનાર તેને આપવાનો ઈન્કાર કરી શકે છે. એવી જ રીતે ભાગીદાર ન દાવો કરી શકે છે ન તેના પર દાવો થઈ શકે છે બલ્કે દેવા માટે કોઈ મુદત પણ મુકર્રર કરી શકતો નથી જ્યારે કે વેચનાર કોઈ બીજો શખ્સ છે અથવા બંને વેચનાર હોય અને તે પોતે એકલો વેચનાર છે તો મુદત મુકર્રર કરી શકે છે.

(દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૧૧૦)** : ભાગીદાર પાસે જે કાંઈ માલ છે તેમાં તે અમીન છે. માટે જો તે કહે છે કે વેપારમાં નુકશાન થયું અથવા કુલ માલ અથવા આંટલો નષ્ટ થઈ ગયો અથવા આટલા પ્રમાણમાં મળ્યો અથવા ભાગીદારને મેં માલ આપી દીધો છે તો સોગંદ સાથે તેનું કથન પ્રમાણિત છે અને જો નફાની કોઈ માત્રા તેણે પહેલા બતાવી પછી કહે છે કે મારાથી ભૂલ થઈ ગઈ એટલી નહી પરંતુ આટલી છે. દા.ત. પહેલા કહ્યું ૧૦ રૂપિયા નફાના

છે પછી કહે છે કે દસ નહી બલ્કે પાંચ છે તો કેમકે ઈકરાર કરીને રજૂઅ કરી રહ્યો છે માટે તેની પાછલી વાત માનવામાં આવશે નહી કે ઈકરારથી ફરી જાય છે અને તેનો તેને હક નથી.

(દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૧૧) :** એકે કોઈ વસ્તુ વેચી હતી અને બીજાએ તે વેચાણને રદ કરી દીધુ તો રદ કરવું જાઈઝ છે અને જો એબ (ખોડ)ના કારણે તે વસ્તુ ખરીદનારે પાછી આપી દીધી અને કાઝીના ફેસલા વગર તેણે પાછી લઈ લીધી અથવા ખામીના કારણે રકમમાંથી કાંઈ ઓછું કરી દીધું અથવા રકમને વિલંબીત કરી દીધી તો આ અધિકાર બંનેના હકમાં જાઈઝ તથા લાગુ થશે. (આલમગીરી)

**મસ્અલા (૧૧૨) :** એકે કોઈ વસ્તુ ખરીદી છે અને તેમાં કોઈ ખામી નિકળી તો તે પોતે પાછી આપી શકે છે, તેના ભાગીદાર ને પાછી આપવાનો હક નથી અથવા એકે કોઈ મેહનતાણા પર કાંઈ કામ કરાવ્યું છે તો મહેનતાણાની માંગણી તેનાથીજ થશે, ભાગીદારથી માગણી કરી શકાતી નથી.

(આલમગીરી)

**મસ્અલા (૧૧૩) :** એકે કોઈની કોઈ વસ્તુ લઈ લીધી અથવા નષ્ટ કરી દીધી તો તેની માંગણી અથવા પકડ તેનાથી જ થશે, તેના ભાગીદાર થી થશે નહી અને વેચાણ રદ કરવાની રીતે કોઈ વસ્તુ ખરીદી અને તેના પાસેથી નષ્ટ થઈ ગઈ તો તેને તાવાન આપવું પડશે પરંતુ જે કાંઈ તાવાન આપશે તેને અર્ધુ અર્થાત ભાગ જેટલું ભાગીદારથી પાછું લેશે કે તે વસ્તુ ભાગીદારીની છે અને તાવાન બંને પર છે. (મબ્સુત)

**મસ્અલા (૧૧૪) :** બંને એ મળીને વેપારનો સામાન ખરીદયો હતો પછી એકે કહ્યું હું તારી સાથે ભાગીદારીમાં કામ નથી કરતો, આમ કહીને ગાયબ થઈ ગયો, બીજાએ કામ કર્યુ તો થોડોક નફો થયો, તેનો એકલાનો છે અને ભાગીદાર ના ભાગની કીંમત નો જામિન છે અર્થાત તે માલની તે દિવસે જે કીંમત હતી તેના હિસાબથી ભાગીદાર ના ભાગના રૂપિયા આપી દે. નફા નુકશાન થી તેને કોઈ વાસ્તો નથી. (ખાનિયહ)

**મસ્અલા (૧૧૫) :** ભાગીદારના માલમાં ઉલંઘન કર્યુ અર્થાત તે કામ કર્યુ જે કરવું ઉચિત ન હતું અને તેના કારણે માલ નષ્ટ થઈ ગયો તો તાવાન આપવું પડશે. દા.ત. તેના ભાગીદારે કહી દીધુ હતું કે માલ લઈને પરદેશ ન જશો અથવા ફલાણા સ્થળે લઈને જાવ પરંતુ ત્યાંથી આગળ બીજા શહેરમાં ન જશો અને તે માલ લઈને પરદેશ ચાલ્યો ગયો અથવા જે સ્થળ બતાવ્યું હતું ત્યાંથી આગળ ચાલ્યો ગયો અથવા કહ્યું હતું કે ઉધાર ન વેચશો, તેણે ઉધાર વેચી દીધો હતો આ સ્વરૂપોમાં જે કોઈ નુકશાન થશે તેનો જવાબદાર પોતે છે. ભાગીદારને તેનાથી સંબંધ નથી.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૧૧૬) :** તેની પાસે જે કોઈ ભાગીદારી નો માલ હતો તેને બયાન કર્યા વગર મરી ગયો અથવા લોકોના માથે ભાગીદારીની રકમ બાકી હતી અને તે બયાન કર્યા વગર મરી ગયો તો તાવાન આપવું પડશે. કે તે અમીન (અમાનત રાખવાવાળો) હતો અને બયાન ન કરી જવું અમાનત ના વિરૂધ્ધ છે અને તેના કારણે તાવાન લાઝિમ થઈ જાય છે પરંતુ જ્યારે કે વારસદારો જાણતા હોય કે આ વસ્તુઓ ભાગીદારીની છે અથવા ભાગીદારનો વેપાર ફલાણાં ફલાણાં શખ્સ પર આટલું આટલું બાકી છે તો તે સમયે બયાન કરવાની જરૂરત નથી અને તાવાન લાઝિમ નથી અને જો વારસ કહે છે કે મને ખબર છે અને ભાગીદાર નકાર કરે છે અને વારસદાર તમામ વસ્તુઓની વિગત બયાન કરે છે અને કહે છે કે આ

વસ્તુઓ હતી અને નષ્ટ તથા બરબાદ થઈ ગઈ તો વારસનો કોલ માની લેવામાં આવશે.

(દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૧૧૭) :** ભાગીદારે ઉધાર વેચવાની મનાઈ કરી દીધી હતી અને તેણે ઉધાર વેચી નાંખ્યું તો તેના ભાગમાં વેચાણ લાગુ છે અને ભાગીદાર ના ભાગનું વેચાણ મોકૂફ છે. જો ભાગીદારે ઈજાઝત આપી દીધી તો કુલમાં વેચાણ થઈ જશે. અને નફામાં બંને ભાગીદાર છે અને ઈજાઝત ન આપી તો ભાગીદાર ના ભાગનું વેચાણ બાતલ થઈ ગયું. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૧૮) :** ભાગીદારે પરદેશમાં માલ લઈ જવાની મનાઈ કરી દીધી હતી પરંતુ તે માન્યો નહી અને લઈ ગયો અને ત્યાં નફા સાથે વેચાણ કર્યો હતો જો કે ભાગીદારની વિરૂધ્ધતા કરવાથી ગાસિબ થઈ ગયો અને ભાગીદારી રદ થઈ ગઈ માટે નફો કેવળ તેને જ મળશે અને માલ નષ્ટ થશે તો તાવાન આપવું પડશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૧૯) :** ભાગીદાર પર ખયાનતનો દાવો કરે તો જો દાવો કેવળ એટલો જ છે કે તેણે ખયાનત કરી, એ બતાવ્યું નથી કે શું ખયાનત કરી તો ભાગીદાર પર હલફ (પ્રતિજ્ઞા) ન આપીશું હા જો, ખયાનત ની વિગત બતાવે છે તો તેના પર હલફ આપીશું અને હલફ સાથે તેને કોલ પ્રમાણિત થશે. (રદદુલ મુહતાર)

## શિરકત બિલ અમલના મસાઈલ

**મસ્અલા (૧૨૦) :** શિરકત બિલ અમલ કે તેને જ "શિરકત બિલ અબ્દાન" અને શિરકતે તકીલ તથા શિરકતે સનાએઅ પણ કહે છે. તેએ છે કે બે કારીગર લોકોના ત્યાંથી કામ લાવે અને ભાગીદારીમાં કામ કરે અને જે કાંઈ મજૂરી મળે પરસ્પર વહેંચી લે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૨૧) :** ભગીદારીમાં એ જરૂરી નથી કે બંને એક જ કામના કારીગર હોય, બલકે વિભિન્ન કામો ના કારીગર પણ પરસ્પર આ ભાગીદારી કરી શકે છે દા.ત. એક દરજી છે બીજો રંગરેજ, બંને કપડાં લાવે છે એક સીવે છે બીજો રંગે છે અને સિલાઈ, રંગાઈની જે કોઈ મજૂરી મળે છે. તેમાં બંનેની ભાગીદારી થાય છે અને એ પણ જરૂરી નથી કે બંને એક જ દુકાનમાં કામ કરે બલ્કે બંનેની અલગ અલગ દુકાનો હોય તો પણ ભાગીદારી થઈ શકે છે. પરંતુ એ જરૂરી છે કે તે કામ એવા હોંય કે ઈજારા ના કરાર ના કારણે તે કામનું કરવું તેમના પર વાજિબ હોય અને જો તે કામ એવું ન હોય. દા.ત. હરામ કામ પર ઈજારો થયો જેવું તે નૌહા (વિલાપ) પરસ્પર કરનારીઓ કે મહેનતાણું લઈને નૌહા કરતી હોય, તેમના માં ભાગીદારી નો અમલ હોય તો ન તેમનો ઈજારો સહીહ. છે ન તેમનામાં ભાગીદારી સહીહ.

(દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૨૨) : કુરઆન ની તાલીમ તથા દીની ઈલ્મ અને અઝાન તથા ઈમામત પર કેમકે મુફતીઓના કોલ અનુસાર આ મહેનતાણું લેવું જાઈઝ છે તેમાં ભાગીદારી નો અમલ પણ થઈ શકે છે.** (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૨૩) :** શિરકતે અમલમાં દરેક બીજાનો વકીલ હોય છે, માટે જ્યાં વકીલ કરવું (કામ સોપવું) દુરસત ન હોય આ ભાગીદારી પણ સહીહ નથી દા.ત. કેટલાક ભીક્ષુકોએ પરસ્પર અમલની ભાગીદારી કરી, તો એ સહીહ નથી, કે સવાલની વકીલાત દુરુસ્ત નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૨૪) :** એમાં એ જરૂરી નથી કે જે કાંઈ કમાય તેમાં સરખા ભાગીદાર હોય બલ્કે ઓછા વત્તાની પણ શરત થઈ શકે છે અને **પરસ્પર જે કાંઈ શરત કરી લે તેના જ અનુસાર વહેંચણી થશે. એવી જ રીતે અમલ માં પણ**

સરખાપણાની શરત નથી બલ્કે જોએ શરત કરી લે કે તે અધિક કામ કરશે અને આ ઓછું, તો પણ જાઈઝ છે અને ઓછા કામવાળા ને આવકમાં અધિક ભાગ આપવું ઠેરવી લીધું તો પણ જાઈઝ છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૧૨૫) :** એવું ઠેરવ્યું છે કે આવકમાંથી હું બે તૃતિયાંસ લઈશ અને તને એક તૃતિયાંસ આપીશ અને જો કાંઈ નુકશાન તથા તાવાન આપવો પડે તો બંને સરખે સરખું આપશે તો આવક એજ શરત અનુસાર વહેંચાશે અને નુકશાનમાં બરાબરી ની શરત બાતલ છે. તેમા પણ એજ હિસાબથી તાવાન આપવું પડશે, અર્થાત એક તૃતિયાંસ વાળો એક તૃતિયાંસ તાવાન આપશે અને બીજો બે તૃતિયાંસ (આલમગીરી)

**મસ્અલા (૧૨૬) :** જે કામ મહેનતાણાનું તેમનામાં એક શખ્સ લાવશે તે બંને પર લાઝિમ થશે માટે જેણે કામ આપ્યું છે તે દરેક કામની માંગણી કરી શકે છે. ભાગીદાર એમ નથી કહી શકતો કે કામ તે લાવ્યો છે તેને કહો, મારે તેનાથી સંબંધ નથી, એવી જ રીતે દરેક મહેનતાણા ની માંગણી પણ કરી શકે છે અને કામવાળો તેમનામાં જેને મહેનતાણું આપી દેશે મુકત થઈ જશે. બીજો તેનાથી હવે મહેનતાણા ની માંગણી કરી શકતો નથી. એમ નથી કહી શકતો કે તમોએ તેને કેમ આપ્યું (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા (૧૨૭) :** બંને પૈકી એકે કામ કર્યું છે અને બીજાએ કાંઈ કર્યુ નહી દા.ત. બીમાર હતો અથવા પ્રવાસમાં ચાલ્યો ગયો હતો જેના કારણે કામ કરી શકયો નહી અથવા વગર કારણે ઈરાદાપૂર્વક તેણે કામ ન કર્યુ તો પણ આવક બંને પર કરાર અનુસાર વહેંચાશે (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૨૮) :** અમે આગળ બતાવી ગયા છે કે કાર્યની ભાગીદારી કયારેક મુફાવદહ હોય છે અને કયારેક શિરકતે અનાન, માટે જો મુફાવદહ નો શબ્દ અથવા તેના અર્થનો ઉલ્લેખ કરી દીધો એટલે કે કહી દીધું કે બંને કામ લાવશે અને બંને સરખા જવાબદાર છે અને નફા નુકશાનમાં બંને સરખા ભાગીદાર છે અને ભાગીદારીના કારણે જે કાંઈ માંગણી થશે તેમાં દરેક બીજાનો પુરક છે તો ભાગીદારી મુફાવદહ છે અને જો કામ અને આવક અથવા નુકશાન માં બરાબરીની શરત ન હોય અથવા શબ્દ અનાન નો ઉલ્લેખ કરી દીધો હોય તો શિરકતે અનાન છે. (આલમગીરી)

**મસ્અલા (૧૨૯) :** સર્વથા ભાગીદાર નો ઉલ્લેખ કર્યો ન મુફાવદહ નો ઉલ્લેખ કર્યો ન અનાન નો, ન કોઈના અર્થનું બયાન કર્યુ તો તેમાં કેટલાક અહકામ અનાન ના થશે. દા.ત. કોઈ એવા દેવાનો ઈકરાર કર્યો કે ભાગીદારીના કામ માટે હું ફલાણી વસ્તુ લાવ્યો હતો અને તે ખરચ થઈ ગઈ અને તેના દામ આપવાના છે અથવા ફલાણાં મજૂરની મજૂરી બાકી છે અથવા ફલાણાં પાછલા મહિના નું દુકાનનું ભાડું બાકી છે તો જો ગવાહો થી પુરવાર કરી દે ત્યારે તો તેના ભાગીદારના માથે પણ છે નહી તો એકલા તેના જ માથે થશે અને કેટલાક અહકામ મુફાવદહ ના હશે દા.ત. કોઈએ એકને અથવા બંનેને કોઈ કામ આપ્યું છે તો દરેકથી તે માગણી કરી શકે છે અને જો એક પર કોઈ તાવાન લાઝિમ થશે તો બીજા થી પણ તેની માંગણી થશે. (આલમગીરી)

**મસ્અલા (૧૩૦) :** બાપ બેટો મળીને કામ કરતા હોય અને બેટો બાપના સાથે રહેતો હોય તો જે કાંઈ આવક થશે તે બાપની જ છે. બેટો ભાગીદાર ઠેરવવામાં આવશે નહી. બલ્કે મદદગાર કલ્પવામાં આવશે. ત્યાં સુધી કે બેટો જો ઝાડ વાવે તો પણ બાપનું જ છે. એવી જ રીતે પતિ પત્ની મળીને કામ કરે અને તેમના પાસે કાંઈ હતું પરંતુ

બંને એ કામ કરીને અઢળક ભેગું કરી લીધું તો આ સઘળો માલ પતિનો જ છે. અને પત્ની મદદગાર સમજવામાં આવશે. જો પત્નીનું કામ જુદા પ્રકારનું છે. દા.ત. પતિ કિતાબતનું કામ કરે છે અને પત્ની સિલાઈ કરે છે તો સિલાઈ ની જે કાંઈ આવક છે તેની માલિક પત્ની છે (આલમગીરી)

**મસ્અલા (૧૩૨) :** એક શખ્સે દરજીને એમ કહીને કપડું આપ્યું કે તેને તમે પોતે જ સિવજો અને તે દરજીનો કોઈ ભાગીદાર છે કે બંને માં શિરકતે મુફાવદહ છે તો કપડું આપનાર તે બંનેમાં જેનાથી ઈચ્છે માંગણી કરી શકે છે અને જો ભાગીદારી તુટી ગઈ અથવા જેને તેણે કપડું આપ્યું હતું મરી ગયો તો હવે બીજા થી સિવવાની માંગણી કરી શકતો નથી અને જો એમ કહ્યું ન હતું કે તમે પોતે જ સિવજો તો મરવા અને ભાગીદારી છુટી થઈ જવા પછી પણ બીજથી માંગણી કરી શકે છે કે તેને સિવી આપે. (આલમગીરી)

**મસ્અલા (૧૩૩) :** બે ભાગીદાર છે તેમના પર કોઈએ દાવો કર્યો કે મેં તેમને સીવવા માટે કપડુ આપ્યું હતું. તેઓ પૈકી એક ઈકરાર કરે છે બીજો ઈનકાર તો તે ઈકરાર બંનેના હકમાં થઈ ગયો. (આલમગીરી)

**મસ્અલા (૧૩૪) :** ત્રણ શખ્સ જે પરસ્પર ભાગીદાર નથી, તે ત્રણેએ કોઈ પાસેથી કામ લીધું કે અમે સૌ તે કામને કરી આપીશું પરંતુ તે કામ એકે એકલા એ કર્યુ બાકીના બે એ કર્યુ નથી તો તેને કેવળ એક તૃતિયાંસ મહેનતાણું મળશે કે આ સ્વરૂપમાં એક તૃતિયાંસ નું કામ નો તે જવાબદાર હતો. બાકીના બે તૃતિયાંસનું ન તેનાથી માંગણી થઈ શકે છે ન તેના ઈજારામાં છે, તો જે કાંઈ તેણે કર્યુ ફરજ થી વધારાની (ભલમનશાહી) ની રીતે કર્યુ અને તેના મહેનતાણાનો હકદાર નથી (આલમગીરી) એ હુકમ કે કેવળ એક તૃતિયાંસ મહેનતાણું મળશે. કદાઅન છે. અને દયાનતનો હુકમ એ છે કે પુરૂ મહેનતાણું તેને આપી દેવામાં આવે કેમકે પુરૂ કામ એજ ખ્યાલ કરીને કર્યુ છે કે મને પુરી મજૂરી મળશે અને જો તેને ખબર હોત કે એક તૃતિયાંસ જ મળશે તો હરગિઝ પુરૂ કામ ન કરતો (રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૧૩૫) :** અકસર એવું થાય છે કે જે કોઈ કામનો ઉસ્તાદ હોય છે તે પોતાના શાગિર્દો ને દુકાન પર બેસાડી દે છે કે જરૂરી કામ ઉસ્તાદ કરે છે અને બાકીનું સઘળું કામ શાગિર્દોથી કરાવે છે. જો તે ઉસ્તાદોએ શાગિર્દો સાથે કાર્યની ભાગીદારી કરી. દા.ત. દરજીએ પોતાની દુકાન પર શાર્ગિદ ને બેસાડી દીધો કે કપડાઓને ઉસ્તાદ કાપશે (કંટિંગ કરશે) અને શાગિર્દ સીવશે અને મજૂરી જે થશે તેમાં બંને સરખા ભાગીદાર થશે અથવા કારીગરે પોતાની દુકાન પર કોઈને કામ કરવા માટે બેસાડયો કે તેને કામ આપે છે અને મજૂરી અર્ધી અર્ધી વહેંચી લે છે. આ જાઈઝ છે. (આલમગીરી)

**મસ્અલા (૧૩૬) :** જો એવી રીતે ભાગીદારી થઈ કે એકના ઓજાર હશે અને બીજાનું મકાન અથવા દુકાન અને બંને મળીને કામ કરશે તો ભાગીદારી જાઈઝ છે અને એવી રીતે થઈ કે એકના ઓજાર હશે અને બીજો કામ કરશે તો આ ભાગીદારી ના જાઈઝ છે. (રદ્દુલ મુહતાર)

## શિરકતે વજૂદના અહકામ

**મસ્અલા (૧૩૭) :** શિરકતે વજૂદ એ છે કે બંને માલના અસ્તિત્વ વગર ભાગીદારી કરે કે તે પોતાની પ્રતિષ્ઠા અને શાખના કારણે દુકાનદારો પાસેથી ઉધાર ખરીદી લાવશે અને માલ વેચીને તેમના દામ આપી દેશે અને જે કાંઈ વધશે તે બંને

વહેંચી લેશે અને તેના પણ બે પ્રકાર મુફાવદહ તથા અનાન છે અને બંને ના સ્વરૂપ પણ એજ છે જે ઉપર મજકૂર થયા અને સર્વથા ભાગીદારી મજકૂર હોય તો અનાન થશે અને તેમાં પણ જો મુફાવદહ છે તો દરેક બીજાનો વકીલ પણ છે અને પુરક પણ અને અનાન છે તો કેવળ વકીલ જ છે પુરક નથી.

(રદ્દુલ મુખ્તાર, વિગેરે)

**મસ્અલા (૧૩૮)** : નફામાં અહીંયા પણ બરાબરી જરૂરી નથી જો શિરકતે અનાન છે તો નફામાં બરાબરી અથવા ઓછું વત્તું જે ઈચ્છે શરત નક્કી કરી લે પરંતુ એ જરૂરી છે કે નફામાં એજ સ્વરૂપ હોય જે ખરીદેલ વસ્તુમાં મિલ્કના સ્વરૂપમાં હોય, દા.ત.જો તે વસ્તુ એકની બે તૃતિયાંસ હશે અને એકની એક તૃતિયાંસ તો નફો પણ એજ હિસાબથી મળશે અને જો મિલ્ક માં ઓછું વત્તુ છે પરંતુ નફામાં સમાનતા અથવા નફો ઓછો વત્તો છે અને મિલ્ક માં બરાબરી તો આ શરત બાતલ તથા નાજાઈઝ છે અને નફો એ જ મિલ્ક ના હિસાબથી વહેંચાશે. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

## શિરકતે ફાસિદાનું બયાન

**મસ્અલા (૧૩૯)** : મુબાહ વસ્તુ ને પ્રાપ્ત કરવા માટે ભાગીદારી કરી તે ના જાઈઝ દા.ત. જંગલના લાકડાં અથવા ઘાસ કાપવાની ભાગીદારી કરી કે જે કોઈ કાપીશું તે અમારા બંનેમાં સંયુકત હશે અથવા શિકાર કરવા અથવા પાણી ભરવામાં ભાગીદારી કરી અથવા જંગલ અને પહાડના ફળ તોડવામાં ભાગીદારી કરી અથવા જાહિલીયત (અર્થાત કુફ્રના સમય) નો દફીનો (દાટેલો માલ) કાઢવામાં ભાગીદારી કરી અથવા મુબાહ (અનુચિત) જમીનમાંથી માટી ઉઠાવી લાવવામાં ભાગીદારી કરી અથવા એવી માટી ની ઈંટ બનાવવા અથવા ઈંટ પકાવવામાં ભાગીદારી કરી આ સૌ ભાગીદારીઓ ફાસિદ તથા ના જાઈઝ છે અને તે સઘળા સ્વરૂપોમાં જે કાંઈ જેણે પ્રાપ્ત કર્યુ છે તેનું જ છે. અને જો બંને એ એકી સાથે પ્રાપ્ત કર્યુ અને ખબર ન હોય કે કોનું પ્રાપ્ત કરેલું કેટલું છે કે જે કોઈ પ્રાપ્ત કર્યુ તે મેળવી દીધું છે અને ઓળખ નથી તો બંને સરખા ભાગીદાર છે. ભલે વસ્તુની વહેંચણી કરી લે અથવા વેચીને કીમત સરખે સરખી વહેંચી લે. આ સ્વરૂપમાં જો કોઈ પોતાનો ભાગ વધારે બતાવતો હોય તેનો એતબાર નથી. જ્યાં સુધી ગવાહો થી સાબિત ન કરી દે.

(દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા (૧૪૦)** : માટી કોઈની માલિકીની છે અને બે શખ્સોએ તેનાથી ઈંટ બનાવવા અથવા પકવવાની ભાગીદારી કરી તો તે સહીહ છે કે તેનો અર્થ એ છે કે તેનાથી માટી ખરીદીને ઈંટ બનાવીશું અને તેને પકવશું અને ઈંટો વેચીને માલિકને કીમત આપી દઈશું અને જે નફો થશે તે અમારો છે અને આ સ્વરૂપમાં આ શિરકતે વજૂહ થશે.

(આલમગીરી)

**મસ્અલા (૧૪૧)** : બે શખ્સોએ જાઈઝ વસ્તુ ના પ્રાપ્ત કરવામાં અકદે શિરકત કરી અને એકે તેને પ્રાપ્ત કર્યુ અને બીજો તેનો મદદગાર રહ્યો દા.ત. એકે લાકડાં કાપ્યા, બીજો ભેગા કરતો રહ્યો તેના ભારા બાંધ્યા, તેને ઉપાડીને બજાર વિગેરેમાં લઈ ગયો અથવા એ કે શિકાર પકડયો, બીજો જાળ ઉપાડીને લઈ ગયો અથવા બીજા કામ કર્યા તો આ સ્વરૂપમાં પણ કેમકે ભાગીદારી સહીહ નથી. માલિક એજ છે જેણે પ્રાપ્ત કર્યુ અર્થાત દા.ત. જેણે લાકડા કાપ્યા અથવા જેણે શિકાર પકડયો અને બીજાને તેના કામની મજૂરી મિસ્લ આપવામાં આવશે અને જો જાળ તાણવામાં ભાગીદારે મદદ કરી અને શિકાર હાથમાં આવ્યો નહી તો પણ તેની મિસ્લ (મજૂરી) મળશે (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા (૧૪૨)** : શિકાર કરવામાં બંનેએ

ભાગીદારી કરી અને બંનેનો એક જ શ્વાન છે જેને બંનેએ શિકાર પર છોડયો અથવા બંનેએ ભેગા મળીને જાળ તાણી તો શિકાર બંનેમાં અર્ધો અર્ધો વહેચાશે અને જો શ્વાન એકનો જ હતો અને તેના જ હાથમાં હતો પરંતુ છોડયો બંનેએ તો શિકારનો માલિક એજ છે જેનો શ્વાન હતો પરંતુ તેણે બીજાને ઉછીની રીતે આપી દીધો છે તો બીજો માલિક થશે અને જો બંનેના બે કુતરા છે અને બંનેએ મળીને એક શિકાર પકડયો તો સરખો સરખો વહેંચી લે અને દરેક કુતરાએ એક એક શિકાર પકડયો તો જેના કુતરાએ જે શિકાર પકડયો તેનો માલિક એજ છે. (આલમગીરી)

**મસ્અલા (૧૪૩)** : ભિક્ષુકોએ અકદે શિરક્ત કરી કે જે કાંઈ માંગી લાવીશુ તે બંનેમાં સંયુક્ત હશે આ ભાગીદારી સહીહ નથી. અને જેણે જે કાંઈ માંગીને ભેગુ કર્યુ તે તેનું જ છે. (આલમગીરી)

**મસ્અલા (૧૪૪)** : જો શિરક્તે ફાસિદામાં બંને ભાગીદારોએ માલની ભાગીદારી કરી છે તો દરેકને નફો માલના પ્રમાણમાં મળશે અને કામની કોઈ મજૂરી મળશે નહી. દા.ત. બંનેએ એક એક હજાર રૂપિયા સાથે ભાગીદારી કરી અને એકે એ શરત લગાવી દીધી છે કે, હું દસ રૂપિયા નફાના લઈશ. આ શરતના કારણે શિરક્ત ફાસિદ થઈ ગઈ. અને કેમકે માલ બરાબર છે. માટે નફો બરાબર વહેંચી લે. અને માની લો કે મજકૂર સ્વરૂપમાં એકે જ કામ કર્યુ હોય તો પણ કામ નો બદલો મળશે નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૪૫)** : શિરક્તે ફાસિદામાં જો એક નોજ માલ હોય તો જે કાંઈ નફો પ્રાપ્ત થશે એજ માલવાળાને મળશે અને બીજાને કામની મજૂરી આપવામાં આવશે દા.ત. એક શખ્સે પોતાનું જાનવર બીજાને આપ્યું કે તેને ભાડે આપે અને ભાડાની આવક અર્ધી અર્ધી બંને લઈશું. આ શિરક્તે ફાસિદા છે અને કુલ આવક માલિકને મળશે અને બીજાને 'અજ્રેમિસ્લ' મળશે એવી જ રીતે નૌકા કેટલાક શખ્સોને આપી દીધી કે તેનાથી કામ કરે અને આવક માલિક અને કામ કરનારાઓ પર બરાબર બરાબર વહેંચાઈ જશે તો આ ભાગીદારી ફાસિદ છે અને તેનો હુકમ પણ એજ છે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૧૪૬)** : એક શખ્સ પાસે ઉંટ છે બીજા પાસે ખચ્ચર છે. બંનેએ તેમને ભાડેથી ફેરવવાની ભાગીદારી કરી. આ ભાગીદારી ફાસિદ છે અને જે કાંઈ મજૂરી મળશે તેને ખચ્ચર અને ઉંટ પર વહેંચી દઈશું, ઉંટની મજૂરી ઉંટવાળાને અને ખચ્ચરની મજૂરી ખચ્ચરવાળાને મળશે અને જો ખચ્ચર અને ઉંટને ભાડે ચલાવવાની જગ્યા તેમણે બંનેએ પોતે ભાર વહેવા પર ભાગીદારી કરી કે ભાર વહન કરીશું અને આવક સમાન ભાગથી વહેંચી લઈશું તો આ ભાગીદારી સહીહ છે. હવે જોકે ખચ્ચર લાવીને ભાર લાદયો અને બીજાએ ઉંટ પર લાદયો, બનેને શરત અનુસાર બરાબર ભાગ મળશે. (આલમગીરી, રદદુલ મુહતાર)

**મસ્અલા (૧૪૭)** : એકે બીજાને પોતાનું જાનવર આપ્યું કે તેના પર તમે પોતાનો સામાન લાદીને ફેરી કરો, જે નફો થશે તેને સમાન ભાગથી વહેંચી લઈશું. આ ભાગીદારી પણ ફાસિદ છે. નફાનો માલિક તે છે જેણે ફેરી કરી અને જાનવરવાળાને મજૂરી આપીશું એવી જ રીતે પોતાની જાળ બીજાને માછલી પકડવા માટે આપી કે જે માછલી મળશે તેને બરાબર વહેચી લઈશું તો માછલી તેને જ મળશે જેણે પકડી અને જાળવાળાને મિસ્લ મજૂરી મળશે. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા (૧૪૮)** : કેટલાક હમાલોએ એવી રીતે ભાગીદારી કરીકે કોઈ બોરીમાં અનાજ ભરશે અને કોઈ ઉપાડીને બીજાની પીઠ પર મુકશે અને

કોઈ માલિકના ઘેર પહોચાડશે અને મજૂરી જે કાંઈ મળશે તેને સૌ સમાન ભાગથી વહેંચી લઈશું તો આ ભાગીદારી પણ ફાસિદ છે. (આલમગીરી)

**મસ્અલા (૧૪૯) :** એક શખ્સની ગાય છે તેણે બીજાને આપી કે તે તેને પાળે, ચારો ખવડાવે, દેખરેખ રાખે, અને જે બચ્ચુ પૈદા થાય તેમાં બંને અર્ધા અર્ધાના ભાગીદાર થશે તો આ ભાગીદારી પણ ફાસિદ છે. બચ્ચું તેનું જ થશે જેની ગાય છે અને બીજાને તેના ચારા જેટલું આપવામાં આવશે. જે તેણે ખવડાવ્યો છે અને દેખરેખ વિગેરે જે કામ કર્યુ છે તેની મજૂરી મળશે એવી જ રીતે બકરીઓ ગોવાળોને જે એવી રીતે આપે છે કે તે ચરાવે અને દેખરેખ રાખે અને બચ્ચામાં બંને ભાગીદાર થશે. આ મજૂરી પણ ફાસિદ છે. બચ્ચું તેનું જ છે જેની બકરી છે અને ગોવાળને ચારવા અને દેખરેખની મજૂરી મળશે અથવા મુરઘી બીજાને આપી દે છે કે ઈંડા થશે તે અર્ધા અર્ધા બંનેને આપી દે છે કે ઈંડા જે થશે તે અર્ધા અર્ધા બંનેના થશે અથવા મુરઘી અને ઈંડા સેવવા બેસાડવા માટે બીજાને આપે છે કે બચ્ચાં થઈને જ્યારે મોટા થઈ જશે તો બંને સરખા ભાગથી વહેંચી લઈશું આ ભાગીદારી પણ ફાસિદ છે અને તેનો પણ એજ હુકમ છે, તેના જવાઝનું એ સ્વરૂપ થઈ શકે છે કે ગાય, બકરી, મુરઘી વિગેરેમાં અડધી બીજાને વેચી દઈશું હવે કેમકે આ જાનવરોમાં ભાગીદારી થઈ ગઈ, બચ્ચાં પણ સંયુક્ત થશે. (આલમગીરી)

**મસ્અલા (૧૫૦) :** બંને ભાગીદારોમાંથી કોઈ મરી જાય, તેની મૃત્યુની ખબર ભાગીદારને હોય કે ન હોય દરેક હાલતમાં ભાગીદારી બાતલ થઈ જશે. આ હુકમ શિરક્તે અકદનો છે અને શિરક્તે મિલ્ક જોકે મૃત્યુથી બાતલ થતી નથી પરંતુ મૈયતના બદલે હવે તેના વારસદારો ભાગીદાર બનશે.
(દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૧૫૧) :** ત્રણ શખ્સોમાં ભાગીદારી હતી તે પૈકી એકનો ઈન્તેકાલ થઈ ગયો તો બાકીના બેમાં નિયમાનુસાર ભાગીદારી બાકી છે. (બહર)

**મસ્અલા (૧૫૨) :** ભાગીદારોમાંથી મઆજ અલ્લાહ કોઈ મુરતદ બનીને દારૂલ હર્બમાં ચાલ્યો ગયો અને કાઝીએ તેના દારૂલ હર્બમાં લહુકનો હુકમ પણ આપી દીધો તો તે હુકમન મૌત છે અને તેનાથી પણ ભાગીદારી બાતલ થઈ જાય છે જો તે ફરીથી મુસલમાન બનીને દારૂલ હર્બમાંથી પાછો આવ્યો તો ભાગીદારી પાછી ફરશે નહી. અને જો મુરતદ થયો પરંતુ હજી દારૂલ હર્બમાં ગયો નથી અથવા ચાલ્યો પણ ગયો પરંતુ કાઝીએ અત્યાર સુધી લહૂકનો હુકમ આપ્યો નથી તો ભાગીદારી બાતલ થવાનો હુકમ આપીશુ નહી બલ્કે અત્યારે મોકૂફ રાખીશું જો મુસલમાન બની ગયો તો ભાગીદારી નિયમાનુસાર છે અને જો મરી ગયો અથવા કતલ કરવામાં આવ્યો તો ભાગીદારી બાતલ થઈ ગઈ (આલમગીરી)

**મસ્અલા (૧૫૩) :** બંનેમાંથી એકે ભાગીદારીને રદ કરી દીધી જોકે બીજો આ રદ પર રાજી ન હોય તો પણ ભાગીદારી રદ થઈ ગઈ, એ શરતે કે બીજાને રદ કરવાની ખબર હોય અને બીજાને ખબર ન હોય તો રદ થશે નહીં અને એ શરત નથી કે ભાગીદારનો માલ રૂપિયા, અશરફી હોય બલ્કે જો વેપારના સામાન મોજૂદ છે, જે વેચાયા નથી અને એકે રદ કરી દીધું તો પણ રદ થઈ જશે.
(દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૫૪) :** એક ભાગીદારે ભાગીદારીનો ઈન્કાર કરી દીધો અર્થાત કહે છે મેં તારા સાથે ભાગીદારી કરી જ નથી તો ભાગીદારી ચાલી ગઈ અને જે કાંઈ ભાગીદારીનો માલ તેની પાસે છે તેમાં ભાગીદારના ભાગનું તાવાન આપવું

પડશે કે ભાગીદાર અમીન હોય છે અને અમાનતથી ઈન્કાર ખયાનત છે અને તાવાન લાઝિમ અને જો ભાગીદારીથી ઈન્કાર કરતો નથી બલ્કે કહે છે કે હું તારા સાથે કામ કરીશ નહી તો તે પણ રદ બાતલ જ છે. ભાગીદારી જતી રહેશે અને ભાગીદારી ના માલની કીમત પોતાના ભાગ અનુસાર ભાગીદારથી લેશે અને ભાગીદારે માલ વેચીને કાંઈ નફો પ્રાપ્ત કર્યો તો નફામાંથી તેને કાંઈ મળશે નહી. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા (૧૫૫)** : ત્રણ શખ્સોમાં શિરકતે મુફાવદહ છે. તેમનામાં બે ભાગીદારીને તોડવા ઈચ્છતા હોય તો જ્યાં સુધી ત્રીજો પણ હાજર ન હોય ભાગીદારી તોડી શકતા નથી. (આલમગીરી)

**મસ્અલા (૧૫૬)** : જો એક ભાગીદાર પાગલ થઈ ગયો અને ગાંડપણ પણ લાંબાગાળાનું છે તો ભાગીદારી તુટી ગઈ અને બીજા ભાગીદારે ગાંડપણની મુદ્દત પછી જે કોઈ અધિકાર કર્યો અર્થાત ભાગીદારીની વસ્તુઓ વેચી અને નફો મળ્યો તો સઘળો નફો તેનો જ છે પરંતુ પાગલના ભાગમાં જે નફો આવતો તેને તસદ્દુક (સદકો) કરી દેવો જોઈએ કે પારકી મિલ્કતમાં ઈજાઝત વગર અધિકાર કરીને નફો પ્રાપ્ત કર્યો છે અને ભાગીદારી ના રદની બીજી સુરતોમાં પણ જાહેર એજ છે કે ભાગીદારના ભાગની સરખામણીમાં જે નફો છે તે સદકો કરી દે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

## ભાગીદારીના વિભિન્ન મસાઈલ

**મસ્અલા (૧૫૭)** : ભાગીદારને એ અખત્યાર નથી કે તેની ઈજાઝત વગર તેના તરફથી ઝકાત અદા કરે, જો ઝકાત આપશે તો તાવાન આપવું પડશે, અને ઝકાત અદા થશે નહી અને જો દરેકે બીજાને ઝકાત આપવાની ઈજાઝત આપી છે, પોતાની અને ભાગીદાર બંનેની ઝકાત આપી છે તો જો આ આપવું એકજ સમયે હોય તો દરેકને બીજાની ઝકાતનું તાવાન આપવું પડશે અને બંને પરસ્પર મકાસહ (અદલો બદલ) કરી શકે છે કે ન હું તમને તાવાન આપુ ન તમે મને, જ્યારે કે બંને એ એક માત્રાથી ઝકાત અદા કરી હોય. અર્થાત દા.ત. એકે બીજાના તરફથી દસ રૂપિયા આપ્યા અને બીજાએ ત્રીજાની તરફથી દસ રૂપિયા આપ્યા અને એકે બીજા તરફથી વધારે આપ્યું છે અને બીજાએ પેલા તરફથી ઓછા તો અધિકને પાછું લે અને બાકીનામાં મકાસહ કરી લે, અને જો એક જ સમયે આપવું ન થયું, એકે પહેલા આપી દીધી અને બીજાએ પછીથી તો પ્રથમવાળો કાંઈ આપશે નહી અને પાછળવાળાને ખબર નહોય, દરેક હાલતમાં તાવાન તેના માથે છે. એવી જ રીતે ભાગીદાર સિવાય કોઈ બીજાને ઝકાત અથવા કફ્ફારા માટે તેણે નિયુક્ત કર્યો હતો અને તેણે પોતે તેના પહેલા અથવા એક જ સમયમાં અદા કરી દીધી તો નિયુક્તનું અદા કરવું સહીહ થશે નહી અને તાવાન આપવું પડશે.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૧૫૮)** : એક શખ્સે કોઈ વસ્તુ ખરીદી છે, કોઈ બીજા શખ્સે તેને કહ્યું મને તેમાં ભાગીદાર બનાવી લે, ખરીદનારે કહ્યું ભાગીદાર બનાવી લીધો. જો આ વાતો તે સમયે થઈ કે ખરીદનારે માલ પર કબ્જો કરી લીધો છે તો ભાગીદારી સહીહ છે અને કબ્જો ન કર્યો હોય તો ભાગીદારી સહીહ નથી કેમકે પોતાની વસ્તુમાં બીજાને ભાગીદાર કરવું તેના હાથમાં વિક્રય કરવું છે અને વેચાણ એજ વસ્તુનું થઈ શકે છે જે કબ્જામાં હોય અને જ્યારે ભાગીદારી સહીહ થશે તો અર્ધી કિંમત આપવું લાઝિમ થશે કે બંને સરખા ભાગીદાર ઠરશે. અલબત જો બયાન કરી દીધું છે કે એક તૃતિયાંસ (૧/૩) અથવા ચોથો (૧/૪) અથવા આટલા ભાગની ભાગીદારી છે તો જે કાંઈ બયાન

કર્યુ છે એટલી જ ભાગીદારી થશે અને તેનાજ અનુસાર રકમ આપવી લાઝિમ થશે.

(દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૧૬૦)** : એક શખ્સે કોઈ વસ્તુ ખરીદી છે બીજએ કહ્યું મને તેમાં ભાગીદાર બનાવી લે તેણે મંજૂર કરી લીધું પછી ત્રીજો શખ્સ તેને મળ્યો તેણે પણ કહ્યું મને તેનામાં શામેલ કરી લે અને તેનેશામેલ કરવું પણ મંજુર કરી લીધું. તો જે તે ત્રીજાને ખબર હતી કે એક શખ્સની ભાગીદારી થઈ ગઈ છે તો ત્રીજો એક ચોથાઈ (૧/૪)ના ભાગીદાર છે અને બીજો અર્ધાનો ભાગીદાર થઈ ગયો અર્થાત બીજો અને ત્રીજો બંને ભાગીદાર છે અને પ્રથમ શખ્સ હવે તે વસ્તુનો માલિક રહ્યો નહી અને આ ભાગીદારી, શિરકતે મિલ્ક છે.

(દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૬૧)** : એક શખ્સે બીજાને કહ્યું જે કાંઈ આજે અથવા આ મહીનામાં હું ખરીદીશ તેમાં આપણે બંને ભાગીદાર છીએ અથવા કોઈ ખાસ પ્રકારના વેપાર સંબંધે કહ્યું દા.ત. જેટલી ગાયો અથવા બકરીઓ ખરીદીશ તેમનામાં આપણે બંને ભાગીદાર છીએ અને બીજાએ મંજૂર કર્યુ તો ભાગીદારી સહીહ છે. (આલમગીરી વિગેરે)

**મસ્અલા (૧૬૨)** : બે શખ્સનું લેણું એક શખ્સ પર વાજિબ હોય અને એક જ કારણો થી હોય તો તે લેણું સંયુકત છે. દા.ત. બંનેની એક સંયુકત વસ્તુ હતી અને તેને કોઈને ઉધાર વેચી અથવા બંનેએ પોતાની વસ્તુ એક કરાર સાથે કોઈને વેચી આ લેણું સંયુકત છે અથવા બંનેએ તેને એક હજાર કરજે આપ્યાઅથવા બંને ના પૂર્વજોનું કોઈના પર લેણું છે આ સૌ લેણાં સંયુકતના સ્વરૂપો છે. તેનો હુકમ એ છે કે જે કાંઈ આ લેણામાંનું એકે વસૂલ કર્યુ તો તેમાં બીજો પણ ભાગીદાર છે. પોતાના ભાગ અનુસાર વહેંચી લે અને જે વસ્તુ વસૂલ કરી છે તેના સ્થાને પોતાના ભાગીદાર ને બીજી વસ્તુ આપવા ઈચ્છે છે તો તેની મરજી વગર આપી શકતો નથી અથવા તે બીજી વસ્તુ લેવા ઈચ્છે છે તો તેની મરજી વગર લઈ શકતો નથી અને જેણે વસૂલ કર્યુ નથી તેને એ પણ અખત્યાર છે કે વસૂલ કરનારથી ન લે બલ્કે લેણદાર થી તે પણ વસૂલ કરે પરંતુ જ્યારે કે દેવાદારે તમામ માંગણી અદા કરી દીધી છે તો હવે દેવાદારથી વસૂલ કરી શકતો નથી બલ્કે ભાગીદાર પાસેથી લેશે. (આલમગીરી)

**મસ્અલા (૧૬૩)** : બે શખ્સોનું લેણું કોઈના પર વાજિબ છે પરંતુ બંનેનું એક કારણ ન હોય બલ્કે બે કારણ ભલે વાસ્તવમાં બે હોય અથવા હુકમન તો આ લેણું સંયુકત નથી. દા.ત. બંનેએ પોતાની બે વસ્તુઓ એક શખ્સને વેચી અને દરેક પોતાની વસ્તુ ની રકમ જુદી જુદી બયાન કરી દીધી અથવા બંનેની એક સંયુકત વસ્તુ હતી તે વેચી અને પોત પોતાના ભાગની રકમ બયાન કરી દીધી અથવા બંનેની ભાગની રકમ બયાન કરી દીધી તો હવે લેણું સંયકત રહ્યું નહી અને એક ખરીદનાર પાસેથી કાંઈ વસૂલ કર્યુ તો બીજો તેનાથી પોતાના ભાગની માંગણી કરી શકતો નથી (આલમગીરી)

**મસ્અલા (૧૬૪)** : એક શખ્સ પર હજાર રૂપિયા દેવું હતું બે શખ્સોએ તેની જામીનગીરી કરી અને જામીનો એ પોતાના સંયુકત માલથી હજાર રૂપિયા અદા કરી દીધા પછી એક જામીને લેણદારથી કાંઈ વસૂલ કર્યુ તો બીજો પણ તેમાં ભાગીદાર છે અને જો જામીને તેનાથી રૂપિયા વસૂલ કર્યા નથી બલ્કે પોતાના ભાગના બદલામાં દેવાદારથી કોઈ વસ્તુ ખરીદી લીધી તો બીજો તે વસ્તુની અર્ધી રકમ તેનાથી વસૂલ કરી શકે છે અને જો બંને ઈચ્છે તો તે વસ્તુમાં ભાગીદારી કરી લે અને જો એક જામીને વસ્તુ ખરીદી નથી બલ્કે પોતાનો ભાગ દેવાના મુકાબલામાં તે વસ્તુ પર સન્ધિ કરી અને વસ્તુ લઈ

લીધી હવે બીજો માંગણી કરે છે તો પહેલાને અખત્યાર છે કે અર્ધી વસ્તુ આપી દે અથવા તેના ભાગનું અર્ધુ દેણઅદા કરી દે અને સંયુકત માલથી અદાન કર્યુ હોય તો બીજો તેમાં ભાગીદાર નથી અને હવે જે કાંઈ પોતાનો હક વસૂલ કરશે બીજાને તેનાથી સંબંધ નથી .

(આલમગીરી)

**મસ્અલા (૧૬૫) :** બે શખ્સના એક શખ્સ પર હજાર રૂપિયા લેણું છે તે પૈકી એકે પુરા હજાર થી સો રૂપિયા માં સુલેહ કરી લીધી અને આ સો રૂપિયા તેના પાસેથી લઈ પણ લીધા, તેના પછી ભાગીદારે જે કાંઈ તેણે કર્યુ જાયઝ રાખ્યું તો સોમાંથી પચાસ તેને મળશે અને જો કબ્જે દાર કહે છે કે તે રૂપિયા મારા પાસેથી નષ્ટ થઈ ગયા તો ભાગીદાર ને તેનું તાવાન મળશે નહી કે જ્યારે તેણે સઘળું જ જાઈઝ કરી દીધું તો તે અમીન થયો અને અમીન પર તાવાન નથી અને જો ભાગીદારે સુલેહને જાઈઝ રાખી પરંતુ એમ નથી કહ્યું કે જે કાંઈ તેણે કર્યુ મેં સઘળું જાઈઝ રાખ્યું તો આ ભાગીદાર કરજદારથી પોતાના ભાગના પચાસ વસૂલ કરી શકે છે અને કરજદાર આ પચાસ તેના પાસેથી પાછા લેશે જેને સો રૂપિયા આપ્યા છે કે આ સૂરતમાં સુલેહની ઈજાઝત જ કબ્જાની નથી તો અમીન થયો નહી. (આલમગીરી)

**મસ્અલા (૧૬૬) :** એક મકાન બે શખ્સોમાં સંયુકત છે. એક ભાગીદાર ગાયબ થઈ ગયો તો બીજો પોતાના ભાગ જેટલું તે મકાનમાં નિવાસ કરી શકે છે જો તે મકાન ખરાબ થઈ ગયું અને નિવાસના કારણે ખરાબ થયું છે તો તેનું તાવાન આપવું પડશે. (આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૬૭) :** મકાન બે શખ્સોમાં સંયુકત હતું અને વહેંચણી થઈ ગઈ છે અને દરેકનો ભાગ વિશેષ છે અને એક ભાગમાંથી માલિક ગાયબ થઈ ગયો તો બીજો તેમાં નિવાસ કરી શકતો નથી અને ન કાઝી ની ઈજાઝત વગર તેને ભાડે આપી શકે છે અને જો ખાલી પડયું રહેવામાં ખરાબ થવાની આશંકા છે તો કાઝી તેને ભાડે આપી દે અને ભાડુ માલિક માટે સુરક્ષિત રાખે અને બે શખ્સો માં સંયુકત ખેતર છે અને એક ભાગીદાર ગાયબ થઈ ગયો તો જો ખેતી કરવાથી જમીન સુધરતી રહેશે તો પુરી જમીનમાં ખેતી કરે, જ્યારે બીજો ભાગીદાર આવી જાય તો જેટલી મુદ્દત તેણે ખેતી કરી છે તે કરી લે અને જો ખેતીથી જમીન ખરાબ થશે અથવા ખેતી ન કરવામાં સારી રહેશે તો તમામ જમીનમાં ખેતી ન કરે બલકે પોતાના જ ભાગ જેટલી ખેતી કરે. (આલમગીરી)

**મસ્અલા (૧૬૮) :** અનાજ અથવા રૂપિયા સંયુકત છે અને એક ભાગીદાર ગાયબ છે અને જે મોજૂદ છે તેને જરૂરત છે તો પોતાના ભાગ જેટલું લઈને ખરચ કરી શકે છે. (આલમગીરી)

**મસ્અલા (૧૬૯) :** બે શખ્સ ભાગીદાર હોય અને દરેકને બીજા સાથે કામ કરવા માટે મજબૂર કરી શકાતો હોય અને ભાગીદારને કામ કરવું અને તેના પર ખરચ કરવું જરૂરી હોય, જો ઈજાઝત વગર ભાગીદાર ખરચ કરશે તો આ ખરચ કરવું બખ્શાવું થશે અને તેનું મહેનતાણું કાંઈ મળશે નહી. દા.ત. ચક્કી બે શખ્સોમાં સંયુકત છે અને ઈમારત ખરાબ થઈ ગઈ, રિપેરીંગ ની જરૂરત છે. અને ઈજાઝત વગર એકે રિપેરીંગ કરાવી દીધું તો તેનો ખરચો ભાગીદાર પાસેથી લઈ શકતો નથી અથવા ભાગીદારથી તેણે ઈજ્ઝત માગી તેણે કહી દીધું કે કામ ચાલી શકે છે, રિપેરીંગની જરૂરત નથી અને તેણે ખરચ કરી નાખ્યો તે કાંઈ મળશે નહી. અથવા ખેતર સંયુકત છે અને તેના પર ખરચ કરવાની જરૂરત છે. અથવા ગુલામ સંયુકત છે તેને નુફકો વિગેરે આપવું જરૂરી છે. તેમાં પણ ઈજાઝત વગર

ખરચ કરવાથી કાંઈ મળશે નહી, કેમકે આ સૌ ભાગીદારોને ખરચ કરવા માટે મજબૂર કરી શકાય છે, જો તેઓ ઈજાઝત આપતા નથી તો કાઝી પાસે દાવો કરી દે, કાઝી તેને ખરચ કરવા માટે મજબૂર કરશે, પછી તેણે ખરચ કરવાની શું હાજત છે માટે બખ્શવું છે અને જો ખરચ કરવા પર મજબૂર કરી શકાતો નથી અને આ ખરચ કર્યા વગર પોતાનું કામ ચલાવી શકતો નથી તો ઈજાઝત વગર ખરચ કરવું, બખ્શવું નથી. દા.ત. બે માળનું મકાન છે, ઉપરનું એક શખ્સનું છે અને નીચેનું બીજાનું, નીચેનું મકાન પડી ગયું અને તે પોતાનો ભાગ બનાવડાવતો નથી કે ઉપરવાળો તેના ઉપર નિર્માણ કરે અને નીચેવાળો બનાવવા માટે મજબૂર પણ કરી શકાતો નથી માટે જો ઉપરવાળાએ નીચેના મકાનનું રિપેરીંગ કરાવ્યું તો બખ્શીશ નથી. એવી જ રીતે સંયુકત દીવાલ છ જેના પર એક ભાગીદારે કડીઓ નાખીને પોતાના મકાનની છત બનાવી છે અને આ દીવાલ પડી ગઈ ભાગીદાર જ્યાં સુધી આ દીવાલ બનાવે નહી તેનું કામ ચાલી શકાતું નથી તો દીવાલ બનાવવું બખ્શીશ નથી અને જો ભાગીદારે આ કામને કરવું જરૂરી ન હોય અને ઈજાઝત વગર કરશે તો બખ્શીશ છે. જેવી રીતે બે શખ્સોમાં મકાન સંયુકત છે અને ખરાબ થઈ રહ્યું છે તેનું રિપેરીંગ જરૂરી છે પરંતુ ઈજાઝત વગર જે ખરચ કરશે તેનો બદલો મળશે નહી કે શકય છે કે મકાન વહેંચી ને પોતાના ભાગનું રિપેરીંગ કરાવી લે, પુરા મકાનનું રિપેરીંગ કરવવાની તેને શું જરૂરત છે.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૧૭૦)** : ત્રણ સ્થળે ભાગીદારને રિપેરીંગ તથા નિર્માણ પર મજબૂર કરવામાં આવશે. (૧) વસી (૨) વકફનો નાઝિર (૩) અને તે વસ્તુના કાબિલે કિસ્મત ન હોવામાં. વલીની સૂરત એ છે કે તેના બાલિગ બાળકોમાં દીવાલ સંયુકત છે. જેના પર છત નાંખવી છે અને દીવાલ પડી જવાની આશંકા છે અને બંનેના બાલિગોને બે વસી છે. એક વસી રિપેરીંગ કરાવવાનું કહે છે બીજો ઈન્કાર કરે છે, કાઝી એક અમીન મોકલશે જો તે બયાન કરે કે રિપેરીંગ ની જરૂરત છે તો જે ઈન્કાર કરે છે તેને રિપેરીંગ કરાવવા માટે કાઝી મજબૂર કરશે. એવી જ રીતે જો મકાન બે વકફોમાં સંયુકત છે જેની રિપેરીંગની જરૂરત છે અને એક મુતવલ્લી ઈન્કાર કરે છે તો કાઝી તેને મજબૂર કરશે અને ગેર કાબિલે કિસ્મત દા.ત. નહેર અથવા કુવો અથવા નૌકા અને હમામ અને ચક્કી કે તેમના રિપેરીંગ ની જરૂરત પડશે તો કાઝી બળજબરીએ રિપેરીંગ કરાવશે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૧૭૧)** : એક શખ્સે બીજાને એવી રીતે માલ આપ્યો કે તેમાંનો અર્ધો તેને કરજ તરીકે આપ્યો છે અને બંનેએ તે રૂપિયાથી ભાગીદારી કરી અને માલ ખરીદયો અને જેણે રૂપિયા આપ્યા છે તે પોતાના કરજના રૂપિયા માંગી રહ્યો છે અને હજુ સુધી માલ વેચાયો નથી કે રૂપિયા થતા જો વેચાણ સુધી ઈન્તેજાર કરે તો ઠીક, નહી તો માલની જે તે સમયે કીમત હોય તેના હિસાબથી પોતાના કરજના બદલામાં માલ લઈ લે.

(દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૭૨)** : સંયુકત માલ લાદીને એક ભાગીદાર લઈ જઈ રહ્યો છે અને બીજો ભાગીદાર મોજૂદ નથી રસ્તામાં માલ લઈ જનાર જાનવર થાકીને પડી ગયું અને માલ નષ્ટ થવા અથવા નુકશાનની શંકા છે, તેણે ભાગીદારની ગેરહાજરીમાં બોજ ઉપાડનાર બીજુ જાનવર ભાડે લીધુ તો ભાગ જેટલું ભાગીદારથી ભાડુ લેશે અને જો સંયુકત જાનવર હતું જે બીમાર થઈ ગયું ભાગીદારની ગેરહાજરીમાં ઝુબ્હ કરી નાખ્યું, જો તેના બચવાની આશા હતી તો તાવાન લાઝિમ છે નહી તો નથી.

અને ભાગીદાર સિવાય કોઈ અજાણ્યો શખ્સ ઝુબ્હ કરી દે તો દરેક હાલતમાં તાવાન છે એવી જ રીતે ગોવાળે બીમાર જાનવરને ઝુબ્હ કરી નાંખ્યું અને સારા થવાની આશા ન હતી તો ગોવાળ પર તાવાન નથી, નહી તો તાવાન છે. અને અજાણ્યા પર દરેક રીતે તાવાન છે.

(ખાનિયહ, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૧૭૩) :** સંયુકત જાનવર બીમાર થઈ ગયું અને જાનવર ના ઈલાજ કરનારાએ ડામ દેવાનું કહ્યું અને ડામ દીધો તેનાથી જાનવર મરી ગયું તો કાંઈ નથી. અને ઈલાજ કરનારના અભિપ્રાય વગર પોતે ડામ આપે તો તાવાન છે.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૧૭૪) :** ખેતર સંયુકત હતું તેને એક ભાગીદારે ઈજાઝત વગર વાવી નાંખ્યું, બીજો ભાગીદાર અર્ધો ખરચ આપવા ઈચ્છે છે કે જેથી ખેતી સંયુકત રહે, જો ખેતી ઉગવા પછી આપ્યું છે તો જાઈઝ છે. અને પહેલા આપ્યું તો નાજાઈઝ છે. અને બીજો ભાગીદાર કહે છે કે હું પોતાનો ભાગ કાચી ખેતીનો ઉખાડી લઈશ તો વહેંચણી કરી નાંખવામાં આવે, તેના ભાગમાં જેટલી ખેતી આવે ઉખાડી લે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૭૫) :** એક ભાગીદારે કરજદારની કોઈ વસ્તુ નષ્ટ કરી નાખી અને તેનું તાવાન લાઝિમ આવ્યું, તેણે કરજદારથી મકાસહ (અદલ-બદલ) કરી લીધું તો તેનું અર્ધુ બીજો ભાગીદાર આ ભાગીદાર પાસેથી વસૂલ કરી શકે છે કેમકે મકાસહ ના કારણે અર્ધુ લેણું વસૂલ થઈ ગયું. એવી જ રીતે એક ભાગીદારે પોતાનો ભાગ દેવાના બદલામાં કરજદારની કોઈ વસ્તુ પોતાની પાસે ગીરવી રાખી અને તે વસ્તુ નષ્ટ થઈ ગઈ તો બીજો ભાગીદાર તેનું અર્ધુ તે ભાગીદાર થી વસૂલ કરી શકે છે. એવી જ રીતે જો કરજદારે એક ભાગીદારને તેના ભાગ જેટલો કોઈને જામીન બનાવ્યો અથવા કોઈના પર હવાલો કરી દીધો તો જામીન અથવા હવાલા વાળાથી જે કોંઈ વસૂલ થશે બીજો ભાગીદાર તેમાંથી પોતાનો ભાગ લેશે.

(આલમગીરી)

**મસ્અલા (૧૭૬) :** બે ભાગીદારોના એક શખ્સ પાસે હજાર રૂપિયા બાકી છે અને એક ભાગીદાર બીજાં માટે કરજદાર તરફથી જામિન થયો તો આ જમાનત બાતલ છે અને આ જમાનત ના કારણે જામિને બીજાને તેનો ભાગ અદા કરી દીધો તો તેમાંથી પોતાનો ભાગ પાછો લઈ શકે છે અને જો જામિન થયા વગર ભાગીદારને રૂપિયા અદા કરી દીધા તો અદા કરવું સહીહ છે અને તેમાંથી પોતાનો ભાગ પાછો લઈ શકતો નથી. અને માની લોકે કરજદાર થી વસૂલ જ ન થઈ શકયું તો પણ ભાગીદારથી માગણી કરી શકતો નથી અને જો કરજદાર પોતે અથવા અજાણ્યાએ તેના ભાગીદાર નો ભાગ અદા કરી દીધો છે અને તેણે યથાવત રાખ્યું પોતાનો ભાગ તેમાંથી ન લીધો અને કરજદારથી તેનો ભાગ વસૂલ થઈ શકતો નથી તો ભાગીદારને જે કાંઈ મળ્યું છે તેમાંથી પોતાનો ભાગ પાછો લઈ શકે છે. (આલમગીરી)

## ✿ વકફનું બયાન ✿

**હદીસ (૧) :** સહીહ મુસ્લિમ શરીફમાં અબૂ હુરૈરહ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે: જ્યારે ઈન્સાન મરી જાય છે તેના અમલ ખતમ થઈ જાય છે, પરંતુ ત્રણ વસ્તુઓ એવી છે કે મરી ગયા પછી તેના સવાબ આમાલનામામાં નોંધાતા રહે છે. (૧) સદકએ જારિયહ દા.ત. મસ્જિદ બનાવી દીધી, મદ્રસો બનાવ્યો કે તેનો સવાબ બરાબર મળ તો રહેશે) (૨) અથવા ઈલ્મ જેનાથી તેના મરી

ગયા પછી લોકોને ફાયદો પહોંચતો રહે છે. અથવા (૩) નેક ઔલાદ મુકી જાય જે મરવા પછી પોતાના માં બાપ માટે દુઆ કરતી રહે.

**હદીસ (૨)** : સહીહ બુખારી તથા સહીહ મુસ્લિમ, તિરમિઝી તથા નિસાઈ વિગેરેમાં અબ્દુલ્લાહ બિન ઉમર રદિયલ્લાહો અન્હોથી મરવી છે કે, હઝરત ઉમર રદિયલ્લાહો અન્હોને ખૈબરમાં એક જમીન મળી તેમણે હુઝૂરે અકદસ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખિદમતમાં હાજર થઈને એ અરજ કરી કે યા રસૂલલ્લાહ ! મને એક જમીન ખૈબરમાં મળી છે કે તેનાથી અધિક કોઈ સારો માલ મને કયારેય મળ્યો નથી હુઝૂર તેના સંબંધે શું હુકમ આપે છે. આપે ઈરશાદ ફરમાવ્યો, જો તમે ઈચ્છો તો અસલને રોકી લો (વકફ કરી દો.) અને તેના નફાને સદકો કરી દો. હઝરત ઉમર રદિયલ્લાહો અન્હોએ તેને એ રીતે વકફ કર્યુ કે અસલ ન વેચવામાં આવે ન ભેટ આપી દેવામાં આવે, ન તેમાં વારસાઈ જારી થાય અને તેનો નફો ફકીરો અને સંબંધીઓ અને અલ્લાહની રાહમાં અને મુસાફિર તથા મહેમાનમાં ખરચ કરવામાં આવે. અને પોતે મુતવલ્લી તેમાંથી પ્રચલિતની સાથે ખાય અથવા બીજા ને ખવડાવે તો વાંધો નથી, એ શરતે કે તેમાંથી માલ ભેગો ન કરે.

**હદીસ (૩)** : ઈબ્ને જરીર મોહમ્મદ બિન અબ્દુર્રહમાન કુરશી થી રાવી કે, હઝરત ઉસ્માન બિન અફફાન તથા ઝુબૈર બિન અવામ તથા તલહા બિન ઉબૈદુલ્લાહ રદિયલ્લાહો અન્હુમે પોતાના મકાનો વકફ કર્યા હતા.

**હદીસ (૪)** : ઈબ્ને અસાકિરે અબી મઅશરથી રિવાયત કરી કે, હઝરત અલી રદિયલ્લાહો અન્હોએ પોતાના વકફમાં એ શરત કરી હતી કે તેમની અકાબિર ઔલાદ (વડીલ સંતાનો)માંથી જે દીનદાર અને ફઝલ શાળી (બુઝુર્ગી વાળી) હોય તેમને આપવામાં આવે.

**હદીસ (૫)** : અબૂ દાઉદ અને નિસાઈ સઅદ બિન અબાદહ રદિયલ્લાહો અન્હોથી રાવી, તેમણે અરજ કરી યા રસૂલલ્લાહ ! સઅદની માં નો ઈન્તેકાલ થઈ ગયો (હું ઈસાલે સવાબ માટે કોઈ સદકો કરવા ઈચ્છુ છું) તો કયો સદકો અફઝલ છે. આપે ઈરશાદ ફરમાવ્યો. પાણી. (કે પાણીની ત્યાં કમી હતી અને તેની વધુ હાજત હતી.) તેમણે એક કુવો ખોદાવ્યો અને કહી દીધું કે આ સઅદની માં માટે છે. અર્થાત તેનો સવાબ મારી માં ને પહોચે. આ હદીસથી જાણવા મળ્યું કે મુર્દાઓને ઈસાલે સવાબ કરવું જાઈઝ છે. અને એ પણ જાણવા મળ્યુ કે મુર્દાઓને ઈસાલે સવાબ કરવું જાઈઝ છે. અને એ પણ જાણવા મળ્યું કે કોઈ વસ્તુને નામાંકિત કરી દેવું કે આ ફલાણા માટે છે, તે પણ જાઈઝ છે. નામાંકિત કરી દેવાથી તે વસ્તુ હરામ થઈ જતી નથી.

**હદીસ (૬)** : તિરમીઝી, નિસાઈ તથા દારોકુતની સમામા બિન હુઝનકુ શૈરીથી રાવી. કહે છે હું દારની ઘટનામાં હાજર હતો (અર્થાત જ્યારે બળ વાખોરોએ હઝરત ઉસ્માનગની રદિયલ્લાહો અન્હોના મકાનને ઘેરાવ કર્યો હતો, જેમાં તેઓ શહીદ થયા) હઝરત ઉસ્માન રદિયલ્લાહો અન્હોએ પોતાના બાલાખાનામાંથી માથુ કાઢીને લોકોને ફરમાવ્યું. હું તમને અલ્લાહ અને ઈસ્લામના હકનો વાસ્તો આપીને પૂછું છું કે શું તમને ખબર છે કે, જ્યારે રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હિજરત કરીને મદીનામાં તશરીફ લાવ્યા તો મદીનામાં બીરેરૂમાં (રૂમાનો કુવો) સિવાય મીઠુ પાણી પણ ન હતું. હુઝૂરે ફરમાવ્યું કોણ છે જે બીરે રૂમાને ખરીદીને તેમાં પોતાની ડોલ મુસલમાનોની ડોલ સાથે કરી દે. (અર્થાત વકફ કરી દે કે તમામ મુસલમાન તેમાંથી પાણી ભરે) અને તેને તેના

બદલામાં જન્નતમાં ભલાઈ મળશે, તો મેં તેને પોતાના ખાસ માલથી ખરીદયો અને આજે તમોએ એજ કુવાનું પાણી મારા માટે બંધ કરી દીધું છે, ત્યાં સુધી કે હું ખારૂ પાણી પી રહ્યો છું. લોકોએ કહ્યું હા, અમે જાણીએ છીએ. આ વાત સાચી છે, ફરી હઝરત ઉસ્માન રદિયલ્લાહો અન્હોએ ફરમાવ્યું હું તમને અલ્લાહ અને ઈસલામના હક્કનો વાસ્તો આપીને પુછુ છું. શું તમે જાણો છો કે, મસ્જિદ તંગ હતી રસૂલુંલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું- કોણ છે જે ફલાણાં શખ્સની જમીન ખરીદીને મસ્જિદમાં વધારો કરી દે, તેના બદલામાં તેને જન્નતમાં ભલાઈ મળશે, મેં ખાસ પોતાના માલથી તેને ખરીદી અને આજે એજ મસ્જિદમાં બે રકઅત નમાઝ પઢવાથી તમે મને મનાઈ કરો છો. લોકોએ જવામાં કહ્યું હા, અમે જાણીયે છીએ. પછી હઝરત ઉસ્માન રદિયલ્લાહો અન્હોએ ફરમાવ્યું કે અલ્લાહ અને ઈસ્લામના હકનો વાસ્તો આપીને તમને પૂછુ છું કે શું તમે જાણો છો કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ 'કોહે શુબૈર' (શુબૈર પર્વત) પર હતા અને હુઝૂરની સાથે અબૂ બકર તથા ઉમર (રદિયલ્લાહો અન્હુમ) હતા. અને હું હતો કે પહાડ હાલવા લાગ્યો, ત્યાં સુધી કે એક પત્થર તુટીને નીચે પડયો હુઝૂરે પવિત્ર પગ પહાડ પર માર્યો અને ફરમાવ્યું અય શુબૈર થંભી જા, એટલા માટે કે તારા પર એક નબી અને સિદ્દીક અને બે શહીદ છે. લોકોએ કહ્યું હા, અમે જાણીએ છીએ. હઝરત ઉસ્માન રદિયલ્લાહો અન્હોએ તકબીર (અલ્લાહો અકબર) કહી અને કહ્યું કે કાબાના રબના સોગંદ, તે લોકોએ ગવાહી આપી કે હું શહીદ છું.

**હદીસ (૭)** : સહીહ મુસ્લિમ તથા બુખારી વિગેરેમાં હઝરત ઉસ્માન રદિયલ્લાહો અન્હોથી મરવી છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું જે અલ્લાહ માટે મસ્જિદ બનાવશે અલ્લાહ તેના માટે જન્નતમાં એક ઘર બનાવશે.

**હદીસ (૮)** : અબૂ દાઉદ, નિસાઈ દારોમી તથા ઈબ્ને માજા અનસ રદિયલ્લાહો અન્હોથી રાવી કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કિયામતના ચિન્હો પૈકી એ છે કે લોકો મસ્જિદ સંબંધે તફાખુર (એક બીજા ઉપર અભિમાન) કરશે.

**હદીસ (૯)** : સહીહ બુખારી તથા મુસ્લિમમાં અબૂહુરૈરહ રદિયલ્લાહો અન્હોથી મરવી છે. કહે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરત ઉમર રદિયલ્લાહો અન્હોને ઝકાત વસૂલ કરવા માટે મોકલ્યા, પછી હુઝૂરને કોઈએ અરજ કરી કે ઈબ્ને જમીલ તથા ખાલિદ બિન વલીદ તથા અબ્બાસ રદિયલ્લાહો અન્હુમે ઝકાત આપી નથી. આપે ફરમાવ્યુ કે ઈબ્ને જમીલનો ઈન્કાર કેવળ એટલા માટે છે કે તે ફકીર (નિર્ધન) હતો. અલ્લાહ તથા રસૂલે તેને ગની (માલદાર) બનાવી દીધો અર્થાત તેનો ઈન્કાર કારણ વગર છે અને સ્વીકાર યોગ્ય નથી. અને ખાલિદ પર તમે ઝૂલ્મ કરો છો (કે. તેના પાસે ઝકાત માંગો છો) તેણે પોતાના બખ્તરો અને તમામ યુધ્ધ સામગ્રી અલ્લાહની રાહમાં વકફ કરી દીધી છે, અર્થાત વકફ સિવાય શું છે જેની ઝકાત તમે માંગો છો અને અબ્બાસનો સદકો મારા માથે છે અને એટલો જ બીજો એટલે કે બે વર્ષની ઝકાત તેમના તરફથી હું અદા કરીશ. પછી ફરમાવ્યું. અય ઉમર, તમને ખબર નથી કે કાકો બાપના સ્થાને હોય છે.

## ફિક્હી મસાઈલ

વકફનો એ અર્થ છે કે કોઈ વસ્તુને પોતાના માલિકીપણામાંથી ખારિજ કરીને કેવળ અલ્લાહ તઆલાની મિલ્કત ઠેરવવું. એવી રીતે કે તેનો લાભ અલ્લાહના બંદાઓમાંથી કોઈને પણ

મળતો રહે.

**મસ્અલા (૧)** : વકફને ન રદ બાતલ કરી શકે છે ન તેમાં મીરાસ (વારસાઈ) જારી થશે, ન તેનું વેચાણ થઈ શકે છે ન ભેટ આપી શકાય છે. (આલમગીરી વિગેરે)

**મસ્અલા (૨)** : વકફમાં જો નિય્યત સારી હોય અને તે વકફ કરનાર નિય્યતશાળી અર્થાત મુસલમાન હોય તો સવાબના હકદાર છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૩)** : વકફ એક સદકએ જારિયા છે કે વાકિફ (વકફ કરનાર) હમેશા તેનો સવાબ પામતો રહેશે અને સૌમાં બહેતર તે વકફ છે જેની મુસલમાનોને અધિક જરૂરત હોય અને જેનો વધુ લાભ થાય. દા.ત. કિતાબો ખરીદીને કુતુબખાનુ (પુસ્તકાલય) બનાવ્યું અને વકફ કરી દીધું કે હમેશા દીનની વાતો તેના દ્વારા જાણવા મળતી રહેશે (આલમગીરી) અને જો ત્યાં મસ્જિદ ન હોય અને તેની જરૂરત હોય તો મસ્જિદ બનાવવું બહુ સવાબનું કામ છે અને ઈલ્મેદીનની તાલીમ માટે મદ્રસાની જરૂરત હોય તો મદ્રસો સ્થાપિત કરી દેવો અને તેના નિભાવ માટે જાયદાદ વકફ કરવું કે હમેશા મુસલમાન તેનાથી ફૈઝ પામતા રહે, બહુ જ ઉચ્ચ દરજાનું નેક કામ છે.

**મસ્અલા (૪)** : વકફની સહત માટે એ જરૂરી નથી કે તેના માટે મુતવલ્લી નિયુક્ત કરે અને પોતાના કબ્જામાંથી કાઢીને મુતવલ્લીને કબ્જો આપી દે બલ્કે વાકિફે જો પોતાના કબ્જામાં રાખ્યું તો પણ વકફ સહીહ છે અને મશાઅનું વકફ પણ સહીહ છે. (આલમગીરી)

**મસ્અલા (૫)** : વકફનો હુકમ એ છે કે મોકૂફ વસ્તુ વાકિફની માલિકી પણામાંથી રદ થઈ જાય છે, પરંતુ મોકૂફ અલયહ (અર્થાત જેના પર વકફ કર્યુ છે તેની) ના માલિકી પણામાં દાખલ થતી નથી, બલ્કે કેવળ અલ્લાહ તઆલાની મિલ્કત ઠરે છે. (આલમગીરી)

## વકફના શબ્દો

**મસ્અલા (૬)** : વકફના માટે ખાસ શબ્દો છે. જેનાથી વકફ સહીહ થાય છે. દા.ત. મારી આ મિલ્કત 'સદકએ મોકુફા' છે કે હમેશા મિસ્કીનો પર તેની આવક ખરચ થતી રહેશે અથવા અલ્લાહ તઆલા માટે મેં તેને વકફ કર્યુ. મસ્જિદ અથવા મદ્રસા અથવા ફલાણા નેક કામ પર મેં વકફ કર્યુ. અથવા ફકીરો પર (માટે) વકફ કર્યુ. આ વસ્તુને મેં અલ્લાહની રાહ માટે કરી દીધી.

**મસ્અલા (૭)** : મારી આ જમીન સદકો છે અથવા મેં તેને મિસ્કીનો પર સદકો કરી. આ કહેવાથી વકફ થશે નહી. બલ્કે આ એક મન્નત છે કે તે શખ્સ પર તે જમીન અથવા તેની કીમતનો સદકો કરવું વાજિબ છે, સદકો કરી દીધો તો જવાબદારીમાંથી મુક્ત છે નહી તો મરી ગયા પછી આ વસ્તુ વારસદારોની થશે અને મન્નત પુરી ન કરવાનો ગુનોહ તે શખ્સના ઉપર રહેશે. (ફતહુલ કદીર)

**મસ્અલા (૮)** : (એમ કહેવું કે) આ જમીનને મેં ફકીરો માટે કરી દીધી. જો આ શબ્દ વકફમાં પ્રચલિત હોય તો વકફ છે. નહી તો તેનાથી પૂછવામાં આવે, જો કહે મારી મુરાદ (ભાવાર્થ) વકફ હતી, તો વકફ છે. અથવા હેતુ સદકો હતો અથવા કાંઈ ઈરાદો હતો જ નહી તો આ બંને સ્વરૂપોમાં નઝર છે, પરંતુ માની લો કે તે શખ્સે નઝર પુરી કરી નથી અર્થાત ન તે વસ્તુ સદકો કરી ન તેની કીમત આપી. અને મરી ગયો તો તેમાં વારસાઈ જારી થશે. વારસદારો પર મન્નત પુરી કરવું ફરજ નથી. (ફતહુલ કદીર)

**મસ્અલા (૯)** : કોઈએ કહ્યું મેં પોતાના બગીચાનું ઉત્પાદન વકફ કર્યુ અથવા પોતાની મિલ્કતની

આવક વકફ કરી તો વકફ સહીહ થઈ જશે. કે હેતુ બાગને વકફ કરવું અથવા મિલ્કતને વકફ કરવું છે માટે જો બાગમાં તે સમયે ફળ ઉપસ્થિત છે તો તે ફળ વકફમાં દાખલ થશે નહી (ફતહુલ કદીર)

**મસ્અલા (૧૦) :** કોઈ મકાનની આવક હમેશ માટે મિસ્કીનોને આપવા માટે વસિયત કરી અથવા જ્યાં સુધી ફલાણો જીવતો રહે તેને આપવામાં આવે, તેના પછી હમેશા મિસ્કીનો માટે તો જો કે સરાહતન (જાહેરીમાં) આ વકફ નથી પરંતુ જરૂરત ન વકફ છે. (ફતહુલ કદીર)

**મસ્અલા (૧૧) :** એમ કહ્યું કે મેં પોતાની આ મિલ્કત વકફ કરી, મારા તરફથી હજ તથા ઉમરામાં તેની આવક ખરચ થશે તો વકફ સહીહ છે. અને જો એમ કહ્યું કે આ મિલ્કત સદકો છે જેને વેચવામાં આવે નહી તો વકફ નથી બલ્કે સદકાની મન્નત છે અને જો એમ કહ્યું કે સદકો છે, જેને ન વેચવામાં આવે ન ભેટ આપવામાં આવે, ન તેમાં મીરાસ જારી થાય તો ફકીરો પર વકફ છે. (બહુરૂરરાઈક)

**મસ્અલા (૧૨) :** એમ કહ્યું કે મારા આ મકાનના ભાડાથી દર મહિને દસ રૂપિયાની રોટી ખરીદીને મિસકીનોને વહેચતા રહો તો એમ કહેવાથી તે મકાન વકફ થઈ ગયું. (બહુરૂર્રાઈક)

## વકફની શરતો

**મસ્અલા (૧૩) :** વકફ કેમકે એક પ્રકારની બક્ષીસ છે કે બદલા વગર પોતાનો માલ પોતાના અધિકારમાંથી ખારિજ કરવું છે. માટે તમામ તે શરતો જે બક્ષીસમાં અહીંયા પણ પ્રમાણિત છે અને તેમના ઉપરાંત પણ શરતો છે. વકફની શરતો આ છે.

**(૧) વાકિફ (વકફ કરનાર)નું આકિલ હોવું. (પાગલ ન હોય)**

**(૨) બાલિગ (પુખ્ત વયનો) હોવું. નાબાલિગ અને પાગલે વકફ કર્યુ, તે સહીહ થયું નહી.**

**(૩) આઝાદ હોવું. ગુલામે વકફ કર્યુ સહીહ ન થયું.** ઈસ્લામ શર્ત નથી, માટે કાફિર ઝિમ્મીનું વકફ પણ સહીહ છે દા.ત એવી રીતે કે ઔલાદ પર મિલ્કત વકફ કરી કે તેની આવક ઔલાદને વંશપરંપરાગત મળતી રહે અને ઔલાદમાં કોઈ રહે નહી તો મિસ્કીનો પર ખરચ કરવામાં આવે આ વકફ જાઈઝ છે. અને જો તેણે પોતાના સહધર્મી મિસ્કીનો ની વિશેષતા કરી અથવા એ શરત લગાવી કે તેની ઔલાદમાંથી જે કોઈ મુસલમાન થઈ જાય તેને તેની આવક ન આપવામાં આવે તો જેવી રીતે તેણે કહ્યું અથવા લખ્યું છે તેના અનુસાર કરવામાં આવે અને જો ઔલાદ પર તેણે વકફ કર્યુ અને સહધર્મી (હમમઝહબ) થવાની શરત કરી નથી તો તેની ઔલાદમાં જો કોઈ મુસલમાન બની જશે તેને પણ મળશે કે આ સ્વરૂપમાં તેની શરત ના વિરૂધ્ધ નથી.

(૪) તે કામ જેના માટે વકફ કરે છે વસ્તુત સવાબનું કામ હોય અર્થાત વાકિફની નજરોમાં પણ તે સવાબનું હોય અને વાસ્તવમાં પણ સવાબનું કામ હોય, જો સવાબનું કામ નથી તો વકફ સહીહ નથી. દા.ત કોઈ નાજાઈઝ કામ માટે વકફ કર્યુ. અને જો વાકિફના ખ્યાલમાં તે નેકીનું કામ હોય પરંતુ વાસ્તવમાં સવાબનું કામ ન હોય તો વકફ સહીહ નથી. અને જો ખરેખર સવાબનું કામ છે. પરંતુ વાકિફની માન્યતામાં સવાબનું કામ નથી તો પણ વકફ સહીહ નથી, માટે જો નસરાની (ખ્રિસ્તી) એ બયતુલ મુકદ્દસ પર કોઈ મિલકત વકફ કરી કે તેની આવકથી તેનું રિપેરીંગ કરવામાં આવે અથવા તેના દીવાબત્તીમાં ખરચ કરવામાં આવે, આ જાઈઝ છે. અથવા એવી રીતે તે વકફ કર્યુ કે દરેક વર્ષે એક ગુલામ ખરીદીને આઝાદ કરવામાં આવે અથવા જવાબદાર મિસ્કીનો અથવા મુસલમાનનો પર ખરચ કરવામાં આવે, આ જાઈઝ છે અને જો

ગિરજા (ચર્ચ) અથવા બુતખાના (મંદિર)ના નામે વકફ કર્યુ કે તેનું સમારકામ અથવા દીવાબત્તીમાં ખરચ કરવામાં આવે અથવા હબીઓ પર ખરચ કરવામાં આવે તો આ બાતલ છે કેમકે તે સવાબનું કામ નથી અને જો નસરાની એ હજ તથા ઉમરા માટે વકફ કર્યુ તો પણ વકફ સહીહ નથી કેમકે જો કે તે પુણ્યનું કામ છે પરંતુ તેના એતેકાદ (માન્યતા)માં સવાબનું કામ નથી.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, હિદાયા વિગેરે)

**મસ્અલા (૧૪) :** કાફિરે ગિરજા અથવા બુતખાના માટે વકફ કર્યુ અને એમ પણ કહી દીધું કે જો આ ચર્ચ અથવા મંદિર વેરાન થઈ જાય તો ફકીરો તથા મિસ્કીનો પર તેની આવક ખરચ કરવામાં આવે તો ગિરજા અથવા બુતખાના પર આવક ખરચ ન કરવામાં આવે બલ્કે ફકીરો (નિર્ધનો) તથા મિસ્કીનો નાદારો પર જ ખરચ કરવામાં આવે (આલમગીરી)

**મસ્અલા (૧૫) :** જો કાફિર ઝિમ્મીએ ખૈરના કાર્ય માટે વકફ કર્યુ અને સ્પષ્ટતા ન કરી તો જો કે તેની માન્યતામાં ગિરજા તથા બુતખાના તથા નિરાધારો પર ખરચ કરવું સઘળા જ ભલાઈના કાર્ય છે. પરંતુ મિસ્કીનં પર જ ખરચ કરવામાં આવે બીજા કાર્યમાં ખરચ ન કરે અને જો પોતાના પોષકો પર ખરચ કરવા માટે એ શરતથી વકફ કર્યુ કે જો કોઈ પરવરિશવાળો બાકી ન રહે તો મિસ્કીનો પર ખરચ કરવામાં આવે તો આ વકફ જાઈઝ છે અને તેના પોષકોમાં યહુદી તથા નસારા તથા હિન્દુ તથા મુસલમાન સઘળા જ હોય તો સઘળા પર ખરચ કરવામાં આવે અને મડદાઓના કફન દફન માટે વકફ કર્યુ તો તેમાં ખરચ કરવામાં આવે. (આલમગીરી)

**મસ્અલા (૧૬) :** ઝિમ્મીએ પોતાના ઘરને મસ્જિદ બનાવ્યું અને દેખાવ સાવ મસ્જિદ જેવો કરી દીધો અને તેમાં નમાઝ પઢવાની મુસલમાનોને ઈજાઝત પણ આપી દીધી અને મુસલમાનોએ તેમાં નમાઝ પઢી પણ તો પણ મસ્જિદ થશે નહી. અને તેના મૃત્યુ પછી મીરાસ જારી થશે. એવી જ રીતે જો ઘરને ગિરજા વિગેરે બનાવી દીધું તો પણ તેમાં મીરાસ જારી થશે. (આલમગીરી)

**(૫) વકફ વેળા તે વસ્તુ વાકિફની મિલ્કત હોય**

**મસ્અલા (૧૭) :** જો વકફ કરવાના સમયે તેની માલિકી ન હોય પાછળથી થઈ જાય તો વકફ સહીહ નથી દા.ત. એક શખ્સે મકાન અથવા જમીન ઝુંટવી લીધી હતી. (દબાવી પાડી હતી) તેને વકફ કરી દીધું પછી માલિક પાસેથી તેને ખરીદી લીધી અને રકમ પણ અદા કરી દીધી અથવા કોઈ વસ્તુ આપીને માલિકથી સુલેહ કરી લીધી તો જોકે હવે માલિક થઈ ગયો છે પરંતુ વકફ સહીહ નથી કે વકફના સમયે માલિક ન હતો

(બહુર્રાઈક)

**મસ્અલા (૧૮) :** એક શખ્સે બીજા શખ્સ માટે પોતાના મકાનની વસિયત કરી અને તેને મૂસા (જેને વસિવત કરી હોય તે) એ હમણાંથી તેને વકફ કરી દીધું, પછી વસીયત કરનાર મર્યા તો આ વકફ સહીહ થયું નહી કે વકફના સમયે વસિયત (મૂસા) શાળી તેનો માલિક જ ન હતો એવી જ રીતે કોઈના પાસેથી જમીન ખરીદી હતી અને વિક્રેતાને ખયારે, શરત હતું ખરીદનારે વકફ કરી દીધું પછી વિક્રેતાએ વેચાણને જાઈઝ કરી દીધું આ વકફ જાઈઝ નથી, અને જો ખરીદનારને ખયાર હતો અને વકફ પછી ખરીદનારે ખયાર રદ કરી દીધો તો વકફ જાઈઝ છે. બક્ષીસ લેનારે કબજાથી પહેલા વકફ કરી દીધુ પછી કબ્જો કર્યો તો વકફ જાઈઝ નથી અને જો બક્ષવું ફાસિદ (રદ) હતું પરંતુ કબ્જા પછી બક્ષીસ લેનારે વકફ કર્યુ તો વકફ સહીહ છે અને બક્ષીસ લેનાર પર તેની કીમત વાજિબ છે. (ફતહુલ કદીર)

**મસ્અલા (૧૯)** : ફાસિદ બયઅ (વેચાણ)થી મકાન ખરીદયું હતું અને કબ્જો કરીને વકફ કર્યુ, તો વકફ સહીહ છે અને કબ્જાથી પહેલા વકફ કર્યુ તો સહીહ નથી અને સહીહ વેચાણથી ખરીદયું, પરંતુ હજુ ન તો રકમ અદા કરી છે ન કબ્જો કર્યો છે, અને વકફ કરી દીધું તો આ વકફ મોકૂફ છે, જો રકમ અદા કરીને કબ્જો કરી લીધો જાઈઝ થઈ ગયું. અને મરી ગયો અને કોઈ માલ પણ એવો છોડયો નથી કે તેનાથી રકમ અદા કરી શકાય તો વકફ સહીહ નથી. મકાન વેચીને વિક્રેતાની રકમ અદા કરવામાં આવે (ખાનિયહ, આલમગીરી)

**મસ્અલા (૨૦)** : એક મકાન ખરીદીને વકફ કર્યુ, તેના પર કોઈએ દાવો કર્યો કે તે મારૂં છે, જેણે વેચ્યું હતું તેનું ન હતું.અને કાઝીએ વાદીની ડિગ્રી આપી દીધી અથવા તેના પર પાડોશીએ હકનો દાવો કર્યો અને પાડોશીના હકમાં ફેસલો થયો તો વકફ રદ થઈ જશે, અને તે મકાન અસલી માલિક અથવા પાડોશીને મળી જશે (ભલેને) ખરીદનારે તેને મસ્જિદ બનાવી દીધું હોય. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૧)** : મુરતદે ધર્મપરિવર્તન ના સમયમાં વકફ કર્યુ તો આ વકફ મોકૂફ છે, જો ઈસ્લામ તરફ પાછો આવ્યો વકફ સહીહ છે. નહી તો બાતલ (આલમગીરી)

**(૬) જેણે વકફ કર્યુ તે પોતાની ઓછી બુધ્ધિ અથવા દેવાના કારણે અધિકારનો રોકનાર ન થાય**

**મસ્અલા (૨૨)** : એક મુર્ખ શખ્સ છે. જેના સંબંધે કાઝીને આશંકા છે કે જો તેની રોકટોક ન કરવામાં આવી તો મિલ્કત તબાહ-બરબાદ કરી નાખશે, કાઝીએ હુકમ આપી દીધો કે આ શખ્સ પોતાની મિલ્કતમાં અધિકાર ન કરે, તેણે કેટલીક મિલ્કત વકફ કરી તો વકફ સહીહ થયું નહી. (ફતહુલ કદીર)

**મસ્અલા (૨૩)** : મજકૂર શખ્સે પોતાની મિલ્કત એવી રીતે વકફ કરી કે હું, જ્યાં સુધી જીવતો રહું તેના લાભો પોતાની જાત પર ખરચ કરતો રહું અને મારા પછી મિસ્કીનો અથવા મસ્જિદ અથવા મદ્રસામાં ખરચ થાય તો મોહકિકો ના નજદીક વકફ સહીહ છે. અને તે વકફ ના દુરસ્ત હોવાનો હાકિમે હુકમ આપી દીધો ત્યારે તો સૌના નઝદીક સહીહ છે. (ફતહુલ કદીર)

**મસ્અલા (૨૪)** : બીમાર પર એટલું દેવું છે કે તેની તમામ મિલ્કત દેવામાં ડુબેલી છે, તેનું વકફ સહીહ નથી. (દુર્રે મુખ્તાર)

**(૭) જહાલત (અજ્ઞાનતા) ન હોવું એટલે જેને વકફ કર્યુ અથવા જેના પર વકફ કર્યુ ખબર હોય.**

**મસ્અલા (૨૫)** : પોતાની મિલ્કત નો એક ભાગ વકફ કર્યો અને એનિશ્ચિત નથી કે તે કેટલી છે દા.ત. તુતિયાંસ, ચોથાઈ વિગેરે તો વકફ સહીહ થયું નહી જો કે પછી થી તે ભાગને નિશ્ચિત કરી દે. વકફમાં ખંડન કરવું કે આ જમીનને અથવા તે જમીન ને વકફ કરી, આ વકફ પણ સહીહ નથી. (બહર)

**મસ્અલા (૨૬)** : વકફ સહીહ થવા માટે જમીન અથવા મકાન ની ખબર હોવું જરૂરી છે, તેની હદોનું ઉલ્લેખ કરવું શરત નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૭)** : (એમ કહેવું કે) આ મકાનમાં જેટલા ભાગ મારા છે તેમને મેં વકફ કર્યા, જો કે ખબર ન હોય કે તેના કેટલા ભાગ છે, આ વકફ સહીહ છે કે જો કે તેને અત્યારે ખબર નથી, પરંતુ વાસ્તવમાં તે નિશ્ચિત છે, અજ્ઞાત નથી. એવી જ રીતે જો એમ કહ્યું કે આ મકાનમાં મારો જે કાંઈ ભાગ છે તેને વકફ કર્યો અને તે એક તૃતિયાંસ છે, પરંતુ હકીકતમાં તેનો ભાગ તૃતિયાંસ નહી બલ્કે અર્ધો છે તો પણ વકફ સહીહ છે અને કુલ ભાગ અર્થાત અર્ધો વકફ થઈ જશે. (ખાનિયહ-બહર)

**મસ્અલા (૨૮)** : એક શખ્સે પોતાની જમીન

વકફ કરી જેમાં ઝાડ છે અને ઝાડોને વકફથી મુકત રાખ્યા, આ વકફ સહીહ ન થયું કે આ સ્વરૂપમાં વૃક્ષ જમીન સાથે મુકત થશે તો બાકીની જમીન જેને વકફ કરી રહ્યો છે અજ્ઞાત થઈ ગઈ. (બહર)

**મસ્અલા (૨૯)** : મૌકુફ અલૈહ (જેના ઉપર વકફ કર્યુ છે તે) અજ્ઞાત છે. દા.ત. આને મેં અલ્લાહ માટે અનુમોદન વકફ કર્યુ અથવા પોતાના સગા પર વકફ કર્યુ અથવા એમ કહ્યું કે ઝૈદ અથવા અમ્ર પર વકફ કર્યુ અને તેના પછી મિસ્કીનો પર ખરચ કરવામાં આવે આ વકફ સહીહ નથી. (આલમગીરી)

**(૮) વકફને શરત પર અવલંબિત ન કર્યુ હોય.**

**મસ્અલા (૩૦)** : જો શરત પર અવલંબિત કર્યુ, દા.ત. મારો પુત્ર પ્રવાસમાંથી પાછો આવે તો આ જમીન વકફ છે અથવા જો હું આ જમીન નો માલિક બની જાઉં અથવા તેને ખરીદી લઉં તો વકફ છે. આ વકફ સહીહ નથી બલ્કે જો તે શરત એવી હોય જેનું હોવું યકીની છે તો પણ સહીહ નથી. દા.ત જો કાલનો દિવસ આવી જાય તો વકફ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૩૧)** : મારી આ જમીન વકફ છે જો હું ઈચ્છું, તેના પછી તત્કાળ જોડે જ એમ કહ્યું કે મેં ઈચ્છયું અને તેને વકફ કરી દીધી તો વકફ સહીહ છે અને કહ્યું નહી તો વકફ સહીહ નથી. અને જો એમ કહ્યુ, કે મારી જમીન વકફ છે જો ફલાણો ઈચ્છે અને તે શખ્સે તત્કાળ કહ્યું મેં ઈચ્છયું તો વકફ સહીહ નથી. (આલમગીરી)

**મસ્અલા (૩૨)** : જો એવી શરત પર આધારિત કર્યુ જે અત્યારે મોજૂદ છે તો વિલંબ (આધાર) બાતલ છે અને વકફ સહીહ છે. દા.ત. એમ કહ્યું કે જો આ જમીન મારી માલિકીપણામાં હોય અથવા હું તેનો માલિક થઈ જાઉં તો વકફ છે અને તેના કહેવાના સમયે જમીન તેના માલિકીપણામાં છે તો વકફ સહીહ છે અને તે સમયે માલિકીપણામાં નથી તો સહીહ નથી. (ખાનિયહ)

**મસ્અલા (૩૩)** : કોઈ શખ્સનો માલ ગુમ થઈ ગયો છે તેણે એમ કહ્યું કે જો ગુમ થયેલ માલ મને મળી જાય તો મારા પર અલ્લાહ વાસ્તે તે જમીન નું વકફ કરી દેવું છે. આ વકફની મન્નત છે અર્થાત જો વસ્તુ મળી ગઈ તો તેના પર લાઝિમ થશે કે જમીન ન એવા લોકો પર વકફ કરે જેમને ઝકાત આપી શકે છે અને જો એવા લોકો પર વકફ કર્યુ જેમને ઝકાત આપી શકતો નથી. દા.ત. પોતાની ઔલાદ પર તો વકફ સહીહ થઈ જશે, પરંતુ નઝર(મન્નત) તેના માથે નિયમાનુસાર બાકી છે. (આલમગીરી)

**મસ્અલા (૩૪)** : બીમારે કહ્યું જો હું આ બીમારીમાં મરી જાઉં તો મારી આ જમીન વકફ છે. આ વકફ સહીહ નથી, અને જો એમ કહ્યું કે હું મરી જાઉં તો મારી આ જમીન ને વકફ કરી દેજો. આ વકફ માટે વકીલ બનાવવું છે. તેના મૃત્યુ પછી વકીલે વકફ કરી તો સહીહ થઈ ગયું કે વકફ માટે તો વકીલ દુરસ્ત છે અને વકીલ કરવાને શરત પર આધારિત કરવું પણ દુરસ્ત છે. દા.ત. એ કહ્યું કે જો હું આ ઘરમાં જાઉં તો મારૂં મકાન વકફ છે. આ વકફ સહીહ નથી. અને જો એમ કહે તો કે હું આ ઘરમાં જાઉં તો તમે મારા મકાન ને વકફ કરી દેજો તો વકફ સહીહ છે. (જવહરહ) અર્થાત તે સ્વરૂપમાં સહીહ છે કે તે જમીન તેના તરકા (મીરાસ) ની ત્રીજા ભાગના અંદર હોય અથવા વારસદારો તે વકફને જાઈઝ કરી દે. અને વારસદારો જાઈઝ ન કરે તો એક તૃતિયાંસ વકફ છે બાકીનું મીરાસ છે કે તે વકફ વસિયત ના હુકમમાં છે અને વસિયત ત્રીજા ભાગ સુધી જારી થશે. વારસદારોની ઈજાઝત વગર ત્રીજા ભાગથી વધારે માં વસિયત જારી થઈ શકતી નથી.

**મસ્અલા (૩૫)** : કોઈએ કહ્યું જો હું મરી જાઉં તો મારૂં મકાન ફલાણાં માટે વકફ છે. આ વકફ નથી બલ્કે વસિયત છે અર્થાત તે શખ્સ જો પોતાની જિંદગીમાં બાતલ કરવા ઈચ્છે તો બાતલ થઈ શકે છે અને મરી ગયા પછી આ વસિયત એક તૃતિયાંસ માં લાઝિમ થશે. વારસદારો તેને રદ કરી શકતા નથી. જો કે વારસદાર ઉપર જ વકફ કર્યુ હોય દા.ત. એમ કહ્યું કે મેં પોતાના ફલાણાં અને વંશપરંપરાગત તેની ઔલાદ પર વકફ કર્યુ અને જ્યારે નસલનો સિલસિલો કપાઈ જાય તો ફકીરો તથા મિસ્કીનો પર ખરચ કરવામાં આવે. તો આ સુરતમાં બે તૃતિયાંસ વારસો લેશે અને એક તૃતિયાંસ ની આવક એકલો વકફશાળી લેશે. તેના પછી તેની ઔલાદ લેતી રહેશે. (દુર્રે મુખ્તાર)

**(૯) વકફશાળીને મિલકતને વેચીને રકમને ખરચી નાખવાની શરત ન હોય**, એવી જ રીતે એ શરતકે જેને હું ઈચ્છીશ વેચી દઈશ અથવા જ્યારે મારે જરૂરત હશે તેને ગીરવી મુકી દઈશ, તાત્પર્ય કે એવી શરત જેનાથી વકફનું બાતલ કરવું થતું હોય વકફને બાતલ કરી દે છે. હા વકફના ઈસ્તિબદાલ (બદલા) ની શરત સહીહ છે, અર્થાત તે મિલ્કતને વેચીને કોઈ બીજી મિલ્કત ખરીદીને તેના સ્થાને કરી દેવામાં આવશે અને તેનો ઉલ્લેખ આગળ આવે છે.

**મસ્અલા (૩૭)** : ઈમામ મોહમ્મદ રહમતુલ્લાહે અલયહેની નજીક વકફમાં ખિયાર શરત થઈ શકતું નથી. અને ઈમામ અબૂયુસુફ રહમતુલ્લાહે અલયહે ના નજીક થઈ શકે છે. દા.ત. એમકે મેં વકફ કર્યુ અને ત્રણ દિવસ સુધીનો મને અખત્યાર છે કે, ત્રણ દિવસ પસાર થઈ જવા પર વકફ સહીહ થઈ જશે. અને મસ્જિદ ખિયારે શરત સાથે વકફ કરી છે તો સર્વાનુમતે શરત બાતલ છે અને વકફ સહીહ છે. (આલમગીરી)

**(૧૦) તાબીદ અર્થાત હમેશ માટે હોવું પરંતુ સહીહ એ છે કે વકફમાં હમેશગીનો ઉલ્લેખ કરવું શરત નથી.** અર્થાત જો વકફે મુઅબ્બદ ન કહ્યું તો પણ મુઅબ્બદ જ છે. અને જો ખાસ મુદ્દતનો ઉલ્લેખ કર્યો. દા.ત. મેં પોતાનું મકાન એક મહિના માટે વકફ કર્યુ અને જ્યારે મહિનો પુરો થઈ જાય તો વકફ બાતલ થઈ જશે તો આ વકફ ન થયું અને હમણાંથી જ બાતલ છે (ખાનિયહ)

**મસ્અલા (૩૮)** : જો એમ કહ્યું કે મારી જમીન મારા મૃત્યુ પછી એક વર્ષ સુધી સદકએ મુકૂફાઅ છે તો આ સદકાની વસિયત છે અને હમેશા ફકીરો પર તેની આવક ખરચ થતી રહેશે (આલમગીરી)

**મસ્અલા (૩૯)** : જો એમ કહ્યું કે મારી જમીન એક વર્ષ સુધી ફલાણાં શખ્સ પર સદકએ મવકૂફા છે અને વર્ષ પુરૂ થવા પર વકફ બાતલ છે તો તો એક વર્ષ સુધી તેની આવક તે શખ્સને આપવામાં આવશે અને એક વર્ષ પછી મિસ્કીનો પર ખરચ થશે અને જો કેવળ એટલું જ કહ્યું કે એક વર્ષ સુધી ફલાણાં શખ્સ પર સદકએ મવકૂફા છે તો એક વર્ષ સુધી તેને આપવામાં આવશે અને વર્ષ પુરૂ થવા પર વારસદારોનો હક છે. (ખાનિયહ)

**(૧૧) વકફ અંતે એવા હેતુ માટે હોય જેમાં કટોતી ન હોય.** દા.ત. કોઈએ પોતાની મિલ્કત પોતાની ઔલાદ પર વકફ કરી અને એ ઉલ્લેખ કરી દીધો કે જ્યારે મારી ઔલાદનો સિલસિલો રહે નહી તો મિસ્કીનો પર અથવા નેક કામોમાં ખરચ કરવામાં આવે તો વકફ સહીહ છે કે હવે કપાવાની કોઈ સૂરત રહી નહી.

**મસ્અલા (૪૦)** : જો કેવળ એટલું જ કહ્યું કે મેં તેને વકફ કર્યુ અને મોકુફ અલૈહ (મુતવલ્લી)નો ઉલ્લેખ ન કર્યો તો ઉરફન તેનો એજ અર્થ છે કે નેક કામોમાં ખરચ થશે અને અર્થની ગણનાએ એવો હેતુ થશે કે જેના માટે અલગ થઈ જવું નથી, માટે

આ વકફ સહીહ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૪૧)** : મિલ્કત કોઈ ખાસ મસ્જિદના નામથી વકફ કરી તો કેમકે મસ્જિદ રહેવાવાળી વસ્તુ છે તેના માટે કટોતી નથી માટે વકફ સહીહ છે. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૪૨)** : વકફ સહીહ થવા માટે એ જરૂરી નથી કે વકફ થનાર મિલ્કત સાથે ગેરના હક્કનો સંબંધ ન હોય બલ્કે ગેરના હક્કનો સંબંધ હોય તો પણ વકફ સહીહ છે. દા.ત. તે મિલ્કત જો કોઈના ઈજારામાં છે અને વકફ કરી દીધી તો વકફ સહીહ થઈ ગયું. જ્યારે ઈજારાની મુદત પુરી થઈ જાય અથવા બંનેમાંથી કોઈનો ઈન્તેકાલ થઈ જાય તો હવે ઈજારો ખતમ થઈ જશે અને મિલ્કત વકફના હેતુમાં ખરચ થશે (બહર)

## વકફના અહેકામ

**મસ્અલા (૪૩)** : વકફનો હુકમ એ છે કે ન પોતે વકફ કરનાર તેનો માલિક છે ન બીજાને તેનો માલિક બનાવી શકે છે ન તેને વેચી શકે છે ન ઉછીનું આપી શકે છે, ન તેને ગીરવી મુકી શકે છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૪૪)** : વકફના મકાનને વેચી દીધું, અથવા ગીરવી મુકી દીધુ અને વેચાણ રાખનારે અથવા ગીરવી રાખનારે તેમાં નિવાસ કર્યો, પછીથી ખબર પડી કે આ વકફ છે તો જ્યાં સુધી આ મકાનમાં રહે તેનું ભાડું આપવું પડશે (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૪૫)** : વકફને હકદારો અર્થાત (વકફના કરનારાઓ) પર વહેચવું જાઈઝ નથી. દા.ત. કોઈ શખ્સે પોતાની ઔલાદ પર વકફ પરી તો એમ નથી થઈ શકતું કે આ મિલ્કત ઔલાદ પર વહેંચી દેવામાં આવે કે દરેક પોતાના ભાગની આવકથી ઉપભોકતા થાય બલ્કે વકફની આવક તેમના પર વહેચાશે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૪૬)** : જે લોકો પર જમીન વકફ છે તે લોકો જો પરસ્પર રજામંદી સાથે એક એક ટુકડો ખેતી માટે લઈ લે પછી બીજા વર્ષે બદલીને બીજા બીજા ટુકડા લે તો થઈ શકે છે પરંતુ એવી વહેચણી જે હમેશા માટે હોય કે દરેક વર્ષે એજ ખેતર તે શખ્સ લે બીજાને લેવા દે નહી; એમ થઈ શકતું નથી. (રદદુલ મુહતાર)

## કઈ વસ્તુનું વકફ સહીહ છે અને કોનું નહી

સ્થવાર મિલ્કત જેવું કે જમીન, મકાન દુકાનનું વકફ સહીહ છે અને જે વસ્તુ અસ્થિર હોય પરંતુ સ્થવારના તાબે હોય તેનું વકફ સ્થાવરના તાબે થઈને સહીહ છે. દા.ત. ખેતરને વકફ કર્યુ તો હળ, બળદ અને ખેતીના તમામ સાધનો અને ખેતીના ગુલામ આ સઘળું જ તબઅન વકફ થઈ શકે છે અથવા બગીચો વકફ કર્યો તો બગીચાનો તમામ સામાન બળદ અને રહેટ વિગેરેને તબઅન વકફ કરી શકે છે. (ખાનિયહ)

**મસ્અલા (૪૭)** : ખેતરની સાથે સાથે હળ, બળદ વિગેરે વકફ કર્યા તો તેમની સંખ્યા પણ બયાન કરી દેવી જોઈએ કે આટલા ગુલામ અને આટલા બળદ અને આટલી આટલી ફલાણી વસ્તુઓ અને એ પણ ઉલ્લેખ કરી દેવો જોઈએ કે બળદ અને ગુલામનો નુફકો પણ એજ વકફ થયેલ મિલ્કતથી આપવામાં આવે અને આ શરતનો ઉલ્લેખ ન પણ કરે તો પણ તેના ખરચા તેનાથી જ આપવામાં આવશે (આલમગીરી)

**મસ્અલા (૪૮)** : ગુલામ અથવા બળદ જો કમજોર થઈ ગયો અને કામ કરવાના લાયક ન રહયો અને વાકિફે એ શરત કરી દીધી હતી કે જ્યાં સુધી જીવતા રહે વકફથી ખોરાક મળતી રહે તો હવે પણ આપવામાં આવે અને જો વાકિફે કહી દીધું હોય કે તેમનાથી કામ લેવામાં આવે અને

કામના બદલામાં ખાણું આપવામાં આવે તો હવે વકફથી આપી શકાતુ નથી અને એવા સ્વરૂપમાં કે તે કામનો ન રહ્યો વેચીને તેના બદલામાં બીજો બળદ ખરીદવો જાઈઝ છે અને જો તે કીમતમાં બીજો ન મળે તો વકફની આવકમાંથી થોડુંક શામેલ કરીને બીજો ખરીદવામાં આવે. એવી જ રીતે બીજા ખેતીના સાધનો, રહેટ વિગેરે ખરાબ થઈ જાય તો તેમને વેચીને બીજા ખરીદી લેવામાં આવે, જે વકફના માટે કામના હોય અને આ પ્રકારનો અધિકાર વકફનો મુતવલ્લી કરશે.

(આલમગીરી, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૪૯)** : ઘોડા અને શસ્ત્રોનું વકફ જાઈઝ છે અને તેમના ઉપરાંત બીજી વસ્તુઓ જેના વકફનો રિવાજ છે તેમને સ્થાઈ રીતે વકફ કરવું જાઈઝ જ નથી તો રહયું નહી, તબઅન્ન વકફ કરવું અમે આગળ બયાન કરી ગયા છીએ કે જાઈઝ છે કેટલીક તે વસ્તુઓ જેમના વકફનો રિવાજ છે, આ છે. જનાઝો, અને જનાઝાનો પર્દો, મય્યિતને ગુસલ આપવાનું પાટીયું, કુરઆન મજીદ, કિતાબો, દેગ, દરી, જાઝમ, મંડપ, શાદી અને બરાતનો સામાન કે એવી વસ્તુઓને લોકો વકફ કરી દે છે કે હાજત શાળીઓ જરૂરતના સમયે તે વસ્તુઓ ને કામમાં લે, પછી મુતવલ્લીને પાછી આપી જાય એવી જ રીતે કેટલાક મદ્રસાઓ અને યતીમખાનાઓમાં શરદીના કપડાં અને લિહાફ, ગાદલાં વિગેર વકફ કરીને આપી દેવામાં આવે છે કે શિયાળામાં વિદ્યાર્થીઓ અને યતીમોના ઉપયોગ માટે આપી દેવામાં આવે છે અને શિયાળો પુરો થઈ ગયા પછી પાછા લઈ લેવામાં આવે છે.

(તબલિય્યન, આલમગીરી, દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૫૦)** : મસ્જિદ પર કુરઆન મજીદ વકફ કર્યુ તો તે મસ્જિદમાં જેની ઈચ્છા હોય તેમાં તિલાવત કરી શકે છે, બીજી જગ્યાએ લઈ જવાની ઈજાઝત નથીકે આવી રીતે વકફ કરનારાની મરજી એજ હોય છે અને જો વાકિફે સ્પષ્ટતા કરી દીધી છે કે એ જ મસ્જિદમાં તિલાવત કરવામાં આવે ત્યારે તે બિલ્કુલ જાહેર છે કેમકે તેની શરતના વિરુધ્ધ કરી શકાતુ નથી.

. (આલમગીરી, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૫૧)** : મદ્રસાઓમાં કિતાબો વકફ કરી દેવામાં આવે છે અને સામાન્યત એજ થાય છે કે જે મદ્રસામાં વકફ કરવામાં આવે છે તેના જ ઉસ્તાદો અન તુલબાઓ માટે હોય છે એવી સૂરતમાં તે કિતાબો બીજા મદ્રસામાં લઈ જઈ શકાતી નથી અને જો એવી રીતે વકફ કરી છે કે જેને વાંચવી હોય તે કુતુબખાનામાં આવીને વાંચે તો ત્યાં જ વાંચી શકાય છે, પોતાના ઘેર વાંચવા માટે લાવી શકતા નથી. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૫૨)** : ઈસ્લામી બાદશાહે કોઈ જમીન અથવા ગામ આમ ઉપયોગ માટે વકફ કર્યુ દા.ત. મસ્જિદ, મદ્રસા, સરાય વિગેરે તો વકફ જાઈઝ છે અને સવાબ પામશે અને જો ખાસ પોતાના નફસ અથવા પોતાની ઔલાદ પર વકફ કર્યુ તો વકફ નાજાઈઝ છે. જ્યારે બયતુલમાલની જમીન હોય કે જો આમ મસ્લેહત માટે વકફ કરવાનો તેનો અખત્યાર નથી. હા, જો પોતાની મિલ્કત દા.ત. ખરીદીને વકફ કરવું ઈચ્છે છે તો તેનો તેને અખત્યાર છે.

(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૫૩)** : કોઈએ જમીન ઉછીની અથવા ઈજારા પર લીધી હતી તેમાં મકાન બનાવીને વકફ કરી નાખ્યું, આ વકફ નાજાઈઝ છે. અને જો જમીન મુહતકિર છે અર્થાત એટલા માટે ઈજારા પર લીધી છે કે તેમાં મકાન બનાવે અથવા ઝાડ વાવે એવી જમીન પર મકાન બનાવીને વકફ કરી દીધું તો આ વકફ જાઈઝ છે.

(આલમગીરી, દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૫૪) :** વકફવાળી જમીનમાં મકાન બનાવ્યું અને એજ કામ માટે મકાનને વકફ કહી દીધું જેના માટે જમીન વકફ હતી તો આ વકફ પણ દુરસ્ત છે. અને બીજા કામ માટે વકફ કર્યુ તો સાચું એ છે કે આ વકફ સહીહ નથી (આલમગીરી) આ એ સૂરતમાં છે કે જમીન મુહકિર ન હોય, નહી તો સહીહ એ છે કે વકફ સહીહ છે.

**મસ્અલા (૫૫) :** ઝાડ વાવ્યા અને તેમને જમીન સાથે વકફ કરી દીધા તો વકફ જાઈઝ છે. અને જો એકલા ઝાડ વકફ કર્યા, જમીન વકફ ન કરી તો વકફ સહીહ નથી અને વકફ કરેલ જમીનમાં ઝાડ વાવ્યા તો તેના વકફનો એજ હુકમ છે કે એવી જમીનમાં મકાન બનાવીને વકફ કરવાનો છે. (આલમગીરી)

**મસ્અલા (૫૬) :** જમીન વકફ કરી અને તેમાં ખેતી તૈયાર છે અથવા તે જમીનમાં ઝાડ છે જેમનામાં ફળ મોજૂદ છે તો ખેતી અને ફળ વકફમાં દાખલ નથી જ્યાં સુધી એમ ન કહે કે ખેતી અને ફળ સાથે મેં જમીન વકફ કરી, અલબત વકફ પછી જે ફળ લાગશે તે વકફમાં દાખલ થશે અને વકફના ઉપયોગમાં ઉપયોગ કરવામાં આવશે અને જમીન વકફ કરી તો તેના વૃક્ષ પણ વકફમાં દાખલ છે. જો કે તેની સ્પષ્ટતા ન કરે. (ખાનિયહ) એવી જ રીતે જમીનના વકફમાં મકાન પણ દાખલ છે, જો કે મકાનનો ઉલ્લેખ ન કર્યો હોય. (આલમગીરી)

**મસ્અલા (૫૭) :** જમીન વકફ કરી તેમાં નરકલ (ઘાસ) સેંઠા, બેદ, ઝાવ વિગેરે એવી વસ્તુ ઓ છે જે દરેક વર્ષે કાપવામાં આવે છે, વકફમાં દાખલ નથી. અર્થાત વકફના સમયે જે મોજૂદ છે તે માલિકની છે અને જે હવે પછી પૈદા થશે તે વકફની થશે અને એવી વસ્તુઓ જે બે ત્રણ વર્ષ પર વાવવામાં આવે છે, જેવું વાંસ વિગેરે, તે દાખલ છે. એવી જ રીતે રિંગણા અને મરચાં ના છોડ વકફમાં દાખલ છે. અને ફળેલ મરચાં અને રિંગણ દાખલ નથી. (ખાનિયહ)

**મસ્અલા (૫૮) :** જમીન વકફ કરી તેમાં શેરડી વાવેલી છે તે વકફમાં દાખલ થશે નહી. અને ગુલાબ, ચમેલીના છોડ દાખલ થશે. (ખાનિયહ)

**મસ્અલા (૫૯) :** હમામ (સ્નાનાગાર) વકફ કર્યુ તો પાણી ગરમ કરવાની દેગ અને પાણી સંઘરવાની ટાંકી અને તે તમામ સામાન જે હમામમાં હોય છે સૌ વકફમાં દાખલ છે. (આલમગીરી)

**મસ્અલા (૬૦) :** ખેતર વકફ કર્યુ તો પાણી અને પાણી આવવાની નિક જેનાથી સિંચાઈ કરવામાં આવે છે અને તે રસ્તા જેનાથી ખેતરમાં જઈએ છીએ આ સઘળું વકફમાં દાખલ છે. (આલમગીરી)

## મશાઅની ઓળખ અને તેનું વકફ

**મસ્અલા (૬૧) :** મશાઅ તે વસ્તુને કહે છે જેના એક અંશ વિગેરે નિશ્ચિતનો તે માલિક હોય. અર્થાત બીજો શખ્સ પણ તેમાં ભાગીદાર હોય અર્થાત બંને ભાગોમાં ભેદભાવ ન હોય. તેના બે પ્રકાર છે. એક વહેંચણીના લાયક જે વહેંચણી થયા પછી ફાયદા લાયક બાકી રહે, જેવું જમીન, મકાન. બીજી ગેર વહેંચણી યોગ્ય કે વહેંચણી પછી તેના યોગ્ય ન રહે. જેવું હમામ, ચક્કી નાનકડી ઓરડી કે વહેંચી દેવાથી દરેકનો ભાગ બેકાર જેવો થઈ જાય છે. 'મશાઅ' ગેર વહેંચણી લાયકનું વકફ સર્વાનુમતે જાઈઝ છે અને વહેંચણી લાયક હોય અને વહેંચણીથી પહેલા વકફ કરે તો સહીહ એ છે કે તેનું વકફ જાઈઝ છે અને મુતાખ્ખીરીને એજ કોલને અખત્યાર કર્યો. (આલમગીરી)

**મસ્અલા (૬૨) :** મશાઅને મસ્જિદ અથવા કબ્રસ્તાન બનાવવું સર્વાનુમતે જાઈઝ છે. ભલે તે કાબિલે કિસ્મત (વહેંચણી લાયક) હોય કે ગેર કાબિલે કિસ્મત. કેમકે સંયુક્ત તથા મશાઅમાં થઈ

શકે છે કે બંને વારાફરતી તે વસ્તુથી લાભ પ્રાપ્ત કરે દા.ત. મકાનમાં એક વર્ષ એક ભાગીદાર નિવાસ કરે અને એક વર્ષ બીજો રહે. અથવા વકફ છે તો તે શખ્સ રહે જેના પર વકફ થયું છે અથવા ભાડે આપી દેવામાં આવે અને ભાડુ વકફના ઉપયોગમાં ખરચ કરવામાં આવે પરંતુ મસ્જિદ તથા મકબરો એવી વસ્તુઓ નથી કે તેનામાં મોહાયાત થઈ શકે. એમ નથી થઈ શકતું કે એક વર્ષ સુધી તેમાં નમાઝ થાય અને એક વર્ષ ભાગીદાર તેમાં રહે અથવા એક વર્ષ સુધી કબ્રસ્તાનમાં મડદાં દફન થાય અને એક વર્ષ ભાગીદાર તેમાં ખેતી કરે. આ ખરાબીના કારણે આ બંને વસ્તુઓ માટે મશાઅનું વકફ જ દુરસ્ત નથી. (ફતહુલ કદીર)

## વકફમાં ભાગીદારી હોય તો વહેંચણી કેવી રીતે થશે.

**મસ્અલા (૬૩)** : સંયુક્ત જમીનમાં તેણે પોતાના ભાગ વકફ કરી દીધો હોય તો તેની વહેંચણી ભાગીદારથી વાકિફ પોતે કરાવી લેશે એ વકફ કરનારનો ઈન્તેકાલ થઈ ગયો તો મુતવલ્લીનું કામ છે. અને જો પોતાની અર્ધી જમીન વકફ કરી દીધી તો વકફ તથા ગેર વકફમાં વહેંચણી એમ થશે કે વકફ તરફથી કાઝી હશે અને ગેર વકફ તરફથી પોતે અથવા એમ કરે કે ગેર વકફને વેચી દે અને ખરીદનારના મુકાબલામાં વકફની વહેંચણી કરાવે. (હિદાયા)

**મસ્અલા (૬૪)** : એક જમીન બે શખ્સોમાં સંયુક્ત હતી બંને એ પોતાના ભાગ વકફ કરી દીધા તો પરસ્પર વહેંચણી કરીને દરેક પોતાના વકફનો મુતવલ્લી બની શકે છે. (આલમગીરી)

**મસ્અલા (૬૫)** : એક શખ્સે પોતાની કુલ જમીન વકફ કરી દીધી હતી, તેના પર કોઈએ અર્ધાનો દાવો કર્યો, અને કાઝીએ વાદીને અર્ધી જમીન અપાવી દીધી તો બાકીની અર્ધી જમીન નિયમાનુસાર વકફ રહેશે. અને વકફ કરનાર તે શખ્સથી જમીન વહેંચી લેવડાવશે. (આલમગીરી)

**મસ્અલા (૬૬)** : બેશખ્સોમાં જમીન સંયુક્ત હતી અને બંનેએ પોતાના ભાગ વકફ કરી દીધા, ભલે બંનેએ એક જ હેતુ માટે વકફ કર્યા અથવા બંનેના વિભિન્ન હેતુઓ હોય. દા.ત. એકે મિસ્કીન પર ખરચ કરવા માટે બીજાએ મદ્રસા અથવા મસ્જિદ માટે અને બંનેએ અલગ અલગ પોતાના વકફના મુતવલ્લી નિયુક્ત કર્યા અથવા એક જ શખ્સને બંનેએ મુતવલ્લી બનાવ્યો અથવા એક શખ્સે પોતાની કુલ મિલ્કત વકફ કરી પરંતુ અર્ધી એક હેતુ માટે અને અર્ધી બીજા હેતુ માટે, આ સઘળા સ્વરૂપો જાઈઝ છે. (આલમગીરી)

**મસ્અલા (૬૭)** : એક શખ્સે પોતાની જમીનમાંથી હજારવાર જમીન વકફ કરી, માપણી કરવાથી ખબર પડી કે કુલ જમીન હજાર વાર જ છે અથવા તેનાથી પણ ઓછી છે તો કુલ વકફ છે અને હજાર વાર કરતા વધારે છે તો હજાર વાર વકફ છે. બાકીની ગેર વકફ અને જો આ જમીનમાં ઝાડ પણ હોય તો વહેંચણી એવી રીતે થશે કે વકફમાં પણ ઝાડ આવે. (આલમગીરી)

**મસ્અલા (૬૮)** : મશાઅ જમીનમાં પોતાનો ભાગ વકફ કર્યો જેની માત્રા એક જરીબ (વીઘુ) છે પરંતુ વહેંચણીમાં તે જમીન નો સારો ટુકડો તેના ભાગમાં આવ્યો, એ કારણે વીઘાથી ઓછો મળ્યો, ખરાબ ટુકડો મળ્યો એ કારણે એક વીઘાથી વધારે મળ્યો. આ બંને સ્વરૂપો જાઈઝ છે. (આલમગીરી)

**મસ્અલા (૬૯)** : કેટલાક મકાનોમાં તેના ભાગ છે, તેણે પોતાના કુલ ભાગ વકફ કરી દીધા, હવે વહેચણીમાં એ ઈચ્છે છે કે એક એક અંશ ન લેવામાં આવે બલ્કે સૌ ભાગના બદલામાં એક પુરૂ મકાન વકફ માટે લેવામાં આવે, એવું કરવું જાઈઝ છે. (આલમગીરી)

**મસ્અલા (૭૦)** : સંયુક્ત જમીન વકફ કરી અને વહેંચણી એમ થઈ કે એક ભાગના સાથે કેટલાક રૂપિયા પણ મળે છે. જો વકફમાં આ ભાગ રૂપિયાઓની સાથે લેવામાં આવે કે ભાગીદાર એટલા રૂપિયા પણ આપશે તો વકફમાં આ ભાગ લેવો જાઈઝ થશે નહી કે વકફને વેચવું લાઝિમ આવે છે અને જો વકફમાં બીજો ભાગ લેવામાં આવે અને વકફ કરનાર પોતાના ભાગીદારને તે રૂપિયા આપે તો જાઈઝ છે અને નતીજો એ થયો કે વકફ ઉપરાંત તે રૂપિયાથી કેટલીક જમીન ખરીદી લીધી અને તે રૂપિયાની સરખામણીમાં જેટલો ભાગ મળશે તે તેની માલિકી છે, વકફ નથી. (ખાનિયહ, ફતહુલ કદીર)

## વકફના ખરચ કરવાના સ્થળોનું બયાન

**મસ્અલા (૭૧)** : વકફની આવકનું સૌથી મોટું ખર્ચ કરવાનું સ્થળ એ છે કે તે વકફની ઈમારત પર ખરચ કરવામાં આવે, તેના માટે એ પણ જરૂરી નથી કે વાકિફે તેના પર ખરચ કરવાની શરત કરી હોય અર્થાત વકફની શરતોમાં તેનો ઉલ્લેખ ન પણ કર્યો હોય તો પણ ખરચ કરીશું કે તેનું સમારકામ ન કર્યુ તો વકફ જ ચાલ્યું જશે, ઈમારત પર ખરચ કરવાથી એ ભાવાર્થ છે કે તેને ખરાબ થવા ન દો, તેનામાં વધારો કરવું ઈમારતમાં દાખલ નથી. દા.ત. મકાન વકફ છે અથવા મસ્જિદ માટે કોઈ મિલ્કત વકફ છે તો સૌ પ્રથમ આવકને ખૂદ મકાન અથવા મિલ્કત પર ખરચ કરીશું અને વાકિફના સમયમાં જે હાલતમાં હતી તેના પર બાકી રાખીશું (એજ હાલતમાં રહેવા દઈશું) જો તના સમયમાં ચુનો અથવા રંગ કરવામાં આવતો હતો તો હવે પણ વકફ ના માલમાંથી કરીશું, નહી તો કરીશું નહી. એવી જ રીતે ખેતર વકફ છે અને તેમાં ખાતરની જરૂરત છે, નહી તો ખેતર ખરાબ થઈ જશે તો તેની દુરસ્તી હકદારો કરતા પ્રથમ છે. (આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૭૨)** : ઈમારત પછી આવક તે વસ્તુ પર ખરચ થાય જે ઈમારતથી નિકટતમ અને વિશ્વાસપાત્ર ઉદેશ્ય લાભ દાયક હોય કે તે ઈમારત માટે જરૂરી છે. જેવું કે મસ્જિદ માટે ઈમામ અને મદ્રસા માટે મુદર્રિસ કે તેનાથી મસ્જિદ તથા મદ્રસાની આબાદી છે, તે માટે પોષણ પુરતુ વકફની આવકથી આપવામાં આવે. પછી દીવાબત્તી અને ફર્શ અને ચટાઈ અને બીજી જરૂરીયાતોમાં ખરચ કરે. જે મહત્વની હોય તેને અગ્રીમ રાખે અને આં એ સ્વરૂપમાં છે કે વકફની આવક કોઈ ખાસ ઉપયોગ માટે નિશ્ચિત ન હોય જો નિશ્ચિત છે દા.ત. એક શખ્સે વકફની આવક દીવાબત્તી માટે નિશ્ચિત કરી દીધી છે અથવા વુઝૂના પાણી માટે નિશ્ચિત કરી દીધી છે તો ઈમારત પછી એજ કામમાં ખરચ કરી શકીશું જેના માટે નિશ્ચિત છે. (આલમગીરી, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૭૩)** : ઈમારતમાં ખરચ કરવાની જરૂરત હતી અને વકફના નિરીક્ષકે વકફની આવક વકફની ઈમારતમાં ખરચ ન કરી બલ્કે બીજા હકદારોને આપી દીધી તો તેણે તાવાન આપવું પડશે, અર્થાત જેટલું હકદારોને આપ્યુ છે તેના બદલામાં પોતાના પાસેથી વકફની ઈમારત પર ખરચ કરે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૭૪)** : ઈમારત પર ખરચ થવાના કારણે એક અથવા કેટલાક વર્ષો સુધી બીજા હકદારોને મળ્યું નહી તો તે સમયનો હકજ રદ થઈ ગયો, એવું નથી કે વકફ માથે તેમનો એટલા સમયનો હક બાકી છે અર્થાત માની લો કે આવતા વર્ષે વકફની આવક એટલી વધારે થઈ કે સૌને આપીને કાંઈ બચી ગઈ તો પાછલા વર્ષના બદલામાં હકદારો તેની માંગણી કરી શકતા નથી.

(દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૭૫) :** ખૂદ વાકિફે એ શરતનો ઉલ્લેખ કરી દીધો છે કે વકફની આવકને સર્વ પ્રથમ ઈમારતમાં ખરચ કરવામાં આવે અને જે કાંઈ વધે હકદારો અથવા ફકીરોને આપવામાં આવે તો મુતવલ્લી પર લાઝિમ (અનિવાર્ય) છે કે દરેક વર્ષે આવકમાંથી એક માત્રા ઈમારત માટે કાઢીને બાકીની હકદારોને આપે જો કે અત્યારે તામીરની જરૂરત ન હોય કે શકય છે કે ઓચિંતા કોઈ દુર્ઘટના આવી પડે અને રકમ મોજૂદ ન હોય. માટે અગાઉ થી જ તેની વ્યવસ્થા રાખવી જોઈએ અને જો એ શરતનો ઉલ્લેખ ન કરતો તો જરૂરતથી પહેલા તેના માટે સુરક્ષિત રાખવામાં આવતું નહી બલ્કે જ્યારે જરૂરત પડે તે સમયે ઈમારતને સૌથી અગ્રેસર રાખવામાં આવતી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૭૬) :** વકફ કરનારે એવી રીતે વકફ કર્યુ કે તેની આવક એક અથવા બે વર્ષ સુધી ફલાણાને આપવામાં આવે, તે પછી ફકીરો પર ખરચ થાય અને એ શરતનો પણ ઉલ્લેખ કર્યો છે કે તેની આવકથી સમારકામ વિગરે કરવામાં આવે તો ઈમારતમાં ખરચ કરવાની સખત જરૂરત હોય કે ખરચ ન કરવામાં ઈમારતને નુકસાન પહોંચી જવું સ્પષ્ટ છે, ત્યારે તો ઈમારતને અગ્રીમ કરીશું, નહી તો અગ્રીમતા તે શખ્સને આપવું છે.

(આલમગીરી)

**મસ્અલા (૭૭) :** વકફની આવક મોજૂદ છે અને કોઈ સામયિક નેક કામમાં જરૂરત છે તેના માટે મિલ્કત વકફ છે. દા.ત. મુસલમાન કેદીને છોડાવવો છે અથવા ગાઝીની મદદ કરવી છે અને પોતે વકફની દુરૂસ્તી માટે પણ ખરચ કરવાની જરૂરત છે. જો તેના વિલંબમાં વકફને સખત નુકસાન પહોંચવાની આશંકા છે ત્યારે તો તેના માંજ ખરચ કરવું જરૂરી છે એ જો ખબર છે કે બીજી આવક સુધી તેને વિલંબિત રાખવામાં વકફને નુકસાન પહોંચશે નહી તો તે નેક કામમાં ખરચ કરી દીવામાં આવે. (ખાનિયહ)

**મસ્અલા (૭૮) :** જો વકફની ઈમારતને ઈરાદા પૂર્વક કોઈએ નુકશાન પહોંચાડયું તો જેણે નુકસાન પહોંચાડયું તેણે તાવાન આપવું પડશે.

(રદદુલ મુહતાર)

**મસ્અલા (૭૯) :** પોતાની ઔલાદને રહેવા માટે મકાન વકફ કર્યુ તો જે તેમાં રહેશે એજ સમારકામ પણ કરાવશે, જો સમારકામની જરૂરત છે તે સમારકામ કરાવતો નથી અથવા તેના પાસે કાંઈ છે જ નહી જેનાથી સમારકામ કરાવે તો મુંતવલ્લી અથવા હાકિમ તે મકાનને ભાડે આપી દેશે અને ભાડાથી તેનું સમારકામ કરાવશે અને સમારકામ પછી તેને પાછું આપી દેશે અને ખૂદ તે શખ્સ ભાડા પર આપી શકતો નથી અને તેને સમારકામ કરાવવા માટે મજબૂર કરી શકતા નથી.

(હિદાયા)

**મસ્અલા (૮૦) :** મકાન એટલા માટે વકફ કર્યુ છે કે તેની આવક ફલાણાં શખ્સને આપવામાં આવે તો તે શખ્સ તેમાં રહી શકતો નથી અને ન તે મકાનનું સમારકામ તેના માથે છે, બલ્કે તેની આવક પ્રથમ તો સમારકામમાં ખરચ થશે, તેનાથી વધશે તો તે શખ્સને મળશે અને જો ખૂદ તે શખ્સે તેમાં રહેઠાણ કર્યુ અને એટલા તેના પર જ વકફ છે તો તેના પર ભાડુ વાજિબ નથી કે તેનાથી ભાડુ લઈને ફરી તેને જ આપવું બેફાયદા છે અને જો કોઈ બીજો પણ ભાગીદાર છે તો ભાડુ લેવામાં આવશે કે જેથી બીજાને પણ આમવામાં આવે. એવી રીતે જો મકાનના સમારકામની જરૂરત છે તો પણ તેનાથી ભાડુ વસૂલ કરવામાં આવશે કે જેથી તેનાથી સમારકામ કરવામાં આવે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૮૧) :** જો એવા મકાનનો વકફકાર

પોતે મુતવલ્લી પણ છેઅને તેણે નિવાસ પણ કર્યો અને મકાનમાં રીપેરીંગની જરૂરત છે તો કાઝી તેને મજબૂર કરશે કે જે ભાડુ તેના પર વાજિબ છે તેનાથી મકાનનું સમારકામ કરાવે અને કાઝીના હુકમ આપવા છતાં સમારકામ કરાવ્યું નહી તો કાઝી બીજાને મુતવલ્લી નિયુક્ત કરશે કે તે સમારકામ કરાવશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૮૨)** : જે શખ્સ વકફના મકાનમાં રહેતો હતો તેણે પોતાનો માલ વકફવાળી ઈમારતમાં ખરચ કર્યો, જો એવી વસ્તુમાં ખરચ કર્યો જે સ્થાયી વજૂદ ધરાવતી નથી. દા.ત. ચુનો કરાવ્યો છે અથવા દીવાલોમાં રંગ અથવા ચિત્રકામ કરાવ્યું તો તેનો કોઈ બદલો વિગેરે તેને અથવા તેના વારસોને મળી શકતો નથી. અને જો સ્થાયી અસ્તિત્વ ધરાવે છે અને તેને જુદા કરવાથી વકફવાળી ઈમારતને કંઈ નુકસાન પહોંચી શકતુ નથી તો તેને અથવા તેના વારસોને કહેવામાં આવશે કે તે પોતાનો સામાન હઠાવી લે જો ન હઠાવે તો બળજબરીએ હઠાવી દેવામાં આવશે અને જો વકફ કરનારથી કાંઈ લઈને તેમણે સુલેહ કરી લીધી તો તે પણ જાઈઝ છે અને જો તે એવી વસ્તુ છે જેને જુદા કરવાથી વકફને નુકસાન પહોંચશે. દા.ત. તેની છતમાં કડીઓ નંખાવી છે તો તે અથવા તેના વારસો કાઢી શકતા નથી બલ્કે જેના પર વકફ છે તેનાથી કીમત દેવડાવવામાં આવશે અને કીમત આપવાનો તે ઈન્કાર કરે તો મકાનને ભાડે આપીને ભાડાથી કીમત અદા કરી દેવામાં આવે પછી વકફવાળાને મકાન પાછુ આપી દેવામાં આવે. (આલમગીરી)

**મસ્અલા (૮૩)** : જરૂરતના સમયે દા.ત. વકફની ઈમારતમાં ખરચ કરવું છે અને ખરચ ન કરીશું તો નુકશાન થશે અથવા ખેતર વાવવાનો સમય છે અને વકફ પાસે ન રૂપિયા છે ન બીજ અને ખેતર ન વાવીએ તો આવક જ થશે નહી, એવા સમયમાં વકફ તરફથી કરજ લેવું જાઈઝ છે, પરંતુ તેના માટે બે શરતો છે. એક એ કે કાઝીની ઈજાઝત થી થાય. બીજું એકે વકફની વસ્તુને ભાડે આપીને ભાડાથી જરૂરતને પુરી ન કરી શકતા હોય અને જો કાઝી ત્યાં હાજર નથી, છેટે છે તો પોત પણ કરજ લઈ શકે છે, ભલે રૂપિયા કરજ લે અથવા જરૂરતની કોઈ વસ્તુ ઉધાર લે, બંને રીતે જાઈઝ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૮૪)** : વકફની ઈમારત પડી ગઈ પછી તેનું નિર્માણ થયું અને પહેલાનો કેટલોક સામાન બચેલો છે તો જો એ ખ્યાલ હોય કે ભવિષ્યમાં જરૂરતના સમયે એ જ વકફમાં કામ આવી શકે છે ત્યારે તો સુરક્ષિત રાખવામાં આવે નહી તો વેચીને કીમતને રીપેરીંગમાં ખરચ કરો અને જો મુકી રાખવામાં નષ્ટ થવાની આશંકા છે તો પણ વેચી નાખો અને રકમને સુરક્ષિત રાખો. આ વસ્તુઓ ખૂદ તે લોકોને આપી શકાતી નથી જેમના પર વકફ છે. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા (૮૫)** : મુતવલ્લીએ વકફના કામ કરવા માટે કોઈને નોકર રાખ્યો અને વ્યાજબી મહેનતાણાથી છઠ્ઠો ભાગ અધિક કરી દીધો દા.ત. છ આનાની જગ્યાએ સાત આના આપ્યા તો સઘળુ મહેનતાણું મુતવલ્લીએ પોતાના પાસેથી આપવું પડશે અને જો થોડોક વધારો છે કે લોકો ધોકો ખાઈને એટલું વધારો કરી દે છે તો તેનું તાવાન નથી બલ્કે એવા સ્વરૂપમાં વકફમાંથી મહેનતાણું અપાવવામાં આવશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૮૬)** : કોઈએ પોતાની મિલ્કત મસ્જિદના ખરચ માટે વકફ કરી છે તો ઈમામ, મોઅઝઝિન, ઝાડુ, મારનાર, ફરાસ, દરબાન, ચટાઈ, જાનમાઝ, કંદીલ, તેલ રોશની કરનાર, વુઝૂનું પાણી, લોટા, ડોલ, રાસ, પાણી ભરનારાનું

મહેનતાણું આ પ્રકારના ખરચા ખરચમાં ગણના થશે. (દુર્રે મુખ્તાર) મસ્જિદ નાની મોટી હોવાથી જરૂરત તથા ખરચનો મતભેદ જશે, મસ્જિદની આવક અધિક છે કે જરૂરત કરતાં વધી રહે છે તો ઉમદા, સુંદર જાનમાઝોનું ખરીદવું પણ જાઈઝ છે. ચટાઈની જગ્યાએ દરી અથવા કાલીનનું ફર્શ બિછાવી શકે છે. (બહર)

## મસ્જિદ તથા મદ્રસાના સંબંધીઓના વઝીફા

**મસ્અલા (૮૭) :** મદ્રસા માટે મિલ્કત વકફ કરી તો મુદર્રિસનો પગાર, વિદ્યાર્થીઓનો ખોરાક, વઝીફો, કિતાબો, લિબાસ વિગેરેમાં મિલ્કતની આવક ખરચ કરી શકાય છે. વકફની દેખરેખ રાખનાર, હિસાબની ઓફીસ અને ગુમાસ્તાઓના પગારો આ વસ્તુઓ પણ ખરચમાં દાખલ છે બલ્કે વકફ સંબંધે જેટલા કામ કરવાવાળાઓની જરૂરત હોય સૌને વકફમાંથી પગારો આપવામાં આવશે.

**મસ્અલા (૮૮) :** વકફમાંથી જે માસિક વઝીફા પગારો નક્કી થાય છે તે મહેનતાણા રૂપે છે અને મહેનતાણાના બદલા રૂપે તો એમ છે કે ઈમામ તથા મોઅઝઝિનનું જો વર્ષ દરમિયાન અવસાન થઈ જાય તો જેટલા દિવસ કામ કર્યુ છે તેનો પગાર મળશે અને કેવળ બદલો હોય ન મળતો અને જો તેમને એડવાન્સ પગાર આપી દેવામાં આવ્યો છે, પાછળથી ઈન્તેકાલ થઈ ગયો અથવા છુટા કરી દેવામાં આવ્યા તો જે કાંઈ પહેલા આપી દીધું છે તે પાછું મળશે નહી અને કેવળ મહેનતાણું હોત તો પાછું લેવાતુ. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૮૯) :** મદ્રસામાં છુટ્ટીના જે દિવસો છે. દા.ત.જુમ્આ, અને જુમેરાત, માહે રમઝાનની જુમ્આં અને ઈદ, બકરા ઈદની છુટ્ટીઓ જે સામાન્યત મુસલમાનોમાં પ્રચલિત તથા નિયમ છે તે છુટ્ટીઓના પગારોનો મુદર્રિસ હકદાર છે અને તે સિવાય જો મદ્રસા મા ન આવ્યો અથવા કારણ વગર તાલીમ આપી નહી તો તે દિવસના પગારનો હકદાર નથી. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૯૦) :** તાલિબે ઈલ્મ વઝીફા (શિષ્યવૃતિ) નો તે સમયે હકદાર છે કે તાલીમમાં મશગૂલ હોય અને જો બીજું કામ કરવા લાગ્યો અથવા બેકાર રહે છે તો વઝીફાનો હકદાર નથી. જો કે તેનો નિવાસ મદ્રસામાંજ હોય અને જો પોતાના વાંચન માટે કિતાબ લખવામાં મશગૂલ થઈ ગયો જેનું લખવું જરૂરી હતું એ કારણે પઢવા આવ્યો નહી તો વઝીફો (સ્કોલર શીપ)નો હકદાર છે. અને જો ત્યાંથી દૂરના પ્રવાસે ચાલ્યો ગયો તો પાછા ફરીને વઝીફાનો હકદાર નથી. અને પ્રવાસના અંતરથી ઓછા અંતરે ગયો અને પંદર દિવસ ત્યાં રહ્યો તો પણ હકદાર નથી અને તેનાથી ઓછું થોભ્યો પરંતુ જવું ફરવા માટે હતું તો પણ હકદાર નથી. અને જો જરૂરતના કારણે ગયો દા.ત. ખાવા માટે તેના પાસે કાંઈ હતુ નહી એટલા માટે ગયો કે ત્યાંથી થોડોક ચંદો (ફાળો) ભેગો કરી લાવે તો વઝીફાનો હકદાર છે. (ખાનીયહ)

**મસ્અલા (૯૧) :** મુદર્રિસ અથવા તાલિબે ઈલ્મ ફરજ હજ માટે ગયો તો આ ગેરહાજરીના કારણે છુટો કરવાનો હકદાર નથી બલ્કે પોતાનો વઝીફો પણ મેળવશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૯૨) :** ઈમામ પોતાના સગાઓની મુલાકાત માટે ચાલ્યો ગયો અને એક અઠવાડીયું અથવા થોડુંક ઓછું ઈમામત ન કરી શકયો અથવા કોઈ મુસીબત અથવા વિશ્રામના કારણે ઈમામત ન કરી શકયો તો વાંધો નથી. આ દિવસોનો વઝીફો લેવાનો હકદાર છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૯૩) :** ઈમામે જો થોડાક દિવસો માટે કોઈને પોતાનો કાયમ મુકામ (પ્રતિનિધી) નિયુક્ત કરી દીધો છે તો તે તેનો કાયમ મુકામ છે

પરંતુ વકફની આવકમાંથી તેને કાંઈ આપી શકાતું નથી. કેમ કે ઈમામની જગ્યાએ તેની નિયુક્તિ નથી અને જે કાંઈ ઈમામે તેના માટે મુકર્રર કર્યુ છે તે ઈમામ પાસેથી લેશે અને ખુદ ઈમામે જો વર્ષના અકસીર ભાગમાં કામ કર્યુ છે તો તમામ વઝીફો મેળવવાનો હકદાર છે. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૯૪)** : ઈમામ તથા મોઅઝઝિનનું વાર્ષિક મુકર્રર હતું અને વર્ષ દરમિયાન ઈન્તેકાલ થઈ ગયો તો જેટલા દિવસો કામ કર્યુ છે એટલા દિવસના પગારનો હકદાર છે. તેમના વારસદારોને આપવામાં આવે. જો કે વકફની આવક પહેલા ઈન્તેકાલ થઈ ગયો હોય અને મુદર્રિસનો ઈન્તેકાલ થઈ ગયો તો જેટલા દિવસો કામ કર્યુ છે તે પણ એટલા દિવસોના પગારનો હકદાર છે અને બીજા લોકો જેમને વકફથી વઝીફો મળે છે તે વર્ષ દરમિયાન અવસાન પામે અને વકફની આવક હજુ આવી નથી તો વઝીફાના હકદાર નથી અને ફકીરો માટે મિલ્કત વકફ હતી અને જે ફકીરોને આપવું છે તેમના નામ લખી લેવામાં આવ્યા અને રકમ પણ કાઢી લીધી છે તો તે લોકો જેમના નામ પર રકમ કાઢવામાં આવી હકદાર થઈ ગયા માટે આપવાથી પહેલા તેમનામાંથી કોઈનો ઈન્તેકાલ થઈ ગયો તો તેના વારસદારને આપવામાં આવે.. એવી જ રીતે મક્કા મોઅઝઝમા અથવા મદીના મુનવ્વરાને અથવા કોઈ બીજા સ્થળે કોઈ નિશ્ચિત શખ્સના નામે જે રકમ મોકલવામાં આવી, જો ત્યાં પહોંચવાથી પહેલા તેનો ઈન્તેકાલ થઈ ગયો તો તેના વારસદારો તે રકમના હકદાર છે. જે શખ્સ તે રકમો લઈ ગયો તે એજ વારસદારોને આપે. બીજા લોકોને આપે નહી. (રદદુલ મુહતાર) ઈમામ તથા મોઅઝઝિનમાં વાર્ષિકની કોઈ વિશેષતા નથી બલ્કે છ માસિક અથવા માસિક પગાર હોય જેવું કે હિન્દુસ્તાનમાં સામાન્યત માસિક પગાર હોય છે. વાર્ષિક અથવા છ માસિક કવચિત જ હોય છે અને દરમિયાન ઈન્તેકાલ થઈ જાય તો એટલા દવસોના પગારનો હકદાર છે.

## વકફ ત્રણ પ્રકારનું હોય છે.

**મસ્અલા (૯૫)** : વકફ ત્રણ પ્રકારે થાય છે. કેવળ ફકીરો માટે વકફ હોય દા.ત. આ મિલ્કતની આવક ખૈરાત થતી રહે. અથવા માલદારો માટે પછી ફકીરો માટે દા.ત. વંશપરંપરાગત ઔલાદ પર વકફ કર્યુ અને ઉલ્લેખ કરી દીધો કે જો મારી ઔલાદમાં કોઈ રહે નહી તો તેની આવક ફકીરો પર ખરચ કરવામાં આવે અથવા માલદાર તથા ફકીરો બંને માટે, જેવું કે કુવો, સરાય, મુસાફરખાના, કબ્રસ્તાન, પાણી પીવડાવવાની પરબ, પુલ, મસ્જિદ કે આ વસ્તુઓમાં કેવળ ફકીરોની વિશેષતા હોતી નથી માટે જો માલદારની સ્પષ્ટતા ન કરે તો પણ તે વસ્તુઓથી પૈસાપાત્ર ફાયદો ઉઠાવી શકે છે અને હોસ્પિટલ માટે મિલ્કત વકફ કરી કે તેની આવકથી બીમારોને દવાઓ આપવામાં આવે તો તે દવાનો પૈસાપાત્ર તે સમયે ઉપયોગ કરી શકે છે જ્યારે વાકિફે આમ કરી દીધું હોય કે જે બીમાર આવે તેને દવા આપવામાં આવે. અથવા માલદારની સ્પષ્ટતા કરી દીધી હોય કે અમીર તથા ગરીબ બંનેને દવાઓ આપવામાં આવે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૯૬)** : કેવળ માલદાર માટે વકફ જાઈઝ નથી, હા જો માલદાર પર હોય તેમના પછી ફકીરો પર અને જે માલદારો માટે વકફ કરવામાં આવે તેમની સંખ્યા ખબર હોય તો જાઈઝ છે. (આલમગીરી)

**મસ્અલા (૯૭)** : મુસાફરો પર વકફ કર્યુ. અર્થાત વકફની આવક મુસાફરો પર ખરચ થાય, આ વકફ જાઈઝ છે અને તેના હકદાર એજ

મુસાફર છે જે ફકીર (નિર્ધન) હોય. જે મુસાફર માલદાર હોય તે હકદાર નથી. (આલમગીરી)

**મસ્અલા (૯૮)** : ફકીરો અથવા મિસ્કીનો પર વકફ કર્યુ તો આ વકફ સર્વથા સહીહ છે. ભલે વકફ કરનાર કેદ હોય કે આઝાદ અને જો એવો મસરફ (પ્રયોજન) નો ઉલ્લેખ કર્યો જેમાં ફકીર તથા ગની બંને જોવામાં આવતા હોય. દા.ત. સગાઓ પર વકફ કર્યુ તો જો નિશ્ચિત હોય વકફ સહીહ છે. નહી તો નથી. હા જો તે શબ્દના ઉપયોગની ગણનાએ હાજત પર દલાલત કરતો હોય તો વકફ સહીહ છે. દા.ત. યતીમો પર અથવા તુલબા (વિદ્યાર્થીઓ) પર વકફ કર્યુ કે ફકીર તથા માલદાર બંને યતીમ હોય છે અને બંને તાલિબ ઈલ્મ હોય છે પરંતુ ઉર્ફમાં આ બંને શબ્દ હાજતમંદો પર બોલવામાં આવે છે તો તેમનાથી પણ વકફ સહીહ છે અને વકફની આવક કેવળ હાજતમંદ યતીમ અને તુલબાને આપવામાં આવશે. માલદારને નહી. એવી જ રીતે અપાહીજ (અપંગો) અને આંધળા પર વકફ પણ સહીહ છે. અને કેવળ મોહતાજોને આપવામાં આવશે, એવી જ રીતે વિધવાઓ પર પણ વકફ સહીહ છે જો કે આ શબ્દ ફકીર તથા માલદાર બંનેને શામેલ છે પરંતુ ઉપયોગમાં તેનાથી સામાન્યત હાજત સમજવામાં આવે છે. એવી જ રીતે ફિકહ તથા હદીસનું શુગલ (કામ) ધરાવનાર પર પણ વકફ સહીહ છે કે આ લોકો ઈલ્મી પ્રવૃત્તિ ના કારણે કમાવામાં મશગુલ હોતા નથી. અને સામાન્યત હાજતશાળી હોય છે. (ફતહુલ કદીર)

**મસ્અલા (૯૯)** : વકફોમાં નવો વઝીફો મુકર્રર કરવાનો કાઝીને પણ અખત્યાર નથી. અર્થાત એવો વઝીફો જે વાકિફની શરતોમાં નથી. તો શરતોની વિરૂદ્ધ મુકર્રર કરવું ઉચ્ચ કક્ષાએ નાજાઈઝ થશે અને જેના માટે નિયુક્ત કરવામાં આવ્યું તેણે લેવું પણ નાજાઈઝ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૦૦)** : કાઝી જો કોઈ શખ્સ માટે તઅલીકી (અવલંબિત) વઝીફો જારી કરે તો થઈ શકે છે. દા.ત. એમ કહ્યું કે જો ફલાણો મરી જાય અથવા કોઈ જગ્યા ખાલી થઈ તો મે તેના સ્થાને તેને નિયુક્ત કરી દીધો તો મૃત્યુ પર તેની નિયુક્તિ તેના સ્થાને થશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૦૧)** : જો સદકાર્યો માટે વકફ કર્યુ અને એમ કહ્યું કે આ વકફથી પાણીની પરબ બેસાડવામાં આવે અથવા છોકરીઓ અને અનાથોની શાદીનો સામાન કરી આપવામાં આવે અથવા કપડાં ખરીદીને ફકીરોને આપી દેવામાં આવે અથવા દરેક વર્ષે આવક સદકો કરી દેવામાં આવે અથવા જમીન વકફ કરી કે તેની આવક જેહાદમાં ખરચ કરવામાં આવે કે મુજાહિદોનો સામાન કરી આપવામાં આવે અથવા મડદાઓના કફન દફનમાં ખરચ કરવામાં આવે, આ સઘળા સ્વરૂપો જાઈઝ છે. (આલમગીરી)

**મસ્અલા (૧૦૨)** : એક વકફની આવક ઓછી છે કે જે હેતુથી મિલ્કત વકફ છે તે હેતુ પુરો થતો નથી. દા.ત. મિલ્કત વકફ કરી કે તેના ભાડાથી ઈમામ તથા મોઅઝઝિનના પગારો આપવામાં આવે પરંતુ જેટલું ભાડું આવે છે તેનાથી ઈમામ તથા મોઅઝઝિનના પગારો આપી શકાતા નથી કે એટલા ઓછા પગાર પર કોઈ રહેતો જ નથી તો બીજા વકફની આવક તેના પર ખરચ કરી શકાય છે. જ્યારે કે બીજું વકફ પણ એજ શખ્સનું હોય અને તે વસ્તુ પરજ વકફ હોય. દા.ત. એક મસ્જિદ સંબંધે તે શખ્સે બે વકફ કર્યા કે એકની આવક ઈમારત માટે અને બીજાની ઈમામ તથા મોઅઝઝિન ના પગાર માટે અને તેની આવક ઓછી છે તો પ્રથમ વકફની ફાઝલ આવક ઈમામ તથા મોઅઝઝિન પર ખરચ કરી શકાય છે અને જો

વાકિફ બંને વકફોના બે હોય દા.ત. બે શખ્સોએ એક મસ્જિદ માટે વકફ કર્યુ અથવા વાકિફ એક જ હોય પરંતુ વકફના હેતુ જુદા હોય દા.ત. એક જ શખ્સે મસ્જિદ તથા મદ્રસો બનાવ્યો અને બંને પર અલગ અલગ વકફ કર્યા તો એકની આવક બીજા પર ખરચ કરી શકતા નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૦૩) :** બે મકાન વકફ કર્યા. એક પોતાની ઔલાદના રહેવા માટે અને બીજું એટલા માટે કે તેનું ભાડુ મારી ઔલાદ પર ખરચ થશે તો એક ને બીજા પર ખરચ કરી શકતા નથી.

(રદદુલ મુહતાર)

**મસ્અલા (૧૦૪) :** વકફથી ઈમામનો જે કાંઈ પગાર મુકર્રર છે જો તે અપુરતો છે તો કાઝી તેમાં વધારો કરી શકે છે અને જો એટલા પગાર પર બીજો ઈમામ મળી રહ્યો છે. પરંતુ આ ઈમામ આલિમ, પરહેઝગાર છે, તેનાથી બહેતર છે તો પણ વધારો જાઈઝ છે અને જો એક ઈમામના પગારમાં વધારો થયો તેના પછી બીજો ઈમામ મુકર્રર થયો તો જો આવેલ ઈમામના પગારનો વધારો તેની અંગત બુઝુર્ગીના કારણે હતો જે બીજામાં નથી તો બીજા માટે વધારો જાઈઝ નથી અને જો તે વધારો કોઈ બુઝુર્ગી તથા ફઝીલત ના કારણે ન હતો બલ્કે જરૂરત તથા હાજતના કારણે હતો તો બીજા માટે પણ પગારમાં એજ વધારો થશે. એજ હુકમ બીજા વઝીફા પામનારાઓનો પણ છે કે જરૂરતના કારણે તેમના પગારોમાં વધારો કરી શકાય છે.

(દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

## ✿ ઔલાદ પર અથવા પોતાના પંડ પર વકફનું બયાન ✿

**મસ્અલા (૧૦૫) :** એમ કહ્યું કે આ મિલ્કતને મેં પોતાના પર વકફ કરી, મારા પછી ફલાણા પર તેના પછી ફકીરો પર. આ વકફ જાઈઝ છે. એવી જ રીતે પોતાની ઔલાદ અથવા નસલ પર પણ વકફ કરવું જાઈઝ છે. (આલમગીરી)

**મસ્અલા (૧૦૬) :** પોતાની ઔલાદ પર વકફ કર્યુ, તેમના પછી મિસ્કીનો તથા ફકીરો પર તો જે ઔલાદ આવકના સમયે હાજર છે જો કે વકફના સમયે હાજર ન હતી, તેને ભાગ મળશે અને જે વકફના સમયે હાજર હતી અને હવે મરી ગઈ છે તેને ભાગ મળશે નહી. (આલમગીરી)

**મસ્અલા (૧૦૭) :** ઔલાદ નથી અને ઔલાદ પર એવી રીતે વકફ કર્યુ કે જે મારી ઔલાદ પેદા થાય તે આવકની હકદાર છે. આ વકફ સહીહ છે અને તે સૂરતમાં જ્યાં સુધી ઔલાદ પૈદા ન થાય વકફની જે કાંઈ આવક થશે મિસ્કીનો પર ખરચ થશે અને જ્યારે ઔલાદ પૈદા થશે તો હવે જે કાંઈ આવક થશે તેને મળશે. (ખાનિયહ)

**મસ્અલા (૧૦૮) :** ઔલાદ પર વકફ કર્યુ તો છોકરા અને છોકરીઓ અને ખુનસી સૌ તેમાં શામેલ છે. અને છોકરાઓ પર વકફ કર્યુ તો છોકરીઓ અને ખુન્સા (હીજડા જેમાં પુરુષ અને સ્ત્રી બન્નેના ગુપ્તાંગો હોય) દાખલ નથી અને છોકરીઓ પર વકફ કર્યુ તો છોકરા અને ખુનસા દાખલ નથી. અને એમ કહ્યું કે છોકરા અને છોકરી પર વકફ કર્યુ તો ખુનશી દાખલ છે કે તે વાસ્તવમાં છોકરો છે કે છોકરી, જો કે જાહેરમાં કોઈ બાજુએ નિયુક્ત ન થયો. (આલમગીરી)

**મસ્અલા (૧૦૯) :** પોતાની તે ઔલાદ પર

વકફ કર્યુ જે હાજર છે અને વંશ પરંપરાગત તેની ઔલાદ પર તો વાકિફની જે ઔલાદ વકફ કરવા પછી પૈદા જશે તે અને તેની ઔલાદ હકદાર નથી. (આલમગીરી)

**મસ્અલા (૧૧૦)** : ઔલાદ પર વકફ કર્યુ તો તે ઔલાદને ભાગ મળશે જે વંશીક રીતે પરિચિત હોય અને જો તેનું નસબ કેવળ વાકિફના એકરારથી સાબિત થતું હોય તો આવકની હકદાર નથી. તેનું સ્વરૂપ એ છે કે એક શખ્સે મિલ્કત ઔલાદ પર વકફ કરી અને વકફની આવક આવ્યા પછી છ મહીનાથી ઓછામાં તેની દાસીથી બાળક પૈદા થયું તેણે કહ્યું આ મારું બાળક છે. તો નસબ સાબિત થઈ જશે પરંતુ આ આવકથી તેને કાંઈ મળશે નહી અને જો વિવાહિતા અથવા ઉમ્મે વલ્દ (તે દાસી જેની પોતાના આકાથી ઔલાદ પૈદા થઈ હોય)થી છ મહિના થી ઓછામાં બાળક પૈદા થયું તો પોતાના ભાગનો હકદાર છે અને આવકથી છ મહિના અથવા વધારેમાં પૈદા થાય તો આ આવકથી તેનો ભાગ નથી. (આલમગીરી)

**મસ્અલા (૧૧૧)** : પોતાની નાબાલિગ ઔલાદ પર વકફ કર્યુ તો તે મુરાદ છે જે વકફના સમયે બાળક હોય જો કે આવકના સમયે જવાન હોય અથવા આંધળી અથવા કાણી ઔલાદ પર વકફ કર્યુ તો વકફના દિવસે જે આંધળા અને કાણા છે તે મુરાદ છે. જો વકફના દિવસે આંધળો ન હતો આવકના દિવસે આંધળો થઈ ગયો તો હકદાર નથી અને જો એમ વકફ કર્યુ કે તેની આવકની હકદાર મારી તે ઔલાદ છે જે અહીંયા રહે તો આવકના સમયે અહીંયા જેનો નિવાસ હશે તે હકદાર છે. વકફના દિવસે જો કે અહિંયા નિવાસ ન હતો.

(આલમગીરી, ફતહુલ કદીર)

**મસ્અલા (૧૧૨)** : પોતાની ઔલાદ પર વકફ કર્યુ અને શરત લગાવી દીધી કે જે અહીંયાથી ચાલ્યો જાય તેનો ભાગ રદ, તો જવા પછી પાછો આવી જાય તો પણ ભાગ મળશે નહી. હા જો વાકિફે એ પણ શર્ત કરી હોય કે પાછા આવવા પર ભાગ મળશે તો હવે મળશે. એવી જ રીતે જો એ શરત કરી કે મારી ઔલાદમાં જે છોકરી વિધવા થઈ જાય તેને આપવામાં આવે તો જ્યાં સુધી વિધવા થવા પર નિકાહ કરશે નહી, ભાગ મળશે અને નિકાહ કરવાથી મળશે નહી. જો કે નિકાહ પછી તેના પતિએ તલાક આપી દીધી હોય પરંતુ જ્યારે કે વાકિફે એ શરત કરી દીધી હોય કે ફરી પતિ વગરની થઈ જાય તો આપવામાં આવે તો હવે આપવામાં આવશે. (ફતહુલ કદીર)

**મસ્અલા (૧૧૩)** : ઝકૂર ઔલાદ (પુરૂષ સંતાનો) અને ઝકૂરની ઔલાદ પર વકફ કર્યુ તે તેનાજ અનુસાર વહેંચણી થશે અને ઔલાદે ઝકૂરની ઔલાદ ઝકૂર (પુરૂપ જાતિ) પર વંશપરંપરાગત વકફ કર્યુ તો છોકરીઓને તેમાંથી કાંઈ મળશે નહી બલ્કે આ નસલમાં જેટલા છોકરા થશે એજ હકદાર થશે અને ઝુકૂરનો સિલસિલો નષ્ટ થવા પર ફકીરો પર ખરચ થશે. (આલમગીરી)

**મસ્અલા (૧૧૪)** : ઔલાદમાં જે હાજતમંદ હોય તેમના પર વકફ કર્યુ તો આવકના સમયે જે એવા હોય તે હકદાર થશે, જો કે તે પહેલા માલદાર હતા. અને જે પહેલા હાજતમંદ હતા અને હવે માલદાર થઈ ગયા તો હકદાર નથી. (આલમગીરી)

**મસ્અલા (૧૧૫)** : મોહતાજ ઔલાદ પર વકફ કર્યુ હતું અને આવક કેટલાક વર્ષો સુધી વહેંચાઈ નથી, ત્યાં સુધી કે માલદાર મોહતાજ થઈ ગયા અને મોહતાજ માલદાર થઈ ગયા તો વહેંચણીના સમયે જે મોહતાજ હોય તેમને આપવામાં આવે.

**મસ્અલા (૧૧૬)** : પોતાની ઔલાદમાં જે આલિમ હોય તેના પર વકફ કર્યુ તો ગેર આલિમને

આપશે નહી. અને માની લો કે નાનું બાળક મુકીને મરી ગયો જે પછીથી આલીમ થઈ ગયો તો જ્યાં સુધી આલિમ થયો નથી તેને મળશે નહી. અને ન તે સમયની આવકનો ભાગ તેના માટે જમા રાખવામાં આવશે. બલ્કે હવેથી ભાગ મેળવવાનો હકદાર થશે. (આલમગીરી)

**મસ્અલા (૧૧૭)** : જો ઔલાદ(૧) પર વકફ કર્યુ પરંતુ વંશપરંપરાગત ન કહ્યું તો કેવળ સુલબી (હકીકી)ને મળશે અને સુલબી ઔલાદ નષ્ટ થવા પર તેમની ઔલાદ હકદાર થશે નહી. બલ્કે મિસ્કીનોનો હક છે. અને આ સૂરતમાં જો વકફના સમયે તે શખ્સની સુલબી ઔલાદ જ ન હોય અને પૌત્ર હાજર છે તો પૌત્ર જ સુલબી ઔલાદના સ્થાને છે કે જ્યાં સુધી તે જીવંત છે હકદાર છે અને નવાસો સુલબી ઔલાદના સ્થાને નથી એ વકફ પછી સુલબી ઔલાદ પૈદા થઈ ગઈ તો હવેથી પૌત્ર મેળવશે નહી, બલ્કે સુલબી ઔલાદ હકદાર છે અને માની લોકે પૌત્ર પણ ન હોય પરંતુ પૌત્રનો પૌત્ર અને પર પૌત્રનો છોકરો હોય તો આ બંને હકદાર છે. (ખાનિયહ)

નોંટ : (૧) ઉર્દુમાં એકને ઔલાદ (બહુવચન) કહે છે અને આ શબ્દ આપણા ત્યાંની વપરાશમાં એવા સ્થળે બોલવામાં આવે છે જ્યાં અરબીમાં "વલ્દ" (એકવચન) બોલે છે. નહિતર અરબી ભાષામાંઔલાદના શબ્દને, સુલબીસાથે વિશેષતા નથી.)

**મસ્અલા (૧૧૮)** : ઔલાદ અને ઔલાદની ઔલાદ પર વકફ કર્યુ તો કેવળ બે જ પૈઢી સુધીની ઔલાદ હકદાર છે. પૌત્રાની ઔલાદ હકદાર નથી અને તેમાં પણ પુત્રીની ઔલાદ અર્થાત નવાસા, નવાસીઓનો હક નથી એ જો એમ કહ્યું કે ઔલાદ પછી ઔલાદની ઔલાદ પછી તેમની ઔલાદ અર્થાત ત્રણ પેઢીઓ ઉલ્લેખ કરી દીધી તો એવું જ છે જેવું નસલ પછી નસલ અને વંશ પરંપરાગત કહેતા કે જ્યાં સુધી ઔલાદના સિલસિલામાં કોઈ બાકી રહશે હકદાર છે. અને નસલ કપાઈ જાય તો ફકીરો ને મળશે. (ખાનિયહ વિગેરે)

**મસ્અલા (૧૧૯)** : પુત્રો (બેટાઓ) (બહુવચનનો સેગો) પર વકફ કર્યુ અને બે અથવા વધારે હોય તો સૌ બરાબર બરાબર (સમાન) પર વહેંચી લે અને એક જ પુત્ર હોય તો આવકમાં અર્ધુ તેને આપીશું અને અર્ધુ ફકીરોને અને જો પુત્ર અને પુત્રની ઔલાદ અને તેની ઔલાદની ઔલાદ પર પેઢી દર પેઢી વકફ કર્યુ તો પુત્ર ની તમામ ઔલાદે ઝકૂર (પુરુષજાતિ) તથા અનાસ (ઔરતો) પર સમાન વહેંચાશે અને જો વકફમાં પુરૂષને સ્ત્રીથી બમણું કહ્યું તો બરાબર (સમાન) આપીશું નહી બલ્કે તેના અનુસાર આપે જેવું વકફમાં મજકૂર છે. પૌત્ર અને પરપૌત્ર બંને ને સમાન આપવામાં આવશે. જો વાકિફે વકફ માં એ ઉલ્લેખ કરી દીધો હોય કે ઉચ્ચ બતન (ઉદર) ને આપવામાં આવે, તે ન હોય તો અસફલ (નીચેવાળા) ને તો પૌત્રની હાજરીમાં પર પૌત્રને આપીશું નહી. બલ્કે જો એક જ પૌત્ર હોય તો તમામ નો એજ હકદાર છે, તેના મૃત્યુ પછી પૌત્રની તમામ ઔલાદને મળશે. આ પૌત્રની ઔલાદ પણ અને જે પૌત્રા તેનાથી પહેલા મરી ગયા છે તેમની ઔલાદ ને પણ અને જો એમ કહી દીધું હોય કે બતને આલામાં જે મરી જાય તેનો ભાગ તેની ઔલાદ ને આપવામાં આવે તો જે પૌત્ર મોજૂદ છે તેને મળશે. અને જે મરી ગયો છે તેનો ભાગ તેની ઔલાદને મળશે. (આલમગીરી)

**મસ્અલા (૧૨૦)** : આવક આવી ગઈ છે, પરંતુ હજુ વહેંચાઈ નથી કે એક હકદાર મરી ગયો તો તેનો ભાગ રદ થશે નહી. બલ્કે તેના વારસોને મળશે. (આલમગીરી)

**મસ્અલા (૧૨૧)** : એક શખ્સે કહ્યું મારા મૃત્યુ

પછી મારી આ જમીન મિસ્કીનો પર સદકો છે અને આ જમીન એક તૃતિયાંસ ના અંદર છે તો મૃત્યુ પછી તેની આવક તેની ઔલાદને આપી શકાતી નથી જો કે ફકીર તથા મોહતાજ હોય અને જો સહત (જીવતા) માં વકફ કરે અને મૃત્યુ પછી સંબંધિત પ્રત્યે ન કરે પછી મરી જાય અને તેની ઔલાદમાં એક અથવા કેટલાક મિસ્કીન હોય તો તેમને આપવું બીજા મિસ્કીનો કરતાં વધુ બહેતર છે પરંતુ દરેક ને નિસાબ થી ઓછું આપવામાં આવે: (ફતાવા કાઝી ખાન)

**મસ્અલા (૧૨૨) :** તંદુરસ્તીમાં ફકીરો પર વકફ કર્યુ અને વાકિફના વારસો ફકીર હોય તો તેમને આપવું અધિક બહેતર છે પરંતુ એ વાતની સાવધાની જરૂરી છે કે તમામ માલ તેમને જ ન આપવામાં આવે બલ્કે થોડોક તેમને આપવામાં આવે અને થોડોક ગૈરોનો અને જો તમામ આપવામાં આવે તો હમેશ ન આપવામાં આવે કે કયાંક તે લોકો એમ ન સમજવા લાગે કે તેમના પર જ વકફ છે. (ખાનિયહ)

**મસ્અલા (૧૨૩) :** સહતમાં જે વકફ ફકીરો પર કરવામાં આવ્યું તેનો ઉપયોગ ઔલાદ પછી સૌથી બહેતર વાકિફના સગાઓ છે, પછી તેના આઝાદ કરેલા ગુલામ, પછી તેના પોષણવાળા, પછી તેના શહેરના તે લોકો જે વાકિફ પાસે ઉઠતા બેસતા તેના મિત્રો, સ્નેહીઓ હતા. (ખાનિયહ)

**મસ્અલા (૧૨૪) :** પોતાની ઔલાદ પર વકફ કર્યુ અને તેમના પછી ફકીરો પર અને તેની કેટલીક ઔલાદો છે તેઓ પૈકી કોઈ મરી જાય તો વકફની તમામ આવક બાકીની ઔલાદ પર વહેંચાશે. અને જ્યારે સૌ મરી જશે તે સમયે ફકીરોને મળશે અને જો વકફમાં ઔલાદનું નામ કહી દીધું હોય કે મેં પોતાની ફલાણી ફલાણી ઔલાદ પર વકફ કર્યુ અને તેમના પછી ફકીરો પર તો આ સ્વરૂપમાં જે મરશે તેનો ભાગ ફકીરો ને આપવામાં આવશે. હવે બાકીના ઓ પર તમામ વહેંચાશે નહી. (ખાનિયહ)

**મસ્અલા (૧૨૫) :** પોતાની ઔલાદ પર મકાન વકફ કર્યુ છે કે આ લોકો તેમાં નિવાસ કરે તો તેમાં નિવાસ જ કરી શકે છે, ભાડે આપી શકતા નથી, જો કે ઔલાદમાં કેવળ એક જ શખ્સ છે અને મકાન તેની જરૂરતથી વધારે છે અને જો તેની,ઔલાદમાં વધારે શખ્સો હોય કે સૌ તેમાં નિવાસ કરી શકતા નથી તો પણ ભાડે આપી શકતા નથી. બલ્કે પરસ્પર રજામંદીથી નંબરવાર દરેક તેમાં નિવાસ કરી શકે છે. અને જો મકાન બહુ મોટુ છે જેમાં કેટલાએ રૂમ અને ઓરડા છે તો પુરૂષની સ્ત્રીઓ અને સ્ત્રીઓના પતિ પણ રહી શકે છે કે પુરૂષ પોતાની સ્ત્રી અને નોકર ચાકરના સાથે અલગ રૂમમાં રહે અને બીજા લોકો બીજા રૂમમાં અને જો એટલા રૂમ ન હોય કે દરેક અલગ નિવાસ કરે તો કેવળ એજ લોકો રહી શકે છે જેમના પર વકફ છે. અર્થાત ઝકૂર ઔલાદની પત્નીઓ અને અનાસ ઔલાદના પતિઓ રહી શકતા નથી. (ફતહુલ કદીર, દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૨૬) :** જો વકફ મકાન તમામ ઔલાદ માટે અપુરતુ છે. કેટલાક તેમાં રહે છે અને કેટલાક નથી રહેતા તો ન રહેવાવાળા રહેવાવાળાથી ભાડુ લઈ શકતા નથી, ન એમ કહી શકે છે કે આટલા દિવસથી તમે રહો છો, હવે અમે રહીશું. બલ્કે જો ઈચ્છે તો તેમના જ સાથે રહી લે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૧૨૭) :** ઔલાદના નિવાસ માટે મકાન વકફ કર્યુ છે તેઓમાંથી એકે સમગ્ર મકાન પર કબજો કરી રાખ્યો છે, બીજાને ઘૂસવા દેતો નથી તો આ હાલતમાં રહેવાવાળા પર ભાડુ આપવું લાજિમ છે કે તે ગાસિબ છે અને ગાસિબે

જમાન આપવું પડે છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૨૮)** : સગાઓ પર વકફ કર્યુ તો વકફ સહીહ છે અને પુરૂપ તથા સ્ત્રી બન્ને સમાન હકદાર છે. પુરૂપને સ્ત્રી કરતાં વધારે ભાગ આપવામાં આવશે નહી અને સગાઓમાં વાકિફની ઔલાદ બેટા, પૌત્રા વિગેરે અથવા તેના બાપ દાદા વિગેરેની ગણના થશે નહી અર્થાત ભાગ મળશે નહી. (ખાનિયહ)

**મસ્અલા (૧૨૯)** : સગાઓ પર વકફ કર્યુ અને વાકિફના કાકા પણ છે અને મામા પણ છે તો કાકાઓને મળશે, મામાઓને નહી. અને એક કાકા અને બે મામા હોય તો અર્ધુ કાકાને અને અર્ધામાં બંને મામાઓને. આ જ્યારે શબ્દ બહુવચન (સગા વહાલાઓ) ઉલ્લેખ કર્યો હોય અને જો એક વચન શબ્દ સગો કહ્યો તો કેવળ કાકાને મળશે. (આલમગીરી)

**મસ્અલા (૧૩૦)** : પોતાના નિકટસ્થોના મોહતાજો તથા ફકીરો પર વકફ કર્યુ તો વકફ સહીહ છે અને નિકટસ્થોમાં તેમને જ મળશે જે મોહતાજ તથા ફકીર હોય. (ખાનિયહ)

**મસ્અલા (૧૩૧)** : મકાન વકફ કર્યુ અને એ શરત કરી દીધી કે મારી ફલાણી વિધવા જ્યાં સુધી નિકાહ ન કરી તેમાં નિવાસ કરે. વાકિફના મૃત્યુ પછી તેની પત્નીએ નિકાહ કરી લીધો તો નિવાસનો હક જતો રહ્યો અને નિકાહ પછી ફરી વિધવા થઈ ગઈ અથવા પતિએ તલાક આપી દીધી તો પણ નિવાસનો હક પાછો ફરશે નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૩૨)** : મુતવલ્લીને વકફનામું મળ્યું જેમાં એમ લખ્યું છે કે આ મહોલ્લાના મોહતાજો અને બીજા ફકીરો, મિસ્કીનો પર ખરચ કરવામાં આવે તો તે મહોલ્લાના દરેક મિસ્કીનને એક એક ભાગ આપવામાં આવે અને બીજા મિસ્કીનોનો એક ભાગ અને મહોલ્લાવાળો કોઈ મિસ્કીન મરી જાય તો તેનો ભાગ રદ અને તે ભાગ બાકીનાઓ પર વહેચાઈ જશે આ તે સમય સુધી જ છે કે વકફનામુ લખવામાં આવ્યું તે સમયે મોહલ્લામાં જે મિસ્કીનો હતા તે જ્યાં સુધી જીવતાં રહે અને તે સઘળા જ ન રહે તો જેવા આ મહોલ્લાના મિસ્કીન છે એવા જ બીજા મિસ્કીનો અર્થાત હવે જે મહોલ્લામાં બીજા મિસ્કીનો હશે, તે એક એક ભાગના હકદાર નથી બલ્કે જેટલું બીજા મિસ્કીનોને મળશે એટલું જ તેમને પણ મળશે. (ખાનિયહ)

**મસ્અલા (૧૩૩)** : પોતાના પાડોશી ફકીરો પર વકફ કર્યુ તો પાડોશીથી ભાવાર્થ તે લોકો છે જે તે મહોલ્લાની મસ્જિદોમાં નમાઝ પઢે છે જો કે તેમના મકાન વાકિફના મકાનના સમીપ ન હોય અને એક શખ્સ તે મહોલ્લામાં રહે છે પરંતુ જે મકાનમાં રહે છે તેનો માલિક બીજો શખ્સ છે અહીંયા રહેતો નથી તો મકાનનો માલિક પાડોશીઓમાં ગણના થશે નહી. બલ્કે તે જેનું અહીંયા નિવાસ છે. વકફના સમયે જે લોકો મહોલ્લામાં હતા તે મકાન વેચીને ચાલ્યા ગયા તો તે પડોશી રહ્યા નહી બલ્કે તે છે કે હવે અહીંયા રહે છે. (ખાનિયાહ)

**મસ્અલા (૧૩૪)** : પાડોશીઓ પર વકફ કર્યુ હતુ અને ખૂદ વાકિફ બીજા શહેરમાં ચાલ્યો ગયો જો ત્યાં મકાન બનાવીને સ્થાયી થઈ ગયો તો ત્યાંના પાડોશી હકદાર છે. પ્રથમ જગ્યાએ જ્યાં હતો ત્યાંના લોક હવે હકદાર રહ્યા નહી અને જો ત્યાં મકાન બનાવ્યું નથી તો પહેલી જગ્યાવાળા નિયમાનુસાર હકદાર છે. (ખાનિયહ)

**મસ્અલા (૧૩૫)** : એક શખ્સે પોતાના શહેરના સાદાત (સૈયદો) માટે મિલ્કત વકફ કરી, એક સૈયદ સાહેબ ત્યાંથી બીજા શહેરમાં ચાલ્યા ગયા, જો અહીંયાનું મકાન વેચ્યું નથી અને બીજા શહેરમાં મકાન બનાવ્યું નથી તો અહીંયાના નિવાસી છે અને વઝીફાના હકદાર છે. (ખાનિયહ)

**મસ્અલા (૧૩૬)** : જે લોકો પર મિલ્કત વકફ કરી તે સૌએ ઈન્કાર કરી દીધો તો વકફ જાઈઝ અને આવક ફકીરો માં વહેંચાશે અને જો કેટલાકોએ ઈન્કાર કર્યો અને વાકિફે જેમના પર વકફ કર્યુ છે તેમનો જે શબ્દથી ઉલ્લેખ કર્યો છે તે શબ્દ બાકીનાઓ પર બોલવામાં આવે છે તો તમામ આવક આ બાકીના લોકોને આપવામાં આવશે અને જો તે શબ્દ બોલવામાં આવતો નથી તો જેણે ઈન્કાર કરી દીધો છે તેનો ભાગ ફકીરોને આપવામાં આવે દા.ત. એમ કહ્યું ફલાણાની ઔલાદ પર વકફ કર્યુ અને કેટલાકે ઈન્કાર કરી દીધો તો સઘળી આવક બાકીનાઓને મળશે અન જો કહ્યું ઝૈદ તથા અમ્ર પર વકફ કર્યુ અને ઝેદે ઈન્કાર કર્યો તો તેનો ભાગ અમ્રને મળશે નહી બલ્કે ફકીરને આપવામાં આવશે, અને જો કોઈ શખ્સની ઔલાદ પર વકફ કર્યુ હતું અને સૌએ ઈન્કાર કરી દીધો અને આવક ફકીરોને આપી દેવામાં આવી પછી નવી આવક થઈ તો તેને સ્વીકારી શકતા નથી અથવા આ ઉપસ્થિતો એ ઈન્કાર કરી દીધો હતો પરંતુ તે શખ્સને કોઈ બીજો છોકરો પૈદા થયો તેણે કબૂલ કરી દીધું તો સઘળી આવક તેને જ મળશે. (ફતહુલ કદીર)

**મસ્અલા (૧૩૭)** : એક શખ્સ પર પોતાની મિલ્કત વંશ પરંપરાગત વકફ કરી. તે શખ્સે કહ્યું ન હું પોતાના માટે કબૂલ કરૂ છું ન પોતાની નસલ માટે, તો પોતાના હકમાં ઈન્કાર સહીહ છે અને ઔલાદના હકમાં સહીહ નથી. (આલમગીરી)

**મસ્અલા (૧૩૮)** : વકફશાળીએ પ્રથમ રદ કરી દીધું તો હવે કબૂલ કરીને વકફને પાછું લઈ શકતો નથી અને જ્યારે એક વર્ષ તેને કબૂલ કરી લીધું તો પછી રદ કરી શકતો નથી અને જો એમ કહ્યું કે એક વર્ષનું કબૂલ નથી કરતો અને તેના પછીનું કબૂલ કરૂ છું તો આ વર્ષની આવક બીજા હકદારોને મળશે પછી તેને મળશે (ફતહુલ કદીર)

**મસ્અલા (૧૩૯)** : વાકિફ જ મુતવલ્લી છે તે આવકને પોતાના હાથથી પોતાના સગાઓ પર ખરચ કરે છે, કોઈને ઓછું કોઈને વધારે, જે તેના ખ્યાલમાં આવે છે તેના અનુસાર આપે છે. હવે તેનું મૃત્યુ થયું, તેણે બીજાને મુતવલ્લી નિયુક્ત કર્યો અને એ બયાન નથી કે કોને અધિક આપતો હતો તો આ બીજો મુતવલ્લી તે લોકોને જ આપે અને અધિકતા (વધારા)ની રકમનો ઉપયોગ ખબર નથી માટે તેને ફકીરો પર ખરચ કરે. (ખાનિયહ)

## મસ્જિદનું બયાન

**મસ્અલા (૧૪૦)** : મસ્જિદ માટે એ જરૂરી છે કે બનાવનાર કોઈ એવું કાર્ય કરે અથવા એવી વાત કહે જેનાથી મસ્જિદ હોવું સાબિત થતુ હોય, કેવળ મસ્જિદ જેવી ઈમારત બનાવી દેવું મસ્જિદ થવા માટે કાફી નથી.

**મસ્અલા (૧૪૧)** : મસ્જિદ બનાવી અને જમાઅતથી નમાઝ પઢવાની ઈજાઝત આપી દીધી, મસ્જિદ થઈ ગઈ. જો કે જમાઅતમાં બે જ શખ્સ હોય પરંતુ આ જમાઅત અલલએલાન અઝાન તથા ઈકામત સાથે થાય અને જો એકલા એક શખ્સે અઝાન તથા ઈકામત સાથે નમાઝ પઢી, એવી રીતે નમાઝ પઢવું જમાઅતના કાયમ મુકામ (સ્થાને) છે અને મસ્જિદ થઈ જશે અને જો પોતે તે સ્થાપકે એકલા એવી રીતે નમાઝ પઢી તો આ મસ્જિદયત માટે કાફી નથી કે મસ્જિદયત (મસ્જિદ હોવા) માટે નમાઝની શરત એટલા માટે છે કે આમ્મુલ મુસલમાનો (સર્વ મુસલમાનો) નો કબ્જો થઈ જાય. અને તેનો કબજો તો પહેલાથી જ છે. આમ મુસલમાનના સ્થાને તે પોતે નથી થઈ શકતો.
(ખાનિયહ, ફતહુલ કદીર, દુર્રે મુખ્તાર,
(રદદુલ મુહતાર)

**મસ્અલા (૧૪૨)** : એમ કહ્યું કે મેં મસ્જિદ કરી દીધી તો આમ કહેવાથી પણ મસ્જિદ થઈ જશે.

(તનવીર)

**મસ્અલા (૧૪૩) :** મકાનમાં મસ્જિદ બનાવી અને લોકોને તેમાં આવવા અને નમાઝ પઢવાની ઈજાઝત આપી દીધી, જો મસ્જિદનો રસ્તો જુદો કરી દીધો તો મસ્જિદ થઈ ગઈ. (આલમગીરી)

**મસ્અલા (૧૪૪) :** મસ્જિદ માટે એ જરૂરી છે કે પોતાની મિલ્કતથી તેને સાવ અલગ કરી દે, તેની માલિકી તેમાં બાકી રહે નહી. માટે નીચે પોતાની દુકાનો છે અથવા રહેવાનું મકાન અને ઉપર મસ્જિદ બનાવે તો આ મસ્જિદ નથી. અથવા ઉપર પોતાની દુકાનો અથવા રહેઠાણ છે અને નીચે મસ્જિદ બનાવડાવી તો આ મસ્જિદ નથી. બલ્કે તેની મિલ્કત છે અને તેના પછી તેના વરસદારોની અને જો નીચેનું મકાન મસ્જિદના કામ માટે થયું, પોતાના માટે ન થયું તો મસ્જિદ થઈ ગઈ. (હિદાયા, તબય્યન વિગેરે) એવી રીતે મસ્જિદના નીચે ભાડાની દુકાનો બનાવવામાં આવી અથવા ઉપર મકાન બનાવવામાં આવ્યું જેમની મસ્જિદમાં ખરચ થશે તો વાંધો નથી અથવા મસ્જિદના નીચે મસ્જિદની જરૂરત માટે તેહખાનું (ભોંયરૂં) બનાવ્યું કે તેમાં પાણી વિગેરે રાખવામાં આવશે અથવા મસ્જિદનો સામાન તેમાં રહેશે તો વાંધો નથી. (આલમગીરી) પરંતુ આ તે સમયે છે અગાઉ તમામ મસિજદનૂં નથી અથવા મકાન બનાવી લીધું હોય. અને **મસ્જિદ થઈ ગયા પછી ન તેના નીચે દુકાન બનાવી શકાય છે ન ઉપર મકાન** (દુર્રે મુખ્તાર) અર્થાત એવી રીતે કે **એક મસ્જિદને પાડી નાખીને ફરીથી તેનું નિર્માણ કરાવવા ઈચ્છે અને પહેલા તેના નીચે દુકાનો ન હતી અને હવે આ નવીન તામીરમાં દુકાન બનાવવા ઈચ્છે તો બનાવી શકતા નથી કે એ તો પહેલાથી જ મસ્જિદ છે. હવે દુકાન બનાવવાનો એ અર્થ થશે કે મસ્જિદને દુકાન બનાવવામાં આવે.**

**મસ્અલા (૧૪૫) :** મસ્જિદ માટે ઈમારત જરૂરી નથી એટલે કે ખાલી જમીન ને જો કોઈ શખ્સ મસ્જિદ કરી દે તો મસ્જિદ છે. દા.ત. જમીનના માલિકે લોકોને કહી દીધું કે, આમાં હમેશા નમાઝ પઢતા રહો તો મસ્જિદ થઈ ગઈ અને જો હમેશનો શબ્દ નથી બોલ્યો પરંતુ તેની નિય્યત એજ છે તો પણ મસ્જિદ છે અને જો ન શબ્દ છે ન નિય્યત. દા.ત. નમાઝ પઢવાની ઈજાઝત આપી દીધી અને નિય્યત કાંઈ નથી તે મહિના, સાલભર, એક દિવસ માટે નમાઝ પઢવાનું કહ્યું તો તે જમીન મસ્જિદ નથી બલ્કે તેની મિલ્કત છે. તેના મૃત્યુ પછી તેના વારસોની મિલ્કત છે. (આલમગીરી)

**મસ્અલા (૧૪૬) :** એક મકાન મસ્જિદના નામે વકફ હતું, મુતવલ્લીએ તેને મસ્જિદ બનાવી દીધું અને લોકોએ કેટલાક વર્ષો સુધી તેમાં નમાઝ પણ પઢી, પછી નમાઝ પઢવાનું છોડી દીધું, હવે તેને ભાડાનું મકાન કરવા ઈચ્છે છે તો કરી શકે છે. કેમકે મુતવલ્લીના મસ્જિદ કરવાથી તે મસ્જિદ થયું નથી. (આલમગીરી)

**મસ્અલા (૧૪૭) :** બીમારે પોતાના મકાનને મસ્જિદ કરી દીધું જો તે મકાન બીમારના તૃતિયાંસ માલના અંદર છે તો મસ્જિદ બનાવવું સહીહ છે. મસ્જિદ થઈ ગયું અને જો તૃતિયાંસ થી વધારે છે અને વારસોએ ઈજાઝત આપી દીધી તો પણ મસ્જિદ છે અને વારસદારોએ ઈજાઝત આપી નથી તો તમામ સંપૂર્ણ મિરાસ છે અને મસ્જિદ થઈ શકતું નથી કે તેમાં વારસો પણ હકદાર છે અને મસ્જિદને હુકુકુલ એબાદથી જુદા હોવું જરૂરી છે. એવી જ રીતે એક શખ્સે જમીન ખરીદીને મસ્જિદ બનાવી, વેચનાર ઉપરાંત કોઈ બીજો શખ્સ પણ તેમાં હકદાર નિકળ્યો તો મસ્જિદ રહી નહી. અને જો એ વસીયત કરી કે મારા મરવા પછી મારૂં તૃતિયાંસ મકાન મસ્જિદ બનાવી દેવામાં આવે તો વસીયત

સહીહ છે. મકાન વહેંચીને એક તૃતિયાંસને મસ્જિદ કરી દઈશું. (આલમગીરી)

**મસ્અલા (૧૪૮)** : મહોલ્લાવાળા એમ ઈચ્છે છે કે મસ્જિદને તોડીને પહેલાથી ઉમદા તથા મઝબૂત બનાવીએ તો બનાવી શકે છે. એ શરતે કે પોતાના માલથી બનાવે. મસ્જિદના રૂપિયાથી તામીર કરે નહી અને બીજા લોકો એવું કરવા ઈચ્છતા હોય તો કરી શકતા નથી. અને મહોલ્લાવાળાઓને એ પણ અખત્યાર છે કે મસ્જિદને વિસ્તૃત કરે, તેમાં હોજ અને કુવો અને જરૂરતની વસ્તુઓ બનાવે. વુઝૂ અને પીવા માટે માટલાઓમાં પાણી ભરાવે, ઝુમ્મર, હાંડા વિગેરે લગાવે. મસ્જિદના સ્થાંપકના વારસદારોને મનાઈ કરવાનો હક નથી જ્યારે કે તે પોતાના માલથી એવું કરવા ઈચ્છતો હોય અને જો મસ્જિદ બંધાવનાર પોતાના પાસેથી કરાવવા ઈચ્છે છે અને મહોલ્લાવાળા પોતાના તરફથી તો મસ્જિદ બંધાવનાર મહોલ્લાવાળાઓની સરખામણીમાં વધુ હકદાર છે. હોજ અને કુવો બનાવવામાં એ શરત છે કે તેના કારણે મસ્જિદને કોઈ પ્રકારનું નુકસાન થાય નહી. (દુર્રે મુખ્તાર) અને એ પણ જરૂરી છે કે પહેલા જેટલી મસ્જિદ હતી તેના સિવાય બીજી જમીનમાં બનાવવામાં આવે. મસ્જિદમાં બનાવી શકાતા નથી.

**મસ્અલા (૧૪૯)** : ઈમામ તથા મોઅઝઝિન મુકર્રર કરવામાં મસ્જિદના સ્થાપક અથવા તેની ઔલાદનો હક મહોલ્લાવાળાઓ કરતા વધારે છે પરંતુ જ્યારે કે મહોલ્લાવાળાઓએ જેને મુકર્રર કર્યા તે મસ્જિદનાં સ્થાપકના નિયુક્ત કરેલાથી ઉચ્ચ છે તો મહોલ્લાવાળાનો જ મુકર્રર કરેલ ઈમામ થશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૫૦)** : મહોલ્લાવાળાઓને એ પણ અખત્યાર છે કે મસ્જિદનો દરવાજો બીજી દિશાએ ફેરવી દે અને જો આ બાબતે વિભિન્ન અભિપ્રાય હોય તો જે બાજુએ કસરત (બહુમતિ) હોય અને સારા લોકો હોય તો તેમની વાત પર અમલ કરવામાં આવે.

(રદદુલ મુહતાર, આલમગીરી)

**મસ્અલા (૧૫૧)** : મસ્જિદની છત પર ઈમામ માટે બાલાખાનું બનાવવા ઈચ્છે છે, જો તમામ મસ્જિદયતથી પહેલા હોય તો બનાવી શકે છે અને મસ્જિદ થઈ ગયા પછી બનાવી શકતો નથી. જો કે કહેતો હોય કે મસ્જિદ થવાથી પહેલાથી મારી નિય્યત બનાવવાની હતી બલ્કે જો મસ્જિદની દીવાલ પર હુજરો બનાવવા ચાહતો હોય તો તેની પણ ઈજાઝત નથી. આ હુકમ ખૂદ વાકિફ અને મસ્જિદ બંધાવનારનો છે માટે જ્યારે તેને ઈજાઝત નથી તો બીજા તેમનાથી ઉચ્ચ દરજ્જે નથી બનાવી શકતા જો આ પ્રકારની કોઈ નાજાઈઝ ઈમારત, છત અથવા દીવાલ પર બનાવી દેવામાં આવી હોય તો તેને પાડી દેવું વાજિબ છે.(દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૫૨)** : મસ્જિદનો કોઈ ભાગ ભાડે આપવો કે તેની આવક મસ્જિદ પર ખરચ થશે, હરામ છે, જો કે મસ્જિદને જરૂરત પણ હોય. એવી જ રીતે મસ્જિદને રહેઠાણ બનાવવું પણ નાજાઈઝ છે. એવી જ રીતે મસ્જિદના કોઈ અંશને હુજરામાં શામેલ કરી લેવું પણ નાજાઈઝ છે.

(દુર્રે મુખ્તાર, ફતહુલ કદીર)

**મસ્અલા (૧૫૩)** : નમાઝીઓની અધિકતાના લીધે મસ્જિદ તંગ થઈ ગઈ અને મસ્જિદની બાજુમાં કોઈ શખ્સની જમીન છે તો તેને ખરીદીને મસ્જિદમાં વધારો કરો અને જો તે આપતો ન હોય તો વ્યાજબી કીમત આપીને બળજબરીએ તેના પાસેથી લઈ શકો છો. એવી જ રીતે જો મસ્જિદની બાજુમાં કોઈ જમીન અથવા મકાન છે જે આ મસ્જિદના નામે વકફ છે અથવા કોઈ બીજા કામ

માટે વકફ છે તો તેને મસ્જિદમાં શામેલ કરીને વધારો કરવું જાઈઝ છે. અલબત તેની જરૂરત છે કે કાઝી પાસેથી ઈજાઝત પ્રાપ્ત કરી લે. એવી જ રીતે તે જો મસ્જિદની બરાબર (સમીપ) વિશાળ રસ્તો હોય તેમાંથી જો થોડોક ભાગ મસ્જિદમાં શામેલ કરી લેવામાં આવે જાઈઝ છે. જ્યારે કે રસ્તો તંગ ન થઈ જાય અને તેના કારણે લોકોનું નુકશાન ન થાય. (આલમગીરી, રદદુલ મુહતાર)

**મસ્અલા (૧૫૪)** : મસ્જિદ તંગ થઈ ગઈ એક શખ્સ કહે છે મસ્જિદ મને આપી દો તેને હું પોતાના મકાનમાં શામેલ કરી લઉં અને તેના બદલે હું વિસ્તૃત અને બહેતર જમીન તમને આપુ છું. તો મસ્જિદને બદલવું જાઈઝ નથી (આલમગીરી)

**મસ્અલા (૧૫૫)** : મસ્જિદ બનાવી અને શરત કરી દીધી કે મને અખત્યાર છે કે તેને મસ્જિદ રાખુ અથવા ન રાખુ તો શરત બાતલ છે અને તે મસ્જિદ થઈ ગઈ અર્થાત મસ્જિદયતના (મસ્જિદ હોવા) બાતલ કરવાનો તેને હક નથી. એવી જ રીતે મસ્જિદને પોતાના અથવા મસ્જિદવાળાઓ માટે ખાસ કરી દે તો ખાસ થશે નહી બીજા મહોલ્લાવાળા પણ તેમાં નમાઝ પઢી શકે છે. તેમને રોકવાનો અધિકાર નથી (આલમગીરી)

**મસ્અલા (૧૫૬)** : મસ્જિદની આસપાસની જગ્યા વેરાન થઈ ગઈ ત્યાં લોકો રહયા નહી કે, મસ્જિદમાં નમાઝ પઢે અર્થાત મસ્જિદ બિલકુલ બેકાર થઈ ગઈ તો પણ તે નિયામનુસાર મસ્જિદ છે. કોઈને એ હક પ્રાપ્ત નથી કે તેને તોડી ફોડીને તેના ઈંટ પત્થર વિગેરે પોતાના કામમાં લે અથવા તેને મકાન બનાવી લે અર્થાત તે કયામત સુધી મસ્જિદ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૫૭)** : મસ્જિદની ચટાઈ, મુસલ્લા જાનમાઝ વિગેરે જો બેકાર હોય અને તે મસ્જિદ ઉપયોગી ન હોય તો જેણે આપ્યું છે તે જે ઈચ્છે કરે, તેને અખત્યાર છે અને મસ્જિદ વેરાન થઈ ગઈ કે ત્યાં લોકો રહેતા નથી તો તેનો સામાન બીજી મસ્જિદમાં ફેરવી દેવામાં આવે બલ્કે એવી મસ્જિદ પડી જાય અને શંકા હોય કે તેનો સામાન લોકો ઉઠાવી લઈ જશે અને પોતાના કામમાં લેશે તો તેને પણ બીજી મસ્જિદ તરફ ફેરવી દેવું જાઈઝ છે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૧૫૮)** : શર્દીની મોસમમાં મસ્જિદમાં પરાળ નખાવ્યુ હતું, શર્દી ચાલી ગયા પછી બેકાર થઈ ગયું તો જેણે નખાવ્યું હતું તેને અખત્યાર છે જેવું ઈચ્છે કરે. અને તેણે મસ્જિદમાંથી કઢાવીને બહાર નખાવી દીધું તો જે ઈચ્છે લઈ જઈ શકે છે. (આલમગીરી)

**મસ્અલા (૧૫૯)** : કેટલાક લોકો મસ્જિદમાં જે પરાળ પાથર્યુ છે તેને સકાવાની આગ સળગાવવાના કામમાં લે છે તે નાજાઈઝ છે, એવી રીતે સકાવાની આગ ઘેર લઈ જવું અથવા તેનાથી ચલમ ભરવું અથવા સકાવાનું પાણી ઘેર લઈ જવું આ સઘળું નાજાઈઝ છે. હા, જેણે પાણી ભરાવી દીધુ અને ગરમ કરાવ્યું છે જો તે તેની ઈજાઝત આપી દે તો લઈ જઈ શકે છે જ્યારે કે તેણે પોતાની પાસેથી ખરચ કર્યુ છે અને મસ્જિદના પૈસા ખરચ કર્યા હોય તો તેની ઈજાઝત પણ નથી આપી શકતો.

**મસ્અલા (૧૬૦)** : મસ્જિદની સામગ્રી જેવા કે લોટા, ચટાઈ, વિગેરેને કોઈ બીજા કામમાં ઉપયોગ કરી શકતા નથી. દા.ત. લોટામાં પાણી ભરીને પોતાના ઘેર લઈ જઈ શકતા નથી, જો કે એ ઈરાદો હોય કે ફરી પાછો મુકી જઈશ, તેની ચટાઈ પોતાના ઘેર અથવા કોઈ બીજા જગ્યાએ બિછાવવું નાજાઈઝ છે. એવી જ રીતે મસ્જિદની ડોલ રસીથી પોતાના ઘર માટે પાણી ભરવું અથવા કોઈ નાનામાં નાની વસ્તુને બે મોકા અને વિના અવસર ઉપયોગ કરવું નાજાઈઝ છે.

**મસ્અલા (૧૬૧)** : તેલ અથવા મીણબત્તી મસ્જિદમાં સળગાવવા માટે આપી અને બચી ગઈ તો બીજા દિવસે કામમાં લો અને જો ખાસ દિવસ માટે આપી છે. દા.ત. રમઝાન અથવા શબેકદ્ર માટે તો વધેલી માલિકને પાછી આપવામાં આવે, ઈમામ, મોઅઝઝિને ઈજાઝત વગર લેવું જાઈઝ નથી. હા, જો ત્યાં રિવાજ હોય કે વધેલ ઈમામ તથા મોઅઝઝિનની છે તો ઈજાઝતની જરૂરત નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૬૨)** : એક શખ્સે પોતાના તૃતિયાસ માલની વસિયત કરી કે નેક કામોમાં ખરચ કરવામાં આવે તો તે માલથી મસ્જિદમાં ચિરાગ સળગાવી શકાય છે પરંતુ એટલા જ ચિરાગ તે માલથી સળગાવી શકાય છે જેટલાની જરૂરત છે. જરૂરતથી વધારે કેવળ શોભા માટે તે રકમથી સળગાવી શકાતા નથી. (ખાનિયહ)

**મસ્અલા (૧૬૩)** : એક શખ્સે પોતાની મિલ્કત એવી રીતે વકફ કરી છે કે તેની આવક મસ્જિદની ઈમારત તથા સમારકામમાં ખરચવામાં આવે અને જે બચી રહે ફકીરો પર ખરચ કરવામાં આવે અને વકફની આવક વધેલી મોજૂદ છે અને મસ્જિદને તે સમયે તામીરની હાજત પણ નથી જો એ ધારણા હોય કે જ્યારે મસ્જિદમાં તામીર અને રીપેરીંગની જરૂરત પડશે તે સમય સુધી જરૂરતના લાયક તેની આવક ભેગી થઈ જશે તો અત્યારે જે કાંઈ જમા છે ફકીરો પર ખરચ કરી દેવામાં આવે (ખાનિયહ)

**મસ્અલા (૧૬૪)** : મસ્જિદ પડી ગઈ અને તેના અવકાફની આવક એટલી મોજૂદ છે કે તેનાથી ફરીથી મસ્જિદ બનાવી શકાય છે તો આ આવક ને તામીરમાં ખરચ કરવું જાઈઝ છે. (ખાનેયહ)

**મસ્અલા (૧૬૫)** : મસ્જિદના અવકાફની આવકથી મુતવલ્લીએ કોઈ મકાન ખરીદયું અને તે મકાન મોઅઝઝિન અથવા ઈમામને રહેવા માટે આપી દીધુ, જો તેમને ખબર છે તો તેમાં રહેવું મકરૂહ તથા મમનૂઅ (મનાઈ) છે. એવી જ રીતે મસ્જિદ પર જે મકાન એટલા માટે વકફ છે કે તેનું ભાડુ મસ્જિદમાં ખરચ થશે તે મકાન પણ ઈમામ તથા મોઅઝઝિનને રહેવા માટે આપી શકાતુ નથી અને આપી દીધુ તો તેમણે રહેવું મના છે. (ખાનિયહ)

**મસ્અલા (૧૬૬)** : મુતવલ્લીએ જો મસ્જિદ માટે ચટાઈ, જાનમાઝ, તેલ વિગરે ખરીદયું. જો વાકિફે મુતવલ્લીને આ સઘળા અખત્યાર આપ્યા હોય અથવા કહી દીધુ હોય કે મસ્જિદની જરૂરત માટે જે ઈચ્છે ખરીદે અથવા ખબર ન હોય કે મુતવલ્લીને એવી ઈજાઝત આપી છે પરંતુ તેનાથી પહેલો મુતવલ્લી આ વસ્તુઓ ખરીદતો હતો તો તેનું ખરીદવું જાઈઝ છે અને જો ખબર છે કે કેવળ ઈમારત સંબંધે અખત્યાર આપ્યો છે તો ખરીદવું નાજાઈઝ છે. (ખાનિયહ)

**મસ્અલા (૧૬૭)** : મસ્જિદ બનાવી અને કેટલોક સામાન લાકડાં, ઈંટો વિગેરે બચી ગયા તો આ વસ્તુઓ ઈમારત માંજ ખરચ કરવામાં આવે, તેમને વેચીને તેલ, ચટાઈમાં ખરચ કરી શકતા નથી. (ખાનિયહ)

**મસ્અલા (૧૬૮)** : મસ્જિદ માટે ચંદો કર્યો અને તેમાંથી કેટલીક રકમ પોતાના ઉપયોગમાં લીધી જો કે એ ખ્યાલ છે કે તેનો બદલો પોતાના પાસેથી આપી દેશે તો પણ ખરચ કરવું નાજાઈઝ છે. પછી જો ખબર છે કે કોણે તે રૂપિયા આપ્યા હતા તો તેને તાવાન આપે અર્થાત તેનાથી ઈજાઝત લઈને મસ્જિદમાં તાવાન ખરચ કરે અને ખબર ન હોય કે કોણે આપ્યા છે તો કાઝીના હુકમથી મસ્જિદમાં તાવાન ખરચ કરે અને કાઝીની ઈજાઝત વગર પોતે મસ્જિદમાં તે તાવાનને ખરચ કરી દીધું તો આશા છે કે તેના વબાલથી બચી જાય. (ખાનિયહ)

**મસ્અલા (૧૬૯) :** મસ્જિદ અથવા મદ્રસા પર કોઈ મિલ્કત વકફ કરી અને હજુ તે મસ્જિદ અથવા મદ્રસો ઉપસ્થિત પણ નથી પરંતુ તેના માટે જગ્યા નક્કી કરી લીધી છે તો વકફ સહીહ છે અને જ્યાં સુધી તેની તામીર (નિર્માણ) ન થાય વકફની આવક ફકીરો પર ખરચ કરવામાં આવે અને જ્યારે બની જાય તો પછી તેના પર ખરચ થાય.

(ફતહુલ કબીર)

**મસ્અલા (૧૭૦) :** મસ્જિદ માટે મકાન અથવા કોઈ વસ્તુ ભેટ આપી તો ભેટ સહી છે અને મુતવલ્લીને કબ્જો અપાવી દેવાથી ભેટ પુરી થઈ જશે અને જો કહ્યું આ સો (૧૦૦) રૂપિયા મસ્જિદ માટે વકફ કર્યા તો તે પણ ભેટ છે. કબ્જા વગર ભેટ પુરી થશે નહી. એવી જ રીતે ઝાડ (વૃક્ષ) મસ્જિદને આપ્યું તો તેમાં પણ કબ્જો જરૂરી છે. (આલમગીરી)

**મસ્અલા (૧૭૧) :** મોઅઝઝિન તથા ઝાડુ મારનાર વિગેરેને મુતવલ્લી એજ પગાર પર નોકર રાખી શકે છે જે વ્યાજબી રીતે હોવો જોઈએ અને જો એટલો અધિક પગાર મુકર્રર કર્યો જે બીજા લોકો ન આપતા તો વકફ માલથી તે પગારને અદા કરવું જાઈઝ નથી અને આપશે તો તાવાન આપવું પડશે બલ્કે જો મોઅઝઝિન વિગેરેને ખબર છે કે વકફના માલથી આ પગાર આપે છે તો લેવો પણ જાઈઝ નથી. (ફતહુલ કદીર)

**મસ્અલા (૧૭૨) :** મસ્જિદનો મુતવલ્લી અનપઢ શખ્સ છે તેણે હિસાબ કિતાબ માટે એક શખ્સને નોકર રાખ્યો તો વકફના માલથી તેને પગાર આપવો જાઈઝ નથી. (આલમગીરી)

**મસ્અલા (૧૭૩) :** મસ્જિદની આવકથી દુકાન અથવા મકાન ખરીદવું કે તેની આવક મસ્જિદમાં ખરચ થશે અને જરૂરત પડશે તો વેચી દેવામાં આવશે આ જાઈઝ છે. જ્યારે કે મુતવલ્લી માટે તેની ઈજાઝત હોય. (આલમગીરી)

**મસ્અલા (૧૭૪) :** મસ્જિદ માટે વકફ છે પરંતુ કોઈ મુતવલ્લી નથી. મહોલ્લાવાળાઓ માંથી એક શખ્સ તેની દેખરેખ અને કામ કરવા માટે ઉભો થઈ ગયો અને આ વકફની આવકને મસ્જિદની જરૂરતમાં ખરચ કરી તો દયાનતન તેના પર તાવાન નથી (આલમગીરી) અને એવી સૂરતનો હુકમ એ છે કે કાઝી પાસે દરખાસ્ત આપે, તે મુતવલ્લી મુકર્રર કરી દેશે, કેમ કે આજકાલ અહીંયા ઈસ્લામી રાજ્ય નથી અને ન કાઝી છે, આ મજબૂરીના કારણે જો મહોલ્લાવાળા પોતે કોઈને પસંદ કરી લે કે તે મસ્જિદની જરૂરતો પરિપૂર્ણ કરે તો જાઈઝ છે કેમકે એવું ન કરવામાં વકફ નષ્ટ થઈ જવાની શંકા છે.

**મસ્અલા (૧૭૫) :** મસ્જિદનો મુતવલ્લી હાજર હોય તો મહોલ્લાવાળાઓને મસ્જિદના વકફમાં અધિકાર કરવું દા.ત. દુકાનો વિગેરેને ભાડે આપવું જાઈઝ નથી પરંતુ તેમણે એવું કરી લીધું અને મસ્જિદના ફાયદાના ગણનાએ એજ બહેતર હતું તો હાકિમ તેમના અધિકારને લાગુ કરી દેશે.

(આલમગીરી)

**મસ્અલા (૧૭૬) :** મસ્જિદના વકફો વેચીને તેની ઈમારત પર ખરચ કરી દેવું નાજાઈઝ છે અને વકફની આવકથી કોઈ મકાન ખરીદયું હતું તો તેને વેચી શકે છે. (આલમગીરી)

**મસ્અલા (૧૭૭) :** મસ્જિદના નામે એક જમીન હતી અને તે હવે ખેતીના લાયક રહી નહી અર્થાત તેનાથી આવક થતી નથી, કોઈએ તેમાં તળાવ ખોદાવી દીધું કે આમ મુસલમાન તેનાથી ફાયદો ઉઠાવે, તેનું આ ફેલ (કૃત્ય) નાજાઈઝ છે અને તે તળાવમાં નહાવું અને ધોવું અને તેના પાણીથી ફાયદો ઉઠાવવો નાજાઈઝ છે.

(આલમગીરી)

**મસ્અલા (૧૭૮) :** મુસલમાનો પર કોઈ

દુર્ઘટના આવી પડી જેમાં રૂપિયા ખરચ કરવાની જરૂરત છે અને તે સમયે રૂપિયાની કોઈ વ્યવસ્થા નથી પરંતુ મસ્જિદના વકફોની આવક જમા છે અને મસ્જિદને અત્યારે હાજત પણ નથી તો કરજ તરીકે મસ્જિદથી રકમ લઈ શકાય છે.
(આલમગીરી)

## ✿ કબ્રસ્તાન વિગેરેનું બયાન ✿

**મસ્અલા (૧૭૯) :** કબ્રો માટે જમીન વકફ કરી તે વકફ સહીહ છે કે વકફ કરવાથી જ વાકિફના માલિકીપણા માંથી ખારિજ થઈ ગઈ, જો કે હજુ મડદુ દફન ન કર્યુ હોય અને ન પોતાના કબજામાંથી કાઢીને બીજાને કબ્જો આપી દીધો હોય.

**મસ્અલા (૧૮૦) :** જમીન કબ્રસ્તાન માટે વકફ કરી અને તેમાં મોટા મોટા વૃક્ષો છે તો વૃક્ષ વકફમાં દાખલ નથી. વાકિફ અથવા તેના વારસોની મિલ્કત છે. એવી જ રીતે તે જમીનમાં ઈમારત છે તો પણ તે વકફમાં દાખલ નથી. (ખાનિયહ)

**મસ્અલા (૧૮૧) :** ગામવાળાઓએ કબ્રસ્તાન માટે જમીન વકફ કરી અને મડદાં પણ તેમાં દફન કર્યા પછી એજ ગામના કોઈ શખ્સે તે જમીનમાં એટલા માટે મકાન બનાવ્યું કે પાટિયા વિગેરે કબ્રસ્તાનની જરૂરતની વસ્તુઓ તેમાં મુકવામાં આવશે અને ત્યાં રક્ષણ માટે કોઈને નિયુક્ત કરી દીધો આ સઘળા કામ તેણે એકલાએ બીજાઓની મરજી વગર કર્યા અથવા કેટલાક બીજા પણ રાજી હતા તો જો કબ્રસ્તાનમાં વિસ્તૃતતા છે તો કાંઈ વાંધો નથી અર્થાત જ્યારે કે આ મકાન કબ્રો પર ન બનાવ્યું હોય અને મકાન બનવા પછી જમીનની મડદા દફન કરવા માટે જરૂર પડી તો ઈમારત હઠાવી લેવામાં આવે. (ખાનિયહ)

**મસ્અલા (૧૮૨) :** વકફવાળા કબ્રસ્તાનમાં જે રીતે ગરીબ લોકો પોતાના મડદા દફન કરી શકે છે માલદાર પણ દફન કરી શકે છે. તેમાં ફકીરો (નિર્ધન) ની વિશિષ્ટતા નથી. (તબય્યન)

**મસ્અલા (૧૮૩) :** કુફફાર (બિન મુસ્લિમો)નું કબ્રસ્તાન છે તેને મુસલમાન પોતાનું કબ્રસ્તાન બનાવવા ઈચ્છે છે. જો તેમના ચિન્હો મટી ગયા હોય, હાડકાં પણ સડી-ગળી ગયા છે તો વાંધો નથી. અને જો હાડકાં બાકી છે તો ખોદીને ફેંકી દો અને હવે તેને કબ્રસ્તાન બનાવી શકે છે.
(આલમગીરી)

**મસ્અલા (૧૮૪) : મુસલમાનોનું કબ્રસ્તાન છે જેમાં કબ્રોના નિશાન પણ મટી ગયા છે, હાડકાઓ નો પણ પત્તો નથી તો પણ તેને ખેતર બનાવવું અથવા તેમાં મકાન બનાવવું નાજાઈઝ છે. અને હવે પણ તે કબ્રસ્તાન જ છે કબ્રસ્તાનના તમામ આદાબ બજાવી લાવવામાં આવે.** (આલમગીરી)

**મસ્અલા (૧૮૫) :** કબ્રસ્તાનમાં કોઈએ પોતાના માટે કબ્ર ખોદાવી રાખી છે જો કબ્રસ્તાનમાં જગ્યા મોજૂદ છે તો બીજાને તે કબ્રમાં દફન કરવો જોઈએ નહી. અને જો જગ્યા મોજૂદ ન હોય તો બીજા લોકો પોતાનું મડદું તેમાં દફન કરી શકે છે. કેટલાક લોકો મસ્જિદમાં જગ્યા રોકવા માટે પહેલાથી રૂમાલ મુકી દે છે અથવા મુસલ્લો બીછાવી દે છે જો મસ્જિદમાં જગ્યા હોય તો બીજાનો રૂમાલ અથવા જાનમાઝ હઠાવીન બેસવું જોઈએ નહી અને જગ્યા ન હોય તો બેસી શકે છે. (ફતાવા કાઝીખાન)

**મસ્અલા (૧૮૬) :** માલિકીની જમીનમાં માલિકની ઈજાઝત વગર કોઈએ મડદુ દફન કરી દીધું તો જમીનના મલિકને અખત્યાર છે કે મડદાને કઢાવી નાંખે અથવા જમીન સમતલ કરીને ખેતી કરે. (ખાનિયહ)

## કબ્રસ્તાન વિગેરેમાં વૃક્ષના અહેકામ

**મસ્અલા (૧૮૭)** : કબ્રસ્તાનમાં કોઈએ ઝાડ રોપ્યા તો એજ શખ્સ તે ઝાડોનો માલિક છે અને જો ઝાડ આપ મેળે ઉગેલા છે અને ખબર નથી કોણે રોપ્યા છે તો કબ્રસ્તાનના ઠેરશે અર્થાત કાઝીના હુકમથી વેચીને એજ કબ્રસ્તાનની દુરસ્તીમાં ખરચ કરવામાં આવે. (આલમગીરી)

**મસ્અલા (૧૮૮)** : મસ્જિદમાં કોઈએ ઝાડ વાવ્યું તો ઝાડ મસ્જિદનું છે, વાવનારનું નથી અને વકફ વાળી જમીનમાં કોઈએ ઝાડ વાવ્યા, જો આ શખ્સ તે જમીનની દેખરેખ માટે નિયુક્ત છે અથવા વાકિફે ઝાડ વાવ્યું અને વકફનો માલ તેના પર ખરચ કર્યો અથવા પોતાનો જ માલ ખરચ કર્યો પરંતુ કહી દીધું કે વકફ માટે આ ઝાડ વાવ્યું તો આ સ્વરૂપોમાં વકફનું છે, નહી તો વાવનારનું, ઝાડ કાપી નાખ્યા મૂળીયાં બાકી રહી ગયા તે મૂળીયાથી ફરી ઝાડ ફુટી નિકળ્યું તો તે તેની જ મિલ્કત છે, જેની માલિકીમાં પહેલા હતું.

(ખાનિયહ, ફતહુલ કદીર, આલમગીરી)

**મસ્અલા (૧૮૯)** : વકફવાળી જમીન ભાડે લીધી અને તેમાં ઝાડ પણ વાવી દીધા તો ઝાડ તેનાજ છે. પછી તેના વારસોના અને ઈજારો રદ થવા પર તેણે પોતાનું ઝાડ કાઢી લેવું પડશે. (ખાનિયહ)

**મસ્અલા (૧૯૦)** : મસ્જિદોમાં અનાર (દાડમ) અથવા અમરૂદ વિગેરે ફળદાર ઝાડ છે, નમાઝીઓ એ તેના ફળ ખાવું જાઈઝ નથી બલ્કે જેણે વાવ્યું છે તે પણ ખાઈ શકતો નથી. કે ઝાડ તેનું નથી બલ્કે મસ્જિદનું છે. ફળ વેચી મસ્જિદ પર ખરચ કરવામાં આવે. (ખાનિયહ)

**મસ્અલા (૧૯૧)** : મુસાફરખાનામાં ફળદાર ઝાડ છે, જો એવા વૃક્ષ હોય જેના ફળોની કીમત હોતી નથી તો મુસાફર ખાઈ શકે છે અને કીમત વાળા ફળ હોય તો સાવધાની એ છે કે ન ખાય (આલમગીરી) આ સઘળું એ સ્વરૂપમાં છે કે ખબર ન હોય કે ઝાડ વાવનારની શું નિય્યત હતી. અથવા ખબર હોય કે મસ્જિદ અથવા મુસાફરખાના માટે વાવ્યું છે અને જો ખબર હોય કે આમ મુસલમાનોના ખાવા માટે વાવ્યું છે તો જેની ઈચ્છા થાય ખાય. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૯૨)** : વકફવાળા મકાનમાં વકફવાળુ ઝાડ હોય તો ઝાડ વેચીને મકાનના રિપેરીંગમાં વાપરવું જાઈઝ નથી. બલ્કે મકાનનું રિપેરીંગ મકાનના ભાડાથી થશે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૧૯૩)** : વકફવાળા મકાનમાં ફળ દાર ઝાડ હોય તો ભાડુ તે તેના ફળ ખાવુ જાઈઝ નથી જ્યારે કે વકફ માટે ઝાડ વાવ્યા હોય અથવા ઝાડ વાવનારની નિય્યત ખબર હોય.

(બહુર્રરાઈક)

**મસ્અલા (૧૯૪)** : વકફવાળા ઝાડનો કેટલાક ભાગ સુકાઈ ગયો, કેટલોક બાકી છે તો સુકાને એ ઉપયોગમાં ખરચ કરો જ્યાં તેની આવક ખરચ થાય છે. (બહર)

**મસ્અલા (૧૯૫)** : સડક અને જવાના રસ્તા પર ઝાડ એટલા માટે રોપવામાં આવ્યા કે વાટમાર્ગુ તેનાથી ફાયદો ઉઠાવે તો તે લોકો તેના ફળ ખાઈ શકે છે અને અમીર તથા ગરીબ બંને ખાઈ શકે છે. એવી જ રીતે જંગલ અને રસ્તામાં જે પાણી મુકેલું હોય અથવા પરબનું પાણી છે, દરેક પી શકે છે. જનાઝાના ખાટલો અમીર ગરીબ બંને કામમાં લઈ શકે છે અને કુર્આન મજીદમાં દરેક શખ્સ તિલાવત કરી શકે છે. (ખાનિયહ)

**મસ્અલા (૧૯૬)** : કુવાના પાણીની રોકટોક નથી. ખૂદ પણ પી શકે છે, જાનવરને પણ પીવડાવી શકે છે. પાણી પીવા માટે પરબ લગાવી તો તેનાથી વુઝુ કરી શકતા નથી. જોકે કેટલુંએ હોય

અને વુઝૂ માટે વકફ હોય તો તેને પી શકતા નથી. (આલમગીરી)

**મસ્અલા (૧૯૭)** : એક મકાન કબ્રસ્તાન માટે વકફ છે. આ મકાન પડી જઈને ખંડેર થઈ ગયું અને કોઈ કામનું રહ્યું નહી. પછી કોઈ શખ્સે પોતાના પૈસાથી તે જગ્યામાં મકાન બંધાવ્યું તો કેવળ ઈમારત તેની છે જમીનનો માલિક નથી. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૧૯૮)** : હાજીઓને ઉતારવા માટે મકાન વકફ કર્યુ છે તો બીજા લોકો તેમાં થોભી શકતા નથી અને હજની મોસમ ખતમ થઈ ગયા પછી ભાડે આપવામાં આવે અને તેની આવક રિપેરીંગમાં ખરચ કરવામાં આવે, તેમાંથી વધી જાય તો મિસ્કીનો પર ખરચ કરી દેવામાં આવે. (આલમગીરી)

**મસ્અલા (૧૯૯)** : જમીન ખરીદીને રસ્તા માટે વકફ કરી દીધી કે, લોકો તેના પર ચાલશે અથવા સડક બનાવી દીધી તે વકફ સહીહ છે. તેના વારસો દાવો કરી શકતા નથી, એવી જ રીતે પુલ બનાવીને વકફ કર્યો તો તે પુલની ઈમારત વકફ છે. (ખાનિયહ)

# ✿ વકફમાં શરતોનું બયાન ✿

વાકિફને (વકફ કરનાર) અખત્યાર છે કે વકફમાં પોતાની ઈચ્છા અનુસાર શરત લગાવે, અને જે શરત લગાવશે તેનો એતબાર થશે. હા, જો એવી શરત લગાવી જે શરીઅતની વિરૂદ્ધ છે તો તે શરત બાતલ છે અને તેનો એતબાર (ગણના) નથી. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૨૦૦)** : કેટલાક સ્થાનોમાં વાકિફની શરતની ગણના નથી બલ્કે તેના વિરૂદ્ધ અમલ કરવામાં આવશે. દા.ત. તેણે એ શરત લગાવી દીધી કે મિલ્કત જો કે બેકાર થઈ જાય, તેની બદલી ન કરવામાં આવે તો જો લાભદાયક ન રહે, બદલી કરી શકાસે અને શરતની ગણના કરવામાં આવશે નહી. અથવા એ શરત છે કે મુતવલ્લીને કાઝી પદભ્રષ્ટ નથી કરી શકતો અથવા વકફમાં કાઝી વિગેરે કોઈ દખલગીરી ન કરે, કોઈ તેની ચોકી ન કરે. આ શરત પણ બાતલ છે કે અપાત્ર ને કાઝી જરૂર બરતરફ કરી દેશે વકફની કાઝી તરફથી દેખરેખ જરૂર થશે. અથવા એ શરત છે કે વકફની જમીન અથવા મકાન એક વર્ષથી વધારે મુદ્દત માટે કોઈને ભાડે આપવામાં આવે નહી અને એક વર્ષ માટે કોઈ ભાડે લેતુ નથી, વધારે દિવસો માટે લોકો માંગે છે અથવા એક વર્ષ માટે આપવામાં આવે તો ભાડાની રકમ ઓછી મળે છે અને વધારે દિવસો માટે આપવામાં આવેતો વધુ ભાડુ મળશે તો કાઝી માટે જાઈઝ છે કે વાકિફની શરતની પાબંદી ન કરે પરંતુ મુતવલ્લી શરત વિરૂદ્ધ કરી શકતો નથી. અથવા એ શરત કરી કે તેની આવક ફલાણા મસ્જિદના ભિક્ષુકને આપવામાં આવે તો મુતવલ્લી બીજી મસ્જિદના ભિક્ષુકને અથવા મસ્જિદની બહાર જે ભિક્ષુક છે તેમને અથવા અભિક્ષુકને પણ આપી શકે છે. અથવા એ શરત કરી કે દરરોજ ફકીરોને આટલા પ્રમાણમાં રોટી, માંસ આપવામાં આવે તો રોટી, માંસના બદલે કીમત પણ આપી શકે છે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૨૦૧)** : મકાન વકફ કર્યુ, એવી રીતે કે ફલાણા શખ્સને તેની આવક આપવામાં આવે અને એ શરત કરી કે રિપેરીંગ ખૂદ વકફવાળાના માથે છે તો વકફ સહીહ છે અને શરત સહીહ નથી કે રિપેરીંગ તેના માટે નથી બલ્કે આવકથી કરવામાં આવશે. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૨૦૨)** : વાકિફે શરત કરી છે કે જ્યાં સુધી હું જીવંત છું કુલ આવક અથવા તેનો આટલા અંશનો હું હકદાર છું. અને મારા પછી ફકીરોને

માટે અથવા એ શરત કે આવકથી મારૂ કરજ અદા કરવામાં આવે પછી ફકીરોને અથવા એકે મારી જિંદગી સુધી હું લઈશ, પછી કરજ અદા થશે પછી ફકીરોને આ સઘળી સૂરતો જાઈઝ છે.

(આલમગીરી)

**મસ્અલા (૨૦૩)** : કેવળ એટલું જ કહ્યું કે અલ્લાહ માટે આ વિલંબીત સદકો છે. એ શરતે કે જ્યાં સુધી હું જીવંત છું આવક હું લઈશ તો વકફ સહીહ છે કે જો કે તેમાં તાબીદ નથી, ન ફકીરોનો ઉલ્લેખ છે પરંતુ સદકા શબ્દથી તાબીદ અને પછીથી ફકીરો માટે જ હોવું સમજવામાં આવે છે.

(આલમગીરી)

**મસ્અલા (૨૦૪)** : વાકિફે પોતાના માટે શરત કરી કે તેની આવક હું પોતે પણ ખાઈશ અને મિત્ર, સગા, મહેમાનોને પણ ખવડાવીશ તેમાંથી જે વધશે તે ફકીરો માટે છે એવી જ રીતે ઔલાદ માટે વંશ પરંપરાગત પણ શરત લગાવી તો વકફ તથા શરત બંને જાઈઝ છે. (આલમગીરી)

**મસ્અલા (૨૦૫)** : એ શરત કરી છે કે પોતાના પર અને પોતાની ઔલાદ પર તથા નોકરો પર ખરચ કરીશ અને વકફનું અનાજ આવ્યું તેને વેચી નાખ્યું અને રકમ પર કબ્જો પણ કરી લીધો પરંતુ ખરચ કરવાથી પહેલા મરી ગયો તો આ રકમ તરકા (વારસાઈ)ની છે. વારસોનો હક છે, ફકીરો અને વકફવાળાઓનો હક નથી. (ફતહુલ કદીર)

**મસ્અલા (૨૦૬)** : વકફમાં એ શરત કરી કે ફલાણા વારસદારને વકફની આવક થી જરૂરત જેટલું આપવામાં આવે તો જ્યાં સુધી તે એકલો છે એકલાના યોગ્ય ખરચ આપવામાં આવે અને જ્યારે બાલબચ્ચાં વાળો થઈ જાય તો એટલું આપવામાં આવે કે સૌના માટે કાફી થાય. કે તે સૌના ખરચ તેના સાથે જ ગણના થશે.

(આલમગીરી)

## વકફમાં તબદીલીની શરત

**મસ્અલા (૨૦૭)** : વાકિફ વકફની મિલ્કતની તબદીલીની શરત લગાવી શકે છે કે હું અથવા ફલાણો શખ્સ જ્યારે ઉચિત સમજીશું તેને બીજી મિલ્કતથી બદલી નાખીશું. આ સ્વરૂપમા આ બીજી મિલ્કતતે વકફ મિલ્કતના સ્થાને હશે અને તમામ તે શરતો જે વકફનામામાં હતી તે સૌ આમાં લાગુ થશે જો કે વકફનામા માં એ ન હોય કે બદલવા પછી બીજી પહેલાના સ્થાને હશે અને તેની તમામ શરતો આમા લાગુ થશે. (આલમગીરી)

**મસ્અલા (૨૦૮)** : તબદીલીની શરત વકફનામામાં હતી તે અત્યારે તબદીલ કરી લીધી તો હવે ફરીથી તે મિલ્કતને બદલવાનો હક નથી, હા જો શરત ના એવા શબ્દો હોય જેનાથી સામાન્યત સમજવામાં આવે છે. દા.ત. હું જ્યારે પણ ઈચ્છીશ તબદીલી કરી લઈશ તો એક વખતની તબદીલીથી હક રદ થશે નહી. (ફતહુલ કદીર)

**મસ્અલા (૨૦૯)** : વાકિફે એ શરત લગાવી કે હું જ્યારે ઈચ્છીશ તેને વેચી નાખીશ અથવા જેટલા કીમતમાં ઈચ્છીશ વેચી દઈશ અથવા વેચીને તે રકમથી ગુલામ ખરીદીશ તો આ સૌ સ્વરૂપોમાં વકફ જ બાતલ છે. (ખાનિયહ)

**મસ્અલા (૨૧૦)** : એ શરત છે કે મુતવલ્લીને અખત્યાર છે જ્યારે ઈચ્છે તે મિલ્કતને વેચી નાખે અને તેના પૈસાથી બીજી જમીન ખરીદી લે તો આ શરત જાઈઝ છે અને એક વખત તબ્દીલનો હક પ્રાપ્ત છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૧૧)** : વકફમાં કેવળ તબ્દીલ મજકૂર છે એમ નથી કે મકાન અથવા જમીનથી તબ્દીલી કરીશ તો અખત્યાર છે, મકાનથી તબ્દીલ કરે અથવા જમીનથી અને જો મકાનનો શબ્દ છે તો જમીનથી તબ્દીલી કરી શકતો નથી અને જમીન છે તો મકાનથી નથી થઈ શકતું અને જોએ ઉલ્લેખ ન

હોય કે ફલાણી જગ્યાની મિલ્કતથી તબ્દીલી કરીશ તો જ્યાંની મિલ્કતથી ઈચ્છે તબદીલી કરી શકે છે. અને નિશ્ચિત કરી દેવામાં આવે તો ત્યાંની જ મિલ્કતથી તબ્દીલી થઈ શકે છે. બીજી જગ્યાની મિલ્કતથી નહી.

(આલમગીરી, ખાનિયહ,ફતહુલ કદીર)

**મસ્અલા (૨૧૨) :** વકફ થએલ મકાનને બીજા મકાનથી બદલવું તે સમયે જાઈઝ છે કે બંને મકાન એક જ મહોલ્લામાં હોય અથવા તે મહોલ્લો એનાથી બહેતર હોય. અને અકસ હોય અર્થાત આ તેનાથી ઉત્તમ છે તો નાજાઈઝ છે. (બહુરૂર્રાઈક)

**મસ્અલા (૨૧૩) :** એ શરત હતી કે હું તબદીલી કરીશ અને પોતે ન કર્યુ બલ્કે વકીલથી કરાવ્યું તો પણ જાઈઝ છે અને મરતી વખતે વસિયત કરી ગયો તો વસી (જેને વસીયત કરી હોય) તબ્દીલી કરી શકતો નથી. અને જો એ શરત હતી કે હું અને ફલાણો શખ્સ ભેગા મળીને તબ્દીલી કરીશું તો એકલો તે શખ્સ તબ્દીલી કરી શકતો નથી અને આ એકલો કરી શકે છે. (ફતહુલ કદીર)

**મસ્અલા (૨૧૪) :** જો વકફનામામાં એમ હોય કે જે કોઈ આનો મુતવલ્લી હોય તે તબ્દીલી કરી શકે છે તો દરેક મુતવલ્લીને એ અખત્યાર પ્રાપ્ત રહેશે અને જો વાકિફે એ શરત કરી દીધી કે ફલાણા શખ્સને તેની તબ્દીલીનો અખત્યાર છે તો વાકિફની જિંદગી સુધી તેને અખત્યાર છે, પછીથી નથી. હા, જો એ મજકૂર છે કે મારા મૃત્યુ પછી પણ તેને અખત્યાર છે તો પછી પણ રહેશે. (ખાનિયહ)

**મસ્અલા (૨૧૫) :** મુતવલ્લીને તબ્દીલીનો અખત્યાર એ જ સમયે પ્રાપ્ત થશે કે મુતવલ્લી માટે તબ્દીલીની સ્પષ્ટતા હોય અને જો મુતવલ્લી માટે તબ્દીલીની શરત મજકૂર છે અને વાકિફે પોતાના માટે ઉલ્લેખ કર્યો નથી તો પણ વાકિફ તબ્દીલી કરી શકે છે. (ફતહુલ કદીર)

**મસ્અલા (૨૧૬) :** સમનથી વેચવાની ઈજાઝત હોય અને એટલી ઓછી કીમત પર વેચાણ કર્યુ કે બીજા લોકો એવી વસ્તુ એટલી કીમત પર વેચતા નથી તો આ વેચાણ બાતલ છે અને જો વ્યાજબી કીમત પર વેચાણ થયું અથવા થોડીક અલ્પકમી છે તો વેચાણ જાઈઝ છે. (આલમગીરી)

**મસ્અલા (૨૧૭) :** વકફની જમીન વેચી નાખી અને રકમ પર કબ્જો પણ કરી લીધો તે પછી મરી ગયો અને રકમ સંબંધે બયાન કર્યુ નથી કે શું થયું તો આ રકમ તેના પર દેવું છે. તેના તરકાથી વસૂલ કરીશું એવીજ રીતે જો ખબર છે કે તેણે નષ્ટ કરી દીધું તો પણ દેવું છે અને જો તેણે પોતે નષ્ટ કર્યુ નથી બલ્કે તેના પાસેથી નષ્ટ થઈ ગયું તો તાવાન નથી અને હવે વકફ બાતલ થઈ ગયું.

(આલમગીરી)

**મસ્અલા (૨૧૮) :** વકફને વેચાણ કર્યુ હતું પરંતુ કોઈ કારણોસર રદ થયું તો ફરીથી બીજી વખત વેચાણ કરી શકે છે. અને જો ફરી તેણેજ તેને ખરીદી લીધું તો બીજી વખત વેચાણ કરી શકતો નથી, પરંતુ જ્યારે કે સામાન્યત તબ્દીલીનો અખત્યાર હોય તો ફરીથી પણ કરી શકે છે.

(આલમગીરી)

**મસ્અલા (૨૧૯) :** વકફવાળી જમીન વેચી નાંખી અને રકમથી બીજી જમીન ખરીદી પરંતુ જે જમીન વેચી હતી તેમાં કોઈ એબ (ખામી) જાહેર થઈ. જેના કારણે કાઝીએ પાછા ફેરવવાનો હુકમ કર્યો તો તે બદસ્તૂર વકફ છે અને બીજી જે જમીન ખરીદી હતી તે વકફ નથી તેનું જેમ ઈચ્છે કરે અને જો કાઝીએ પાછી ફેરવવાનો હુકમ આપ્યો ન હતો બલ્કે તેણે પોતાની મરજીથી પાછી લઈ લીધી તો આ વકફ નથી બલ્કે તેની માલિકી છે અને વકફવાળી જમીન એ જ છે જે તેને વેચીને ખરીદી હતી. (ખાનિયહ)

**મસ્અલા (૨૨૦)** : વકફની જમીનને કોઈએ ગસબ કરી લીધી (દબાવી લીધી) અને ગાસિબના હાથમાંજ જમીન હતી કે પાણીમાં ડુબી ગઈ અને ગાસિબથી તાવાન લેવામાં આવ્યું તો આ રૂપિયાથી બીજી જમીન ખરીદવામાં આવશે અને આ જમીન વકફ ઠરશે અને આ વકફમાં તમામ શરતો સુરક્ષિત રહેશે જે પહેલીમાં હતી. (ખાનીયહ)

**મસ્અલા (૨૨૧)** : વકફને કોઈએ પચાવી પાડયું છે અને તેના પાસે ગવાહ નથી કે વકફને સાબિત કરે અને ગાસિબ તેના બદલામાં રૂપિયા આપવા તૈયાર છે તો રૂપિયા લઈને બીજી જમીન ખરીદી વકફના સ્થાને કરી દે. (રદદુલ મુહતાર)

## વકફમાં તબ્દીલીનો ઉલ્લેખ ન હોય તો તબ્દીલીની શું શરતો છે.

**મસ્અલા (૨૨૨)** : વાકિફે વકફમાં બદલવાનો ઉલ્લેખ કર્યો નથી અથવા બદલવાના અસ્તિત્વનો ઉલ્લેખ કરી દીધો છે, પરંતુ વકફ સાવ લાભદાયક ન રહ્યું તો અર્થાત એટલી પણ આવક થતી નથી જે વકફના ખરચ માટે કાફી હોય તો એવા વકફની તબ્દીલી જાઈઝ છે. પરંતુ તેના માટે કેટલીક શરતો છે. (૧) ફહશ ઉચાપત સાથે વેચાણ ન થાય (૨) તબ્દીલી કરનાર કાઝી આલિમ બાઅમલ હોય જેના અધિકાર સંબંધે લોકોને સંતોષ થઈ શકે. (૩) તબ્દીલી ગેર મનકુલથી થાય. રૂપિયા અશરફીથી ન થાય. (૪) એવાથી તબ્દીલી ન કરે જેની શહાદત તેના હકમાં વિશ્વાસપાત્ર ન હોય. (૫) એવા શખ્સથી તબ્દીલી ન કરે જેનું તેના પર દેણ હોય (૬) બંને મિલ્કતો એક મહોલ્લમાં હોય અથવા તે એવા મહોલ્લામાં હોય કે આ મહોલ્લાથી બેહતર છે. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૨૨૩)** : વકફ જો લાભકારક છે અર્થાત તેની આવક એવી છે કે ખરચ થયા પછી બચી રહે છે અને તેના બદલામાં એવી જમીન મળે છે જેનો નફો અધિક છે તો જ્યાં સુધી વાકિફે તબ્દીલીની શરત ન કરી હોય, તબ્દીલી કરે નહી. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૨૨૪)** : વકફ નામામાં પ્રથમ એ લખ્યું કે મેંતેને વકફ કર્યુ, તેને ન વેચવામાં આવે ન ભેટ આપવામાં આવે વિગેરે વિગેરે, પછી અંતમાં એમ લખ્યું કે મુતવલ્લી ને અખત્યાર છે કે તેને વેચીને બીજી જમીન ખરીદીને તેના સ્થાને વકફ કરી દે તો જો કે પ્રથમ લખી દીધું છે કે વેચાણ ન કરે પરંતુ તેનું વેચાણ જાઈઝ છે કે અંતિમ વાત પ્રથમ ની વાતને રદ કરનાર અથવા સ્થાને છે પરંતુ અકસ કર્યુ અર્થાત પ્રથમ તો એ લખ્યું કે મુતવલ્લી ને વેચાણ તથા તબ્દીલીનો અખત્યાર છે પરંતુ અંતમાં લખી દીધું કે વેચાણ ન કરવામાં આવે તો હવે બદલવું જાઈઝ નથી. (આલમગીરી)

**મસ્અલા (૨૨૫)** : વાકિફે એ શરત કરી દીધી છે કે જ્યાં સુધી હું જીવંત છું મુતવલ્લીને તેના બદલવાનો અખત્યાર છે તો વાકિફના ઈન્તેકાલ પછી તબ્દીલી થઈ શકતી નથી (બહરૂરાઈક)

**મસ્અલા (૨૨૬)** : વાકિફે એ શરત કરી કે તેની આવક ખરચ કરવાનો મને અખત્યાર છે, જ્યાં ઈચ્છીશ ખરચ કરીશ, તો શરત જાઈઝ છે અને તેને અખત્યાર છે કે મિસ્કીનોને આપે અથવા તેનાથી હજ કરાવે અથવા કોઈ માલદાર શખ્સને આપી દે. (આલમગીરી)

**મસ્અલા (૨૨૭)** : વકફમાં એ શરત છે કે જો હું ઈચ્છીશ તો તેને વેચીને બીજી જમીન ખરીદીશ એ શબ્દ નથી કે ખરીદી ને તેના સ્થાને કરી દઈશ, આ શરત ની સાથે પણ વકફ સહીહ છે. જો જમીન વેચશે તો તે રકમ તેના સ્થાને થશે, પછી જ્યારે બીજી જમીન ખરીદશે તો તે પહેલાના સ્થાને થઈ જશે. (ખાનિયહ)

**મસ્અલા (૨)** : પોતાની મિલકત ઔલાદ પર

વકફ કરી અને શરત લાગુ કરી દીધી કે જે કોઈ ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોના મઝહબ થી ફરી જશે તે વકફમાંથી ખારિજ થશે, તો આ શરતની પાબંદી થશે અને ફરજ કરો કે એકે બીજા પર દાવો કર્યો કે તેણે હનફી મઝહબથી વિમુખતા કરી છે અને પ્રતિવાદી ઈન્કાર કરે છે તો વાદીએ ગવાહો થી સાબિત કરવું પડશે અને ગવાહોથી સબિત ન કરી શકે તો પ્રતિવાદી નો કોલ વિશ્વાસ પાત્ર છે અને જો એ શરત છે કે જે અહલે સુન્નત ના મઝહબથી ખારિજ થાય તે વકફમાંથી ખારિજ છે અને તેઓમાં કોઈ રાફઝી, ખારજી, વહાબી વિગેરે થઈ ગયો તો વકફમાં થી નિકળી ગયો એવી જ રીતે જો ખુલ્લમ ખુલ્લા મુરતદ થઈ ગયો તો પણ ખારિજ છે, જો તૌબા કરીને ફરીથી એહલે સુન્નત ના મઝહબને કબૂલ કર્યો તો હજુ પણ વકફથી મહેરૂમ જ રહેશે. હા જો વાકિફે (વકફ કરનાર) શરત કરી દીધી હોય કે જો તાઈબ (પ્રશ્ચતાપી) થઈને એહલે સુન્નત મઝહબને કબૂલ કરે તો વકફની આવકનો હકદાર થઈ જશે તો હવે તેને મળશે. (આલમગીરી)

**મસ્અલા (૨૨૯) :** પોતાની ઔલાદ પર મિલ્કત વકફ કરી અને શરત એ કરી કે જેને ઈચ્છીશ વકફમાંથી ખારિજ કરી દઈશ તો શરત અનુસાર ખારિજ કરી શકે છે એ ખારિજ કરવા પછી ફરી દાખલ કરવા ઈચ્છે તો દાખલ કરી શકતો નથી. એવી જ રીતે એ શરત કરી કે જેને ઈચ્છીશ અધિક ભાગ આપીશ તો શરત અનુસાર કેટલાકને કેટલાકથી અધિક આપી શકે છે. (આલમગીરી)

**મસ્અલા (૨૩૦) :** વકફનામામાં બે શરતો બાધક હોય તો પાછળવાળી શરત પર અમલ થશે. (રદદુલ મુહતાર)

# ✿ તૌલીયત (મુતવલ્લીપણા) નું બયાન ✿

**મસ્અલા (૨૩૧) :** જે શખ્સ વકફોનો મુતવલ્લી બનાવવાની દરખાસ્ત કરે એવાને મુતવલ્લી બનાવવો જોઈએ નહી. અને મુતવલ્લી એવા શખ્સને નિયુક્ત કરવો જોઈએ જે અમાનતદાર હોય અને વકફના કામ કરવા પર શક્તિમાન હોય. ભલે પોતે જ કામ કરે અથવા પોતાના નાયબથી કરાવે અને મુતવલ્લી થવા માટે આકિલ (જે ગાંડો ન હોય) બાલીગ હોવું શરત છે. (ફતહુલ કદીર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૨૩૨) :** વાકિફે વસિયત કરી કે મારા પછી મારો છોકરો મુતવલ્લી હશે અને વાકિફના મૃત્યુના સમયે છોકરો ના બાલિગ છે તો જ્યાં સુધી નાબાલિગ છે બીજા શખ્સને મુતવલ્લી બનાવવામાં આવે અને બાલિગ થવા પર છોકરાને મુતવલ્લીપણું આપવામાં આવશે અને જો પોતાની તમામ ઔલાદ માટે મુતવલ્લીપણાની વસિયત કરી છે અને તેમનામાં કોઈ નાબાલિગ પણ છે તો નાબાલિગના સ્થાને બાલિગોમાંથી કોઈને અથવા કોઈ બીજા શખ્સને કાઝી નિયુક્ત કરી દે. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૨૩૩) :** ઔરતને પણ મુતવલ્લી બનાવી શકો છે અને આંધળાને પણ અને મહદૂદ ફીલ કુફ (જેને દુરાચારની સજા કરવામાં આવી હોય તે) તૌબા કરી લીધી તો તેને પણ મુતવલ્લી બનાવી શકો છો. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૨૩૪) :** વાકિફે એ શરત કરી છે કે વકફનો મુતવલ્લી મારી ઔલાદમાંથી તેને બનાવવામાં જે સૌમાં હોશિયાર, નેક હોય તો આ શરતનો લેહાઝ રાખતા મુતવલ્લી નિયુક્ત કરવામાં

આવે, તેના વિરૂદ્ધ મુતવલ્લી બનાવવો સહીહ નથી. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૨૩૫) :** મજકૂર સ્વરૂપમાં તેની ઔલાદમાં જે સૌમાં બહેતર હતો તે ફાસિક થઈ ગયો તો મુતવલ્લી તે થશે જે તેના પછી સૌમાં બહેતર છે એવી જ રીતે જો તે અફઝલે (શ્રેષ્ઠે) મુતવલ્લીપણાથી ઈન્કાર કરી દીધો તો જે તેના પછી બહેતર છે તે મુતવલ્લી બનશે અને જો સૌ જ સારા હોય તો જે મોટો છે તે થશે, જો કે તે ઔરત હોય અને તેની ઔલાદમાં સૌ અપાત્ર હોય તો કોઈ અજનબી (અજાણ્યા)ને કાઝી મુતવલ્લી તરીકે નિયુક્ત કરશે. તે સમય સુધી માટે કે તેમનામાં કોઈ લાયક થઈ જાય. (બહરૂર્રરાઈક)

**મસ્અલા (૨૩૬) :** મજકૂર સૂરતમાં સૌથી બહેતરને કાઝીએ મુતવલ્લી બનાવી દીધો તેના પછી બીજો તેના થી પણ બહેતર થયો તો હવે તે મુતવલ્લી થશે અને જો તેની ઔલાદો નેકીમાં સમાન છે તો વકફનું કામ જે સૌથી સારૂં કરી શકે તેને મુતવલ્લી બનાવવામાં આવે અને જો એક અધિક પરહેઝગાર છે બીજા ઓછો પરહેઝગાર છે પરંતુ આ બીજો વકફના કામને પ્રથમની સરખામણીમાં અધિક જાણતો હોય તો તેને જ મુતવલ્લી બનાવવામાં આવે જ્યારે કે તેના તરફથી ખયાનત (બેઈમાની-ભ્રષ્ટાચાર) ની શંકા ન હોય. (આલમગીરી)

**મસ્અલા (૨૩૭) :** વાકિફે પોતા ને જ મુતવલ્લી બનાવી રાખ્યો છે તો તેમાં પણ તે ગુણોનું હોવું જરૂરી છે જે બીજા મુતવલ્લીમાં જરૂરી છે અર્થાત જે કારણોથી મુતવલ્લી બરતરફ કરી દેવાંમાં આવે છે જો તે કારણો તેના પોતાનામાં જોવામાં આવે તો તેને પણ બરતરફ કરી દેવું જરૂરી થશે. એ વાતનો ખ્યાલ હરગિઝ ન કરવામાં આવશે કે તે પોતે જ વાકિફ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૩૮) :** મુતવલ્લી જો અમીન ન હોય ખયાનત કરતો હોય અથવા કામ કરવાથી વિવશ છે અથવા એલાનીયા શરાબ પીતો હોય, જુગાર રમતો હોય અથવા કોઈ બીજું ફિસ્ક એલાની યા (ખુલ્લં ખુલ્લુ) કરતો હોય અથવા તેને કીમિયો બનાવવાની લત હોય તો તેને બરતરફ કરી દેવું વાજિબ છે, કેમ કે જો કાઝીએ તેને બરતરફ ન કર્યો તો કાઝી પણ ગુનેહગાર છે. અને જેમાં આ દુર્ગુણો જોવામાં આવતા હોય તેને મુતવલ્લી બનાવવો પણ ગુનાહ છે. (દુર્રે મુખ્તાર વિગેરે)

**મસ્અલા (૨૩૯) :** વાકિફે પોતાને જ મુતવલ્લી બનાવ્યો છે અને વકફનામામાં એ શરત લખી દીધી છે કે "મને તેના મુતવલ્લીપણાથી અલગ કરી શકાતો નથી અથવા મને કાઝી અથવા ઈસ્લામી બાદશાહ પણ બરતરફ કરી શકતા નથી." આ શરતની પાબંદી કરી શકાતી નથી જો ખયાનત વિગરે તે કામો જાહેર થયા જેનાથી મુતવલ્લીને બરતરફ કરી દીવામાં આવે છે તો આને પણ બરતરફ કરી દેવામાં આવશે એવી જ રીતે વાકિફે બીજાને મુતવલ્લી બનાવ્યો છે અને એ શરત લગાવી દીધી છે કે તેને હું બરતરફ કરી શકતો નથી તો આ શરત પણ બાતલ (રદ) છે. એવી જ રીતે એક શખ્સે બીજાને વસી બનાવ્યો અને શરત કરી દીધી છે કે વલી એજ રહેશે, જો ભલે ખયાનત કરે તો આ વલીને ખયાનત જાહેર થવા પર બરતરફ કરી દેવામાં આવશે. (દુર્રે મુખ્તાર, આલમગીરી)

**મસ્અલા (૨૪૦) :** વાકિફે જેને મુતવલ્લી બનાવ્યો છે તે જ્યાં સુધી ખયાનત ન કરે કાઝી બરતરફ કરી શકતો નથી. અને વગર કારણે બરતરફ કરીને કાઝીએ બીજાને તેની જગ્યાએ મુતવલ્લી બનાવી દીધો તો બીજો મુતવલ્લી થશે નહી. કેમકે તે પ્રથમ નિયમાનુસાર મુતવલ્લી છે.

અને કાઝીએ મુતવલ્લી નિયુક્ત કર્યો હોય તો ખયાનત વગર પણ તેને બરતરફ કરી શકાય છે. કાઝીએ મુતવલ્લીને બરતરફ કરી દીધો પછી કાઝીનો ઈન્તેકાલ થઈ ગયો અથવા તેને બરતરફ કરી દેવામાં આવ્યો તેના સ્થાને બીજો કાઝી બન્યો, હવે મુતવલ્લી તેના પાસે દરખાસ્ત કરે છે કે મને કસૂર વગર જુદો કરી દેવામાં આવ્યો છે તો બીજો કાઝી કેવળ તેના કહેવા પર અમલ કરીને મુતવલ્લી ન બનાવી દે, બલ્કે તેને કહી દે કે તમે સાબિત કરી દો કે આ કામના યોગ્ય છો અને કામને સારી રીતે પુરૂં કરી શકો છો. જો તે એવું સાબિત કરી દે તો બીજો કાઝી તેને ફરી મુતવલ્લી બનાવવી શકે છે. વાકિફને અખત્યાર છે કે મુતવલ્લીને સર્વથા જુદો કરી શકે છે. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૨૪૧)** : વાકિફને અખત્યાર છે કે મુતવલ્લીને બરતરફ કરીને બીજો મુતવલ્લી નિયુક્ત કરી દે અથવા પોતે મુતવલ્લી બની જાય. (ફતહુલ કદીર)

**મસ્અલા (૨૪૨)** : વાકિફે કોઈને મુતવલ્લી બનાવ્યો નથી અને કાઝીએ નિમણુક કરી દીધી તો વાકિફ હવે તેને જુદો કરી શકતો નથી અને મુતવલ્લી હાજર છે, ભલે વાકિફે તેને નિયુક્ત કર્યો અથવા કાઝીએ તો વગર કારણે કાઝી પણ બીજો મુતવલ્લી નિયુક્ત કરી શકતો નથી. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૨૪૩)** : વકફનામામાં મુતવલ્લીપણા સંબંધે કાંઈ મજકૂર નથી તો મુતવલ્લીપણાનો હક વાકિફને છે, પોતે પણ મુતવલ્લી બની શકે છે અને બીજાને પણ બનાવી શકે છે. (આલમગીરી)

**મસ્અલા (૨૪૪)** : એક વકફ સંબંધે બે વકફનામા મળ્યા. એકમાં એક શખ્સને મુતવલ્લી બનાવવાનું લખ્યું છે અને બીજામાં બીજા શખ્સને. જો બંનેની તારીખો પણ આગળ પાછળ છે તો પણ આ બંને આ વકફના મુતવલ્લી છે. ભેગા મળીને કામ કરે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૪૫)** : વાકિફે કોઈને મુતવલ્લી બનાવ્યો નથી અને મૃત્યુ સમયે કોઈને વસી બનાવ્યો તો એજ શખ્સ વસી પણ છે અને વકફનો નિરક્ષક પણ અને જો ખાસ વકફ સંબંધે તેને વસી બનાવ્યો છે તો વકફ ઉપરાંત બીજી વસ્તુઓમાં પણ તે વસી છે. (આલમગીરી)

**મસ્અલા (૨૪૬)** : બે જમીનો વકફ કરી અને દરેકનો મુતવલ્લી જુદા જુદા બે શખ્સોને બનાવ્યા તો અલગ અલગ મુતવલ્લી છે. પરસ્પર ભાગીદાર નથી અને જો એક શખ્સને મુતવલ્લી બનાવ્યો તેના પછી બીજાને વસી બનાવ્યો તો આ વસી પણ મુતવલ્લી પણામાં મુતવલ્લીનો શરીક છે હા જો વાકિફે એમ કહ્યું હોય કે પેલાને મેં પોતાના વકફોનો મુતવલ્લી બનાવ્યો છે અને આને પોતાના તરકાઓ અને બીજા કામોનો વસી બનાવ્યો છે તો દરેક પોતપોતાના કામમાં એકાંકી હશે. (બહુર્રાઈક)

**મસ્અલા (૨૪૭)** : વાકિફે પોતાની જિંદગીમાં કોઈને વકફોના કામ સુપ્રત કરી દીધા છે તો તેની જિંદગી સુધી જ મુતવલ્લી રહેશે, મુત્યુ પછી મુતવલ્લી નથી. હા જો એમ કહી દીધું હોય કે મારી જિંદગીમાં અને મૃત્યુ પછી માટે પણ મેં તને મુતવલ્લી બનાવ્યો તો વાકિફના મૃત્યુ પર તેની વિલાયત ખતમ થશે નહી. કાઝીએ કોઈને મુતવલ્લી બનાવ્યો તેના પછી કાઝીનું મૃત્યુ થઈ ગયુ અથવા બરતરફ થઈ ગયો તો તેના કારણે મુતવલ્લી પર કોઈ અસર પડશે નહી. તે નિયમાનુસાર મુતવલ્લી રહેશે. (આલમગીરી)

**મસ્અલા (૨૪૮)** : બે શખ્સો ને મુતવલ્લી બનાવ્યા તો તેમનામાં એક એકલો શખ્સ વકફમાં કોઈ અધિકાર કરી શકતો નથી. જેટલા કામ થશે

તે બંનેના સંયુક્ત અભિપ્રાયથી પરિપૂર્ણ થશે. અને તેઓ પૈકી કોઈ એકે કોઈ કામ કરી લીધું અને બીજાએ તેને જાઈઝ કરી દીધું, એકે બીજાને વકીલ બનાવી દીધો અને તેણે તે કામને પરિપૂર્ણ કર્યુ તો જાઈઝ છે કે બંનેની શિરકત થઈ ગઈ.

(આલમગીરી)

**મસ્અલા (૨૪૯)** : એક વકફના બે વસી હતા તે પૈકી એકે મૃત્યુ સમયે એક જમાઅતને વસી બનાવી તો તે જમાઅત તે વસીના સ્થાને થશે અને જો તેણે મૃત્યુ સમયે બીજા વસીને વસી બનાવ્યો તો હવે તે એકલો જ સમગ્ર વકફ પર અધિકારી થશે (ખાનિયહ)

**મસ્અલા (૨૫૦)** : વાકિફે એક શખ્સને વસી બનાવી દીધો છે અને એ શરત કરી દીધી છે કે વસીને વસી બનાવવાનો અખત્યાર નથી તો આ શરત સહીહ છે. આ વસી પછી કાઝી પોતાના અભિપ્રાયથી કોઈને મુતવલ્લી ઠેરવશે.

(આલમગીરી)

**મસ્અલા (૨૫૧)** : વાકિફે એ શરત કરી કે તેનો મુતવલ્લી અબ્દુલ્લાહ બનશે અને અબ્દુલ્લાહ પછી ઝૈદ બનશે પરંતુ અબ્દુલ્લાહે પોતાના પછી માટે ઝૈદ સિવાય બીજાને પસંદ કર્યો તો ઝૈદ જ મુતવલ્લી બનશે, તે ન બનશે જેને અબ્દુલ્લાહે પસંદ કર્યો. એવી જ રીત જો વાકિફે એ શરત કરી છે કે મારી ઔલાદમાં જે વધુ હોશિયાર હોય તે મુતવલ્લી બનશે પરંતુ કોઈ મુતવલ્લીએ પોતાના પછી પોતાના જમાઈને મુતવલ્લી બનાવ્યો જે વાકિફની ઔલાદમાં નથી તો એ મુતવલ્લી બનશે નહી, બલ્કે વાકિફની ઔલાદમાં જે હકદાર છે તે થશે. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૨૫૨)** : બે શખ્સોને વાકિફે મુતવલ્લી બનાવ્યા છે તેમાંથી એકે સ્વીકાર કર્યો અને બીજાએ મુતવલ્લી પણાથી ઈન્કાર કરી દીધો તો કાઝી પોતાના અભિપ્રાયથી તે ઈન્કાર કરવાવાળાના સ્થાને કોઈને નિયુક્ત કરશે અને એમ પણ થઈ શકે છે કે જેણે કબૂલ કર્યુ કાઝી તેને જ તમામ અખત્યારો સોપી દે. (આલમગીરી)

**મસ્અલા (૨૫૩)** : એક શખ્સની વસિયત હતી કે આટલી મિલ્કત ખરીદીને ફલાણાં કામ માટે વકફ કરી દે તો એજ શખ્સ તે વકફનો મુતવલ્લી પણ બનશે અને જો એક શખ્સને વકફનો મુતવલ્લી બનાવ્યો પછી એક બીજુ વકફ બનાવ્યું જેના માટે કોઈને મુતવલ્લી બનાવ્યો નથી તો પ્રથમ મુતવલ્લી આ બીજા વકફનો મુતવલ્લી નથી પરંતુ જ્યારે કે તે શખ્સને વસી પણ બનાવી દીધો હોય તો બીજા વકફનો પણ મુતવલ્લી છે. (બહુરૂર રાઈક)

**મસ્અલા (૨૫૪)** : વાકિફે પોતાની ઔલાદ માંથી બે માટે મુતવલ્લીપણું રાખ્યું છે અને તેની ઔલાદમાં એક પુરૂષ છે અને એક સ્ત્રી છે તો એ જ બંને મુતવલ્લી બનશે અને જો વાકિફે એ શરત કરી છે કે મારી ઔલાદમાંથી બે પુરૂષ મુતવલ્લી બનશે તો સ્ત્રી મુતવલ્લી થઈ શકતી નથી.

(બહુરૂરાઈક)

**મસ્અલા (૨૫૫)** : મુતવલ્લી મરી ગયો અને વાકિફ જીવંત છે તો બીજો મુતવલ્લી વાકિફ પોતે જ નિયુક્ત કરશે અને વાકિફ પણ મરી ગયો છે તો તેનો વસી નિયુક્ત કરશે અને વસી પણ ન હોય તો હવે કાઝીનું કામ છે તે પોતાના અભિપ્રાયથી નિયુક્ત કરે. (આલમગીરી)

**મસ્અલા (૨૫૬)** : વાકિફના ખાનદાનવાળા મોજૂદ હોય અને યોગ્યતા પણ ધરાવતા હોય તો તેમને મુતવલ્લી બનાવવામાં આવે અને જો આ લોકો અપાત્ર હતા અને બીજાને મુતવલ્લી બનાવી દેવામાં આવ્યો, તેના પછી તેમનામાં કોઈ મુતવલ્લી પણાના લાયક બની ગયો તે તેના તરફ મુતવલ્લીપણું પરિવર્તિત થઈ જશે અને જો

ખાનદાનવાળાઓ આ સેવાને મફત કરવા ઈચ્છતા નથી અને ગેર શખ્સ મફત કરવા માટે તૈયાર છે તો કાઝી તેવું કરે જે વકફ માટે ઉત્તમ હોય (આલમગીરી) આ તે સ્વરૂપમાં છે કે વાકિફે પોતાના ખાનદાન માટે મુતવલ્લીપણું મખસુસ (ખાસ) ન કર્યુ હોય અને જો મખસૂસ કરી દીધુ તો બીજાને મુતવલ્લી બનાવી શકતા નથી પરંતુ તે સૂરતમાં કે ખાનદાનવાળાઓમાં કોઈ અમીન મળ તો ન હોય.

**મસ્અલા (૨૫૭)** : મુતવલ્લીને એ પણ અખત્યાર છે કે મૃત્યુ વખતે બીજા માટે મુતવલ્લી પણાની વસિયત કરી જાય અને આ બીજો તેના પછી મુતવલ્લી બનશે પરંતુ મુતવલ્લીને જે વઝીફો મળતો હતો તે તેને મળશે નહી. તેના માટે એ જરૂરી છે કે કાઝી પાસે દરખાસ્ત કરે, કાઝી તેના કામની ગણનાએ વઝીફો નક્કી કરશે. એ જરૂરી નથી કે પ્રથમના મુતવલ્લી ને જે કાંઈ મળતુ હતુ એ જ આને પણ મળે, હાં, જો વાકિફે દરેક મુતવલ્લી માટે એક રકમ ખાસ કરી રાખી છે તો હવે કાઝી પાસે દરખાસ્ત આપવાની જરૂરત નથી બલ્કે પાછલા મુતવલ્લીની વસિયત ના આધાર પર આ મુતવલ્લી બનશે અને વાકિફની શરતના આધારે મુતવલ્લીપણાનો હક મેળવશે અને કાઝીએ કોઈને મુતવલ્લી બનાવ્યો તો તેને મુતવ્વલીપણાનો હક એટલા પ્રમાણમાં મળશે નહી જે વાકિફના નિયુક્ત કરેલા મુતવલ્લીને મળતો હતો. (ફતહુલ કદીર)

**મસ્અલા (૨૫૮)** : મુતવલ્લી પોતાની હયાતી તથા તંદુરસ્તીમાં બીજાને પોતાનો કાયમ મકામ કરવા ઈચ્છે છે, આ જાઈઝ નથી, પરંતુ જ્યારે કે સામાન્યત તમામ અખત્યારો તેના સુપ્રત હોય તો એમ કરી શકે છે. (આલમગીરી)

**મસ્અલા (૨૫૯)** : કેટલાક જાણીતા શખ્સો પર એક મિલ્કત વકફ છે તો સ્વયં તે લોકો પોતાના અભિપ્રાયથી કોઈને મુતવલ્લી નિયુક્ત કરી શકે છે કાઝીથી ઈજાઝત લેવાની જરૂરત નથી (આલમગીરી)

**મસ્અલા (૨૬૦)** : મસ્જિદના મુતવલ્લીનો ઈન્તેકાલ થઈ ગયો, મહોલ્લાવાળાઓ પોતાની પસંદગીથી કાઝીની ઈજાઝત વગર કોઈને મુતવલ્લી નિયુક્ત કર્યો તો સાચું એ છે કે તે શખ્સ મુતવલ્લી નથી કેમકે મુતવલ્લી નિયુક્ત કરવો કાઝીનું કામ છે પરંતુ આ મુતવલ્લીએ વકફની આવક જો ઈમારતમાં ખરચ કરી છે તો જામિન નથી જ્યારે વકફની મિલ્કતને ભાડે આપેલ હોય અને ભાડુ વસૂલ કરીને ખરચ કર્યો હોય અને 'ફતહુલ કદીર' માં ફરમાવ્યું હર હાલતમાં તાવાન આપવું પડશે કે 'મુફતાબેહિ' (તેના ઉપર ફતવો) એ છે કે વકફને ગસબ કરીને તેનાથી જે કાંઈ મહેનતાણું પ્રાપ્ત કરશે તેનું તાવાન આપવું પડે છે "સ્પષ્ટ એ છે કે આ હુકમ ઈસ્લામી રાજ્ય માટે છે જ્યાં કાઝી હોય છે અને તેઓ દીની કોમોને પરિપૂર્ણ કરે છે. અને કેમકે અત્યારે હિન્દુસ્તાનમાં ન તો કાઝી છે ન ઈસ્લામી સલતનત, એવી હાલતમાં જો મહોલ્લાવાળાઓનું મુતવલ્લી નિયુક્ત કરવું સહીહ ન થયું તો વકફો મુતવલ્લી વગરના રહીને નષ્ટ થઈ જશે માટે અહીયાની જરૂરતોનો ખ્યાલ કરતા બીજા કોલ પર જેને ગેર અસહ કહેવામાં આવે છે, ફતવો આપવો જોઈએ અર્થાત મહોલ્લાવાળાઓનું મુતવલ્લી નિયુક્ત કરવું જાઈઝ છે અને જેને આ લોકો નિયુક્ત કરશે તે જાઈઝ મુતવલ્લી થશે અને તેના અધિકારો જેવા કે ભાડા વિગેરે પર આપવું, પછી તેમને જરૂરતમાં ખરચ કરવું સઘળું જાઈઝ છે. (વલ્લાહો તઆલા આલમ)

**મસ્અલા (૨૬૧)** : એક વકફના બે મુતવલ્લી બની ગયા, એવી રીત કે એક શહેરના કાઝીએ એકને મુતવલ્લી નિયુક્ત કર્યો અને બીજા શહેરના

કાઝીએ બીજા શખ્સને મુતવલ્લી બનાવ્યો તો એવા બે મુતવલ્લીઓને એ જરૂરી નથી કે ઈજતેમાઅ તથા સર્વાનુમતે અધિકાર કરે. દરેક મુતવલ્લી એકલો પણ અધિકાર કરી શકે છે અને એક કાઝીના નિયુક્ત કરેલા મુતવલ્લીને બીજો કાઝી બરતરફ પણ કરી શકે છે, જ્યારે કે એમાં જ મસલેહત હોય. (ખાનિયહ)

**મસ્અલા (૨૬૨) :** કાઝીના હુકમથી મુતવલ્લી વકફના માલને પોતાના માલમાં મેળવી શકે છે અને આ હાલતમાં તેના પર તાવાન નથી. (બહર)

**મસ્અલા (૨૬૩) :** વકફના કોઈ અંશને વેચાણ અથવા ગિરો મુકી દેવું ખયાનત છે. એવા મુતવલ્લીને બરતરફ કરી દેવામાં આવશે પરંતુ તે પોતે પોતાને બરતરફ કરી શકતો નથી બલ્કે વાકિફ અથવા કાઝી તેને બરતરફ કરશે. (આલમગીરી)

**મસ્અલા (૨૬૪) :** મુતવલ્લીએ વકફની કોઈ વસ્તુ ભાડે આપી તેના પછી તે મુતવલ્લી બરતરફ થઈ ગયો અને બીજો તેની જગ્યાએ નિયુક્ત કરવામાં આવ્યો તો આ બીજો પણ તેને રદ કરી શકે છે. (બહરૂ રાઈક)

**મસ્અલા (૨૬૫) :** વકફવાળી જમીનમાં વૃક્ષ છે અને તેના ખરાબ થવાની શંકા છે કે તે જૂના થઈ ગયા છે તો મુતવલ્લીએ નવા છોડ વાવતા રહેવું જોઈએ કે જેથી બગીચો કાયમ રહે. (ખાનિયહ)

**મસ્અલા (૨૬૬) :** વાકિફે મુતવલ્લી માટે મુતવલ્લીપણાના જે હક્ક મુકર્રર કર્યા છે જો ખિદમતની ગણનાએ તે ઓછી માત્રામાં છે તો કાઝી મિસ્લ મહેનતાણા સુધી વધારો કરે શકે છે. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૨૬૭) :** ગામડાંઓમાં નજરાણા તથા રિવાજો વિગેરે લગાન (મહેસૂલ) ઉપરાંત થોડાક બીજા મુકર્રર થાય છે, તેમને જે વસ્તુઓ ઉર્ફની ગણના એ મુતવલ્લી માટે હોય દા.ત. જ્યારે કાર્યકરો ગામમાં જાય છે તો તેમને કાંઈ મળે છે અને આ વાત માલિક જાણતો હોય છે પરંતુ તેની પૂછપરછ કરતો નથી તો એવી રકમો વિગેરે મુતવલ્લીને મળશે અને જો તે વસ્તુઓ લાંચ તરીકે આપવામાં આવી છે કે આપનારા સાથે છુટછાટ કરે. દા.ત. ઈંડા મુરઘી વિગરે તો તેનું લેવું નાજાઈઝ છે. અને જો લીધું હોય તો પાછું આપે. અને તે આવક એ પ્રકારની છે કે તેને મેળવીને જાણે વકફના મહેસૂલ પુરા થાય છે. દા.ત. વકફની જમીન અધિક હેસિયતની છે અને ખેડુત મહેસૂલના નામથી અધિક આપવા ઈચ્છતો નથી પરંતુ નઝરાણું વિગેરે કોઈ બીજા નામથી તે રકમ પુરી કરી દે છે તો એવી આવકને વકફની આવક ઠેરવવી જોઈએ અને વકફના મહેસૂલમાં તેને ગણવામાં આવે. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૨૬૮) :** મુતવલ્લીએ પોતાની ઔલાદ અથવા પોતાના બાપ દાદાના હાથે વકફની કોઈ વસ્તુ વેચી અથવા તેમને નોકર રાખ્યા અથવા મહેનતાણા પર તેમનાથી કામ કરાવ્યું આ સઘળું નાજાઈઝ છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૬૯) :** વાકિફે જો મુતવલ્લી માટે એ ઈજાઝત આપી દીધી છે કે પોતે પણ વકફની આવકથી ખાઈ શકે છે અને પોતાના મિત્રો, સગાઓને પણ ખવડાવી શકે છે તો મુતવલ્લી એ શરત અનુસાર સગાઓને ખવડાવી શકે છે નહી તો નથી ખવડાવી શકતો. (ખુલાસહ)

**મસ્અલા (૨૭૦) :** કાઝીએ મુતવલ્લી માટે દા.ત. સેંકડે દસ રૂપિયા નક્કી કર્યા છે તો આવકમાંથી દસ ટકા લેશે, એવું નહી કે તમામ ખરચા પછી સેંકડે દસ રૂપિયા લે. (ખુલાસહ)

**મસ્અલા (૨૭૧) :** મુતવલ્લીને અખત્યાર છે કે વકફની જમીનને આબાદ કરવા માટે ગામ આબાદ

કરાવે, લોકોને વસાવે, એટલા માટે કે જ્યાં સુધી ખેડુતો હશે નહી જમીન ઉપડશે નહીં અને આવક થશે નહી. માટે જો જરૂરત હોય તો ગામ આબાદ કરી શકે છે. એવી જ રીતે જો વકફવાળી જમીન શહેરના જોડે હોય અને સમજે છે કે મકાન બનાવવામાં આવક વધુ થશે અને ખેતર રાખવામાં આવક ઓછી છે તો મકાનો બંધાવી ભાડે આપી શકે છે અને જો મકાનોમાં પણ એટલો જ લાભ છે જેટલો ખેતર રાખવામાં તો મકાન બનાવવાની ઈજાઝત નથી. (ફતહુલ કદીર)

**મસ્અલા (૨૭૨)** : ખારી જમીનને દુરસ્ત કરાવવા માટે વકફના રૂપિયા ખરચ કરી શકે છે, મુસાફરખાનાની કોઈ આવક નથી અને તેમાં નોકર રાખવાની જરૂરત છે કે જેથી સફાઈ રાખે અને તેના કમરાઓને ઉઘાડે-બંધ કરે તો તેના કોઈ ભાગને ભાડે આપીને તેની આવકથી નોકરોનો પગાર આપી શકે છે. (આલમગીરી)

**મસ્અલા (૨૭૩)** : વકફવાળી ઈમારત નમી ગઈ છે જેનાથી પાડોશીઓને પોતાની ઈમારતને નુકસાન થવાનો ડર છે, તે લોકો મુતવલ્લીને દુરસ્ત કરાવવાનું કહે છે પરંતુ મુતવલ્લી દુરસ્ત કરાવતો નથી, ઈન્કાર કરે છે અને વકફના રૂપિયા મોજૂદ છે તો મુતવલ્લીને દુરસ્ત કરાવવા માટે મજબૂર કરી શકાય છે અને જો વકફના રૂપિયા નથી તો કાઝી પાસે દરખાસ્ત કરો કાઝી હુકમ આપશે કે કરજ લઈને તે ઠીક કરાવે. (ખાનિયહ)

**મસ્અલા (૨૭૪)** : વકફની જમીનમાં મુતવલ્લીએ મકાન બનાવ્યું ભલે વકફના રૂપિયાથી બનાવ્યું અથવા પોતાના રૂપિયાથી બનાવ્યું પરંતુ વકફ માટે બનાવ્યું અથવા કાંઈ નિય્યત નથી કરી, આ સૂરતોમાં તે વકફનું મકાન છે અને જો પોતાના રૂપિયાથી બનાવ્યું અને પોતાના માટે જ બનાવ્યું અને તેના પર ગવાહ પણ બનાવી લીધા તો તેનું પોતાનું છે અને બીજો શખ્સ બનાવતો અને કાંઈ નિય્યત કરતો નહી તો પણ તેનું જ થતું. (આલમગીરી)

**મસ્અલા (૨૭૫)** : મુતવલ્લીએ વકફના રિપેરીંગ વિગેરેમાં પોતાના અંગત રૂ.પિયા ખરચી નાંખ્યા અને એ શરત કરી લીધી હતી કે પાછા લઈ લઈશ તો પાછા લઈ શકે છે અને જો વકફના રૂપિયા પોતાના કામમાં ખર્ચી નાખ્યા પછી એટલું જ પોતાના પાસેથી વકફમાં ખરચ કરી નાખ્યું તો તાવાનથી મુકત છે. (આલમગીરી, ફતહુલ કદીર) પરંતુ એવું કરવું જાઈઝ નથી અને જો વકફના પોતાના રૂપિયામાં મેળવી દીધા તો તમામનું તાવાન આપે.

**મસ્અલા (૨૭૬)** : મુતવલ્લી અથવા માલિકે ભાડુતોને ઈમારતની ઈજાઝત આપી દીધી, તેણે ઈજાઝતથી તામીર કરાવી તો જે કાંઈ ખરચ થશે ભાડુત મુતવલ્લી અથવા માલિકથી લેશે, જ્યારે કે તે ઈમારતને બહુધા લાભ માલિકને પહોંચતો હોય અને આ નવી તામીરથી મકાનને નુકસાન ન પહોંચે.

**મસ્અલા (૨૭૭)** : વકફ ખરાબ થઈ રહ્યું છે મુતવલ્લી એવું ઈચ્છે છે કે તેનો એક અંશ (ભાગ) વેચીને તેનાથી બાકીનું રિપેરીંગ કરાવે તો તેને અખત્યાર નથી અને જો વકફવાળા મકાનનો એક એવો ભાગ વેચી દીધો જે પડી ગયો ન હતો અને મિસ્ત્રી તેને પાડશે અથવા તાજુ ઝાડ વેચી દીધું તો આ વેચાણ બાતુલ છે પછી જો મિસ્ત્રીએ મકાન પાડી નાખ્યું અથવા વૃક્ષ કપાવી નાખ્યું તો કાઝી એવા મુતવલ્લીને બરતરફ કરે કે ખાઈન (ભ્રષ્ટાચારી) છે અને તે મકાન અથવા વૃક્ષનું તાવાન લે. અને અખત્યાર છે કે ખરીદનારથી તાવાન લે અથવા મિસ્ત્રી થી. જો ખરીદનારથી તાવાન લેશે વેચાણ લાગુ થઈ જશે અને મિસ્ત્રીથી

લેશે તો બાતલ થશે. (આલમગીરી)

**મસ્અલા (૨૭૮)** : વકફના ફળદાર વૃક્ષોને વેચવું જાઈઝ નથી અને કાપવા પછી વેચી શકે છે. અને ફળ ન આપતા વૃક્ષ હોય તો તેમને કાપવાથી પહેલા પણ વેચી શકાય છે અને બેદ, ઝાવ, નરકલ વિગેરે જે કાપવાથી ફરી ઉગી જાય છે તેમને તો વેચવાજ જોઈએ કે તે પોતે વકફની આવકમાં દાખલ છે. (આલમગીરી)

**મસ્અલા (૨૭૯)** : વાકિફે મુતવલ્લી માટે મુતવલ્લી પણા નો હક રાખ્યો છે તો મુતવલ્લી પણાની ખિદમત બજાવી લાવવા પર તે હક મળ તો રહેશે અને મુતવલ્લી એ એ જ કામ કરવા પડશે જે મુતવલ્લી કરતા રહે છે, દા.ત. મિલ્કતને ઈજારા પર આપવું, વકફમાં કાંઈ કરાવવાની જરૂરત છે તો તેને કરાવવું, મહેસૂલ વસૂલ કરવું, હકદારો પર વહેંચવું વિગેરે, મુતવલ્લી માટે એ જરૂરી થશે કે મુતવલ્લી પણાના કામ માં લેશ માત્ર ત્રુટિ ન કરે અને જે કામ આદત્તન મુતવલ્લીની જવાબદારીમાં નથી હોતા બલ્કે મજૂરોથી મુતવલ્લી કામ લેતા રહે છે એવા કામની માંગણી મુતવલ્લી થી કરી શકાતી નથી કે તેણે પોતે કેમ કર્યુ નથી બલ્કે જો ઔરત મુતવલ્લી છે તો એજ કામ કરશે જે ઔરતો કરતી રહે છે. પુરૂષોના કામ નો ભાર તેના પર નાંખી શકાતો નથી. (આલમગીરી)

**મસ્અલા (૨૮૦)** : મુતવલ્લીએ જો મજૂરો સાથે તે કામ કર્યુ જે મજૂર કરે છે અને આ કામ તેની ફરજો પૈકી ન હતું તો તેનું મહેનતાણું મુતવલ્લી લઈ શકતો નથી. (બહર્રાઈક)

**મસ્અલા (૨૮૧)** : મુતવલ્લી પર વકફ વાળાએ દાવો કર્યો કે તે કાંઈ કામ કરતો નથી અને વાકિફે મુતવલ્લી પણાનો હક તેના માટે જે કાંઈ નક્કી કર્યો છે તે કામના મુકાબલામાં છે. માટે તેને તે હક મળવો જોઈએ નહી. તે હાકિમ મુતવલ્લી પર એવા કામનો ભાર નાખશે નહી જે મુતવલ્લી કરતા ન હોય. (બહર્રાઈક)

**મસ્અલા (૨૮૨)** : મુતવલ્લી જો આંધળો, બહેરો, ગુંગો થઈ ગયો પરંતુ તેના કાબિલ છે કે લોકો થી કામ લઈ શકે છે તો મુતવલ્લીપણાનો હક મળશે. નહી તો મળશે નહી, મુતવલ્લી પર કોઈએ આક્ષેપ કર્યો દા. ત. ખાઈન (અમાનતમાં ખયાનત કરનાર) છે તો કેવળ લોકોના કહી દેવાથી તેના મુતવલ્લી પણાનો હક બાતલ થશે નહી અને ન તેને મુતવલ્લી પણાથી જુદો કરવામાં આવશે બલ્કે ખરેખર ખયાનત સાબિત થઈ જાય તો બરતરફ કરવામાં આવશે અને હકપણ બંધ થઈ જશે અને જો ફરીથી તેની હાલત દુરસ્ત તથા સંતોષકારક થઈ જાય તો ફરી તેને મુતવલ્લી બનાવી દેવામાં આવે અને મુતવલ્લી પણાનો હક પણ આપવામાં આવે. (આલમગીરી)

**મસ્અલા (૨૮૩)** : જો કાઝી એ વાતને ઉચિત સમજે છે કે મુતવલ્લી સાથે એક બીજો શખ્સ શામેલ કરી દે કે બંને મળીને કામ કરે તો શામેલ કરી શકે છે અને મુતવલ્લીપણા ના હકમાંથી કાંઈ તેને પણ આપવા ઈચ્છે તો આપી શકે છે અને મુતવલ્લી પણાનો હક ઓછો છે કે બીજાને તેમાંથી આપવામાં પ્રથમવાળા માટે બહુ ઓછું થઈ જશે તો બીજાને વકફની આવક માંથી પણ આપી શકે છે. (આલમગીરી) અને બીજા શખ્સને એ કારણે શામેલ કર્યો કે મુતવલ્લીને એકલાને અધિકાર કરવાનો હક રહ્યોં નહી અને જો એ કારણ નથી તો મુતવલ્લી એકલો અધિકાર કરી શકે છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૮૪)** : વાકિફે મુતવલ્લી માટે અજર મિસ્લથી અધિક મુકર્રર કર્યો તો વાંધો નથી. કાઝી વિગેરે કોઈ બીજો શખ્સ અજર મિસ્લથી અધિક મુકર્રર કરી શકતા નથી. (આલમગીરી)

**મસ્અલા (૨૮૫)** : વાકિફે કામ કરવાવાળા માટે કેટલોક માલ મુકર્રર કર્યો છે તો તે જાઈઝ નથી કે પોતે કામ ન કરે અને બીજાને પોતાના સ્થાને નિયુકત કરીને તે રકમ પણ તેના માટે કરી દે, હા જો વાકિફે તેને એવો અખત્યાર આપ્યો છે તો થઈ શકે છે. (આલમગીરી)

**મસ્અલા (૨૮૬)** : મુતવલ્લી વકફના કામ માટે નોકર રાખી શકે છે અને તેમનો પગાર આપી શકે છે અને તેમને કાઢી દઈને તેમના સ્થાને બીજા રાખી શકે છે. (ફતહુલ કદીર)

**મસ્અલા (૨૮૭)** : મુતવલ્લી ને સર્વથા જનૂન (મુર્છા, ગાંડપણ) થઈ ગયું અર્થાત એ ગાંડપણને એક વર્ષ ગુજરી ગયું તો મુતવલ્લીપણાથી અલગ કરી દેવામાં આવે અને જો તે શખ્સ સારો થઈ ગયો અને કામના લાયક થઈ ગયો તો તેને મુતવલ્લી પણા પર સ્થાપિત કરી શકાયછે. (ફતહુલ કદીર)

**મસ્અલા (૨૮૮)** : વાકિફે એક શખ્સને મુતવલ્લી બનાવ્યો અને એ શરત ઠેરવી દીધી કે કાઝી તેને બરતરફ કરી દે પરંતુ જે વઝીફો મેં તેના માટે નક્કી કર્યો છે બરતરફી પછી પણ તેને આપવામાં આવે અથવા તેના પછી તેની ઔલાદ માટે વંશપરંરાગત જારી રહે, આ શરત સહીહ છે અને તેના જ અનુસાર અમલ થશે. (આલમગીરી)

**મસ્અલા (૨૮૯)** : વકફ કર્યા પછી મરી ગયો કાઝીએ તે વકફો એક શખ્સના સુપ્રત કરી દીધા અને આવકનો દસમો ભાગ તે કાર્યકરો માટે મુકર્રર કર્યો અને વકફો માં એક પવન ચક્કી છે જે બિલમકતઅ એક શખ્સના ભાડામાં છે, તેના માટે કામ કરનારની જરૂરત નથી, તે વકફવાળા પોતે જ તેનું ભાડુ વસૂલ કરી લે છે તો ચક્કી ની આવક નો દસમો ભાગ કામ કરનારાઓને મળશે નહી. (ખાનિયહ)

**મસ્અલા (૨૯૦)** : મુતવલ્લીએ લાંબા સમય સુધી કામ જ કર્યુ નથી અને કાઝી ને ખબર પણ આપી નથી કે તેઓ બરતરફ કરીને બીજાને મુતવલ્લી બનાવ તો, તે છતાં તે મુતવલ્લી છે, બરતરફ કર્યા વગર બરતરફ થશે નહી. (આલમગીરી)

## ✿ અવકાફના ઈજારાનું બયાન ✿

**મસ્અલા (૨૯૧)** : મુતવલ્લી એ વકફવાળા મકાન અથવા જમીનને ઈજારા પર આપ્યું પછી તે મરી ગયો તો ઈજારો નિયમાનુસાર બાકી રહેશે. એવી જ રીતે વાકિફે ભાડે આપ્યું હોય પછી મરી ગયો તો પણ એજ હુકમ છે. જે મુતવલ્લી છે વકફની આવક પણ સ્વયં તેના પર જ ખરચ થશે. તેણે વકફને ઈજારા પર આપ્યું અને ઈજારાની મુદ્દત પૂરી થવાથી પહેલા મરી ગયો તો પણ ઈજારો તુટશે નહી. એવી જ રીતે જો કાઝીએ વકફના મકાનોને ભાડે આપી દીધા છે તેના પછી બરતરફ થઈ ગયો તો ઈજારો બાકી છે. (આલમગીરી)

**મસ્અલા (૨૯૨)** : ભાડુતથી એડવાન્સ ભાડુ લઈને હકદારોમાં વહેંચી દેવામાં આવ્યું પછી ઈજારાની મુદ્દત પુરી થવાથી પહેલા તેઓ પૈકી કોઈ મરી ગયો તો વહેંચણી રદ થશે નહી. (આલમગીરી)

**મસ્અલા (૨૯૩)** : વકફનો માલ ખેડુતે ખાઈ લીધો મુતવલ્લીએ તેનાથી થોડાક ઓછા પર સુલેહ કરી જો ખેડુત માલદાર છે તો સુલેહ નાજાઈઝ છે અને ફકીર (ગરીબ) છે તો જાઈઝ છે. જ્યારે કે તે વકફ ગરીબો માટે હોય અને જો વકફના હકદાર ખાસ લોકો હોય તો જો કે ખેડુત ગરીબ હોય, ઓછા પર સુલેહ જાઈઝ નથી. એવી જ રીતે

આ સૂરતમાં વકફવાળી જમીન અથવા મકાનને ઓછા ભાડા પર ગરીબને પણ આપવું નાજાઈઝ છે અને ગરીબો પર વકફ હોય તો જાઈઝ છે. (ખાનિયહ, બહરૂર્રાઈક)

**મસ્અલા (૨૯૪)** : વકફવાળા મકાનને ત્રણ વર્ષ માટે વાર્ષિક ૧૦૦ રૂપિયાના ભાડે આપ્યું અને ત્રણ શખ્સ આ વકફની આવકના હકદાર છે. એક વર્ષ ગુજરવા પર તેઓ પૈકી એક મરી ગયો, પછી એક વર્ષ પછી બીજો શખ્સ મરી ગયો અને ત્રીજો બાકી છે તો પ્રથમ વર્ષની રકમ પ્રથમના વારસો અને બીજા અને ત્રીજા શખ્સ વચ્ચે બરાબર ત્રણ ભાગે વહેંચાશે અને બીજા વર્ષની રકમ બીજાના વારસો અને ત્રીજામાં અર્ધી અર્ધી વહેંચાશે. પ્રથમ મૈયિતના વારસો તેમાંથી કાંઈ મેળવશે નહી અને ત્રીજા વર્ષની રકમ કેવળ તે ત્રીજાને મળશે (જે જીવંત છે) (આલમગીરી)

**મસ્અલા (૨૯૫)** : વકફોના ઈજારાની મુદત લાંબી થવી જોઈએ નહી. ત્રણ વર્ષથી વધારે માટે ભાડે આપવું જાઈઝ નથી. (ફતહુલ કદીર) અને જો વાકિફે ભાડાની કોઈ મુદત બયાન કરી દીધી છે તો તેની પાબંદી કરવામાં આવે અને બયાન કરી ના હોય તો મકાનોને એક વર્ષ સુધી માટે અને જમીનને ત્રણ વર્ષ સુધી માટે ભાડે આપવામાં આવે પરંતુ જ્યારે કે મસલેહત તેના વિરૂદ્ધ ઈચ્છુક હોય તો જે મસલેહતનો તકાદો હોય તે કરવામાં આવે અને તે જમાના અને સ્થળોની ગણનાએ વિભિન્ન છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૨૯૬)** : વાકિફે એ શરત કરી દીધી છે કે એક વર્ષથી વધુ માટે ભાડે ન આપવામાં આવે પરંતુ ત્યાં એક વર્ષ માટે કોઈ ભાડે લેતુ જ નથી, વધારે મુદત માટે લોકો માંગે છે તો મુતવલ્લી વાકિફની શરત વિરૂદ્ધ કરીને એક વર્ષથી વધુ માટે આપી શકતો નથી બલ્કે મામલો કાઝી પાસે રજુ કરે અને કાઝીથી ઈજાઝત પ્રાપ્ત કરીને એક વર્ષથી વધારે માટે આપે અને જો વકફનામામાં એમ હોય કે એક વર્ષ કરતા અધિક માટે આપવામાં આવે નહી, પરંતુ જ્યારે કે તેમાં લાભ હોય તો વાકિફ પોતે પણ આપી શકે છે કાઝીથી ઈજાઝત લેવાની જરૂરત નથી. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૨૯૭)** : અવકાફને અજરે મિસ્લ સાથે ભાડે આપવામાં આવે અર્થાત એ હેસિયતથી મકાનનું જે ભાડુ ત્યાં હોય અથવા એ હેસિયતથી ખેતરનું જે મહેસૂલ તે જગ્યાએ હોય તેનાથી ઓછા પર આપવું જાઈઝ નથી, બલ્કે જે શખ્સને અવકાફની આવક મળે છે તે પોતે પણ જો ઈચ્છે કે ભાડુ અથવા મહેસૂલ ઓછું લઈને આપી દઉ તો આપી શકતો નથી. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૨૯૮)** : વકફવાળી દુકાન વ્યાજબી ભાડેથી ભાડુતને આપી દીધી તે પછી બીજો શખ્સ આવે છે અને વધુ ભાડુ આપે છે તો પ્રથમ ઈજારાને રદ કરી શકાતો નથી. (આલમગીરી)

**મસ્અલા (૨૯૯)** : ત્રણ વર્ષ માટે જમીન ઈજારા પર આપી દીધી. એક વર્ષ પુરૂ થવા પર ભાડાનો દર ઓછો થઈ ગયો તો ઈજારો રદ થશે નહી. એવી જ રીતે જો એક વર્ષ પછી અધિક લોકો તેના ઈચ્છુક થયા અને ભાડાનો દર વધી ગયો તો પણ ઈજારો રદ થઈ શકતો નહી. (ખાનિયહ)

**મસ્અલા (૩૦૦)** : મુતવલ્લીએ કેટલાક વર્ષ માટે ઈજારા પર જમીન આપી હતી અને મુતવલ્લી મરી ગયો પછી ઈજારદાર પણ મરી ગયો અને તેના વારસોએ ખેતી કરી તો અનાજ તે લોકો (અર્થાત ઈજારદારના વારસો) ને મળશે અને તેમનાથી જમીનનું લગાન (વિઘાંટી) લેવામાં આવશે નહી. કે ઈજારદારના મૃત્યુથી ઈજારો રદ થઈ ગયો બલ્કે જમીનમાં તેમની ખેતી થી જે નુકસાન થયું છે તે લેવામાં આવશે અને વકફના

ઉપયોગમાં ખરચ થશે, જેમના પર વકફ છે તેમને આપવામાં આવશે નહી. (ખાનિયહ)

**મસ્અલા (૩૦૧) :** મુતવલ્લીએ અજરે મિસ્લથી ઓછા ભાડા પર ઈજારો આપ્યો તો લેનારને અજરે મિસ્લ આપવું પડશે અને મહેનતાણાનો ઉલ્લેખ ન કર્યો તો પણ એજ હુકમ છે. એવી જ રીતે યતીમની મિલ્કતને ઓછા ભાડાથી આપી દીધી તો વ્યાજબી ભાડુ આપવું પડશે. (ખાનિયહ)

**મસ્અલા (૩૦૨) :** એક શખ્સ દા.ત. આઠ રૂપિયા ભાડુ આપવાનું કહે છે અને બીજો દસ, પરંતુ આ દસ આપનાર નાદહન્દ (ઠગ) છે તો તેને આપવામાં આવશે નહી, આઠવાળાને આપવામાં આવે. (બહુરૂર્રાઈક)

**મસ્અલા (૩૦૩) :** વકફની જમીનને મુતવલ્લી પોતે પોતાના ઈજારામાં લઈ શકતો નથી કે પોતે વકફવાળા મકાનમાં રહે અને ભાડુ આપે અથવા ખેતર વાવે અને લગાન આપે. અલબત કાઝી તેને ઈજારા પર આપે તો થઈ શકે છે. (ખાનિયહ) અને અજરે મિસ્લથી વધારે ભાડા પર લે તો થઈ શકે છે. એવી જ રીતે પોતાના બાપ અથવા પુત્રને પણ ભાડે આપી શકતો નથી પરંતુ જ્યારે કે બીજાની સરખામણીમાં તેમનાથી વધારે ભાડુ લે. (બહરૂર્રાઈક)

**મસ્અલા (૩૦૪) :** વકફશાળી જમીન ભાડે લઈને કોઈએ તેમાં મકાન બનાવ્યું અને હવે જમીનનું ભાડું પહેલાથી વધારે થઈ ગયું તો જો મકાનનો માલિક વધારે ભાડુ આપવા માટે તૈયાર છે તો જમીન તેનાજ ભાડા માં રહેવા દે. નહી તો તેને કહે પોતાનો કાટમાળ ઉપાડી લે અને જમીન ખાલી કરી દે (આલમગીરી) અને જો ઈજારાની મુદ્દત પુરી થઈ ગઈ છે તો અખત્યાર છે, ભલે તેને જ વધુ ભાડુ લઈને આપે અથવા બીજાને. (રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૩૦૫) :** વકફના મકાનને ઉછીનું આપવું, વગર ભાડે કોઈને રહેવા માટે, આપી દેવું નાજાઈઝ છે અને રહેનારાએ ભાડુ આપવું પડશે. એવી જ રીતે જે શખ્સ મુતવલ્લીની ઈજાઝત વગર રહેવા લાગ્યો તેણે પણ જે ભાડુ થવું જોઈએ આપવું પડશે. (આલમગીરી)

**મસ્અલા (૩૦૬) :** વકફના મકાનને મુતવલ્લીએ વેચી દીધુ પછી તે મુતવલ્લી બરતરફ થઈ ગયો અને બીજો તેની જગ્યાએ મુતવલ્લી બન્યો તેણે મુશ્તરી (ખરીદનાર) પર દાવો કર્યો અને કાઝીએ વેચાણ રદ થવાનો હુકમ આપ્યો તો ખરીદનારાએ એટલા દિવસોનું ભાડુ પણ આપવું પડશે. (ખાનિયહ)

**મસ્અલા (૩૦૭) :** રૂપિયા, અશરફી અર્થાત રકમ ઉપરાંત, દા.ત. સામાનના બદલામાં ઈજારો આપ્યો તો જાઈઝ છે અને તે સમયે તે સામાનને વેચીને વકફ ની આવકમાં દાખલ કરે. (આલમગીરી)

**મસ્અલા (૩૦૮) :** વકફવાળી જમીનને મુતવલ્લી પોતે પણ વકફ તરફથી વાવી શકે છે અને આ સ્વરૂપમાં મજૂરોનું મહેનતાણું વિગેરે વકફમાંથી અદા કરશે. (આલમગીરી)

**મસ્અલા (૩૦૯) :** વકફવાળુ મકાન ભાડે આપ્યુ અને રિપેરીંગ વિગેરે ભાડુતના માથે રાખ્યું તો ઈજારો રદ છે. હા જો રિપેરીંગ માટે કોઈ રકમ નિશ્ચિત કરી દીધી કે આટલા રૂપિયા રિપેરીંગ મા ખરચ કરવા તો જાઈઝ છે. (આલમગીરી)

**મસ્અલા (૩૧૦) :** ફકીરો માટે એક મકાન વકફ છે કે તેની આવક ગરીબોને આપવામાં આવશે. તે મકાનને એક ફકીરે ભાડે રાખ્યું તો ભાડુ કેમકે ફકીરોને જ આપવામાં આવે છે માંટે જેટલું તેને આપવાનું છેએટલુ ભાડુ છોડી દેવુ જાઈઝ છે. (આલમગીરી)

**મસ્અલા (૩૧૧)** : જે શખ્સ પર મકાન વકફ છે તે પોતે તે મકાનને ભાડે આપી શકતો નથી જ્યારે કે તે મુતવલ્લી ન હોય. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૩૧૨)** : મકાન અથવા ખેતરને ઓછા પર આપી દીધું તો આ કમી (ઉણપ) રાખનારથી પુરી કરાવવામાં આવશે. મુતવલ્લી થી વસૂલ કરીશું નહી, પરંતુ મુતવલ્લીથી ભૂલ અને ગફલતના આધાર પર એવું થયું તો દરગુજર કરીશું અને ઈરાદાપૂર્વક એવું કર્યુ તો ખયાનત છે. બરતરફ કરી દેવામાં આવશે. બલ્કે વાકિફે (વકફ કરનાર) પોતે ઈરાદાપૂર્વક ઓછા પર આપી દીધું છે તો તેના હાથમાંથી પણ વકફને કાઢી લઈશું (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૩૧૩)** : વકફવાળી જમીન ઉશરી છે તો ઉશર (૧/૧૦ મો ભાગ) ખેડુત પર છે અને ખિરાજી છે તો ખિરાજ (વિઘોટી) વકફની આવકથી આપવામાં આવશે.

**મસ્અલા (૩૧૪)** : વકફ પર કાંઈ ખરચ કરવાની જરૂરત આવી પડી અને આવકના રૂપિયા મોજૂદ નથી. તો કાઝીથી ઈજાઝત લઈને કરજ લઈ શકાય છે. મુતવલ્લીને પોતાને કરજની રીતે કરજ લેવાનો અખત્યાર નથી. એવી જ રીતે ખિરાજના રૂપિયા આપવા છે તો તેના માટે પણ કાઝીની ઈજાઝતથી કરજ લેવામાં આવશે અર્થાત જ્યારે કે આ વર્ષે આવક જ થઈ નહી અને જો આવક થઈ પરંતુ મુતવલ્લીએ હકદારોમાં વહેંચી દીધી, ખિરાજ માટે રાખી નથી તો ખિરાજ જેટલું મુતવલ્લીએ તાવાન આપવું પડશે. (આલમગીરી)

**મસ્અલા (૩૧૫)** : વકફ તરફથી ખેતી કરવા માટે બીજ વિગેરેની જરૂરત છે અને ખરચ કરવા માટે રૂપિયા મોજૂદ નથી તો કાઝી થી ઈજાઝત લઈને તેના માટે પણ કરજ લઈ શકે છે. (આલમગીરી)

**મસ્અલા (૩૧૬)** : વકફવાળા મકાનની જોડે બીજું મકાન છે વચ્ચે એક દિવાલ છે જે બીજા મકાનવાળાની છે. તે દીવાલ પડી ગઈ પછી મકાનના માલિકે દીવાલ ઉભી કરી પરંતુ વકફની હદમાં ઉભી કરી તો મુતવલ્લી તે દીવાલને તોડાવી નાખશે અને મુતવલ્લી એવું ઈચ્છે કે તેને કીમત આપીને દીવાલ વકફની બનાવી લે. આ જાઈઝ નથી. (ખાનિયહ)

**મસ્અલા (૩૧૭)** : વકફની જમીનમાં ઝાડ હતા જે વેચી નાખવામાં આવ્યા અને હજુ કાપવામાં આવ્યા નથી કે ખરીદનારને એજ જમીન ઈજારા પર આપવામાં આવી જો ઝાડ મુળીયા સમેત વેચવામાં આવ્યા હતા તો જમીનનો ઈજારો જાઈઝ છે અને જો જમીનના ઉપર ઉપરથી વેચવામાં આવ્યો તો ઈજારો જાઈઝ નથી. (ખાનિયહ)

**મસ્અલા (૩૧૮)** : ગામ વકફ છે અને ત્યાંના ખેડુત ભાગીદારીથી ખેતરવાવે છે, તે ગામમાં કાઝી તરફથી કોઈ અમલદાર આવ્યો જેણે કોઈને લગાન પર ખેતર આપી દીધું, ફસલ તૈયાર થવા પર મુતવલ્લી આવ્યો અને નિયમ પ્રમાણે ભાગ (બટાઈ) કરાવવા ઈચ્છે છે. લગાનના રૂપિયા તો નથી તો જે મુતવલ્લી ઈચ્છે છે એજ થશે. (ખાનિયહ)

**મસ્અલા (૩૧૯)** : વકફની જમીન કોઈએ ગસબ કરી લીધી (પચાવી પાડી) અને ગાસિબે પોતાના તરફથી કાંઈક વધારો કર્યો છે. જો આ માલનો વધારો (માલે મુતકવ્વમ) ન હોય. દા.ત. જમીન ને ખેડીને ઠીક કરી છે અથવા તેમાં નહેર ખોદાવી છે અથવા ખેતરમાં ખાતર નખાવ્યું છે જે માટીમાં ભળી ગયું તો ગાસિબ પાસેથી જમીન પાછી લેવામાં આવશે, અને તે વસ્તુઓનો કોઈ બદલો આપવામાં આવશે નહી. અને જો તે માલની અધિકતા મુતકવ્વમ છે. દા.ત. મકાન

બનાવ્યું છે અથવા ઝાડ વાવ્યાં છે તો જો મકાન અથવા વૃક્ષ કાઢવાથી જમીન ખરાબ ન થાય તો ગાસિબને કહેવામાં આવશે કે, પોતાનો સામાન ઉપાડી લે અથવા પાયો ઉખાડી લે અને જમીન ખાલી કરીને પાછી આપી દે અને જો મકાન અથવા વૃક્ષ જુદુ કરવામાં જમીન ખરાબ થઈ જશે તો ઉખાડેલ વૃક્ષ અથવા કાઢેલા સામાનની કીમત ગાસિબ (છીનવી લેનાર)ને આપવામાં આવશે અને ગાસિબ ને એ પણ અખત્યાર છે કે જમીનના ઉપરથી વૃક્ષને એવી રીતે કાપી લે કે જમીનને નૂકસાન પહોંચે નહી. (ખાનિયહ)

## દાવા અને સાક્ષીઓ આપવાનું બયાન

**મસ્અલા (૩૨૦) :** મકાન અથવા જમીન વેચી દીધી હવે કહે છે કે મેં તેને વકફ કરી દીધું હતું, આ બયાન પર જો ગવાહ રજુ કરતો નથી અને પ્રતિવાદી થી સપથ લેવા ઈચ્છે છે તો તેની વાત માનીશું નહી. અને સોગંદ લઈશું નહી. અને ગવાહીથી વકફ હોવું સાબિત કરી દે તો ગવાહી સ્વીકાર્ય છે અને વેચાણ બાતલ છે. (આલમગીરી) અને ખરીદનાર પાસેથી એટલા દિવસનું ભાડુ લેવાશે જ્યાં સુધી તેનો કબજો હતો. અને ખરીદનાર રકમ વસૂલ કરવા માટે તે મિલ્કત ને પોતાના કબજામાં રાખી શકતો નથી. (દુર્રેમુખ્તાર)

**મસ્અલા (૩૨૧) :** વકફ સંબંધે દાવા વગર પણ ગવાહી સ્વીકારી લેવામાં આવે છે. એજ કારણે વાદીનું પ્રતિકૂળ કથન હોવા છતાં વકફમાં ગવાહી કબૂલ થઈ જાય છે કે વિપરીત વાતથી દાવો રદ થયો અને શહાદત દાવા વગર થઈ. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૩૨૨) :** અસલ વકફમાં જો કે દાવા વગર પણ ગવાહી કબૂલ થાય છે પરંતુ કોઈ શખ્સના કોઈ વકફમાં હક સાબિત થવા માટે દાવો શરત છે, દાવા વગર ગવાહી કોઈ ચીજ નથી. દા.ત. એક શખ્સ કોઈ વકફની આવકનો હકદાર છે અને ગવાહોથી હકદાર હોવું સાબિત પણ થાય તો જ્યાં સુધી તે પોતે દાવો ન કરે તેનો હક ફકીરોને આપીશું તેને આપીશું નહી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૩૨૩) :** કોઈ જમીન સંબંધે પહેલા એમ કહ્યું હતું કે તે ફલાણાં પર વકફ છે, હવે દાવો કરે છે કે મારા પર વકફ છે તો કેમકે તેના કથનમાં વિરૂધ્ધતા છે માટે દાવો બાતલ થવું અનિવાર્ય છે. (આલમગીરી)

**મસ્અલા (૩૨૪) :** કોઈ મિલ્કત વિષે એ દાવો કે વકફ છે, સાંભળવામાં આવશે નહી, બલ્કે જો દાવામાં એ પણ હોય કે હું તેની આવકનો હકદાર છું તો પણ સાંભળવવામાં આવશે નહી. તે સમય સુધી કે દાવામાં એ ન હોય કે હું તેનો મુતવલ્લી છું. દાવો મસ્મૂઅ (સાંભળવામાં) ન હોવાનો એ અર્થ છે કે કેવળ તેના દાવા ના આધાર પર કબ્જેદાર પર હલફ (સોગંદ) આપીશું નહી હા જો ગવાહો ગવાહી આપે તો ગવાહી પ્રમાણિત થશે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)

**મસ્અલા (૩૨૫) :** ખરીદનારે વેચનાર પર દાવો કર્યો કે જે જમીન તેં મને વેચી છે તે વકફ છે, તને તેને વેચવાનો હક ન હતો. આ દાવો મસમૂઅ નથી બલ્કે આ દાવો મુતવલ્લી તરફથી થવો જોઈએ અને મુતવલ્લી ન હોય તો કાઝી પોતાના તરફથી કોઈને મુતવલ્લી મુકર્રર કરી લેશે જે મુકદમાની પેરવી કરશે અને વકફ સાબિત થવા પર વેચાણ બાતલ થઈ જશે અને ખરીદનાર ને રકમ પાછી મળશે. (આલમગીરી)

**મસ્અલા (૩૨૬) :** કાઝીએ કોઈ મિલ્કત સંબંધે વકફનો ફેસલો આપ્યો તો કેવળ વાદીના સામે આ ફેસલો નથી બલ્કે સૌના સામે છે અર્થાત ફેસલા બે પ્રકારના હોય છે. કેટલાક ફેસલા કેવળ વાદી અને પ્રતિવાદી ના વચ્ચે છે. બીજા ઓથી તેને સંબંધ

નથી દા.ત. એક શખ્સે બીજાની કોઈ વસ્તુ પર દાવો કર્યો કે તે મારી છે અને કાઝીએ ફેસલો આપી દીધો તો આ ફેસલો સૌના મુકાબલામાં નથી બલ્કે ત્રીજો શખ્સ ફરી દાવો કરી શકે છે અને ચોથો ફરી કરી શકે છે. એજ પ્રમાણે બીજા કેટલાક ફેસલા સૌના સામે થાય છે કે હવે બીજો દાવો જ થઈ શકતો નથી દા.ત. એક શખ્સ પર કોઈએ દાવો કર્યો કે આ મારો ગુલામ છે, તેણે જવાબ આપ્યો કે હું આઝાદ છું અને કાઝીએ આઝાદીનો હુકમ આપી દીધો તો હવે કોઈ પણ તેના ગુલામ પણાનો દાવો કરી શકતો નથી અથવા કોઈ ઔરતને કાઝીએ એક શખ્સની પરિણિતા હોવાનો હુકમ આપ્યો, બીજો પોતાની પત્ની હોવાનો દાવો કરી શકતો નથી. એવી જ રીતે કોઈ મિલ્કત પર એક શખ્સે પોતાની માલિકીનો દાવો કર્યો, જેના કબ્જામાં છે તેણે જવાબ આપ્યો આ વકફ છે. અને વકફ હોવું સાબિત કરી દીધું કાઝીએ વકફ હોવાનો હુકમ આપ્યો તો હવે માલિકીપણાનો બીજો દાવો તેના પર હરગિઝ થઈ શકતો નથી બલ્કે આ ફેસલો સમસ્ત જગતના મુકાબલામાં છે, પરંતુ વાકિફ જોપાખંડી આદમી હોય કે આ વકફને પાખંડથી બીજાની મિલ્કત પર કબ્જો કરતો હોય દા.ત. બીજાની મિલ્કત પર કબ્જો કરી લીધો અને ત્રીજાથી પોતાના પર દાવો કરાવી દીધો અને જવાબ એમ આપ્યો કે વકફ છે અને વકફ ના ગવાહ પણ રજુ કરી દીધા અને કાઝીએ વકફનો હુકમ આપી દીધો, જો એવા પાખંડીના વકફની કઝા એવી જ થાય તો બિચારા અસલ માલિક પોતાની મિલ્કતથી હાથ ધોઈ બેસશે અને કાંઈ કરી શકશે નહી માટે આ સ્વરૂપમાં એ ફેસલો સૌના મુકાબલામાં નથી

(દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૩૨૭) :** વકફની સાબિતી માટે ગવાહી આપી તો ગવાહે એ બયાન આપવું જરૂરી છે કે કોણે વકફ કર્યુ બલ્કે જો તેનાથી અજ્ઞાનતા પણા જાહેર કરે તો પણ ગવાહી પ્રમાણિત થઈ શકે છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૩૨૮) :** વકફમાં ગવાહી દર ગવાહી પ્રમાણિત છે અને વકફ હોવું મશહુર હોય તો જો કે તેના સામે વાકિફે વકફ કર્યુ નથી કેવળ ખ્યાતિ ના કારણે તેણે ગવાહી આપવું જાઈઝ છે, બલ્કે જો કાઝી ના સમક્ષ સ્પષ્ટતા કરી દીધી કે મારી ગવાહી સાંભળેલી છે તો પણ ગવાહી અપ્રમાણિત નથી.

(દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૩૨૯) :** એક શખ્સે બીજા પર દાવો કર્યો કે આ જમીન મારા પર વકફ છે, જમીન જેના કબ્જામાં છે તે કહે છે આ મારી મિલ્કત છે. ગવાહો એ વાકિફ (વાકફ કરનાર)નું વકફ કરવું બયાન કર્યુ અને એકે જે સમયે તેણે વકફ કરી હતી તેના જ કબ્જામાં હતી તો કેવળ એવી જ વાતથી વકફ સાબિત થશે નહી બલ્કે ગવાહોએ બયાન આપવું પણ જરૂરી છે કે વાકિફ તે જમીનનો માલિક પણ હતો. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૩૩૦) :** જુનુ વકફ છે જેના ખર્ચાઓ તથા શરતોનો પત્તો લાગતો નથી તેમાં પણ સાંભળેલી ગવાહી પ્રમાણિત છે. અને પાછલા જમાનાનો જો વહેવાર જાણી શકાય અથવા કાઝીના દફતરમાં શરતો તથા ખરચાઓ નો ઉલ્લેખ છે તો તેના અનુસાર અમલ કરવામાં આવે.

(દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૩૩૧) :** એક શખ્સના કબ્જામાં મિલ્કત છે, તેના પર કોઈએ વકફ હોવાનો દાવો કર્યો અને સાબિતીમાં એક દસ્તાવેજ રજુ કરે છે તો કેવળ દસ્તાવેજના આધાર પર વકફ હોવું ઠરશે નહી, જો કે તે દસ્તાવેજ પર પાછલા કાઝીઓના લખાણો પણ હોય, એજ પ્રમાણે કોઈ મકાનના દરવાજા પર વકફની તકતી કોતરેલ હોવાથી પણ

કાઝી વકફનો હુકમ આપશે નહી અર્થાત ગવાહી વગર કેવળ લખાણ વિશ્વાસપાત્ર નથી પરંતુ જયારે કે દસ્તાવેજની નકલ કાઝીના દફતરમાં હોય તો જરૂર સ્વીકારપાત્ર છે ખાસ કરીને જ્યારે કે પાછલા કાઝીઓની સહીઓ તેના પર હોય. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૩૩૨)** કોઈ મિલ્કતનું વકફ હોવું મશહુર તથા પ્રખ્યાત છે પરંતુ એ ખબર નથી કે તેનો ઉપયોગ શું છે તો ખ્યાતિના આધાર પર વકફ ઠરશે અને ફકીરો પર ખરચ કરવામાં આવશે. (રદદુલ મુહતાર)

**મસ્અલા (૩૩૩) :** ગવાહે એવી ગવાહી આપી કે આ મિલ્કત મારા પર અથવા મારી ઔલાદ પર અથવા મારા બાપ-દાદા પર વકફ છે તો ગવાહી સ્વીકાર્ય નથી. એવી જ રીતે જો એવી ગવાહી આપી કે મારા પર અને ફલાણાં (અજાણ્યા) પર વકફ છે, તો પણ સ્વીકાર્ય નથી. ન તેના હકમાં વકફ સાબિત થશે ન બીજાના હકમા. અને જો બે ગવાહ હોય, એક ની ગવાહી એ છે કે ઝૈદ પર વકફ છે અને બીજો ગવાહી આપે છે કે અમ્ર પર વકફ છે તો વકફના હોવા સંબંધે કેમકે સહમત છે વકફ સાબિત થઈ જશે, પરંતુ વકફપણામાં કેમકે મતભેદ છે, માટે આ મિલ્કત ફકીરો પર ખરચ થશે ન ઝૈદ પર થશે ન અમ્ર પર. (ખાનિયહ)

**મસ્અલા (૩૩૪) :** એક ગવાહે બયાન આપ્યું કે આ સઘળી જમીન વકફ છે. બીજો કહે છે અર્ધી છે તો અર્ધાનું જ વકફ હોવું સાબિત થયું. (આલમગીરી)

**મસ્અલા (૩૩૫) :** બે શખ્સોએ સાક્ષી પુરી કે પાડોશના ફકીરો પર વકફ કરી અનેતેઓ બંને પોતે તેના પાડોશના ફકીર હોય તો પણ ગવાહી સ્વીકાર્ય છે અથવા ગવાહી આપી કે ફલાણી મસ્જિદના મોહતાજો પર વકફ છે તો ગવાહી સ્વીકાર્ય છે જો કે આ બંને તે મસ્જિદના મોહતાજો પૈકી હોય એવી જ રીતે મદ્રસાવાળા મદ્રસાના વકફ માટે ગવાહી સ્વીકાર્ય છે જો કે આ બંને તે મસ્જિદના મોહતાજો પૈકી હોય એવી જ રીતે મદ્રસાવાળા મદ્રસાના વકફ માટે ગવાહી આપે તો ગવાહી કબૂલ છે. (ખાનિયહ) એવી જ રીતે મુતવલ્લી અને એક બીજો શખ્સ બંને ગવાહી આપે કે આ મકાન ફલાંણી મસ્જિદ પર વકફ છે તો ગવાહી સ્વીકૃત છે. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૩૩૬) :** એક મકાન એક શખસના કબજામાં છે બીજા શખ્સે ગવાહોથી સાબિત કર્યુ કે તેના પર વકફ છે અને મસ્જિદના મુતવલ્લી એ ગવાહોથી એ સાબિત કર્યુ કે મસ્જિદ પર વકફ છે. જો બંનેએ વકફની તારીખોનો ઉલ્લેખ કર્યો તો જેની તારીખ અગ્રીમ છે તેના અનુસાર ફેસલો થશે નહી તો બંનેમાં અડધુ અડધું કરી દેવામાં આવશે (બહરૂર્રાઈક)

**મસ્અલા (૩૩૭) :** ગવાહોએ ગવાહી આપી કે ફલાણાંએ પોતાની જમીન વકફ કરી અને વાકિફે તેની હદો બયાન કરી નથી પરંતુ કહે છે કે અમે તે જમીનને ઓળખીએ છીએ તો ગવાહી સ્વીકૃત નથી કે શકય છે કે તે શખ્સની આ જમીન ઉપરાંત કોઈ બીજી જમીન પણ હોય અને જો ગવાહ કહેતા હોય કે અમને તેની બીજી જમીનની જાણકારી નથી તો પણ કબૂલ નથી કે શકય છે કે જમીન હોય અને તેઓની જાણમાં ન હોય (ખાનિયહ) આ એ હાલતમાં છે જ્યારેકે વાકિફે સર્વથા જમીનનું વકફ કરવું ઉલ્લેખ કર્યો અને જો એવા શબ્દથી ઉલ્લેખ કર્યો કે ગવાહોને ખબર પડી ગઈ કે ફલાણી જમીન છે, જેની આ હદો છે અને કાઝી સમક્ષ હદો બયાન પણ કરે તો ગવાહી સ્વીકૃત થશે. (આલમગીરી)

**મસ્અલા (૩૩૮) :** ગવાહો કહે છે વાકિફે હદો

બયાન કરી દીધી હતી પરંતુ અમે ભૂલી ગયા તો ગવાહી સ્વીકૃત નથી અને જો ગવાહોએ બે હદો બયાન કરી તો પણ કબૂલ નથી અને ત્રણ હદો બયાન કરી દીધી તો ગવાહી સ્વીકૃત છે. (આલમગીરી)

**મસ્અલા (૩૩૯)** : ગવાહોએ કહ્યુંકે ફલાણાંએ પોતાની જમીન વકફ કરી જેની હદો પણ વાકિફે બયાન કરી દીધી પરંતુ અમે જાણતા નથી કે આ જમીન કયાં છે તો ગવાહી સ્વીકૃત છે. વકફ સાબિત થઈ જશે પરંતુ વાદીએ ગવાહોથી સાબિત કરવું પડશે કે તે જમીન આ છે. (ખાનિયહ)

**મસ્અલા (૩૪૦)** : ગવાહોમાં મતભેદ થયો એક કહે છે મૃત્યુ પછી માટે વકફ કર્યુ. બીજો કહે છે તમામ વકફ સહીહ છે, તો ગવાહી સ્વીકૃત નથી અને જો એકે કહ્યું તંદુરસ્તીમાં વકફ કર્યુ, બીજો કહે છે મરણ પથારીએ વકફ કર્યુ તો આ મતભેદ વકફની સાબિતીના વિપરિત નથી. (ખાનિયહ)

**મસ્અલા (૩૪૧)** : એક શખ્સનું મરણ થયુ તેના પાછળ બે છોકરા છે અને એકના હાથમાં બાપની મિલ્કત છે, તે કહે છે મારા બાપે આ મિલ્કત મારા પર વકફ કરી દીધી છે, તેનો બીજો ભાઈ કહે છે વાલિદે અમારા બંને માટે વકફ કરી છે અને ગવાહ કોઈના પાસે ન હોય તો બીજાનો કોલ (કથન) પ્રમાણિત છે જે બંને પર વકફ હોવું કહે છે. (ખાનિયહ)

**મસ્અલા (૩૪૨)** : એક જમીન કેટલાક ભાઈઓના કબજામાં છે તેઓ સૌ સહમતિએ એ બયાન કરે છે કે અમારા બાપે આ જમીન વકફ કરી છે પરંતુ દરેક વકફનો ઉપયોગ જુદો-જુદો બતાવે છે તો કાઝી તેના સંબંધે એ ફેસલો કરશે કે જમીન તો વકફ ઠેરવવામાં આવે અને જેણે જે ઉપયોગ બયાન કર્યો છે તેનો ભાગ તે ઉપયોગમાં ખરચ કરવામાં આવે. અને કાઝી તેમનામાંથી જેને ઈચ્છે મુતવલ્લી નિયુક્ત કરી દે અને જો તે વારસોમાં કોઈ ના બાલિગ અથવા ગાયબ છે તો જ્યાં સુધી બાલિગ ન થાય અથવા હાજર ન થાય તેના ભાગ સંબંધે કોઈ ફેસલો થશે નહી. (ખાનિયહ)

**મસ્અલા (૩૪૩)** : એક શખ્સના કબજામાં મકાન છે તેના પર કોઈએ દાવો કર્યો કે આ મકાન જમીન સમેત મારૂં છે, કબ્જેદારે જવાબમાં કહ્યુ આ મકાન ફલાણી મસ્જિજદ પર વકફ છે પરંતુ વાદીએ ગવાહોથી પોતાનું માલિકીપણું સાબિત કરી દીધું. કાઝીએ તેના અનુસાર ફેસલો આપી દીધો અને દફતરમાં લખી દીધું. તેના પછી વાદીએ સ્વીકાર કરે છે કે જમીન વકફ છે અને કેવળ ઈમારત મારી છે તો દાવો પણ બાતલ થઈ ગયો અને ફેસલો પણ અને કાઝીનું લખાણપણ અર્થાત સમસ્ત મકાન જમીન સમેત વકફ જ ઠરશે. (ખાનિયહ)

**મસ્અલા (૩૪૪)** : બે મિલ્કતો છે એક મિલ્કત જેના કબ્જામાં છે તે મોજૂદ છે અને બીજી જેના કબ્જામાં છે તે ગાયબ છે. જે શખ્સ મોજૂદ છે તેના પર કોઈએ એ દાવો કર્યો કે આ બંને મિલ્કત મારા દાદાની છે કે તેણે પોતાની ઔલાદ પર વંશ પરંપરાગત વકફ કરી છે જો ગવાહોથી એ સાબિત થયું કે બંને મિલ્કતો વાકિફની હતી અને બંનેને એક સાથે વકફ કરી અને બંને એકજ વકફ છે, તો કાઝી બંને મિલ્કતોના વકફનો ફેસલો આપશે, અને જો ગવાહોએ તેમનું બે વકફ હોવું બયાન કર્યુ તો જે મોજૂદ છે તેના રૂબરૂ ફેસલો થશે, અને તેના પાસે જે મિલ્કત છે વકફ ઠરશે અને ગાયબ સંબંધે હમણાં કોઈ ફેસલો થશે નહી, તેના આવવા પર ફેસલો થશે. (આલમગીરી)

**મસ્અલા (૩૪૫)** : બે માળનું મકાન મસ્જિદના જોડાજોડ છે. મસ્જિદમાં જે સફ બંધાય છે તે નીચેવાળા ભાગ માં જોડાજોડા ચાલી આવે છે અને

નીચેવાળા ભાગમાં ગરમી, શર્દીમાં નમાઝ પણ પઢવામાં આવે છે. હવે મસ્જિદવાળા અને મકાનવાળાઓમાં મતભેદ થયો. મકાનવાળા કહે છે કે આ મકાનઅમને વારસામાં મળ્યું છે તો તેમનો જ કોલ પ્રમાણિત છે. (આલમગીરી)

**મસ્અલા (૩૪૬)** : ગવાહો એ ગવાહી આપીકે આ મકાનમાં જે કાંઈ તેનો ભાગ હતો અથવા જે કાંઈ તેને પોતાના બાપના તર્કામાં થી મળ્યું હતું વકફ કરી દીધું પરંતુ ગવાહો ને એ ખબર નથી કે ભાગ કેટલો છે અથવા તરકા (વારસાઈ) માં કેટલું મળ્યું છે. તો પણ ગવાહી સ્વીકૃત છે અને જો વાકિફના મુકાબલામાં ગવાહોએ બયાન આપ્યું કે, તેણે વકફ કરવાનો સ્વીકાર કર્યો અને અમને ખબર નથી કે તે કયું મકાન અથવા જમીન છે તો કાઝી વાકિફને મજબૂર કરશે કે વકફવાળી મિલ્કત ને બયાન કરે, જે તે બયાન કરી દે એજ વકફ છે. (આલમગીરી)

**મસ્અલા (૩૪૭)** : એક શખ્સે બીજા પર દાવો કર્યો કે તેણે આ જમીન મિસ્કીનો પર વકફ કરી દીધી છે, તે ઈન્કાર કરે છે. વાદીએ એકરાર ના ગવાહ રજૂ કર્યા તો ગવાહી સ્વીકૃત છે. અને વકફ સહીહ છે અને તેના હાથમાંથી જમીન કાઢી લેવામાં આવશે. (આલમગીરી)

**મસ્અલા (૩૪૮)** : કોઈ શખ્સે મસ્જિદ બનાવી અથવા પોતાની જમીનને કબ્રસ્તાન અથવા મુસાફરખાનું બનાવ્યું. એક શખ્સ દાવો કરે છે કે જમીન મારી છે એનો બાંધનાર કયાંક ચાલ્યો ગયો છે, મોજૂદ નથી, તો જો કેટલાક મસ્જિદવાળા ઓના મુકાબિલામાં ફેસલો થઈ ગયો તો સૌના મુકાબલા (રૂબરૂ)માં થઈ ગયો અને મુસાફરખાના માટે એ જરૂરી છે કે સ્થાપક અથવા ગાયબના મુકાબલામાં (રૂબરૂ-હાજરી)માં ફેસલો થાય, તેમની ગેરહાજરીમાં કાંઈ કરી શકાતુ નથી (આલમગીરી)

**મસ્અલા (૩૪૯)** : વકફના કેટલાક હકદારો દાવામાં સૌના સ્થાને થઈ શકે છે અર્થાત એકના મુકાબલામાં જે ફેસલો થશે એજ સૌના માટે લાગુ થશે. એ જ્યારે કે અસલ વકફ સાબિત થાય. એવી જ રીતે કેટલાક વારસો તમામ વારસોના સ્થાને છે અર્થાત જો મૈયિત પર અથવા મૈયિત તરફથી દાવો હોય તો એક વારસદાર પર અથવા એક વારસનો દાવો કરવું કાફી છે. એવી જ રીતે જો દાવેદારોનું દેવાળીયા થવું એક લેણદારના મુકાબલામાં સાબિત થયું તો આ સૌના સામે સાબિત થઈ ગયું કે બીજા લેણદારો પણ તેને કેદ કરાવી શકતા નથી.

**મસ્અલા (૩૫૦)** : મસ્જિદ પર કુર્આન મજીદ વકફ કર્યુ કે મસ્જિદવાળા અથવા મહોલ્લાવાળા તિલાવત કરશે અને ખુદ એજ મસ્જિદવાળા વકફની ગવાહી આપે છે તો આ ગવાહી સ્વીકૃત છે. (આલમગીરી)

**મસ્અલા (૩૫૧)** : એક શખ્સના હાથમાં જમીન છે તે કહે છે આ ફલાણાની છે કે તેણે ફલાણા કામ માટે વકફ કરી છે અને તેના વારસો કહે છે કે તેને અમારા પર અને અમારી નસલ પર વકફ કરી છે અને જ્યારે અમારો વંશ રહેશે નહી તે સમયે ફકીરો અને મિસ્કીનો પર ખરચ થશે અને પાછલા કાઝીના દફતરમાં કોઈ એવું લખાણ પણ નથી જેનાથી વકફોનો ઉપયોગ જાણી શકાય તો તે સમયે વારસોનો કોલ પ્રમાણિત થશે. (આલમગીરી)

## <u>વકફનામા વિગેરેના દસ્તાવેજના મસાઈલ</u>

**મસ્અલા (૩૫૨)** : જમીન વકફ કરી અને વકફ નામુ પણ લખ્યું જેના પર લોકોની ગવાહીઓ પણ કરાવી પરંતુ હદો લખવામાં ભૂલ થઈ ગઈ, બે હદો ઠીક છે અને બે ખોટી છે તો જે દિશામાં ભૂલ થઈ છે તે હદો તે બાજુએ જો મોજૂદ છે, પરંતુ આ

જમીન અને તે હદની વચ્ચે બીજાની જમીન, મકાન, ખેતર વિગેરે છે તો વકફ જાઈઝ છે, અને તેની જેટલી જમીન છે એજ વકફ થશે અને જો તે બાજાુએ તે વસ્તુ જ નથી જેની હદોનો ઉલ્લેખ કર્યો છે, ન સમીપ અને ન દૂર તો વકફ સહીહ નથી. હા જો આ મિલ્કત એટલી મશહૂર છે કે હદોનો ઉલ્લેખ કરવાની જરૂરત જ ન હતી તો હવે વકફ સહીહ છે. (ખાનિયહ)

**મસ્અલા (૩૫૩)** : મિલ્કત વકફ કરી અને વકફનામુ લખાવી દીધું અને જે કાંઈ વકફનામામાં લખ્યું છે તેની ગવાહીઓ પણ કરાવી, પરંતુ તે વાકિફ હવે કહે છે કે મેં તો એમ વકફ કરી હતી કે મને વેચાણ કરવાનો અખત્યાર હશે પરંતુ કાતિબે (લખનારે) તે શરતને લખી નથી. અને મને એ ખબર નથી કે વકફનામામાં શું લખ્યું છે. જો એવી ભાષામાં લખ્યું છે જેને વાકિફ (વકફ કરનાર) જાણે તો છે અને તેને વાંચી સંભળાવ્યું છે અને તેણે તમામ લખાણનો એકરાર કર્યો છે તો વકફ સહીહ છે અને તેનો કોલ (કથન) બાતલ છે. અને જો વકફનામાની ભાષા જાણતો નથી અને ગવાહોથી એ સાબિત નથી કે અનુવાદ કરીને તેને સંભળાવવામાં આવ્યું તો વાકિફનો કોલ પ્રમાણિત છે, અને આ વકફ સહીહ નથી. અને જો ગવાહો એમ કહે છે કે, તેને અનુવાદ કરીને પુરૂ વકફનામું સંભળાવવામાં આવ્યું અને તેણે તમામ લખાણનો એકરાર કર્યો, અને અમને ગવાહ બનાવ્યા, તો પણ વકફ સહીહ છે. (ખાનિયહ)

**મસ્અલા (૩૫૪)** : એક શખ્સે એમ ઈચ્છયું કે પોતાની કુલ મિલ્કત જે આ પરગણામાં છે સૌને વકફ કરી દે અને લખનારને બીમારીમાં વકફનામું લખવા માટે કહ્યું લખનારે દસ્તાવેજમાં કેટલાક ટુકડા ભૂલથી લખ્યા નથી અને વકફનામુ વાંચીને સંભળાવ્યું કે, ફલાંણા બિન ફલાંણાંએ પોતાના ફલાણાં પરગણાના તમામ ટુકડા વકફ કરી દીધા જેની વિગત આ છે અને જે ટુકડો લખવો ભૂલી ગયો હતો તેને સંભળાવ્યો પણ નથી અને વાકિફે તમામ લખાણનો એકરાર કર્યો તો જો વાકિફે તંદુરસ્તીમાં એ ખબર આપી હતી કે જે કાંઈ તે પરગણામાં તેનો ભાગ છે સઘળાને વકફ કરવાનો ઈરાદો છે તો સઘળા વકફ થઈ ગયા અને જો વાકિફનો ઈન્તેકાલ થઈ ગયો પરંતુ ઈન્તેકાલથી પહેલા તેણે બતાવ્યું કે મારો આ ઈરાદો છે તો જે કાંઈ તેણે કહ્યું છે તેનો જ એતબાર (માન્ય) છે. (ખાનિયહ)

**મસ્અલા (૩૫૫)** : એક ઔરતને મહોલ્લા-વાળાએ કહ્યું કે તું પોતાનું મકાન મસ્જિદ પર વકફ કરી દે અને એ શરત કરી દે કે જો તારે જરૂરત હશે તો તેને વેચી નાખશે, તે ઔરતે મંજૂર કર્યુ અને વકફનામુ લખવામાં આવ્યું પરંતુ તેમાં એ શરત લખી નથી અને ઔરતને કહ્યું કે વકફનામુ લખાવી દીધું. જો વકફનામુ તેને વાંચી સંભળાવ્યું અને વકફનામાના લખાણને ઔરત સમજે છે, તેણે સાંભળીને એકરાર કર્યો તો વકફ સહીહ છે અને જો સંભળાવ્યુ જ નથી અથવા વકફનામાની ભાષાજ સમજતી નથી તો વકફ દુરસ્ત નથી. (ખાનિયહ)

**મસ્અલા (૩૫૬)** : તોલિયતનામું અથવા વસિયતનામુ કોઈના નામનું લખવામાં આવ્યું અને તેમાં એ લખ્યું નથી કે કોના તરફથી તેને મતવલ્લી અથવા વલી બનાવવામાં આવ્યો તો આ દસ્તાવેજ બેકાર છે કેમકે કાઝી તરફથી મુતવલ્લી નિયુક્ત થાય તો તેના અહેકામ જાુદા છે અને વાકિફે જેને મુતવલ્લી નિયુક્ત કર્યો તેના અહેકામ અલગ છે. એવી જ રીતે બાપ તરફથી વસી છે અથવા કાઝી તરફથી અથવા મા તથા દાદા વિગેરેએ નિયુક્ત કર્યો છે કે તેના અહેકામ જાુદા છે. માટે એ ખબર હોવું જરૂરી છે કે કોણે મુતવલ્લી અથવા વલી

બનાવ્યો છે કે આ ખબર ન હશે તો કેવી રીતે અમલ કરીશું અને જો એ સ્પષ્ટતા કરી દીધી છે કે કાઝીએ મુતવલ્લી અથવા વસી નિયુક્ત કર્યો છે પરંતુ તે કાઝીનું નામ નથી તો દસ્તાવેજ સહીહ છે કે પ્રથમ તો તેની જરૂરત જ નથી કે કાઝીનું નામ જાણવામાં આવે અને જો જાણવા ઈચ્છે તો તારીખથી જાણકારી મેળવી શકો છો કે તે સમયે કાઝી કોણ હતો.

(ખાનિયહ, આલમગીરી)

**મસ્અલા (૩૫૭) :** એક મિલ્કત જાણકાર શખ્સો પર વકફ છે તેના મુતવલ્લી પાસેથી એક શખ્સે જમીન ઈજારા પર લીધી અને ભાડા ચિઠી લખવામાં આવી તેમાં ખરીદનાર અને મુતવલ્લીનું નામ લખવામાં આવ્યું કે ફલાણાએ જે ફલાણા વકફનો મુતવલ્લી છે પરંતુ તેમાં વાકિફનું નામ લખ્યું નથી તો પણ ભાડા ચિઠી સહીહ છે.

(ખાનિયહ)

## વકફના ઈકરારના મસાઈલ

**મસ્અલા (૩૫૮) :** જે જમીન તેના કબજામાં છે તેના વિષે એમ કહ્યું કે વકફ છે તો આ બોલી વકફનો એકરાર છે અને તે જમીન વકફ ઠરશે પરંતુ તેના કહેવાથી વકફનો આરંભ થશે નહી જ્યાં સુધીકે વકફની તમામ શરતો તે સમયે જરૂરી હોય. (આલમગીરી)

**મસ્અલા (૩૫૯) :** જે જમીન તેના કબ્જામાં છે તેના વકફ હોવાનો એકરાર કર્યો પરંતુ નતો વાકિફનો ઉલ્લેખ કર્યો કે કોણે વકફ કરી, ન હકદારોને બતાવ્યું કે કોના પર ખરચ થશે તો પણ એકરાર સહીહ છે. અને તે જમીન ફકીરો પર વકફ ઠેરવવામાં આવશે. અને તેનો વાકિફ ન એકરાર કરનારને ઠેરવશું અને ન બીજાને. હા જો ગવાહોથી સાબિત થાય કે એકરારથી પહેલા તે જમીન ખુદ એજ એકરાર કરનારની હતી તો હવે એજ વાકિફ ઠરશે અને એજ મુતવલ્લી બનશે કે ફકીરો પર આવક વહેંચશે પરંતુ એ અખત્યાર નથી કે બીજાને પોતાના પછી મુતવલ્લી ઠેરવે. (આલમગીરી)

**મસ્અલા (૩૬૦) :** વકફનો એકરાર કર્યો અને વાકિફનું નામ પણ બતાવ્યું પરંતુ હકદારોનો ઉલ્લેખ ન કર્યો. દા.ત. કહે છે આ જમીન મારા બાપની સદકએ મોકૂફહ છે અને તેનો બાપ મરી ગયો છે. જો તેના બાપ પર દેવું છે તો આ એકરાર સહીહ નથી. જમીન દેવામાં વેચી દેવામાં આવશે, અને તેના બાપે કોઈ વસિયત કરી છે. તો ત્રીજા ભાગમાં વસિયત લાગુ થશે. તે પછી જે કાંઈ વધે તે વકફ છે કે તેની આવક ફકીરો પર ખરચ થશે. આ એ સૂરતમાં છે કે તેના સિવાય કોઈ બીજો વારસ ન હોય અને જો બીજો વારસ છે જે વકફનો ઈન્કાર કરે છે તો તે પોતાનો ભાગ લેશે અને જે ઈચ્છે કરશે. (ખાનિયહ, આલમગીરી)

**મસ્અલા (૩૬૧) :** જે જમીન કબજામાં છે તેના સંબંધે એકરાર કર્યો કે તે ફલાણા ફલાણા લોકો પર વકફ છે અર્થાત કેટલાક લોકોના નામ લીધા, તેના પછી બીજા લોકો પર વકફ બતાવ્યું અથવા એજ લોકોમાં ઓછું વત્તુ કહે છે તો આ પાછલી વાતનો એતબાર કરવામાં આવશે નહી પહેલા પર જમાઅત થશે અને જો એમ કહીને કે જમીન વકફ છે મૌન કર્યુ પછી મૌન પછી કહ્યું કે ફલાણા-ફલાણા પર વકફ છે અર્થાત કેટલાક શખ્સોના નામોનો ઉલ્લેખ કર્યો તો આ પાછલી વાત પણ પ્રમાણિત થશે અર્થાત જે લોકોના નામ લીધા તેમને આવક મળશે.

(ખાનિયહ)

**મસ્અલા (૩૬૨) :** વકફનો સંબંધ કોઈ બીજા શખ્સ પ્રત્યે કરે છે, કહે છે કે ફલાણાએ આ જમીન વકફ કરી છે, જો તે કોઈ પ્રખ્યાત શખ્સ છે અને જીવંત છે તો તેને પૂછીશું, જો તે તેનું સમર્થન કરે છે તો બંનેના સમર્થનથી સઘળુ જ સાબિત થઈ ગયું અને જો તે એમ કહે છે કે મિલ્કત તો મારી છે પરંતુ

મેં વકફ નથી કર્યુ તો માલિકીપણુ બંનેના સમર્થનથી સાબિત થયું અને વકફ સાબિત ન થયું, અને જો તે શખ્સ મરી ગયો છે તો તેના વારસદારોને પૂછીશું કે જો સૌ તેનું સમર્થન કરે છે અથવા સૌ જુઠલાવે છે તો જેવુ કહે છે તેના અનુસાર કરવામાં આવે અને જો કેટલાક વારસદારો વકફ માને છે અને કેટલાક ઈન્કાર કરે છે તો જે વકફ કહે છે તેનો ભાગ વકફ છે અને જે ઈન્કાર કરે છે તેનો ભાગ વકફ નથી. (આલમગીરી)

**મસ્અલા (૩૬૩)** : વાકિફનો એકરારમાં ઉલ્લેખ કર્યો નથી પરંતુ હકદારોનો ઉલ્લેખ કર્યો દા.ત. કહે છે આ જમીન મારા પર અને મારી ઔલાદ તથા વંશ પર વકફ છે તો એકરાર સ્વીકાર્ય છે અને એજ તેનો મુતવલ્લી થશે પછી જો કોઈએ તેના પર દાવો કર્યો કે આ મારા પર વકફ છે અને એજ પ્રથમ એકરાર કરનારાએ સમર્થન કર્યુ તો ખુદ તેના પોતાના ભાગમાં સમર્થનની અસર થઈ શકે છે. ઔલાદ તથા નસલ (વંશવેલો)ના ભાગોમાં સમર્થન કરી શકતો નથી. (આલમગીરી)

**મસ્અલા (૩૬૪)** : એકરાર કર્યો કે આ જમીન ફલાણા કામ પર વકફ છે, તેના પછી ફરી કોઈ બીજું કામ બતાવ્યું કે આ તેના પર વકફ છે તો પ્રથમ જે કહ્યું છે તેનો જ એતબાર છે. (આલમગીરી)

**મસ્અલા (૩૬૫)** : એક શખ્સે વકફનો એકરાર કર્યો કે જે જમીન મારા કબજામાં છે વકફ છે, એકરાર પછી તે મરી ગયો અને વારસદારોએ જાણે છે કે આ એકરાર ગલત (ખોટો) છે એ આ આધાર પર વકફ ન હોવાનો દાવો કરે છે, આ દાવો સ્વીકાર્ય નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૩૬૬)** : એક શખ્સના કબજામાં જમીન છે તેના સંબંધે બે ગવાહો ગવાહી આપે છે કે તેણે એકરાર કર્યો છે કે, ફલાણાં શખ્સ અને તેની ઔલાદ તથા નસલ પર વકફ છે અને બે શખ્સ બીજાને ગવાહી આપે છે કે તેણે એકરાર કર્યો છે કે, ફલાણાં શખ્સ (બીજા શખ્સનું નામ લીધું) અને તેની ઔલાદ તથા નસલ પર વકફ છે આ સ્વરૂપમાં જો ખબર હોય કે પ્રથમ એકરાર કયો છે અને બીજો કર્યો તો પ્રથમ સહીહ છે અને બીજો બાતલ અને જો ખબર ન હોય કે કોણ પ્રથમ છે કોણ પાછળ તો બંને પક્ષો પર અર્ધી અર્ધી આવક વહેંચી દો. (ખાનિયહ)

**મસ્અલા (૩૬૭)** : કોઈ બીજાની જમીન માટે કહ્યું કે આ સદકએ મોકુફા છે તેના પછી તે જમીનનો એજ શખ્સ માલિક બની ગયો તો વકફ થઈ ગઈ. (આલમગીરી)

**મસ્અલા (૩૬૮)** : એક શખ્સે પોતાની મિલકત ઝૈદ અને ઝૈદની ઔલાદ અને ઝૈદની નસલ પર વકફ કરી અને જ્યારે તે નસલથી કોઈ રહેશે નહી તો ફકીરો તથા મિસ્કીનો પર વકફ છે અને ઝૈદ એમ કહે છે કે આ વકફ મસ્જિદ પર અને મારી ઔલાદ તથા નસલ પર અને અમ્ર પર છે અર્થાત ઝૈદે અમ્રનો ઉમેરો કર્યો તો પ્રથમ ઝૈદ તથા તેની ઔલાદ પર આવક વહેંચાશે પછી ઝૈદને જે કાંઈ મળ્યું તેમાં અમ્રને શરીક કરીશું ઝૈદની ઔલાદના ભાગોમાંથી અમ્રને કોઈ સંબંધ રહેશે નહી અને તે પણ તે સમય સુધી કે જ્યાં સુધી ઝૈદ જીવંત છે. તેના ઈન્તેકાલ પછી અમ્રને કાંઈ મળશે નહી કે અમ્રને જે કાંઈ મળતુ હતું તે ઝૈદના એકરારના કારણે તેના ભાગમાંથી મળતુ હતું અને જ્યારે ઝૈદ મરી ગયો તેનો એકરાર તથા ભાગ સૌ ખતમ થઈ ગયું. (આલમગીરી)

**મસ્અલા (૩૬૯)** : એક શખ્સના કબ્જામાં જમીન અથવા મકાન છે, તેના પર બીજાએ દાવો કર્યો કે તે મારૂં છે, કબજેદારે જવાબમાં કહ્યું કે તે તો ફલાણા શખ્સે મિસ્કીનો પર વકફ કર્યુ છે. અને મારા કબજામાં આપ્યું છે. આ એકરારના આધાર

પર વકફનો હુકમ તો થઈ જશે પરંતુ પ્રતિવાદીનો દાવો તેના પર યથાવત બાકી છે, ત્યાં સુધીકે પ્રતિવાદીની ઈચ્છા પર વાદીથી કાઝી હલફ (સપથ) લેશે, જો હલફથી ઈન્કાર કરશે તો જમીનની કીમત તેનાથી પ્રતિવાદીને અપાવવામાં આવશે અને મિલ્કત વકફ રહેશે. (આલમગીરી)

**મસ્અલા (૩૭૦)** : જેના કબજામાં મકાન છે તેણે કહ્યું કે એક મુસલમાને તેને લોકહિત પર વકફ કર્યુ છે અને મને તેનો મુતવલ્લી બનાવ્યો છે. થોડાક દિવસો પછી એક શખ્સ આવે છે અને કહે છે કે આ મકાન મારૂં હતુ મેં તે કાર્યો પર તેને વકફ કર્યુ હતુ અને તારી દેખરેખમાં આપ્યુ હતુ અને એમ ઈચ્છે કે મકાન પોતાના કબજામાં કરી લે તો જો પ્રથમ શખ્સ તેનું સમર્થન કરે છે કે વાકિફ એજ છે તો કબજે કરી શકે છે. (આલમગીરી)

**મસ્અલા (૩૭૧)** : એક શખ્સે મકાન અથવા જમીન વકફ કરીને કોઈની દેખરેખમાં આપી દીધુ અને આ રક્ષક ઈન્કાર કરે છે. કહે છે કે તેણે મને આપ્યુ નથી તો ગાસિબ (ઝુટવી લેનાર) છે તેના હાથમાંથી વકફને જરૂર કાઢી લેવામાં આવે અને જો તેમાં કાંઈ નુકશાન પહોંચાડયું છે તો તેનું તાવાન આપવું પડશે (આલમગીરી)

**મસ્અલા (૩૭૨)** : વકફવાળી જમીનને ગસબ કરી અને તેમાં વૃક્ષ વિગેરે પણ હતા અને ગાસિબ તેને પાછી આપવા ઈચ્છે છે તો વૃક્ષોની આવક પણ પાછી આપવી પડશે. જો તે તદાનુસાર મૌજુદ છે. અને ખરચ થઈ છે તો તેનું તાવાન આપે. અને ગાસિબ (ઝુંટવી લેનાર પાસે)થી પાછી લેવામાં જે કાંઈ નફો અથવા તેનું તાવાન લેવામાં આવે તે તો લોકો પર વહેંચી દેવામાં આવે જેમના પર વકફની આવક ખરચ થાય છે અને ખુદ વકફમાં કાંઈ નુકશાન પહોચાડયું અને તેનું તાવાન લેવામાં આવ્યું તો તેને વહેંચીશું નહી બલ્કે ખુદ વકફની દુરસ્તીમાં ખર્ચ કરે. (આલમગીરી વિગેરે)

## બીમારનું વકફ

**મસ્અલા (૩૭૩)** : મૃત્યુ પથારીમાં પોતાના માલનો ત્રીજો ભાગ વકફ કરી શકે છે, તેને કોઈ રોકી શકતો નથી, તૃતિયાંસથી વધારેનું વકફ કર્યુ અને તેનો કોઈ વારસ નથી તો જેટલું વકફ કર્યુ સૌ જાઈઝ છે અને વારસ હોય તો વારસદારોની ઈજાઝત પર અધારિત છે. જો વારસો જાઈઝ કરી દે તો જે કાંઈ વકફ કર્યુ સૌ સહીહ તથા લાગુ છે અને વારસો ઈન્કાર કરે તો એક તૃતિયાંસ જેટલાનું વકફ દુરસ્ત છે. તેનાથી વધારેનું બાતલ છે અને જો વારસોમાં મતભેદ થયો, કેટલાકે વકફને જાઈઝ રાખ્યું અને કેટલાકો એ રદ કરી દીધું તો એક તૃતિયાંસ વકફ છે અને તેનાથી વધારેમાં જેણે જાઈઝ રાખ્યું તેનો ભાગ વકફ છે અને જેણે રદ કરી દીધું તેનો ભાગ વકફ નથી. દા.ત. એક શખ્સની નવ વીધા જમીન હતી અને તમામ વકફ કરી દીધી. તેના ત્રણ છોકરા છે, એક છોકરો બાપના વકફને જાઈઝ રાખે છે અને બે એ રદ કરી દીધું તો પાંચ વીધા વકફના થયા અને ચાર વીધા બે છોકરાઓને તર્કા (વારસાઈ)માં મળશે કે ત્રણ વીધા તો તૃતિયાંસના કારણે વકફ થયા અને બે વીધા તે છોકરાના ભાગના જેણે જાઈઝ રાખ્યું છે અને જો આ સુરતમાં છ વીધા વકફ કરે તો ચાર વીધા વકફ થશે. (દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૩૭૪)** : બીમારે વકફ કર્યુ હતું, વારસોએ જાઈજ રાખ્યું નહી એ કારણે કાઝીએ એક તૃતિયાંસમાં વકફને જાઈઝ કર્યુ અને બે તૃતિયાંસમાં બાતલ કરી દીધુ, તે પછી વાકિફના કોઈ બીજા માલનો પત્તો લાગ્યો કે આ કુલ મિલ્કત જેને વકફ કરી છે તેના તૃતિયાંસના અંદર છે તો જે તે બે તૃતિયાંસો જે વારસોને આપવમાં આવ્યા હતા વારસો પાસે મોજૂદ હોય તો તમામ વકફ છે અને

જો વારસોએ વેચી નાખી છે તો વેચાણ દુરસ્ત છે પરંતુ એટલી જ કીમતની બીજી મિલ્કત ખરીદીને વકફ કરી દેવામાં આવે (આલમગીરી, ખાનિયહ)

**મસ્અલા (૩૭૫)** : બીમારે પોતાની તમામ મિલ્કત વકફ કરી દીધી અને તેની વારસ કેવળ પત્ની છે, જો તેણે વકફને જાઈઝ કરી દીધી ત્યારે તો તમામ મિલ્કત વકફ છે, નહી તો કુલ માલનો છઠો ભાગ પત્નીને મળશે, બાકીના પાંચ ભાગ વકફ છે. (બહુરૂર્રાઈક)

**મસ્અલા (૩૭૬)** : બીમાર પર એટલું દેવું છે કે તેની તમામ મિલ્કત ને ઘેરેલ છે, તેણે પોતાની મિલ્કત વકફ કરી દીધી તો વકફ સહીહ નથી, બલ્કે તમામ મિલ્કત વેચીને દેવું અદા કરવામાં આવશે, અને તંદુરસ્તી પર એવું દેવું હોત તો વકફ સહીહ થતું, પરંતુ જ્યારે કે હાકિમ તરફથી તેના અધિકાર રોકી દેવામાં આવ્યા હોય તો તેનું વકફ પણ સહીહ નથી. (દુર્રે મુખ્તાર)

**મસ્અલા (૩૭૭)** : ગીરવી મુકનારે ગીરવી મિલ્કત વકફ કરી દીધી, જો તેના પાસે બીજો માલ છે તો તેનાથી દેવું અદા કરવાનો હુકમ આપવામાં આવશે અને વકફ સહીહ થશે અને બીજો માલ ન હોય તો ગીરવીને વેચીને દેવું અદા કરવામાં આવશે, અને વકફ બાતલ છે.

(દુર્રે મુખ્તાર, રદદુલ મુહતાર)

**મસ્અલા (૩૭૮)** : બીમારે એક મિલકત વકફ કરી જે તૃતિયાંસના અંદર હતી પરંતુ તેના મૃત્યુથી પહેલા માલ હલાક થઈ ગયો કે હવે તૃતિયાંસથી વધારે છે અથવા મૃત્યુ પછી માલની વહેંચણી થઈને વારસોને મળ્યો ન હતો કે હલાક (નષ્ટ) થઈ ગયો તો તેનું એક તૃતિયાંસ વકફ થશે અને બે તૃતિયાંસમાં મીરાસ જારી થશે. (આલમગીરી)

**મસ્અલા (૩૭૯)** : બીમારે જમીન વકફ કરી,અને તેમાં વૃક્ષ છે જેમાં વાકિફના મૃત્યુથી પહેલા ફળ આવ્યા તો ફળ વાકિફ (વકફ કરનાર) ના છે. અને જો જે દિવસે વકફ કર્યુ હતું એ જ દિવસે ફળ મોજુદ હતા તો ફળવકફના નથી બલ્કે મીરાસ છે કે વારસો પર વહેંચાશે. (આલમગીરી)

**મસ્અલા (૩૮૦)** : બીમારે બયાન આપ્યું કે હું વકફનો મુતવલ્લી હતો અને તેની આટલી આવક પોતાના ખરચમાં લીધી માટે આ રકમ મારા માલથી અદા કરી દેવામાં આવે અથવા એમ કહ્યું કે મે એટલા વર્ષની ઝકાત આપી નથી, મારા તરફથી ઝકાત અદા કરવામાં આવે, જો વારસો તેની વાતનું સમર્થન કરતા હોય તો વકફના રૂપિયા જમા માલમાંથી અદા કરવામાં આવે અર્થાત વકફના રૂપિયા અદા કરવા પછી કાંઈ વધે તે વારસોને મળશે, નહી તો મળશે નહી. અને ઝકાત તૃતિયાંસ માલમાંથી અદા કરવામાં આવે અર્થાત તેનાથી વધારે માટે વારસોને મજબૂર કરી શકાતા નથી. પોતાની ખુશીથી કુલ માલ ઝકાતની અદાયગીમાં ખરચ કરી દે તો કરી શકે છે અને જો વારસો તેની વાતનું ખંડન કરે છે, કહે છે તેણે ગલત બયાન કર્યુ તો વકફ અને ઝકાત બંનેમાં તૃતિયાંસ માલ આપવામાં આવશે પરંતુ ખંડન ના સ્વરૂપમાં વકફનો મુતવલ્લી તથા પ્રબંધક વારસો પર હલફ (સપથ) લેશે કે કસમ ખાય, અમને ખબર નથી કે જે કાંઈ બીમારે બયાન કર્યુ તે સાચું છે, જો સોગંદ ખાઈ લેશે, તૃતિયાંસ માલ સુધી વકફ માટે લેવામાં આવશે અને સોગંદનો ઈન્કાર કરે તો વકફના રૂપિયા જમાં માલથી લેવામાં આવશે. અને ઝકાત દરેક સ્વરૂપમાં એક તૃતિયાંસ થી અદા કરવું જરૂરી છે. (આલમગીરી)

**મસ્અલા (૩૮૧)** : તંદુરસ્તીમાં વકફ કર્યુ હતું અને મુતવલ્લી ના સુપ્રત કરી દીધું હતું પરંતુ તેની આવકનો ખરચ કરવું પોતાના અખત્યારમાં રાખ્યું હતું કે જેને આપવા ઈચ્છશે આપશે. વાકિફે (વકફ

કરનારે) મૃત્યુ વેળા વસીને એમ કહ્યું કે તેની આવકના પચાસ રૂપિયા ફલાણાં ને આપજો અને સો રૂપિયા ફલાણાને આપજો અને વસીને એમ પણ કહી દીધું કે તમો જે ઉચિત સમજો કરજો અને વાકિફ મરી ગયો અને તેનો એક છોકરો તંગદસ્ત છે તો બીજાઓની સરખામણીમાં તે છોકરાને આપવું બહેતર છે. (આલમગીરી)

**મસ્અલા (૩૮૩) :** જો મૃત્યુ પર વકફને અવલંબિત કર્યુ છે, તો તે વકફ નથી બલ્કે વસિયત છે, માટે મૃત્યુ થી પહેલા તેમાં રજૂ કરી શકે છે અને એક જ તૃતિયાંસમાં જારી થશે. (દુર્રે મુખ્તાર)

**ફકત વલ્લાહો ત્આલા અઅલમોં બિસ્સવાબ વ ઈલ્મોહુ જલ્લ મજદહુ અતમ્મો, વ અહકમ.**

**વ સલ્લલ્લાહો ત્આલા અલા ખૈરે ખલ્કેહિ વ આલેહિ વ અસ્હાબેહિ અજમઈન બે રહમતેકા યા અરહમર્રાહેમીન.**

**-:તમ્મત બિલ ખૈરઃ-**

અનુવાદકો :

(૧) **મૌલાના સૈયદ હાજી કમરૂદ્દીનમીયાં એ.** પીરઝાદા અશરફી-કારંટવી સાહેબ

(૨) **જનાબ ડોસુભાઈ કે. પહોંચીયા** નકશબંદી, મુજદ્દેદી, મોડાસવી સાહેબ (અફલ્લાહો ત્આલા અન્હોમા)

તા ૨૦-૩-૧૯૯૮


وما تشاؤون إلا أن يشاء الله رب العالمين